॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨૯

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

૦ નિશીથ ૦ બૃહત્કલ્પ
૦ વ્યવહાર ૦ દશાશ્રુતસ્કંધ
૦ જીતકલ્પ

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૨૯ માં છે...

**૦ નિશીથ આદિ પાંચ છેદ સૂત્રો –**

-૦- નિશીથ - છેદસૂત્ર-૧

-૦- બૃહત્કલ્પ - છેદસૂત્ર-૨

-૦- વ્યવહાર - છેદસૂત્ર-3

-૦- દશાશ્રુતસ્કંધ - છેદસૂત્ર-૪

-૦- જીતકલ્પ - છેદસૂત્ર-૫

— x — x — x — x — x — x — x —

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

## પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના

### ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના

# ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

## પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

## પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ સટીક અનુવાદના
આ ભાગ **૨૯** ની
સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્ વિજય ભક્તિસૂરીશ્વરજી મ.ના
**સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી મ.**

તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર
**શ્રી કારેલીબાગ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ**
**વડોદરા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુદાન દાતા

***આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા***

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી મ૦**ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

3- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી** મ૦સા૦ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતી નગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫. आगमसद्दक्रोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामक्कोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ४७-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્ત્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

o चैत्यवन्दन पर्वमाला

o चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष

o चैत्यवन्दन चोविसी

o ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

o શત્રુંજય ભક્તિ

o शत्रुञ्जय भक्ति

o સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ

o વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય

o ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

o શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી

o શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી

o અભિનવ જૈન પંચાંગ

o अभिनव जैन पञ्चाङ्ग

o અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી

o બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો

o શ્રી જ્ઞાનપદ પૂજા

o કાયમી સંપર્ક સ્થળ

o ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

o જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ

o પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ**

**नमो नमो निम्मलदंसणस्स**

**પ.પૂ. આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ**

# ભાગ-૨૯

આ ભાગમાં કુલ ૫ આગમોનો સમાવેશ કરાયેલ છે. એ પાંચે છેદસૂત્રો છે– (૧) નિશીથ, (૨) બૃહત્કલ્પ, (૩) વ્યવહાર, (૪) દશાશ્રુતસ્કંધ, (૫) જીતકલ્પ. આગમ સૂત્રના ક્રમાંક ૩૪થી ૩૮માં આવતા આ સૂત્રોને પ્રાકૃતમાં અનુક્રમે निसीह, बुहत्कप्प, ववहार, दसासुयक्खंध, जीयकप्प કહેવામાં આવે છે.

નિશીથસૂત્ર ઉપર શ્રી સંઘદાસગણિનું ભાષ્ય, જિનદાસગણિ કૃત ચૂર્ણિ છે. બૃહત્કલ્પમાં પણ ભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિ છે. વ્યવહાર સૂત્ર ઉપર પણ ભાષ્ય અને વૃત્તિ છે. દશાશ્રુતસ્કંધની ચૂર્ણિ, જીતકલ્પનું ભાષ્ય અને ચૂર્ણિ ઇત્યાદિ ટીકા સાહિત્ય ઉપલબ્ધ છે જ.

અમારા આ પ્રકાશનમાં ટીકા સહિત અનુવાદ લેવા માટે ઉક્ત સાહિત્ય અમે હાથ પણ ધરેલ હતું. પરંતુ અનેક પૂજ્યશ્રી આ છેદસૂત્ર વિષયક સટીક અનુવાદ પ્રગટ થાય તે માટે અસંમત હોવાથી અમે આ બધાં છેદસૂત્રોનો માત્ર મૂળથી જ અનુવાદ કરેલ છે.

મુખ્યતાએ પ્રાયશ્ચિત્ત ગ્રન્થો ગણાતા આ છેદસૂત્રોમાં – "નિશીથ"માં સંયમ માર્ગે ચાલતા જે દોષો લાગે તેનું નિરૂપણ અને તે વિષયક પ્રાયશ્ચિત્ત છે. "બૃહત્કલ્પ"માં કલ્પ્ય-અકલ્પ્ય બાબતોનું નિરૂપણ અને પ્રાયશ્ચિત્ત છે. "વ્યવહાર"માં પણ સાધુ-સાધ્વી માટેના આચાર સંબંધો સ્પષ્ટ આદેશો અને પ્રાયશ્ચિત્ત કથનયુક્ત જ છે. દશાશ્રુતસ્કંધમાં અસમાધિસ્થાન, શબલ દોષ આદિ વિવિધ વિષયો છે. અને જીતકલ્પ એ "પંચકલ્પ" સૂત્રના સ્થાને સ્થાપિત આગમ છે. જેમાં આલોચના, પ્રતિક્રમણ આદિ વિવિધ પ્રાયશ્ચિત્તો તથા દોષ વર્ણન છે.

અહીં ભલે માત્ર સૂત્રાનુવાદ છે. પણ અમારા સંપાદિત आगमसुत्ताणि-सटीकंમાં અમે મૂલ સાથે તે - તે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ પ્રકાશિત કર્યા જ છે. જે ખરેખર વાંચવા અને મનન કરવા જ જોઈએ. તેનો અનુવાદ વડીલ સંમત ન હોવાથી છોડી દેવો પડેલ છે. પણ છેદસૂત્રોના રહસ્યનો પાર પામવા ટીકા સાહિત્ય સમજવું જ પડે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩૪ નિશીથ-છેદસૂત્ર-૧

## મૂલ-સૂત્રાનુવાદ

*• છેદસૂત્રોમાં આ પહેલું સૂત્ર છે. તેના ઉપરના વિવરણ સાહિત્યને વાંચીને જ તેના રહસ્યને સમજી શકાય તેમ છે. પરંતુ છેદસૂત્રો પ્રગટ કરવા કે ન કરવા વિશેની બે વિચારાધારાને લીધે અમે અહીં માત્ર સૂત્રનો અર્થ રજૂ કરેલ છે.*

*• માત્ર મૂળ સૂત્રોનો અર્થ હોવાથી સૂત્ર અને વિવેચન એમ બંને જુદા પાડવાની અમારી પદ્ધતિ અહીં બિન-ઉપયોગી હોવાથી માત્ર સૂત્રના ક્રમને જ નોંધેલ છે. જેમકે [૧], [૨] વગેરે.*

## ✻ ઉદ્દેશો-૧ ✻

નિશીથસૂત્રના આ પહેલાં ઉદ્દેશામાં ૧થી ૫૮ સૂત્રો છે. આ પ્રત્યેક સૂત્રમાં જણાવ્યા મુજબના દોષ કે ભૂલ સેવનારને अनुग्घातिय નામક પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે, તેમ સૂત્રાંતે કહેલ છે.

બીજા ઉદ્દેશાને આરંભે निसीहमासनी આપેલી ગાથા મુજબ પહેલા ઉદ્દેશાના દોષ માટે गुरुमास – ગુરુમાસિક નામક પ્રાયશ્ચિત્ત જણાવેલું છે. મતલબ કે પહેલાં ઉદ્દેશામાં જણાવેલી ભૂલો કરનારને ગુરુમાસિક પ્રાયશ્ચિત્ત આવે.

• ઉદ્દેશા નં.-૧ ના – ૧ થી ૫૮ સૂત્રો ક્રમશઃ આ પ્રમાણે છે–

**[૧]** જે સાધુ-સાધ્વી હસ્તકર્મ કરે છે કે કરનારની અનુમોદના કરે છે, તેને પ્રાયશ્ચિત્ત.

**[૨]** જે સાધુ-સાધ્વી અંગાદાન [જનનેન્દ્રિય]ને લાકડાંના કટકા, વાંસની સળી, આંગળી, લોઢાની સળી વડે સંચાલન કરે કે સંચાલન કરનારની અનુમોદના કરે તે પ્રાયશ્ચિત્ત.

**[૩]** જે સાધુ-સાધ્વી અંગાદાન [જનનેન્દ્રિય]નું મર્દન કે છે કે વારંવાર મર્દન કરે છે અથવા મર્દન કરનાર કે વારંવાર મર્દન કરનારની અનુમોદના કે.

**[૪]** જે સાધુ-સાધ્વી અંગાદાન [જનનેન્દ્રિય]ને તેલ, અથવા તે બંને કરનારની અનુમોદના કરે તે પ્રાયશ્ચિત્ત

**[૫]** જે સાધુ-સાધ્વી અંગાદાન [જનનેન્દ્રિય]નું કલ્ક, લોધ્ર, પદ્મચૂર્ણ, ન્હાણ, સિણાણ, વર્ણ કે ચૂર્ણથી ઉબટન લેપ એકવાર કરે કે વારંવાર કરે અથવા તેમ કરનારા બંનેની અનુમોદના કરે તો પાયશ્ચિત્ત.

**[૬]** જે સાધુ-સાધ્વી અંગાદાન [જનનેન્દ્રિય]નું ઠંડા પાણીથી કે ગરમ પાણીથી પ્રક્ષાલન કરે – ધુવે કે વારંવાર પ્રક્ષાલન કરે અથવા તે બંનેને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૭]** જે સાધુ-સાધ્વી અંગાદાન [જનનેન્દ્રિય]ના અગ્રભાગની ત્વચાનું અપવર્તન કરે કે અપવર્તન કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮] જે સાધુ-સાધ્વી અંગાદાન [જનનેન્દ્રિય]ને સુંઘે કે સુંઘનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૯] જે સાધુ અંગાદાન [જનનેન્દ્રિય]ને કોઈ અચિત્ત છિદ્રમાં પ્રવેશ કરાવીને શુક્ર પુદ્‌ગલ કાઢે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત. [સાધ્વી પોતાના ગુપ્તાંગમાં કદલીફળ આદિ પ્રવેશ કરાવી રજ પુદ્‌ગલોને બહાર કાઢે કે બહાર કાઢનારની અનુમોદના કરે.

[૧૦] જે સાધુ-સાધ્વી સચિત્ત પ્રતિષ્ઠિત ગંધને સુંઘે કે સુંઘનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૧૧] જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે ચાલવા માટેનો માર્ગ, પાણી-કાદવ ઓળગંવા માટેનો પુલ અથવા ઉપર ચડવા માટેનું સીડી વગેરે અવલંબન પોતે કરાવે છે કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૧૨] જે સાધુ સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે પાણીના નીકાલ માટેનું નાળું કરાવે કે કરનાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૧૩] જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે ભિક્ષાદિ સ્થાપવા માટેનું સિક્કું કે સીક્કાનું ઢાંકણ પોતે કરાવે કે કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૧૪] જે સાધુ-સાધ્વી અન્યતીર્થક કે ગૃહસ્થ પાસે સુતર કે દોરાની ચિલિમિલિ-પડદો પોતે કરાવે કે કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૧૫] જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સોયનું ઉત્તર કરણ કરાવે કે કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૧૬] જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે કતરણી સુધરાવે કે તેમ કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૧૭] જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે નખછેદણી સમરાવે કે સમરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૧૮] જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસેથી કાનખોતરણી સમરાવે કે સમરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૯ થી ૨૨]** જે સાધુ-સાધ્વી પ્રયોજન સિવાય–

[૧૯] સોયની યાચના કરે કે કરનારને અનુમોદે

[૨૦] કાતરની યાચના કરે કે કરનારને અનુમોદે

[૨૧] કાનખોતરણીની યાચના કરે કે કરનારને અનુમોદે

[૨૨] નખછેદણીની યાચના કરે કે કરનારને અનુમોદે

- - - ઉક્ત ચારે સંયોગોમાં પ્રાયશ્ચિત્ત.

**[૨૩ થી ૨૬]** જે સાધુ-સાધ્વી અવિધિથી–

[૨૩] સોય યાચના કરે કે કરનારને અનુમોદે.

[૨૪] કાતરની યાચના કરે કે કરનારને અનુમોદે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૫] કાનખોતરણી યાચે કે યાચનારને અનુમોદે.

[૨૬] નખછેદણીને યાચે કે યાચનારને અનુમોદે.

[૨૭] જે સાધુ-સાધ્વી પોતાના કોઈ એક કાર્ય માટે સોયની યાચના કરીને તે બીજા કાર્ય માટે વાપરે કે વાપરનારને અનુમોદે.

[૨૮] જે સાધુ-સાધ્વી કોઈ એક કાર્ય માટે કાતરને યાચે અને બીજા કાર્ય માટે વાપરે કે વાપરનારને અનુમોદે.

[૨૯] જે સાધુ-સાધ્વી પોતાના કોઈ એક કાર્ય માટે નખછેદણી યાચે અને બીજા કાર્ય માટે વાપરે કે વાપરનારને અનુમોદે.

[૩૦] જે સાધુ-સાધ્વી કોઈ એક કાર્ય માટે કાનખોતરણી યાચે અને બીજા કાર્ય માટે વાપરે કે વાપરનારને અનુમોદે.

- - - ઉક્ત ચારે પ્રવૃત્તિમાં પ્રાયશ્ચિત્ત

[૩૧] જે સાધુ-સાધ્વી "વસ્ત્ર સીવવા સોયનો ખપ છે" પણ પાછી આપીશ એમ કહી સોયની યાચના કરે, લાવ્યા પછી તેનાથી પાત્ર કે અન્ય વસ્તુ સીવે અર્થાત્ સાંધે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૩૨] જે સાધુ-સાધ્વી પાછું આપીશ એમ કહી વસ્ત્ર ફાડવા માટે કાતર યાચીને પાત્રાદિ કાપે કે તેમ કરનારને અનુમોદે.

[૩૩] જે સાધુ-સાધ્વી પાછું આપવાનું કહી નખ કાપવાને નખછેદણી લાવે, પછી તેનાથી કાંટો કાઢે કે કાઢનારને અનુમોદે.

[૩૪] જે સાધુ-સાધ્વી પાછું આપવાનું કહી કાનખોતરણીને કાનનો મેલ કાઢવાને માટે લાવે અને તેનાથી દાંતનો મેલ કે નખનો મેલ કાઢે કે કાઢનારને અનુમોદે.

- - - ઉક્ત ચારે પ્રવૃત્તિમાં પ્રાયશ્ચિત્ત

[૩૫ થી ૩૮] જે સાધુ-સાધ્વી અવિધિથિ–

[૩૫] સોય પરત કરે કે કરનારને અનુમોદે.

[૩૬] કાતર પરત કરે કે કરનારને અનુમોદે.

[૩૭] નખછેદણી પરત કરે કે કરનારને અનુમોદે.

[૩૮] કાનખોતરણી પરત કરે કે કરનારને અનુમોદે.

[૩૯] જે સાધુ-સાધ્વી તુંબપાત્ર, કાષ્ઠપાત્ર કે માટીનું પાત્ર અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે નિર્માણ કરાવે, સંસ્થાપન કરાવે, વિષમને સમ કરાવે. – "આ પાત્ર પરિષ્કાર કાર્ય કરવા પોતે સમર્થ હોય તો ગૃહસ્થ પાસે કંઈપણ પરિષ્કાર કરાવવો ન કલ્પે." એ જાણવા છતાં, સ્મરણમાં હોવા છતાં તેમ કરાવે કે કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૪૦] સ્વયં કરવા માટે સમર્થ હોય તો કંઈપણ ગૃહસ્થ પાસે કરાવવું ન કલ્પે, તેમ જાણવા છતાં અને સ્મરણમાં હોવા છતાં જે સાધુ-સાધ્વી દંડ, લાઠી, અવલેખણી, વાંસની સળીનું નિર્માણ, સંસ્થાપન, વિષમને સમ કરાવવું આદિ અન્યતિર્થિક કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૃહસ્થ પાસે કરાવે છે કે બીજાને તેમ કરવા આજ્ઞા આપે અથવા તેવું કરનારને અનુમોદે, તો પ્રાયશ્ચિત્ત.

[૪૧] જે સાધુ-સાધ્વી પાત્રાને એક થીગડું મારે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૪૨] જે સાધુ-સાધ્વી પાત્રાને ત્રણ થીગડાં મારે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૪૩] જે સાધુ-સાધ્વી પાત્રાને અવિધિથી બાંધે કે બાંધનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૪૪] જે સાધુ-સાધ્વી પાત્રાને એક બંધનથી બાંધે કે બાંધતા હોય તેને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૪૫] જે સાધુ-સાધ્વી પાત્રાને ત્રણ બંધનથી વધુ બંધનથી બાંધે કે બાંધનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૪૬] જે સાધુ-સાધ્વી ત્રણથી અધિક બંધનના પાત્રને દોઢ માસથી અધિક રાખે કે રાખનારને અનુમોદે.

[૪૭] જે સાધુ-સાધ્વી વસ્ત્રમાં એક થીગડું મારે કે મારનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૪૮] જે સાધુ-સાધ્વી વસ્ત્રને ત્રણથી અધિક થીગડાં મારે કે મારનારને અનુમોદે.

[૪૯] જે સાધુ-સાધ્વી અવિધિથી વસ્ત્ર સીવે કે સીવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૫૦] જે સાધુ-સાધ્વી ફાટેલા વસ્ત્રને એક ગાંઠ મારે કે ગાંઠ મારનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૫૧] જે સાધુ-સાધ્વી ફાટેલા વસ્ત્રને ત્રણથી અધિક ગાંઠ લગાવે કે લગાવનારને અનુમોદે.

[૫૨] જે સાધુ-સાધ્વી ફાટેલા વસ્ત્રને એક સીલાઈથી જોડે છે અથવા જોડનારને અનુમોદે.

[૫૩] જે સાધુ-સાધ્વી ફાટેલા વસ્ત્રોને ત્રણ સીલાઈથી અધિક સાંધાથી જોડે, જોડનારને અનુમોદે.

[૫૪] જે સાધુ-સાધ્વી અવિધિથી વસ્ત્રના ટુકડાને જોડે કે જોડનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૫૫] જે સાધુ-સાધ્વી એક પ્રકારના વસ્ત્રને બીજા પ્રકારના વસ્ત્ર સાથે જોડે કે જોડનારને અનુમોદે.

[૫૬] જે સાધુ-સાધ્વી અતિરિક્ત ગ્રહિત વસ્ત્રને દોઢ માસથી અધિકતમ રાખે કે રાખનારને અનુમોદે.

[૫૭] જે સાધુ-સાધ્વી જે ઘરમાં રહ્યા હોય ત્યાં ગૃહસ્થ કે અન્યતિર્થિક પાસે ધુમાડો કરે કે કરનારને અનુમોદે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૮] જે સાધુ-સાધ્વી પૂતિકર્મ દોષથી યુક્ત આહાર, ઉપધિ કે વસતિનો ઉપયોગ કરે કે કરનાને અનુમોદે.

**• હસ્તકર્મ દોષથી પૂતિકર્મ સુધીના જે દોષ કહ્યા, તેમાંથી કોઈપણ દોષનું સેવન કરે-કરાવે કે અનુમોદે.**

**તો તે સાધુ કે સાધ્વીને માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત આવે. જેને બીજા ઉદ્દેશાના આરંભે કહેલ ભાષ્યમાં ગુરુ માસિક પ્રાયશ્ચિત્ત શબ્દથી ઓળખાવેલ છે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❋ ઉદ્દેશ-૨ ❋

*• નિશીથસૂત્રના આ બીજા ઉદ્દેશોમાં ૫૯થી ૧૭૭ એમ કુલ ૫૯ સૂત્રો છે. આ પ્રત્યેક સૂત્રમાં જણાવેલાં દોષનું ત્રિવિધે સેવન કરનારને उग्धातिय નામના પ્રાયશ્ચિત્ત આવે તેમ ઉદ્દેશાને અંતે જણાવેલ છે. બીજા ઉદ્દેશાના આરંભે આવેલ ભાષ્ય ગાથા મુજબ તેને लहुमास પ્રાયશ્ચિત્તથી ઓળખાવાય છે.*

*• ઉદ્દેશા-૧ ની માફક અહીં પણ પ્રત્યેક સૂત્રને અંતે "પ્રાયશ્ચિત્ત" આવે શબ્દ જોડવો. અમે ક્યાંક નોંધેલ છે અને ક્યાંક નથી પણ નોંધેલ. છતાં વાચકે બધે "લઘુમાસ પ્રાયશ્ચિત્ત" જાણવું.*

**[૫૯]** જે સાધુ-સાધ્વી લાકડાના દંડવાળુ પાદપ્રોંછનક કરે અથવા કરનારને અનુમોદે–

**[૬૦]** જે સાધુ-સાધ્વી લાકડાના દંડવાળુ પાદપ્રોંછનક ગ્રહણ કરે અથવા ગ્રહણ કરનારને અનુમોદે.

**[૬૧]** જે સાધુ-સાધ્વી લાકડાના દંડવાળું પાદપ્રોંછનક ધારણ કરે અથવા ધારણ કરનારને અનુમોદે–

**[૬૨]** જે સાધુ-સાધ્વી લાકડાના દંડવાળું પાદપ્રોંછનક વિતરણ કરે કે વિતરણ કરનારને અનુમોદે–

**[૬૩]** જે સાધુ-સાધ્વી લાકડાના દંડવાળું પાદપ્રોંછનકનો પરિભાગ કરે કે પરિભાગ કરનારને અનુમોદે–

**[૬૪]** જે સાધુ-સાધ્વી લાકડાના દંડવાળું પાદપ્રોંછનકનો પરિભોગ-ઉપભોગ કરે કે કરનારને અનુમોદે–

**[૬૫]** જે સાધુ-સાધ્વી લાકડાના દંડવાળા પાદપ્રોંછનકને દોઢ માસથી અધિક રાખે કે રાખનારની અનુમોદના કરે.

**[૬૬]** જે સાધુ-સાધ્વી લાકડાના દંડવાળા પાદપ્રોંછનકને તડકો દેવા ખોલીને અલગ રાખે કે રાખનારની અનુમોદના કરે.

**[૬૭]** જે સાધુ-સાધ્વી સચિત્ત પ્રતિષ્ઠિત પદાર્થ સ્વયં સુંઘે કે સુંઘનારની અનુમોદના કરે.

**[૬૮]** જે સાધુ-સાધ્વી પદમાર્ગ, સંક્રમણમાર્ગ કે અવલંબનના સાધન સ્વયં કરે કે કરનારને અનુમોદે.

**[૬૯]** જે સાધુ-સાધ્વી પાણી કાઢવાની નીક સ્વંય કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૭૦]** જે સાધુ-સાધ્વી સીક્કું કે સીક્કાનું ઢાંકણ સ્વયં કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૭૧]** જે સાધુ-સાધ્વી સુતરનો કે દોરીનો પડદો પોતે કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૭૨]** જે સાધુ-સાધ્વી સોયનું સુધારણા સ્વયં કરે કે કરનારની અનુમોદના કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૩] જે સાધુ-સાધ્વી કાતરની સુધારણા સ્વયં કરે કે કરનારની અનુમોદના કરે.

[૭૪] જે સાધુ-સાધ્વી નખછેદણીની સુધારણા સ્વયં કરે કે કરનારની અનુમોદના કરે.

[૭૫] જે સાધુ-સાધ્વી કાનખોતરણીની સુધારણા સ્વયં કરે કે કરનારની અનુમોદના કરે.

[૭૬] જે સાધુ-સાધ્વી અલ્પ કઠોર વચન કહે કે કહેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૭૭] જે સાધુ-સાધ્વી અલ્પ પણ મૃષાવાદ બોલે કે બોલનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૭૮] જે સાધુ-સાધ્વી અલ્પ પણ અદત્ત સ્વયં ગ્રહણ કરે કે ગ્રહણ કરનારની અનુમોદના કરે.

[૭૯] જે સાધુ-સાધ્વી અલ્પ પણ અચિત્ત શીત કે ઉષ્ણ પાણીથી હાથ, પગ, કાન, આંખ, દાંત, નખ, મૂળ આદિ તે પ્રક્ષાલે કે ધુવે અથવા પ્રક્ષાલન કરનાર કે ધોનારને અનુમોદે.

[૮૦] જે સાધુ-સાધ્વી અખંડ ચર્મને ધારણ કરે – પાસે રાખે કે ધારણ કરનારની અનુમોદના કરે.

[૮૧] જે સાધુ-સાધ્વી અખંડ વસ્ત્ર ધારણ કરે – પાસે રાખે કે ધારણ કરનારની અનુમોદના કરે.

[૮૨] જે સાધુ-સાધ્વી અભિન્ન વસ્ત્ર ધારણ કરે કે ધારણ કરનારની અનુમોદના કરે-

[૮૩] જે સાધુ-સાધ્વી તંબુપાત્ર, કાષ્ઠપાત્ર, મૃત્તિકાપાત્રનું સ્વયં નિર્માણ, સંસ્થાપન કે વિષમને સમ બનાવવા રૂપ કાર્ય સ્વયં કરે કે તેમ કરનારની અનુમોદના કરે.

[૮૪] જે સાધુ-સાધ્વી દંડ, લાઠી, અપલેખનિકા કે વાંસની સળીનું નિર્માણ, સંસ્થાપન કે વિષમ-સમ સ્વયં કરે કે તેમ કરનારની અનુમોદના કરે.

[૮૫] જે સાધુ-સાધ્વી સ્વજન ગવેષિત પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે.

[૮૬] જે સાધુ-સાધ્વી પર ગવેષિત પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે.

[૮૭] જે સાધુ-સાધ્વી પ્રધાનપુરુષ ગવેષિત પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે.

[૮૮] જે સાધુ-સાધ્વી બળવાન વડે ગવેષિત પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે.

[૮૯] જે સાધુ-સાધ્વી લવ [દાનનું ફળ આદિ બતાવીને] ગવેષિત પાત્રને ધારણ કરે કે કરનારને અનુમોદે.

[૯૦] જે સાધુ-સાધ્વી નિત્ય અગ્રપિંડ આહાર ભોગવે કે ભોગવનારની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમોદના કરે.

**[૯૧થી ૯૪]** જે કુળોમાં તૈયાર કરાયેલો આહાર પ્રતિદિન–

**[૯૧]** સંપૂર્ણ દાનમાં અપાતો હોય તે આહાર લાવીને જો સાધુ-સાધ્વી ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે.

**[૯૨]** ત્રીજો ભાગ દાનમાં અપાતો હોય તે આહાર લાવીને જો સાધુ-સાધ્વી ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે.

**[૯૩]** ત્રીજો ભાગ દાનમાં અપાતો હોય તે આહાર લાવીને જો સાધુ-સાધ્વી ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે.

**[૯૪]** છઠ્ઠો ભાગ દાનમાં અપાતો હોય તે આહાર લાવીને જો સાધુ-સાધ્વી ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે.

**[૯૫]** જે સાધુ-સાધ્વી નિત્ય એક સ્થાને વાસ કરે કે વાસ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૯૬]** જે સાધુ-સાધ્વી દાન ગ્રહણ કરતાં પહેલાં કે ગ્રહણ કર્યા પછી વસ્તુ કે દાતાની પ્રશંસા કરે કે પ્રશંસા કરનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૯૭]** જે સાધુ-સાધ્વી શુદ્ધિરહિત અને મર્યાદાપૂર્વક સ્થિરવાસ રહેલા હોય, નવકલ્પ વિહારનાં પાલન કરતાં રહેલાં હોય તેઓ એક ગામથી બીજે ગામ વિહાર કરતાં બાલ્યાવસ્થાથી પૂર્વ પરિચિત એવા કે યુવાવસ્થા પછી પરિચિત બનેલા એવા રાગવાળા કુળોમાં ભિક્ષાચાર્યો પહેલાં જઈને, પોતાના આગમનનું નિવેદન કરીને ત્યાર પછી તે-તે ઘરોમાં ભિક્ષા માટે જાય કે જનારને અનુમોદે.

**[૯૮]** જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થની સાથે તથા પરિહારિક સાધુ અપરિહારિક સાધુને સાથે ગૃહસ્થના કુળમાં આહારપ્રાપ્તિને માટે નિષ્ક્રમણ કે પ્રવેશ કરે અથવા નિષ્ક્રમણ કે પ્રવેશ કરનારનું અનુમોદન કરે–

**[૯૯]** જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ સાથે તથા પારિહારિક સાધુ અપારિહારિક સાધુની સાથે વિહારભૂમિ કે વિચારભૂમિમાં નિષ્ક્રમણ-પ્રવેશ કરે કે નિષ્ક્રમણ-પ્રવેશ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૦૦]** જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ સાથે તથા પારિહારિક સાધુ, અપારિહારિક સાધુ સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરે કે કરનારને અનુમોદે–

**[૧૦૧]** જે સાધુ-સાધ્વી વિવિધ પ્રકારનો આહાર ગ્રહણ કરીને સારું-સારું ખાય અને નીરસ-નીરસ પરઠવી દે કે પરઠવનાર સાધુ-સાધ્વીને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૦૨]** જે સાધુ-સાધ્વી અનેક પ્રકારના પ્રાસુક પાણીનું ગ્રહણ કરીને સારું-સારું પીએ અને ખરાબ-ખરાબ પરઠવી દે કે પરઠવનારની અનુમોદના કરે.

**[૧૦૩]** જે સાધુ-સાધ્વી મનોરમ આહાર ગ્રહણ કરી લીધા પછી, જે જાણે કે આ અધિક છે. આટલું ખાઈ શકાશે નહીં, પણ પરઠવવું પડશે, આવી સ્થિતિમાં જો અન્યત્ર નીકટમાં કોઈ સાધર્મિક, સંભોગી, સમનોજ્ઞ કે અપરિહારિક સાધુ હોય તેને પૂછ્યા વિના કે નિમંત્રિત કર્યા વિના પરઠવે કે પરઠવરનારની અનુમોદના કરે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रायश्चित्त.

[१०४] જે સાધુ-સાધ્વી સજ્જાતર પિંડ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારની અનુમોદના કરે–

[૧૦૫] જે સાધુ-સાધ્વી સજ્જાતર પિંડ ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૧૦૬] જે સાધુ-સાધ્વી સાગરિક એટલે સજ્જાતરના કુળ, ઘર વગેરેની જાણકારી સિવાય, પહેલાં જોયેલા ઘર હોય તો પૂછીને નિર્ણય કર્યા સિવાય અને ન જોયેલા ઘર હોય ત્યારે તે ઘરની ગવેષણા કર્યા સિવાય એ રીતે જાણ્યા-પૂછ્યા કે ગવેષણા કર્યા વિના જ આહાર ગ્રહણ કરવા માટે તે કુળ-ઘરોમાં પ્રવેશ કરે કે પ્રવેશ કરનારની અનુમોદના કરે–

[૧૦૭] જે સાધુ-સાધ્વી શ્રાવકના પરિચય રૂપ નિશ્રાનો આશરો લઈ અશન, પાન ખાદિમ, સ્વહિત રૂપ ચાર પ્રકારના આહારમાંથી કોઈપણ પ્રકારનો આહાર, વિશિષ્ટ વચનો બોલીને યાચના કરે કે યાચના કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

અહીં નિશ્રા એટલે પરિચય અર્થ કર્યો. જેમાં પૂર્વના કે પછીને કોઈ સંબંધને નિમિત્ત બનાવીને, સ્વજનોની ઓળખ આપી તે દ્વારા કંઈપણ યાચના કરવી.

[૧૦૮] જે સાધુ-સાધ્વી ઋતુબદ્ધ કાળ સંબંધી શય્યા કે સંથારા આદિનું પર્યુષણ અર્થાત્ ચાતુર્માસ પછી શેષકાળમાં ઉલ્લંઘન કરે અર્થાત્ શેષકાળ માટે યાચના કરેલ શય્યા-સંથારો, પાટ-પાટલાં વગેરે તેની સમયમર્યાદા પૂરી થયા પછી પણ વાપરે કે તે વાપરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[અહીં સંવત્સરીથી ૭૦ દિવસના કલ્પને આશ્રીને આ વાત જણાવેલ છે, એટલે સંવત્સરી પૂર્વે વિહાર ચાલુ હોય પણ પર્યુષણથી ૭૦ દિવસની સ્થિરતા કરવાની હોવાથી, તેની પહેલાં ગ્રહણ કરેલા શય્યા સંથારો પરત કરવો તેવો અર્થ થાય. પરંતુ વર્તમાનકાળની પ્રણાલિ મુજબ એવો અર્થ થઈ શકે કે શેષકાળ અર્થાત્ શિયાળા-ઉનાળામાં ગ્રહણ કરેલ શય્યા વગેરે ચોમાસા પહેલાં તેના દાતાને પરત કરવા, અથવા પુનઃઉપયોગ માટેની આજ્ઞા માંગવી.]

[૧૦૯] સાધુ-સાધ્વી વર્ષાકાળમાં ઉપભોગ કરવા માટે લાવેલ શય્યા-સંથારો, વર્ષાકાળ વીત્યા પછી કારણે દશ રાત્રિ ઉપભોગ કરી શકે, પણ તે સમયમર્યાદા ઉલ્લંઘે કે ઉલ્લંઘનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૧૧૦] જે સાધુ-સાધ્વી વર્ષાકાળ કે શેષકાળ માટે યાચના કરીને લાવેલ શય્યા-સંથારો વર્ષાથી ભિંજાયેલો જોયા-જાણ્યા છતાં તેને ખુલ્લો ન કરે. પ્રસારીને સુકાઈ જાય તેમ ન રાખે, કે તેવું કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૧૧૧થી ૧૧૩] જે સાધુ-સાધ્વી પાછો આપવા યોગ્ય – બીજા કોઈને લાવેલ કે શય્યાતર પાસેથી ગ્રહણ કરેલ શય્યા-સંસ્તારકને અથવા બંને પ્રકારે શય્યાદિને ફરી આજ્ઞા લીધા વિના બીજે સ્થાને ક્યાંક લઈ જાય કે લઈ જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૧૧૪]** જે સાધુ-સાધ્વી પાછો આપવા યોગ્ય શય્યા-સંથારો ગ્રહણ કરીને, તેને પાછો આપ્યા વિના વિહાર કરે કે વિહાર કરનારની અનુમોદના કરે.

**[૧૧૫]** જે સાધુ-સાધ્વી શય્યાતરના શય્યા-સંથારાને ગ્રહણ કરી, પાછો આપતી વખતે પૂર્વવત્ રાખ્યા વિના કે ભળાવ્યા વિના વિહાર કરે કે વિહાર કરનારની અનુમોદના કરે.

**[૧૧૬]** જે સાધુ-સાધ્વી ખોવાયેલા, પ્રત્યર્પણીય શય્યા કે સંથારાની અથવા શય્યાતરના શય્યા-સંથારાને શોધતો નથી અથવા શોધ ન કરનારને અનુમોદે છે—

**[૧૧૭]** જે સાધુ-સાધ્વી અલ્પ કે થોડાં પ્રમાણમાં પણ ઉપધિ વસ્ત્રનું પડિલેહણ ન કરે કે ન કરનારને અનુમોદે—

**નિશીથસૂત્રના ઉદ્દેશા-૨ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✻ ઉદ્દેશો-૩ ✻

*• નિશીથસૂત્રના આ ઉદ્દેશા-૩-માં સૂત્રો ૧૧૮ થી ૧૯૬ એ પ્રમાણે કુલ-૭૯ સૂત્રો છે. જેમાં દશવિલ દોષનું ત્રિવિધે સેવન કરનારને उग्धातियं નામક પ્રાયશ્ચિત્ત આવે. જેને "लघुमासिक" પ્રાયશ્ચિતના નામે પણ ઓળખાવાય છે.*

*• ઉદ્દેશા-૧-ની માફક અહીં પણ પ્રત્યેક સૂત્રને અંતે "પ્રાયશ્ચિત્ત" આવે શબ્દ જોડવો, અમે આ ઉદ્દેશામાં ક્યાંક પ્રાયશ્ચિત્ત એમ લખેલ છે અને ક્યાંક નથી પણ લખેલ, પણ પ્રત્યેક દોષમાં લઘુમાસિક પ્રાયશ્ચિત્ત આવે તે સૂત્ર કથન સ્પષ્ટ જાણવું.*

[૧૧૮] જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગી-માંગીને યાચના કરે કે માંગી-માંગીને યાચના કરનારને અનુમોદે. *[આ સૂત્ર એકવચનમાં છે. હવે પછી આ જ સૂત્ર બહુવચનમાં છે.]*

[૧૧૯] જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં અન્યતીર્થિકો કે ગૃહસ્થો પાસે અશન, પાન, ખાદિમ માંગી-માંગીને યાચે કે યાચકને અનુમોદે.

[૧૨૦] જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં અન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રી પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગીને યાચે કે અનુમોદે.

*[સૂત્ર-૧૧૮, ૧૧૯માં ગૃહસ્થ પુરુષ એકવચન અને બહુવચન લીધા છે. આ સૂત્ર-૧૨૦માં ગૃહસ્થ સ્ત્રી એકવચન છે, હવેના સૂત્રમાં સ્ત્રીઓ – બહુવચન છે.]*

[૧૨૧] જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમમાં અન્યતીર્થિક કે ગૃહસ્થીસ્ત્રીઓ પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમને માંગી-માંગીને યાચે કે યાચકને અનુમોદે.

*• હવે સૂત્ર-૧૨૨થી ૧૨૫માં જ આ ચાર સૂત્રો છે. પણ તેમાં "માંગી-માંગીને" શબ્દોને બદલે "કુતૂહલવશ" એમ ઉમેરેલ છે. જે અનુક્રમે એકવચન, બહુવચન પુરુષ અને એ.વ.-બ.વ. સ્ત્રીને આશ્રીને છે.*

[૧૨૨] જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં કુતૂહલવશ અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગી-માંગીને યાચે છે કે માંગી-માંગીને યાચનારને અનુમોદે છે.

[૧૨૩] જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં કુતૂહલવશ અન્યતીર્થિકો કે ગૃહસ્થો પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગી-માંગીને યાચે કે તેમ યાચનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૧૨૪]જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં કુતૂહલવશ અન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રી પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગી-માંગીને યાચે કે માંગી-માંગીને યાચનારને અનુમોદે–

[૧૨૫] જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં કુતૂહલવશ અન્યતીર્થિક કે ગૃહસ્થી સ્ત્રીઓ પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંગી-માંગીને યાચે કે યાચનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

• *[હવેના ચાર સૂત્રોમાં યાચના પદ્ધતિમાં તફાવત છે, પણ ઉક્ત ચાર પ્રકારો જ છે. જેમ કે – (૧) ગૃહસ્થ પુરુષ, (૨) ગૃહસ્થ પુરુષો, (૩) ગૃહસ્થ સ્તરી, (૪) ગૃહસ્થ સ્ત્રીઓ – એ રીતે એકવચન – બહુવચનમાં]*

**[૧૨૬]** જે સાધુ-સાધ્વી થર્મશાળામાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં અન્યતીર્થિકો કે ગૃહસ્થો દ્વારા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ સામે લાવીને આપે તો નિષેધ કરે, પછી તેની પાછળ-પાછળ જઈને, તેમની સામે કે આસપાસ આવીને, મીઠા વચન બોલીને માંગી-માંગીને યાચે કે યાચકને અનુમોદે–

**[૧૨૮]** જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં અન્યતીર્થિક સ્ત્રી કે ગૃહસ્થ સ્ત્રી દ્વારા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ સામે લાવીને આપે તો નિષેધ કરે પછી તેની પાછળ-પાછળ જઈને, તેની આસપાસ કે સામે આવીને તથા મીઠા વચન બોલીને માંગી-માંગીને તે યાચના કરે કે યાચના કરનારનું અનુમોદન કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૨૯]** જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં અન્યતીર્થિક સ્ત્રીઓ કે ગૃહસ્થ સ્ત્રીઓ દ્વારા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ સામેથી લાવીને આપે તો નિષેધ કરે પછી તેની પાછળ-પાછળ જઈને, તેમની આસપાસ કે સામે આવીને તથા મીષ્ટ વચનો બોલીને માંગી-માંગીને યાચે અથવા યાચના કરનાર તેવાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૩૦]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થ કુળમાં અશન, પાન આધિ આહાર ગ્રહણ કરવાની ઇચ્છાથી પ્રવેશ કરે ત્યારે ગૃહસ્વામી નિષેધ કરે તો પણ બીજી વખત તેના કુળ-ઘરમાં આજ્ઞા લીધા સિવાય પ્રવેશ કરે કે પ્રવેશનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૩૧]** જે સાધુ-સાધ્વી સંખડી – અનેક લોકો ભોજન માટે ભેગા થયા હોય – જમણવારી હોય તેવા સ્થળે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લેવા જાય કે જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૩૨]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થકુળ-ઘરમાં ભિક્ષાર્થે જાય ત્યારે ત્રણ ઘર [ઓરડા] કરતાં વધુ દૂરથી લાવેલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપે ત્યારે તે અશનાદિ ગ્રહણ કરે કે કરનાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૩૩]** જે સાધુ-સાધ્વી પોતાના પગનું એક વાર કે વારંવાર આમર્જન અને પ્રમાર્જન કરે કે તેમ કરનારને અનુમોદે.

**[૧૩૪]** જે સાધુ-સાધ્વી પોતાના પગનું એકવાર કે વારંવાર સંબાહન-મર્દન કરે કે કરનારને અનુમોદે–

**[૧૩૫]** જે સાધુ-સાધ્વી પોતાના પગને તેલ, ઘી, ચરબી કે માખણથી એક વખત વારંવાર માલિશ કરે કે તેમ માલિશ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૩૬]** જે સાધુ-સાધ્વી પોતાના પગને લોધ્ર, કલ્ક, ચૂર્ણ, વર્ણાદિથી એક વખત કે વારંવાર ઉબટન કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૧૩૭]** જે સાધુ-સાધ્વી પોતાના પગને અચિત્ત એવા શીતલ જળથી એક વખત કે વારંવાર ધુવે કે ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૩૮]** જે સાધુ-સાધ્વી પોતાના પગને કોઈ દ્રવ્યથી રંગે કે તે રંગને ચમકાવે તેમ કરનારને અનુમોદે.

*જે પ્રમાણે સૂત્ર-૧૩૩ થી ૧૩૮ એ છ પગને આશ્રીને કહ્યા તે પ્રમાણે જ "કાયા-શરીરને" આશ્રીને છ સૂત્રો કહે છે–*

**[૧૩૯થી ૧૪૪]** કાયાને આશ્રીને છ સૂત્રો–

• જે સાધુ-સાધ્વી પોતાની કાયા-શરીરનું...

**[૧૩૯]** એક વાર કે વારંવાર આમર્જન કરે કે કરનારને અનુમોદે.

**[૧૪૦]** એક કે અનેક વાર મર્દન કરે કે કરનારને અનુમોદે.

**[૧૪૧]** તેલ, ઘી, ચરબી કે માખણથી એક વાર કે વારંવાર માલિશ કરે કે કરનારને અનુમોદે.

**[૧૪૨]** લોધ્ર, કલ્ક, ચૂર્ણ, વર્ણાદિથી ઉબટન કરે કે ઉબટન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૪૩]** અચિત્ત શીતળ કે ઉષ્ણ જળ વડે એક વાર કે વારંવાર ધુવે કે ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૪૪]** રંગે, રંગ ચમકાવે કે તેમ કરનારને અનુમોદે.

*જે પ્રમાણે પગના આલાવામાં છ સૂત્રો [૧૩૩ થી ૧૩૮] કહ્યા તે પ્રમાણે જ અહીં વ્રણ-ઘાને આશ્રીને છ સૂત્રો કહે છે–*

**[૧૪૫ થી ૧૫૦]** વ્રણને આશ્રીને છ સૂત્રો–

જે સાધુ-સાધ્વી પોતાના શરીરના ઘા-વ્રણ જેવા કે કોઢ, દાદર, ખુજલી આદિને– કે કાંટા આધિ લાગવાથી થયેલને–

**[૧૪૫]** એક વાર કે અનેક વાર પ્રમાર્જનાદિ કરે કે કર્તાને અનુમોદે.

**[૧૪૬]** તેલ, ઘી, ચરબી કે માણખથી એકવાર કે વારંવાર માલીશ કરે કે તેમ કરનારને અનુમોદે.

**[૧૪૭]** એક કે અનેકવાર મર્દન કરે કે કરનારને અનુમોદે.

**[૧૪૮]** લોઘ્ર, કલ્ક, ચૂર્ણ, વર્ણાદિથી ઉબટન કરે કે ઉબટન કરનારને અનુમોદો તો પ્રાયશ્ચિત્ત.

**[૧૪૯]** અચિત્ત શીતળ કે ઉષ્ણ જળ વડે એક વાર કે અનેકવાર ધુવે, ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૫૦]** રંગે, રંગ ચમકાવે કે તેમ કરનારને અનુમોદે.

**[૧૫૧ થી ૧૫૬]** જે સાધુ-સાધ્વી પોતાના શરીરમાં રહેલાં ગુમડાં, સડેલાં, મસા, ભગંદર આદિ વ્રણ-ઘાવને...

**[૧૫૧]** કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી એક વાર કાપે કે વારંવાર કાપે અથવા આમ કરનારને અનુમોદે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૫૨] કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપીને પરુ કે લોહી કાઢે અથવા શોધન કરે, આમાંનું કંઈ પણ કરનારને અનુમોદે.

[૧૫૩] કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપી પરુ કે લોહી કાઢી તેને શીતલ કે ઉષ્ણ અચિત્ત પાણીથી એક વાર કે વારંવાર ધુવે કે ધોનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૧૫૪] કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપી, પરુ કે લોહી કાઢી, ઠંડા કે ગરમ અચિત્ત પાણીથી ધોઈને કોઈ પણ પ્રકારનો લેપ એકવાર લગાવે કે વારંવાર લગાવે અથવા લગાડનારને અનુમોદે.

[૧૫૫] કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપી, પરુ કે લોહી કાઢી, ઠંડા કે ગરમ પાણીથી ધોઈ, લેપ લગાડી, તેલ-ઘી-ચરબી કે માખણથી એક વાર કે વારંવાર માલિશ કરે કે કરનારને અનુમોદે.

[૧૫૬] કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપી, પરુ કે લોહી કાઢી, ઠંડા કે ગરમ પાણીથી ધોઇ કોઈ પણ પ્રકારનો લેપ લગાડી, તેલ-ઘી-ચરબી કે માખણથી માલીશ કરીને કોઈ સુગંધી પદાર્થ વડે એક વાર કે વારંવાર સુગંધિત કરે કે સુગંધિત કરનારની અનુમોદના કરે.

[૧૫૭] જે સાધુ-સાધ્વી પોતાના અપાનદ્વારની કૃમિઓ અને કુક્ષિની કૃમિઓને આંગળી નાંખી-નાંખીને કાઢે છે અથવા તેમ કાઢનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૧૫૮] જે સાધુ-સાધ્વી પોતાના વધેલા નખના અગ્રભાગને કાપે, શોભા વધારવા સંસ્કારે કે તેમ કરનારને અનુમોદે.

[૧૫૯] જે સાધુ-સાધ્વી પોતાના વધેલા જંઘાના વાળને કાપે કે સંસ્કારે કે તેમ કરનારની અનુમોદના કરે.

[૧૬૦] જે સાધુ-સાધ્વી પોતાના ગુહ્ય ભાગના વાળને કાપે, સંસ્કારે કે તેમ કરનારની અનુમોદના કરે.

[૧૬૧] જે સાધુ-સાધ્વી પોતાના પેટ-છાતી-પીઠ ભાગના વાળને કાપે, સંસ્કારે અથવા તેમ કરનારની અનુમોદના કરે.

[૧૬૨] જે સાધુ-સાધ્વી પોતાની આંખના વાળને કાપે કે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે.

[૧૬૩] જે સાધુ-સાધ્વી પોતાની વધેલી દાઢી-મુંછાદિને કાપે છે કે સંસ્કારે છે અથવા તેમ કરનારને અનુમોદે.

[૧૬૪] જે સાધુ-સાધ્વી પોતાના દાંત એક વાર કે અનેક વાર મંજનાદિથી ઘસે કે ઘસનારની અનુમોદના કરે.

[૧૬૫] જે સાધુ-સાધ્વી પોતાના દાંત શીતળ કે ઉષ્ણ અચિત્ત જળથી એક વખત કે વારંવાર ધુવે કે ધોનારને અનુમોદે.

[૧૬૬] જે સાધુ-સાધ્વી પોતાના દાંત રંગે કે ચમકાવે કે રંગનાર, ચમકાવનારની અનુમોદના કરે.

*જે પ્રમાણે પગના ચાલાવામાં છ સૂત્રો કહ્યા, તે પ્રમાણે અહીં હોઠના ચાલાવામાં સૂત્ર-*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩૩થી ૧૩૮ મુજબ છ સૂત્રો છે–

**[૧૬૭થી ૧૭૨]** જે સાધુ-સાધ્વી પોતાના હોઠોને...

**[૧૬૭]** એક કે અનેક વાર ધુવે કે ધોનારને અનુમોદે.

**[૧૬૮]** એક કે અનેક વાર મર્દન કરે કે કરનારને અનુમોદે.

**[૧૬૯]** તેલ, ઘી, ચરબી, માખણ વડે એક કે અનેકવાર માલીશ કરે કે તેમ કરનારની અનુમોદના કરે.

**[૧૭૦]** લોધ્ર, કલ્ક, ચૂર્ણ કે વર્ણાદિ વડે એક કે અનેક વાર ઉબટન કરે અથવા તેમ કરનારને અનુમોદના કરે.

**[૧૭૧]** અચિત્ત એવા શીતળ કે ઉષ્ણ પાણી વડે એકવાર કે અનેક વાર ધુવે અથવા  તેમ કરનારને અનુમોદે.

**[૧૭૨]** રંગે કે ચમકાવે અથવા રંગનાર – ચમકાવનારની અનુમોદના કરે. [આ છએ કારણોમાં પ્રાયશ્ચિંત્ત.]

**[૧૭૩]** જે સાધુ-સાધ્વી પોતાના લાંબા-વધેલા દાઢી-મૂછના વાળ કાપીને કે શોભાર્થે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે.

**[૧૭૪]** જે સાધુ-સાધ્વી પોતાના લાંબા ચક્ષુરોમોને કાપે કે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે.

**[૧૭૫]** જે સાધુ-સાધ્વી પોતાની આંખને એકવાર કે અનેકવાર પ્રમાર્જે અથળા પ્રમાર્જનારને અનુંમોદ.

**[૧૭૬]** જે સાધુ-સાધ્વી પોતાની આંખો એકવાર કે અનેકવાર મર્દન કરે.

**[૧૭૭]** જે સાધુ-સાધ્વી પોતાની આંખને તેલ, ઘી, ચરબી કે માખણ વડે એક કે અનેકવાર માલીશ કરે, કે કરનારને અનુમોદે.

**[૧૭૮]** જે સાધુ-સાધ્વી પોતાની આંખને લોધ્ર, કલ્પ, ચૂર્ણ કે વર્ણ વડે એકવાર કે અનેકવાર ઉબટન કરે કે કરનારને અનુમોદે.

**[૧૭૯]** જે સાધુ-સાધ્વી પોતાની આંખને અચિત્ત ઠંડા કે ગરમ પાણી વડે એક કે અનેકવાર ધુવે કે ધોનારને અનુમોદે.

**[૧૮૦]** જે સાધુ-સાધ્વી પોતાની આંખને રંગે-ચમકાવે અથવા તેમ કરનારને અનુમોદે. [આ છએ કારણે પ્રાયશ્ચિત્ત.]

**[૧૮૧]** જે સાધુ-સાધ્વી પોતાની પડખાના વાળને કાપે કે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે.

**[૧૮૨]** જે સાધુ-સાધ્વી પોતાની લાંબી ભ્રમરના વાળને કાપે કે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે.

**[૧૮૩]** જે સાધુ-સાધ્વી પોતાની આંખનો, કાનનો, દાંતનો, નખનો મેલ કાઢે છે કે તેને વિશુદ્ધ કરે અથવા તેમ કરનારને અનુમોદે.

**[૧૮૪]** જે સાધુ-સાધ્વી પોતાના શરીરને પસીનો, જામેલો મેલ, ભીનો મેલ, તેના ઉફર લાગેલી રજ આદિને કાઢે કે તેનું વિશોધન કરે અથવા તેમ કરનારને અનુમોદે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૮૫] જે સાધુ-સાધ્વી એક ગામથી બીજે ગામ વિહાર કરતા પોતાના માથાને ઢાંકે કે ઢાંકનારને અનુમોદે.

[૧૮૬] જે સાધુ-સાધ્વી શણ ઉન કે સુતર કે તેવા પદાર્થમાંથી વશીકરણનો દોરો બનાવે કે બનાવનારની અનુમોદના કરે.

[૧૮૭] જે સાધુ-સાધ્વી ઘરમાં, ઘરના મુળ સ્થાનમાં, ઘરના પ્રમુખદ્વાર સ્થાનમાં, ઘરના ઉપદ્વાર સ્થાનમાં, દ્વારના મધ્ય સ્થાનમાં, ઘરના આંગણામાં, ઘરની પરિશેષ ભૂમિમાં મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારની અનુમોદના કરે.

[૧૮૮] જે સાધુ-સાધ્વી મૃતકગૃહમાં, મૃતકની રાખવાળા સ્થાનમાં મૃતકના સ્તૂપ ઉપર, મૃતકના આશ્રય સ્થાને, મૃતકના લયનમાં, મૃતકની સ્થળભૂમિમાં કે સ્મશાનની ચોતરફ મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારની અનુમોદના કરે.

[૧૮૯] જે સાધુ-સાધ્વી કોલસા બનાવવાના સ્થાને, ક્ષારાદિ બનાવવાના સ્થાને, પશુને ડામ દેવાના સ્થાને, ઘાસ સળગાવવાના સ્થાને, ભૂસું સળગાવવાના સ્થાને, મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૧૯૦] જે સાધુ-સાધ્વી નવી હળ ચલાવેલ ભૂમિમાં, નવી માટીની ખાણમાં, જ્યાં લોકો મળ-મૂત્રાદિ તજતાં હોય કે ન તજતાં હોય ત્યાં મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે.

[૧૯૧] જે સાધુ-સાધ્વી ઘણાં કાદવ કે ઓછા પાણીવાળા સ્થાનમાં, કીચડના સ્થાનમાં કે ફૂગવાળા સ્થાને મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારની અનુમોદના કરે.

[૧૯૨] જે સાધુ-સાધ્વી ગૂલર, વડ, પીપળાદિના ફળ સંગ્રહ કરવાના સ્થાને મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે.

[૧૯૩] જે સાધુ-સાધ્વી પાંદડાવાળી ભાજી, બીજા શાક, મૂળ, કોથમીર, વનસ્પતી, કોસ્તુભ, જીરુ, દમનક, મરુક વનસ્પતિ વિશેષતા સંગ્રહ સ્થાને કે ઉત્પન્ન થનાર વાડીમાં મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૧૯૪] જે સાધુ-સાધ્વી શેરડી, ચોખા, કુસુંભ કે કપાસના ખેતરમાં મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે.

[૧૯૫] જે સાધુ-સાધ્વી અશોક-સપ્તપર્ણ-ચંપક-આમ્રના વનમાં કે બીજા કોઈ વનમાં જે પુત્ર, પુષ્પ, ફળ, બીજ આદિથી યુક્ત હોય ત્યાં મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે.

[૧૯૬] જે સાધુ-સાધ્વી રાત્રે કે વિકાલે મળ-મૂત્ર સ્થાપન કરીને સૂર્યોદય પહેલા પરઠવે કે પરઠવનારને અનુમોદે.

ઉક્ત કોઈપણ દોષ સેવનારને માસિક પરિહારસ્થાન ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત આવે જેને લઘુમાસિક પ્રાયશ્ચિત્ત કહે છે.

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૩ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો સૂત્રાનુવાદ પૂર્ણ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✱ ઉદ્દેશો-૪ ✱

*• નિશીથસૂત્રના આ ચોથા ઉદ્દેશમાં ૧૯૭ થી ૩૧૩ એ રીતે કુલ ૧૧૭ સૂત્રો છે. તે ૧૧૭ સૂત્રોમાં દર્શાવેલ કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક નામનું પ્રાયશ્ચિત્ત આવે છે. જેને લઘુમાસિક પ્રાયશ્ચિત્ત પણ કહે છે–*

*• ઉદ્દેશા-૧-ની માફક આ ઉદ્દેશામાં પણ પ્રત્યેક સૂત્રને અંતે "પ્રાયશ્ચિત્ત" આવે. એ શબ્દો જોડવા. અમે પ્રાયશ્ચિત્ત શબ્દ લખ્યો હોય કે ન હોય પણ બધાં સૂત્રમાં "લઘુ માસિક પ્રાયશ્ચિત્ત" આવે તેમ જાણવું.*

**[૧૯૭ થી ૧૯૯]** જે સાધુ-સાધ્વી રાજાને – (૧) વશ કરે, (૨) ખુશામત કરે, (૩) આકર્ષિત કરે કે આ ત્રણે કરનારની અનુમોદના કરે, તો પ્રાયશ્ચિત્ત.

**[૨૦૦ થી ૨૦૨]** જે સાધુ-સાધ્વી રાજાના અંગરક્ષકને (૧) વશ કરે, (૨) ખુશામત કરે, (૩) આકર્ષિત કરે કે આ ત્રણે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૨૦૩ થી ૨૦૫]** જે સાધુ-સાધ્વી નગરરક્ષકને (૧) વશ કરે, (૨) ખુશામત કરે, (૩) આકર્ષિત કરે કે આ ત્રણે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૨૦૬ થી ૨૦૮]** જે સાધુ-સાધ્વી નિગમ રક્ષકને (૧) વશ કરે, (૨) ખુશામત કરે, (૩) આકર્ષિત કરે કે આ ત્રણે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૨૦૯ થી ૨૧૧]** જે સાધુ-સાધ્વી દેશ આરક્ષકને (૧) વશ કરે, (૨) ખુશામત કરે, (૩) આકર્ષિત કરે કે આ ત્રણે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૨૧૫]** જે સાધુ-સાધ્વી સચિત્ત ઔષધિ [ધાન્યાદી] આહાર કરે અથવા કરનારની અનુમોદના કરે–

**[૨૧૬]** જે સાધુ-સાધ્વી આચાર્ય કે ઉપાધ્યાયની વિશેષ આજ્ઞા સિવાય કોઈ પણ વિગઈનો આહાર કરે કે કરનારને અનુમોદે.

**[૨૧૭]** જે સાધુ-સાધ્વી સ્થાપના કુળોને ન જાણીને, ન ગવેષણા કરીને, ન પૂછીને આહાર ગ્રહણની ઇચ્છાથી તે કુળમાં પ્રવેશ કરે કે પ્રવેશ કરનારને અનુમોદે–

**[૨૧૮]** જે સાધુ-સાધ્વી ઉપાશ્રયમાં અવિધિએ પ્રવેશ કરે કે પ્રવેશનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૨૧૯]** જે સાધુ-સાધ્વી આવવાના માર્ગમાં દાંડો, લાકડી, રજોહરણ, મુહપત્તિ કે અન્ય કોઈ ઉપકરણ રાખે કે રાખનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૨૨૦]** જે સાધુ-સાધ્વી નવા-નવા ઝઘડા ઉત્પન્ન કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૨૨૧]** જે સાધુ-સાધ્વી ખમાવીને ઉપશાંત કરેલા જૂના કલહ ફરી ઉત્પન્ન કરે કે કરનારની અનુમોદના કરે.

**[૨૨૨]** જે સાધુ-સાધ્વી મોઢું સળી-સળીને એટલે કે ખડખડાટ હસે કે તેમ હસનારને અનુમોદે.

**[૨૨૩]** જે સાધુ-સાધ્વી પાર્શ્વસ્થને સંઘાટક આપે કે આપનારની અનુમોદના કરે–

**[૨૨૪]** જે સાધુ-સાધ્વી પાર્શ્વસ્થનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમોદે–

**[૨૨૫, ૨૨૬]** જે સાધુ-સાધ્વી (૧) અવસન્નને સંઘાટક આપે કે આપનારને અનુમોદે. (૨) અવસન્નનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૨૨૭, ૨૨૮]** જે સાધુ-સાધ્વી (૧) કુશીલને સંઘાટક આપે કે આપનારને અનુમોદે. (૨) કુશીલનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૨૨૯, ૨૩૦]** જે સાધુ-સાધ્વી (૧) નિત્યકને સંઘાટક આપે કે આપનારને અનુમોદે. (૨) નિત્યકનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૨૩૧, ૨૩૨]** જે સાધુ-સાધ્વી (૧) સંસક્તને સંઘાટક આપે કે આપનારને અનુમોદે, (૨) સંસક્તનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૨૩૩]** જે સાધુ-સાધ્વી પાણીથી ભીના થયેલા હાથ, માટીનું પાત્ર, કડછી, કોઈપણ ધાતુપાત્રથી દેવાતા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૨૩૪]** ઉક્ત સૂત્ર-૨૩૩માં જણાવ્યા મુજબ ૨૧-ભેદ જાણવા.

જે સાધુ-સાધ્વી સસ્નિગ્ધ – થોડી માત્રામાં પણ સચિત્ત પાણીની ભિનાશ હોય, સચિત્ત એવી જ રજ સહિત હોય, અથવા– સચિત્ત એવી (૧) માટીથી લિપ્ત, (૨) ક્ષારથી લિપ્ત, (૩) હડતાલથી લિપ્ત, (૪) ગેરુથી લિપ્ત, (૫) ખડી ચૂર્ણથી લિપ્ત, (૬) હિંગુલથી લિપ્ત, (૭) અંજનથી લિપ્ત, (૮) લોધ્રથી લિપ્ત, (૯) કુક્કુસ દ્રવ્ય લિપ્ત, (૧૦) પિષ્ટ લિપ્ત, (૧૧) કંદથી લિપ્ત, (૧૨) મૂળથી લિપ્ત, (૧૩) આદુથી લિપ્ત, (૧૪) પુષ્પથી લિપ્ત, (૧૫) કોષ્ટપુટથી લિપ્ત.

[સંક્ષેપમાં કહીએ તો સચિત્ત અપકાય, પૃથ્વીકાય કે વનસ્પતિકાયથી સંશ્લિષ્ટ એવા] હાથ, પાત્ર, કડછી કે કોઈ પાત્ર દ્વારા કોઈ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપે ત્યારે ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૨૩૫ થી ૨૪૯]** જે સાધુ-સાધ્વી...

૧ – ગ્રામારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે.

૨ – દેશારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે.

૩ – સીમારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે.

૪ – અરણ્યારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે.

૫ – સર્વારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે.

એ પાંચે સૂત્રમાં ત્રણ વસ્તુ લીધી એટલે ૧૫-સૂત્રો થયા. ઉક્ત પંદર ક્રિયા પોતે કરે કે તેમ કરનારને અનુમોદે.

**[૨૫૦ થી ૨૫૫]** જે સાધુ-સાધ્વી પરસ્પર અર્થાત્ સાધુ-સાધુના કે સાધ્વી-સાધ્વીના પગને પરસ્પર (૧) એક કે અનેકવાર પ્રમાર્જે પ્રમાર્જનારને અનુમોદે (૨) એક કે અનેકવાર મર્દન કરે કે કરનારને અનુમોદે (૩) એક કે અનેકવાર તેલ, ઘી, ચરબી કે માખણથી અભ્યંજન કરે – કે કરનારને અનુમોદે, (૪) લોધ્ર, કલ્ક, ચૂર્ણ કે વર્ણ વડે એક કે અનેક વાર ઉબટન કરે કે કરનારને અનુમોદે, (૫) અચિત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઠંડા કે ગરમ પાણીથી એક કે અનેકવાર ધુવે કે ધોનારને અનુમોદે, (૬) રંગે કે ચમકાવે – કે તેમ કરનારને અનુમોદે.

**[૨૫૬ થી ૨૬૧]** જે સાધુ-સાધ્વી પરસ્પર [સાધુ-સાધુની કે સાધ્વી-સાધ્વીની] કાયા-શરીરને ઉપર કહ્યા મુજબ પ્રમાર્જે. મર્દન કરે, અભ્યંજન કરે, ઉબટન કરે, ધુવે કે રંગે આદિ છ સૂત્ર.

**[૨૬૨ થી ૨૬૭]** જે સાધુ-સાધ્વી પરસ્પર કાયાના વ્રણ-ઘાવને [સૂત્ર-૨૫૦થી ૨૫૫ મુજબ] પ્રમાર્જે, મર્દન કરે, અભ્યંજન કરે, ઉબટન કરે, ધુવે કે રંગે આદિ છ સૂત્ર.

**[૨૬૮ થી ૨૭૩]** જે સાધુ પરસ્પર કાયાના ગુમડા, ફોડલા, મસા, ભગંદર આદિ વ્રણો (૧) કોઈ તીક્ષ્ણ શસ્ત્ર વડે એક કે અનેકવાર છેદે કે છેદનારને અનુમોદે., (૨) છેદીને લોહી કે પરુ કાઢે કે વિશુદ્ધિ કરે, (૩) વિશુદ્ધિ આદિ પછી અચિત્ત એવા શીત કે ઉષ્ણ પાણી વડે એક કે અનેકવાર પ્રક્ષાલે, (૪) પ્રક્ષાલન બાદ તેના ઉપર લેપ લગાડે. (૫) પછી તેલ-ઘી-ચરબી કે માખણથી મર્દન કરે, (૬) પછી કોઈપણ જાતના ધૂપ વડે સુગંધિત કરે અથવા ઉક્ત કાર્યો કરનારને અનુમોદે.

**[૨૭૪]** જે સાધુ-સાધ્વી પરસ્પર, ગુદામાં કે નાભિમાં રહેલા ક્ષુદ્ર જીવો – કૃમિ આદિને આંગળી નાંખી-નાંખીને બહાર કાઢે કે કાઢનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૨૭૫]** જે સાધુ-સાધ્વી એકબીજાના વધેલા નખના અગ્રભાગને કાપે, શોભા વધારવા સંસ્કારે કે તેમ કરનારમને અનુમોદે.

**[૨૭૬ થી ૨૮૦]** જે સાધુ-સાધ્વી એકબીજાના વધેલાં (૧) જાંઘના વાળ, (૨) ગુહ્યભાગના વાશ, (૩) રોમરાજી, (૪) બગલના વાળ, (૫) દાઢી મુંછના વાળ કાપે, કાપનારને અનુમોદે.

**[૨૮૧ થી ૨૯૭]** જે સાધુ-સાધ્વી એકબીજાના દાંત ઘસે – ધુવે કે રંગે હશે... (૨) હોઠ પ્રમાર્જે, પરિમર્દન કરે, માલીશ કરે, ઉબટન કરે, ધોવે કે રંગે... (૩) લાંબા વધેલા દાઢી-મૂંછના વાળ, નાકના વાળ, આંખની પાંપણના વાળ કાપે, (૪) આંખને પ્રક્ષાલે, પરિમર્દન કરે, માલીશ કરે, ઉબટન કરે, ધોવે કે રંગે કે ઉક્ત સર્વે કાર્ય કરનારને અનુમોદે.

[આ બધાં સૂત્રો સૂત્ર-૧૬૪થી ૧૮૦ મુજબ જાણવા.]

**[૨૯૮, ૨૯૯]** જે સાધુ-સાધ્વીએકબીજાના (૧) વધેલાં ભ્રમરના વાળ (૨) પડખાંના વાળ કાપે કે કાપનારને અનુમોદે.

**[૩૦૦]** જે સાધુ-સાધ્વી એકબીજાના આંખ-કાન-દાંત-નખનો મેલ કાઢે છે કે કાઢનારની અનુમોદના કેરે.

**[૩૦૧]** જે સાધુ-સાધ્વી એકબીજાનો પરસેવો, મેલ, પંક કે મેલને કાઢે, વિશુદ્ધ કરાવે કે તેમ કરનારને અનુમોદે.

**[૩૦૨]** જે સાધુ-સાધ્વી એકબીજાના મસ્તકને ગ્રામાનુગ્રામ વિચરતા ઢાંક કે ઢાંકનારને અનુમોદે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*• આ સૂત્ર-૨૫૦ થી ૩૦૨નો અર્થ સંક્ષિપ્ત કર્યો છે, કેમ કે પૂર્વે આ સૂત્ર-૧૧૩ થી ૧૮૫માં આવી ગયેલ છે. ફર્ક માત્ર એટલો છે કે ત્યાં આ દોષમાં "સ્વયં કરે" એમ કહેલું. અહીં આ દોષ "પરસ્પર સેવે" એમ કહેલ છે. – આ બધામાં "લઘુમાસ" પ્રાયશ્ચિત્ત.*

**[૩૦૩]** જે સાધુ-સાધ્વી ચોથી પોરિસિના ચોથા ભાગમાં મળ-મૂત્ર ત્યાગની ભૂમિનું પ્રતિલેખન ન કરે, ન કરનારને અનુમોદે.

**[૩૦૪]** જે સાધુ-સાધ્વી ત્રણ મળ-મૂત્ર ત્યાગ ભૂમિનું પ્રતિલેખન ન કરે કે ન કરનારની અનુમોદના કરે.

**[૩૦૫]** જે સાધુ-સાધ્વી એક હાથની ઓછી લાંબી-પહોળી મળ-મૂત્ર ત્યાગ ભૂમિમાં મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે.

**[૩૦૬]** જે સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ કર્યા પછી મળદ્વારને સાફ ન કરે કે સાફ ન કરનારને અનુમોદે.

**[૩૦૭]** જે સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ કર્યા પછી મળદ્વારને સાફ ન કરે કે સાફ ન કરનારને અનુમોદે.

**[૩૦૮]** જે સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ મળદ્વારને લાકડાથી, વાંસની પટ્ટીથી, આંગળીથી, સળીથી સાફ કરે કે તેમ સાફ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૩૦૯]** જે સાધુ-સાધ્વી મળ-મૂત્ર ત્યાગી આચમન ન કરે.

**[૩૧૦]** જે સાધુ-સાધ્વી જ્યાં મળ-મૂત્ર ત્યાગે, ત્યાં જ તેની ઉપર આચમન કરે કે આચમન કરનારને અનુમોદે.

**[૩૧૧]** જે સાધુ-સાધ્વી મળ-મૂત્રને ત્યાગીને ત્યાંથી ઘણે દૂર જઈને આચમન કરે કે આચમન કરનારને અનુમોદે.

**[૩૧૨]** જે સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ કર્યા પછી ત્રણથી અધિક પસલી – ખોબા જેટલા પાણીથી શુદ્ધિ કરે, કરનારને અનુમોદે.

**[૩૧૩]** જે સાધુ-સાધ્વી અપરિહારિક હોય એટલે કે જેને પરિહાર નામક પ્રાયશ્ચિત્ત આવેલ નથી. તેવા શુદ્ધ આચારવાળા હોય તેવા સાધુ-સાધ્વી, પરિહાર નામક પ્રાયશ્ચિત્ત કરી રહેલા સાધુ-સાધ્વીને કહે કે હે આર્ય ? [હે આર્યા !] ચાલો આપણે બંને સાથે અશન, પાન, ખાદિમ, સ્વાદમિ ગ્રહણ કરવાને માટે જોઈએ. ગ્રહણ કરી પોતપોતાના સ્થાને આહાર-પાન કરીશું. જો તે આવું બોલે કે બોલનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**એ પ્રમાણે આ ઉદ્દેશો-૪-માં કહ્યુ મુજબ કોઈપણ એક કે વધુ દોષ સ્વયં સેવે, કે સેવનારને અનુમોદે તો માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક અર્થાત્ લઘુ માસિક પ્રાયશ્ચિત્ત આવે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૪ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ✻ ઉદ્દેશો-૫ ✻

• *નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૩૧૪ થી ૩૯૨ એમ કુલ – ૭૯ સૂત્રો છે. જેમાંના કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને मासियं परिहारट्ठाणं उग्घातियं નામનું પ્રાયશ્ચિત્ત આવે છે, જેને "લઘુ માસિક પ્રાયશ્ચિત્ત" કહેવાય છે.*

**[૩૧૪ થી ૩૨૪]** જે સાધુ-સાધ્વી સચિત્ત વૃક્ષના મૂળમાં – સ્કંધની આસપાસની સચિત્ત પૃથ્વી ઉપર રહીને આ ૧૧ દોષ સેવે કે આ ૧૧ દોષ સેવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત. તે આ પ્રમાણે–

**[૩૧૪]** એકવાર કે અનેકવાર આમ-તેમ અવલોકન કરે–

**[૩૧૫]** કાયોત્સર્ગ, શયન કે નિષદ્યા કરે–

**[૩૧૬]** અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર કરે–

**[૩૧૭]** મળ-મૂત્રનો ત્યાગ કરે–

**[૩૧૮]** સ્વાધ્યાય કરે–

**[૩૧૯]** સ્વાધ્યાયનો ઉદ્દેશો કરે–

**[૩૨૦]** સ્વાધ્યાયનો સમુદ્દેશ કરે–

**[૩૨૧]** સ્વાધ્યાયની અનુજ્ઞા કરે–

**[૩૨૨]** સૂત્રાર્થ રૂપ સ્વાધ્યાયની વાચના આપે–

**[૩૨૩]** સૂત્રાર્થ રૂપ સ્વાધ્યાયની વાચના ગ્રહણ કરે–

**[૩૨૪]** સૂત્રાર્થ રૂપ સ્વાધ્યાયની પુનરાવર્તના કરે–

**[૩૨૫]** જે સાધુ-સાધ્વી પોતાની સંઘાટિકા – ઓઢવાનું વસ્ત્ર અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સીવડાવે, સીવડાવનારને અનુમોદે.

**[૩૨૬]** જે - તે કપડાંને દીર્ઘસૂત્રી કરે – શોભાદિ માટે દોરી નંખાવે કે તેમ કરનારની અનુમોદના કરે.

**[૩૨૭]** જે સાધુ-સાધ્વી લીમડા, પરવળ, બિલ્લીના પાનને અચિત્ત ઠંડા કે ગરમ પાણીમાં ધોઈ-પીસીને ખાય, ખાનારને અનુમોદે.

**[૩૨૮ થી ૩૩૧]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થના પાદપ્રોંછનકને કે પ્રાતિહારિક પાદપ્રોંછનકને આશ્રીને આ બબ્બે દોષ સેવે કે સેવનારને અનુમોદે.

**[૩૨૮]** ગૃહસ્થને આજે પાછું આપીશ કહી બીજા દિવસે આપે–

**[૩૨૯]** ગૃહસ્થને કાલે પાછું આપવાનું કહી, તે જ દિવસે પાછું આપે–

**[૩૩૦]** શય્યાતરને આજે પાછું આપવાનું કહી કાલે આપે.

**[૩૩૧]** શય્યાતરને કાલે પાછું આપવાનું કહી આજે આપે.

**[૩૩૨ થી ૩૩૫]** જે સાધુ-સાધ્વી પ્રાતિહારિક કે શય્યાતરના દંડ, લાઠી, અવલેખિનાકા, વાંસની સળી યાચી નીચેના બબ્બે દોષ સેવે કે સેવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૩૩૨-૩૩૩]** આજે જ પાછા આપવાના કહી કાલે આપે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૩૩૪-૩૩૫] કાલે પાછા આપવાના કહી આજે આપી દે–

[૩૩૬ થી ૩૩૮] જે સાધુ-સાધ્વી (૧) પ્રતિહારિક, (૨) સાગરિક (૩) પ્રાતિહારિક અને સાગરિક ઉભયપક્ષી – શય્યા અને સંથારો પાછો આપ્યો નથી બીજી વખત આજ્ઞા લીધી વિના ઉપયોગમાં લે કે લેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત [એ ત્રણ સૂત્ર થયાં]

[૩૩૯] જે સાધુ-સાધ્વી શણ – ઊન-પોંડ કે અમિલના કપાસથી દોરા ગૂંથે, દીર્ઘસૂત્રી કરે કે બીજા કરનારને અનુમોદે.

[૩૪૦ થી ૩૪૮] જે સાધુ-સાધ્વી અહીં કહેલાં સૂત્રાનુસાર – કાષ્ઠ દંડ, વેણુદંડ, વૈંતદંડ સંબંધી દોષ સેવે કે સેવનારને અનુમોદે–

[૩૪૦] સચિત્ત દંડાદિ કરવા – બનાવવા.

[૩૪૧] સચિત્ત દંડાદિ ધારણ કરવા.

[૩૪૨] અચિત્ત દાંડાદિનો પરભોગ કરવો.

[૩૪૩-૩૪૫] દંડાદિને રંગીન બનાવવા-ધારવા-વાપરવા.

[૩૪૬-૩૪૮] દંડાદીને વિવિધરંગી બનાવવા – ધારવા – વાપરવા.

[૩૪૯] જે સાધુ-સાધ્વી નવા વસેલા ગામ, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંનિવેશ, નિગમ, સંબાહ, રાજધાનીમાં પ્રવેશ કરીને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૩૫૦] જે સાધુ-સાધ્વી લોઢા, તાંબા, તરુઆ, શીશા, ચાંદી, સોના કે વજરત્નની ખાણ પાસે વસેલી નવી વસતિમાં જઈને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

[૩૫૧ થી ૩૬૨] જે સાધુ-સાધ્વી (૧) મુખ, (૨) દાંત, (૩) હોઠ, (૪) નાક, (૫) બગલ, (૬) હાથ, (૭) નખ, (૮) પાન, (૯) પુષ્પ, (૧૦) ફળ, (૧૧) બીજ, (૧૨) હરિત – એ બારમાંથી કોઈપણને વીણા જેવા સુર કાઢવાને યોગ્ય બનાવે કે બનાવનારને અનુમોદે.

[૩૬૩ થી ૩૭૪] જે સાધુ-સાધ્વી ઉપરોક્ત મુખ, દાંત આદિ બાર સૂત્રો મુજબ કોઈ એકથી વીણા જેવા શબ્દો વગાડે કે વગાડનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૩૭૫ થી ૩૭૭] જે સાધુ-સાધ્વી – (૧) ઔદ્દેશિક (૨) સપ્રાભૃતિક, (૩) સપરિકર્મ જેવી શય્યામાં પ્રવેશે કે પ્રવેશનારને અનુમોદે.

[૩૭૮] જે સાધુ-સાધ્વી "સંભોગ પ્રત્યયિક ક્રિયા" – માંડલી વ્યવહારાશ્રિત ક્રિયા ન લાગે તેમ બેસે, બેસનારને અનુમોદે.

[૩૭૯] જે સાધુ-સાધ્વી તુંબપાત્ર, કાષ્ઠપાત્ર, માટીપાત્ર જે પરિપૂર્ણ, દૃઢ, રાખવા યોગ્ય કે કલ્પનીય છે. તેને ટુકડા કરી-કરીને પરઠવે કે પરઠવનારને અનુમોદે.

[૩૮૦] જે સાધુ-સાધ્વી પરિપૂર્ણ, દૃઢ, રાખવા યોગ્ય કે કલ્પનીય વસ્ત્ર, કંબલ કે પાદપ્રોંછનકના ટુકડે ટુકડા કરીને પરઠવે કે પરઠવનારને અનુમોદે.

[૩૮૧] જે સાધુ-સાધ્વી દંડ, લાઠી, અવલેખનિકા કે વાંસની સળી તોડી-તોડીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરઠવે કે પરઠવનારને અનુમોદે.

**[૩૮૨ થી ૩૯૨]** જે સાધુ-સાધ્વી રજોહરણ સંબંધી આ ૧૧-માનો કોઈપણ દોષ સેવે કે સેવનારને અનુમોદે–

**[૩૮૨]** પ્રમાણથી મોટું રજોહરણ રાખે.

**[૩૮૩]** રજોહરણની દશી નાની બનાવે.

**[૩૮૪]** રજોહરણને દડાની જેમ ગોળ-ગોળ બાંધે.

**[૩૮૫]** રજોહરણને અવિધિથી બાંધે.

**[૩૮૬]** રજોહરણને એક બંધનથી બાંધે.

**[૩૮૭]** રજોહરણને ત્રણથી અદિક બંધને બાંધે.

**[૩૮૮]** અનિસૃષ્ટ દોષવાળું રજોહરણ રાખે.

**[૩૮૯]** રજોહરણને શરીરપ્રમાણ યોગથી દૂર રાખે.

**[૩૯૦]** રજોહરણ ઉપર બેસે.

**[૩૯૧]** રજોહરણ ઉપર માથું રાખીને સુવે.

**[૩૯૨]** રજોહરણ ઉપર સૂઈને પડખાં ફેરવે.

એ પ્રમાણે ઉદ્દેશા-૪-માં જણાવેલ કોઈપણ દોષ સ્વયં સેવે યાવત્ તે દોષ સેવનારની અનુમોદના કરે, તો તેને માસિક પરિહારસ્થાન ઉદ્ઘાતિક નામક પ્રાયશ્ચિત્ત આવે.

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૪ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૬ ✵

*• ઉદ્દેશોમાં સૂત્ર-૩૯૩ થી ૪૬૯ અર્થાત્ ૭૭-સૂત્રો છે. જેમાંના કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને "ચાતુર્માસિક પરિહાર સ્થાન અનુદ્‌ઘાતિક" નામનું પ્રાયશ્ચિત્ત આવે. જેને "ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત" કહે છે.*

*• પ્રત્યેક સૂત્રને અંતે પ્રાયશ્ચિત્ત આવે એમ જોડવાનું છે. અમે બધાં સ્થાને એ નિર્દેશ કર્યો નથી. તો પણ તેમ સમજી લેવું.*

**[૩૯૩]** જે સાધુ મૈથુન સેવન માટે સ્ત્રીને [સાધ્વી હોય તો પુરુષને] વિનવણી કરે કે કરનારને અનુમોદે.

**[૩૯૪ થી ૪૦૨]** જે સાધુ-સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી આ નવ દોષ સેવે–સેવનારને અનુમોદે. [ઉદ્દેશા-૧ ના નવ સૂત્રો સમાન આખો આલાવા અહીં સમજી લેવો.]

(૧) હસ્તકર્મ કરે, (૨) જનનેન્દ્રિયને કાષ્ઠાદિથી સંચાલિત કરે, (૩) જનનેન્દ્રિયનું મર્દન કરે, (૪) તેલ આદિથી જનનઇન્દ્રિયનો માલિશ કરે, (૫) કલ્કાદિ ગંધ દ્રવ્યથી ઉબટન કરે, (૬) જળથી ધુવે, (૭) ચામડી ઊંચી કરે, (૮) જનનેન્દ્રિયને સુંઘે, (૯) કોઈ અચિત્ત શ્રોતાદિમાં વીર્ય કાઢે, સાધ્વી રજ કાઢે.

**[૪૦૩ થી ૪૦૫]** જે સાધુ મૈથુન સેવનની ઇચ્છાથી સ્ત્રીને [સાધ્વી – પુરુષને] આ પ્રમાણે કરે કે કરનારને અનુમોદે.

[૧] સ્ત્રીને વસ્ત્રરહિત કરે કે વસ્ત્રરહિત થવા દે.

[૨] કલહ કરે, કલહ ઉત્પાદક વચન કહે, કલહ માટે જાય.

[૩] પત્ર લખે, લખાવે, લખવા માટે બહાર જાય.

**[૪૦૬ થી ૪૧૦]** મૈથુન સેવનની ઇચ્છાથી જે સાધુ-સાધ્વી આ દોષ સેવે કે સેવનારને અનુમોદે–

[૧] જનનેન્દ્રિય કે અપાન દ્વારના અગ્રભાગને ઔષધિ વિશેષથી પીડાયુક્ત કરે. [૨] એ રીતે પીડાયુક્ત કરીને તેને અચિત્ત ઠંડા કે ઉષ્ણ પાણીથી ધુવે. [૩] ધોઈને એક કે અનેક વખત આલેપન કરે. [૪] આલેપન કર્યા પછી તેલ વગેરેથી એક કે અનેક વાર માલિશ કરે. [૫] માલિશ કરીને કોઈ સુગંધી પદાર્થથી એક કે અનેક વખત સુવાસિત કરે.

**[૪૧૧ થી ૪૧૫]** જે સાધુ-સાધ્વી મૈથુન સેવનની ઈચ્છા થકી આ પાંચમાંને કોઈ દોષ સેવે કે સેવનાર ને અનુમોદે–

[૧] અખંડ વસ્ત્રો ધારણ કરે-રાખે [૨] અક્ષત્ વસ્ત્રો ધારણ કરે-રાખે [૩] ધોઈને રંગેલા વસ્ત્રો ધારણ કરે કે મલિન વસ્ત્રો રાખે [૪] અનેક રંગી વસ્ત્રો ધારણ કરે [૫] અનેક રંગી કે ચિત્રિત વસ્ત્રો ધારણ કરે.

*[૪૧૬ થી ૪૬૮] અહીં કુલ-૫૩ સૂત્રો છે. આ સૂત્રો પૂર્વે ઉદ્દેશા-૩ માં કહેલ સૂત્ર-૧૩૩ થી ૧૮૫ મુજબ છે. ફર્ક એટલો છે કે ત્યાં આ ૫૩ સૂત્રોમાં સાધુ-સાધ્વી સ્વયં કરે એમ કહ્યું. આ જ ૫૩ સૂત્રોનો સંક્ષેપિત અર્થ ઉદ્દેશા-૪માં સત્ર ૨૫૦ થી ૩૦૨માં પણ કહ્યો છે. પણ ત્યાં*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*આ દોષ સાધુ પરસ્પર સેવે તેમ કહેલ છે. આ જ ૫૩ દોષ અહીં પણ લીધા છે. પરંતુ અહીં તે દોષોનું સેવન મૈથુન સેવનના સંકલ્પથી સાધુ કોઈ સ્ત્રી સાથે કરે [સાધ્વી-પુરુષ સાથે કરે] કે તેમ કરનારને અનુમોદે, માટે કહ્યું છે.]*

**[૪૧૬]** એક કે અનેક વખત પગથી પ્રમાર્જના કરે થી લઈને

[૪૬૮] એક ગામથી બીજે ગામ જતાં મસ્તકનું આચ્છાદન કરે. ત્યાં સુધી આ દોષો સમજી લેવા. માત્ર આ બધી ક્રિયા મૈથુન સેવનની ઈચ્છાથી થઈ હોય. પ્રાયશ્ચિત્ત ગુરુ ચૌમાસી.

**[૪૬૯]** જે સાધુ-સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી દૂધ, દહીં, માખણ, ઘી, ગોળ, ખાંડ, મિશ્રી આદિ પૌષ્ટિક આહાર કરે. આહાર કરનારને અનુમોદે.

**ઉક્ત કોઈપણ દોષના સેવનથી ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક અર્થાત્ ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૬ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૭ ✵

*• નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૪૭૦ થી ૫૬૦ એ પ્રમાણે કુલ-૯૧ સૂત્રો છે. જેમાનાં કોઈપણ દોષનું સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે, જેનું બીજું નામ 'ગુરુ ચૌમાસી' પ્રાયશ્ચિત્ત છે.*

*• અહીં પ્રત્યેક સૂત્રના અંતે 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' આ વાક્ય જોડવું જરૂરી છે. અમે ક્યાંય નોંધેલ નથી પણ વાચકે બધે આ વાક્ય જોડીને જ સૂત્ર વાંચવું.*

**[૪૭૦ થી ૪૭૨]** જે સાધુ-સ્ત્રી સાથે (સાધ્વી-પુરુષ સાથે) મૈથુન સેવનની ઈચ્છાથી તૃણ, મુંજ, કાષ્ઠ, મીણ, ભીંડ, મોરપીંછા, હાડકાં, દાંત, શંખ, શીંગડા, પાન, પુષ્પ, ફળ, બીજુ વનસ્પતિ એ ૧૬માંથી કોઈપણની માળા :- (૧) બનાવે (૨) ધારણ કરે (૩) પહેરે – આ ત્રણે કરનારને અનુમોદે.

**[૪૭૩ થી ૪૭૫]** જે સાધુ-સ્ત્રી સાથે [સાધ્વી-પુરુષ સાથે] મૈથુન સેવનની ઈચ્છાથી લોઢાનું, તાંબાનું, ત્રપુષનું, શીશાનું, ચાંદીનું કે સોનાનું કડું (૧) બનાવે (૨) ધારણ કરે – રાખે (૩) પહેરે – આ ત્રણે કરનારને અનુમોદે.

**[૪૭૬ થી ૪૭૮]** જે સાધુ-સ્ત્રી સાથે [સાધ્વી-પુરુષ સાથે] મૈથુન સેવનની ઈચ્છાથી હાર, અર્ધહાર, એકાવલી, મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, કટિસૂત્ર, ભૂજબંધ, કેયૂર, કુંડલ, મુગટ, પ્રલંબસૂત્ર કે સૂવર્ણસૂત્ર (૧) બનાવે (૨) ધારણ કરે રાખે (૩) પહેરે અથવા આ ત્રણે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૪૭૯ થી ૪૮૧]** જે સાધુ-સ્ત્રી સાથે [સાધ્વી-પુરુષ સાથે] મૈથુન સેવનની ઈચ્છાથી મૃગચર્મ, સૂક્ષ્મવસ્ત્ર, સૂક્ષ્મકલ્યાણક વસ્ત્ર, આજાતિ, કયાતિ, ક્ષૌમિક, દુકુલક, તિરીડપટ્ટ, મલયજ, પત્રુલ્લ, અંશુક, ચિનાંશુક, દેશરાગ, અમ્લાય, ગજ્જલ, સ્ફટિક, કોનવ, કુંબલ, પાવર, ઉદ્દગ, પેશલ, પેસલેશ, કૃષ્ણ-નીલ-ગૌર-મૃગચર્મ, કાનક, કનકાંત, કનકપટ્ટ, કનક ખચિત, કનક સ્પર્શિત, વ્યાઘ્ર, ચિત્તો, આભરણયુક્ત, અનેક આભરણયુક્ત આ ચોત્રીશમાંથી કોઈપણ પ્રકારના વસ્ત્રને (૧) બનાવે (૨) ધારણ કરે – રાખે (૩) પહેરે કે આ ત્રણે કરનારને અનુમોદે.

**[૪૮૨]** જે સાધુ, મૈથુન સેવનની ઈચ્છાથી કોઈ સ્ત્રીની કોઈપણ ઈન્દ્રિય, હૃદયપ્રદેશ, ઉદર કે સ્તનને ગ્રહણ કરીને તેનું સંચલન કરે કે કરનારને અનુમોદે–

**[૪૮૩ થી ૫૩૫]** *આ-૫૩ સૂત્રો છે. જે ત્રીજા ઉદ્દેશાના ૧૩૩ થી ૧૮૫ સૂત્ર મુજબ જ સમજી લેવા. આ પ્રકારે ૫૩ સૂત્ર ત્રીજા ઉદ્દેશા પછી ચોથા અને છઠ્ઠા ઉદ્દેશામાં પણ આવેલ છે. સૂત્રો બધે જ આ જ છે, પણ તે ક્રિયા કરવા પાછળના હેતુમાં ફર્ક છે. આ ઉદ્દેશામાં 'મૈથુનની ઈચ્છાથી આ ક્રિયા પરસ્પર કરે' તે હેતુ છે.*

જે સાધુ સ્ત્રી સાથે મૈથુનની ઈચ્છાથી [સાધ્વી-પુરુષ સાથે મૈથુનેચ્છાથી) એકબીજાના પગ પ્રમાર્જે, પગનું મર્દન કરે, ઈત્યાદિથી આરંભીને છેક [૫૩મું સૂત્ર] જે સાધુ-સ્ત્રી સાથે મૈથુન ઈચ્છાથી ગ્રામાનુગ્રામ વિચરતાં એકબીજાના મસ્તકને આવરણ કરે કે તેમ કરનારને અનુમોદે તો 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' આવે ત્યાં સુધીના સૂત્રો જાણવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૫૩૬ થી ૫૪૪]** જે સાધુ મૈથુન સેવનની ઈચ્છાથી કોઈ સ્ત્રીને [સાધ્વી હોય તો કોઈ પુરુષને]

**[૫૩૬]** સચિત્ત પૃથ્વીની નિકટની ભૂમિ ઉપર–

**[૫૩૭]** સચિત્ત જળથી સ્નિગ્ધ ભૂમિ ઉપર–

**[૫૩૮]** સચિત્ત રજ યુક્ત ભૂમિ ઉપર–

**[૫૩૯]** સચિત્ત માટી યુક્ત ભૂમિ ઉપર–

**[૫૪૦]** સચિત્ત એવી પૃથ્વી ઉપર–

**[૫૪૧]** સચિત્ત એવી શીલા ઉપર–

**[૫૪૨]** સચિત્ત માટીના ઢેફા કે પત્થર ઉપર–

**[૫૪૩]** ધુણ લાગવાથી કે કાષ્ટ જીવ યુક્ત હોય, તેની ઉપર તથા જે સ્થાન ઈંડા, ત્રસ જીવ, બીજ, લીલું ઘાસ, ઓસ, પાણી, કીડીના દર, લીલ-ફૂગ, ભીની માટી કે કરોડીયાના જાળા હોય તેવા સ્થાને–

**[૫૪૪]** અર્ધ પલ્યંકાસન કે ખોળામાં–

ઉક્ત નવે સ્થિતિમાં બેસાડે, સુવડાવે કે બેસાડનાર અથવા સુવડાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૫૪૫]**જે સાધુ-સ્ત્રી સાથે મૈથુન સેવનની ઈચ્છાથી સ્ત્રીને જાંઘ ઉપર કે પલ્યંકાસને બેસાડી કે સુવડાવીને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ખવડાવે કે પીવડાવે અથવા ખવડાવનાર, પીવડાવનારની અનુમોદના કરે.

**[૫૪૬, ૫૪૭]** જે સાધુ સ્ત્રી સાથે [સાધ્વી-પુરુષ સાથે] મૈથુન સેવનની ઈચ્છાથી તેને ધર્મશાળામાં, બગીચામાં, ગૃસ્થના ઘેર, પરિવ્રાજકના સ્થાનમાં–

(૧) બેસાડે, સુવડાવે કે તેમ કરનારને અનુમોદે–

(૨) બેસાડી કે સુવડાવી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ખવડાવે, પીવડાવે કે તેમ કરનારને અનુમોદે–

**[૫૪૮]** જે સાધુ મૈથુનની ઈચ્છાથી સ્ત્રીની (સાધ્વી, પુરુષની) કોઈ પ્રકારે ચિકિત્સા કરે કે કરનારને અનુમોદે.

**[૫૪૯, ૫૫૦]** જે સાધુ મૈથુનની ઈચ્છાથી સ્ત્રીની (સાધ્વી, પુરુષની) (૧) અમનોજ્ઞ પુદ્‌ગલોને બહાર કાઢે (૨) મનોરપ પુદ્‌ગલોનો પ્રક્ષેપ કરે. તેમ કરનારને અનુમોદે.

**[૫૫૧ થી ૫૫૩]** જે સાધુ [સાધ્વી] મૈથુન સેવનની ઈચ્છાથી કોઈપણ જાતિના પશુ કે પક્ષીના–

(૧) પગ, પાર્શ્વભાગ, પુંછ કે મસ્તકને પકડીને–

(૨) ગુપ્તાંગમાં કાષ્ઠ, વાંસની સળી, આંગળી કે ધાતુ આદિની શલાકાનો પ્રવેશ કરાવીને–

(૩) તેમને સ્ત્રી સમજીને આલિંગન કરે, દૃઢ સ્પર્શ કરે, સર્વાંગ ચુંબન કરે, નખ આદિથી છેદન કરે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવું કરનારને બીજાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૫૫૪, ૫૫૫]** જે સાધુ [સાધ્વી] મૈથુન સેવનની ઈચ્છાથી સ્ત્રીને (પુરુષને) અશન, પાન, ખાદિમ, સ્વાદિમ – (૧) આપે કે આપનારને અનુમોદે (૨) લે કે લેનારને અનુમોદે.

**[૫૫૬, ૫૫૭]** જે સાધુ મૈથુન સેવનની ઈચ્છાથી સ્ત્રીને કે (સાધ્વી-પુરુષને) વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન (૧) આપે-આપનારને અનુમોદે (૨) લે લેનારને અનુમોદે.

**[૫૫૮, ૫૫૯]** જે સાધુ સ્ત્રી સાથે [સાધ્વી-પુરુષ સાથે) મૈથુન સેવનની ઈચ્છાથી સૂત્રાર્થની વાચના (૧) આપે કે આપનારને અનુમોદે (૨) લે કે લેનારને અનુમોદે.

**[૫૬૦]** જે સાધુ-સ્ત્રી સાથે [સાધ્વી-પુરુષ સાથે] મૈથુન સેવનની ઈચ્છાથી કોઈપણ ઈદ્રિયનો આકાર બનાવે કે હાથ વગેરેથી તેવી કામ ચેષ્ટા કરે કે કરાવનારને અનુમોદે.

**એ પ્રમાણે ઉદ્દેશા-૭ માંના કોઈપણ એક કે વધુ દોષનું સેવન કરે યાવત્ અનુમોદે. તેને 'ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક અર્થાત્ 'ગુરુ ચૌમાસી' પ્રાયશ્ચિત્ત આવે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૭ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૮ ✵

• *નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૫૬૧ થી ૫૭૯ એ પ્રમાણે ૧૯ સૂત્રો છે. જેમાંના કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાને અનુદ્દ્ઘાતિક' નામે પ્રાયશ્ચિત્ત આવે, જે 'ગુરુ ચૌમાસી' પ્રાયશ્ચિત્ત કહેવાય છે.*

• *પ્રત્યેક સૂત્રને અંતે અહીં 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' આવે તે વાક્ય જોડવું. અમે તે વાક્ય નોંધેલ નથી.*

**[૫૬૧ થી ૫૬૯]** જે સાધુ એકલો હોય, એકલી સ્ત્રી સાથે નીચે કહેલાં સ્થાનમાં વિચરે. સ્વાધ્યાય કરે, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર કરે, મળ-મૂત્ર પરઠવે કે કોઈ સાધુ અનાર્ય, નિષ્ઠુર, સાધુએ ન કહેવા યોગ્ય કથા કહે કે તેમ કહેનાર-કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત, તે સ્થાનો–

**[૫૬૧]** ધર્મશાળા, ઉદ્યાનગૃહ, ગૃહસ્થઘર, આશ્રમમાં–

**[૫૬૨]** ઉદ્યાન, ઉદ્યાનગૃહ, ઉદ્યાનશાળા, નિર્ગમન, નિર્યાણગૃહ, નિર્યાણશાળામાં–

**[૫૬૩]** પ્રાસાદોપરીગૃહ, અટ્ટાલિકા, પ્રાકાર, ચરિકા, દ્વાર કે ગોપુરમાં–

**[૫૬૪]** જળમાર્ગ, જળપથ, જળનીર, જળ સ્થાનમાં–

**[૫૬૫]** શૂન્યગૃહ, શૂન્યશાળા, ભિન્નગૃહ, ભિન્નશાળા, કૂટાગાર, કોષ્ઠાગારમાં–

**[૫૬૬]** તૃણશાળા, તૃણગૃહ, તુસશાળા, તુસગૃહાદિમાં–

**[૫૬૭]** યાનશાળા, યાનગૃહ, યુગ્યશાળા, યુગ્યગૃહમાં–

**[૫૬૮]** પણ્યશાળા, પણ્યગૃહ, પર્યાગશાળા, પર્યાગગૃહ, કુપ્યશાળા, કૃપ્યગૃહમાં–

**[૫૬૯]** ગૌશાળા, ગૌગૃહ, મહાશાળા, મહાગૃહમાં–

**[૫૭૦]** જે સાધુ રાત્રિમાં કે વિકાળે સ્ત્રી પર્ષદામાં, સ્ત્રી યુક્ત પર્ષદામાં, સ્ત્રીઓથી ઘેરાયેલા અપરિમિત કથા કરે કે કહેનારની અનુમોદના કરે–

[ઉક્ત દશે સૂત્રો સાધ્વી માટે – પુરુષના સંદર્ભમાં સમજવા.]

**[૫૭૧]** જે સાધુ સ્વગચ્છ કે પરગચ્છના સાધ્વી સાથે, આગળ કે પાછળ ગ્રામાનુગ્રામ વિચરતા સંકલ્પ-વિકલ્પ કરે, ચિંતાતુર રહે, શોક-સાગરમાં ડૂબેલો રહે, હથેળી ઉપર મુખ રાખી આર્ત્તધ્યાન કરે યાવત્ સાધુએ ન કહેવા યોગ્ય કથા કહે કે કહેનારની અનુમોદના કરે.

**[૫૭૨ થી ૫૭૪]** જે સાધુ સ્વજનની, પરજનની, ઉપાસક કે અન્ય કોઈ સ્ત્રીને (૧) ઉપાશ્રયમાં અર્ધ રાત્રિ કે પૂર્ણરાત્રિ સુધી રાખે (૨) તે નિમિત્તે ગમનાગમન કરે (૩) તેણીના નિમિત્તે પ્રવેશ કે નિર્ગમન કરે આ ત્રણે કરનારને અનુમોદે.

**[૫૭૫ થી ૫૭૯]** જે સાધુ [સાધ્વી] રાજા ક્ષત્રિય, સુદ્ધ વંશવાળા, મૂર્દ્ધાભિસિક્ત રાજાના નિમ્નોક્ત સ્થાનોમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે–

**[૫૭૫]** ગોષ્ટીમાં પિંડદાનમાં, ઇંદ્ર-સ્કંદ-રુદ્ર-મુકુંદ-ભૂત-યક્ષ-નાગ-સ્તુપ-ચૈત્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃક્ષ-ગિરિ-દરિ-અગડ-તડાગ-દ્રહ-નદી-સરોવર-સાગર-આકર કે તેવા પ્રકારના અન્ય કોઈપણ મહોત્સવ હોય–

[૫૭૬] તે રાજા ઉત્તરશાળા કે ઉત્તરગૃહમાં હોય–

[૫૭૭] વિનાશી કે અવિનાશી દ્રવ્યોના સંગ્રહ સ્થાને દૂધ, દહીં, માખણ, ગોળ, સાકરરાદિ પદાર્થ–

[૫૭૮] ઉત્સૃષ્ટ ભક્તિ વિશેષ અનાથ કે વનીપકપિંડ એમાંથી કોઈ પિંડ ગ્રહણ કરે કે અનુમોદે.

**ઉક્ત દોષમાંનો કોઈ દોષ સેવે યાવત્ સેવનારને અનુમોદે તો ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૮ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✹ ઉદ્દેશો-૯ ✹

● *નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર ૫૮૦ થી ૬૦૭ એમ ૨૮ સૂત્રો છે. એમાંનો કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક' કે જે 'ગુરુ ચૌમાસી' નામે પણ ઓળખાય છે, તે પ્રાયશ્ચિત્ત આવે.*

● *પ્રત્યેક સૂત્રને અંતે આ 'ગુરુ ચૌમાસી' પ્રાયશ્ચિત્ત આવે. તે વાક્ય જોડી દેવું. અમે લખેલ નથી.*

**[૫૮૦, ૫૮૧]** જે સાધુ-સાધ્વી રાજપિંડ (૧) ગ્રહણ કરે (૨) ભોગવે કે તેમ કરનારને અનુમોદે

**[૫૮૨]** જે સાધુ-સાધ્વી રાજાના અંતઃપુરમાં પ્રવેશે કે પ્રવેશ કરનારની અનુમોદના કરે.

**[૫૮૩]** જે સાધુ રાજાની અંતઃપુરિકાને કહે હે આયુષ્યમતી રાયંતપુરિકા ! અમને રાજાના અંતઃપુરમાં પ્રવેશ કરવાનું કે નીકળવાનું કલ્પે નહીં, તેથી તું આ પાત્ર લઈને રાજાના અંતઃપુરમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ અહીં લાવીને આપ. જો સાધુ તેણીને આવું કહે કે કહેનારને અનુમોદે.

**[૫૮૪]** જો સાધુ, ન કહે, પણ અંતઃપુરિકા કહે કે હે આયુષ્યમાન શ્રમણ ! તમને રાજાના અંતઃપુરમાં પ્રવેશવું કે નીકળવું કલ્પતુ નથી, તેથી આ પાત્ર મને આપો. હું અંતઃપુરથી અશનાદિ લાવીને આપું. જો તેણીના આ વચનને સ્વીકારે કે સ્વીકારનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૫૮૫]** જે સાધુ-સાધ્વી, શુદ્ધવંશજ મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના દ્વારપાળ, પશુ, નોકર, સૈનિક, દાસ, ઘોડા, હાથી, અટવી, દુર્ભિક્ષ, દુષ્કાળ, પીડિત, દીનજન, રોગી, વર્ષા પીડિત કે આગંતુકોના નિમિત્તે બનેલ ભોજન ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

**[૫૮૬]** જે સાધુ-સાધ્વી શુદ્ધવંશજ મૂધ્ધાંતિષિક્ત ક્ષત્રિય રાજાના આ છ દોષ સ્થાનોની ચાર-પાંચ દિવસમાં જાણકારી કર્યા વિના, પૂછ્યા વિના, ગવેષણા વિના ગાથાપતિનાં કુળોમાં આહાર માટે નીકળે કે પ્રવેશે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયાશ્ચિત.

આ છ દોષસ્થાન આ પ્રમાણે કોષ્ઠાગાર, ભાંડાગાર, પાનશાળા, ક્ષીરશાળા, ગંજશાળા, મહાનસ શાળા.

**[૫૮૭]** જે સાધુ-સાધ્વી શુદ્ધવંશજ મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના આવાગમનના સમયે, તેમને જોવાના સંકલ્પથી એક ડગલું પણ ચાલે કે ચાલનારને અનુમોદે.

**[૫૮૮]** જે સાધુ ઉક્ત રાજાની સર્વાલંકારોથી વિભૂષિત રાણીને જોવાની ઈચ્છાથી એક ડગલું ચાલે કે ચાલનારને અનુમોદે, તો પ્રચાશ્ચિત.

**[૫૮૯]** જે સાધુ ઉક્ત રાજા માંસ, મત્સ્ય, શરીરાદિ ખાવાને માટે બહાર ગયેલ હોય, તેના અશનાદિને ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૫૯૦]** જે સાધુ-સાધ્વી ઉક્ત રાજાના અન્ય અશનાદિમાંથી કોઈ એક શરીર પુષ્ટિકારક મનગમતી વસ્તુ જોઈને તેની જે પર્ષદા ઉઠી ન હોય, એક પણ માણસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંથી નીકળેલ ન હોય, બધાં ત્યાંથી ચાલ્યા ન ગયા હોય, તે રાજાના અશનાદિ ગ્રહણ કરે.

બીજું જ્યારે એમ જાણે કે આજ અહીં રાજા રોકાયેલ છે, ત્યારે જે સાધુ-સાધ્વી તે ઘરમાં, તે ઘરના કોઈ વિભાગમાં, તે ઘરની નજીક કોઈ સ્થાને રહે, સ્વાધ્યાય કરે, અશન-પાન-ખાદિમ-સ્વાદિમનો આહાર કરે, મળ-મૂત્ર ત્યાગે, અન્ય કોઈ અનાર્ય, નિષ્ઠુર, સાધુને યોગ્ય નહીં તેવી કથા કહે કે ઉક્ત બંને દોષ સેવનારને અનુમોદે.

**[૫૯૧ થી ૫૯૬]** જે સાધુ-સાધ્વી શુદ્ધવંશજ મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના અહીં કહેલ છ પ્રસંગોએ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તે આ છ પ્રસંગ–

**[૫૯૧]** રાજા યુદ્ધાદિ યાત્રાર્થે જતો હોય–

**[૫૯૨]** રાજા યુદ્ધાદિની યાત્રાથી પાછો આવતો હોય–

**[૫૯૩]** રાજા નદીની યાત્રાને માટે જતો હોય–

**[૫૯૪]** રાજા નદીની યાત્રાથી પાછો ફરતો હોય–

**[૫૯૫]** રાજા પર્વતની યાત્રાર્થે જતો હોય–

**[૫૯૬]** રાજા પર્વતની યાત્રાથી પાછો આવતો હોય.

**[૫૯૭]** જે સાધુ-સાધ્વી ઉક્ત રાજાના મહાન અભિષેકના સમયે ત્યાં પ્રવેશે કે બહાર નીકળે કે તેમ કરનારને અનુમોદે.

**[૫૯૮]** શુદ્ધવંશીય મૂર્દ્ધાભિષિક્ત રાજાઓના રાજ્યાભિષેકની નગરી, જે રાજધાની કહેવાય છે તે દશ છે, પોતાના નામથી પ્રસિદ્ધ છે. આ રાજધાનીમાં જે સાધુ-સાધ્વી એક માસમાં બે કે ત્રણ વખત આવાગમન કરે કે આવાગમન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત આ દશ નામ આ પ્રમાણે છે – ચંપા, મથુરા, વારાણસી, શ્રાવસ્તી, સાકેતપુર, કાંપિલ્યનગર, કૌશાંબી, મિથિલા, હસ્તિનાપુર અને રાજગૃહી.

**[૫૯૯ થી ૬૦૭]** જે સાધુ-સાધ્વી શુદ્ધવંશીય, મુદ્રાધારી, મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના અહીં કહેવાનાર માટે કઢાયેલા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે–

**[૫૯૯]** અંગરક્ષક, આધીનરાજા, કુરાજા, રાજ આશ્રિત કે આ ચારેના સેવકોમાટે કઢાયેલ–

**[૬૦૦]** નટ, નૃત્યકાર, રજ્જુનર્તક, જલનર્તક, મલ્લ, મૌષ્ટિક, વેલંબક, કથક, પ્લવક, લાસક આદિ માટે કઢાયેલ–

**[૬૦૧]** અશ્વ, હસ્તિ, મહિષ, વૃષભ, સિંહ, વાઘ, બકરી, કબૂતર, મૃગ, શ્વાન, શૂકર, મેંઢા, કુર્કુટ, વાંદરો, તીતર, બતક, લાવક, ચિલ્લક, હંસ, મોર, પોપટ આ પશુ-પક્ષીના પોષણ કરનાર તેને પાળનાર કે રક્ષણ કરનાર માટે કઢાયેલ–

**[૬૦૨]** અશ્વદમક અને હસ્તિદમક અર્થાત્ વસ્ત્ર આદિથી સુસજ્જિત કરનારા માટે કઢાયેલ–

**[૬૦૪]** અશ્વ અને હાથી ઉક્ત યુદ્ધાદિમાં આરૂઢ થનારા કે સવારી કરનારાઓ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે કઢાયેલ–

**[૬૦૫]** સંદેશદાતા, મર્દન કરનારા, માલિશ કરનારા, ઉબટન કરનારા, સ્નાન કરનારા, આભુષણ પહેરાવનારા, છત્ર ધારણ કરાવનાર, ચામર ધારણ કરાવનારા, આભૂષણોની પેટી રાખનારા, બદલવાના વસ્ત્ર રાખનારા, દીપક રાખનારા, તલવાર ધારી, ત્રિશૂલધારી, ભાલાધારી એ બધાં માટે કઢાયેલ.

**[૬૦૬]** વર્ષધર-અંતઃપુર રક્ષક, કંચુકી, અંતઃપુરમાં રહેનાર જન્મ નપુંસક, અંતઃપુરના દ્વારપાલ અને દંડરક્ષક માટે–

**[૬૦૭]** કુબ્જા, કિરાતિકા, વામની, વડભી, બર્બરી, બકુશી, યવની, પલ્હવી, ઈસીનિકા, થારુકિલી, લાસીકી, લકુશીકી, સિંહલી, દ્રવિડી, આરબી, પુલિંદી, પક્વણી, બહલી, મુરુંડી, શબરી, પારસી, આ બધી દાસીઓ માટે કઢાયેલ.

**એ રીતે આ ઉદ્દેશામાં કહ્યા મુજબના કોઈપણ દોષને સેવતા યાવત્ અનુમોદતાને 'ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક' પ્રાયશ્ચિત્ત – ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશો-૯ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુંવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૧૦ ✵

*• નિશીથસૂત્રના આ ઉદ્દેશોમાં સૂત્ર ૬૦૮ થી ૬૫૪ એ રીતે ૪૭ સૂત્રો છે. એમાંના કોઈપણ દોષનું સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્દ્ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે.*

*• પ્રત્યેક સૂત્રને અંતે આ 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડવું. અમે એવો નિર્દેશ કર્યો નથી. પણ વાચકે સમજી લેવું.*

**[૬૦૮ થી ૬૧૧]** જે સાધુ-સાધ્વી આચાર્યદિને (૧) રોષયુક્ત (૨) રૂક્ષ (૩) રોષયુક્ત રૂક્ષ વચન બોલે કે બોલનારની અનુમોદનના કરે (૪) આચાર્યાદિ અન્ય કોઈ પ્રકારે અતિ આશાતના કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૬૧૨, ૬૧૩]** જે સાધુ-સાધ્વી (૧) અનંતકાય યુક્ત આહાર કરે, (૨) આધાકર્મી ભોગવે કે આ બંને કરનારને અનુમોદે.

**[૬૧૪, ૬૧૭]** જે સાધુ-સાધ્વી (૧) બીજાના શિષ્યનું અપહરણ કરે (૨) શિષ્યને કરે કે બંને કરનારને અનુમોદે.

**[૬૧૮, ૬૧૯]** જે સાધુ-સાધ્વી (૧) નવી દીક્ષિતની દિશા-નિર્દેશનું અપહરણ કરે (૨) નવ દીક્ષિતની દિશા-નિર્દેશની કરે અથવા ઉક્ત બંને કરનારને અનુમોદે.

**[૬૨૦]** જે સાધુ-સાધ્વી અન્ય ગચ્છ થી આવેલ સાધુને પૂછતાછ કર્યા વિના ત્રણ દિનથી અધિક સાથે રાખે કે સાથે રાખનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૬૨૧]** જેણે કલેશ કરીને ઉપશાંત કરેલ નથી, તેનું પ્રાયશ્ચિત્ત કરેલ નથી. તેને કોઈ પૂછીને પૂછ્યા વિના જે સાધુ તેની સાથે ત્રણ દિવસથી અધિક આહાર કરે કે કરનારને અનુમોદે.

**[૬૨૨ થી ૬૨૫]** જે સાધુ-સાધ્વી વિપરીત પ્રાયશ્ચિત્ત કહે કે આપે (૧) ઉદ્દ્ઘાતિકને અનુદ્દ્ઘાતિક કહે (૨) અનુદ્દ્ઘાતિકને ઉદ્દ્ઘાતિક કહે (૩) ઉદ્દ્ઘાતિકને અનુદ્દ્ઘાતિક આપે (૪) અનુદ્દ્ઘાતિકને ઉદ્દ્ઘાતિક આપે. એ ચારે કરનારને અનુમોદે.

**[૬૨૬ થી ૬૨૯]** જે સાધુ (૧) ઉદ્દ્ઘાતિક પ્રાયશ્ચિત્ત સેવન (૨) ઉદ્દ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ (૩) ઉદ્દ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ (૪) એ ત્રણે સાંભળીને કે જાણીને તે સાધુ સાથે આહારાદિ વ્યવહાર રાખે કે રાખનારને અનુમોદે.

**[૬૩૦ થી ૬૩૩]** જે સાધુ (૧) અનુદ્દ્ઘાતિક પ્રાયશ્ચિત્ત સેવન (૨) અનુદ્દ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ (૩) અનુદ્દ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ (૪) એ ત્રણે સાંભળીને કે જાણીને તે સાધુ સાથે આહારાદિ વ્યવહાર રાખે કે રાખનારને અનુમોદે.

**[૬૩૪ થી ૬૩૭]** જે સાધુ (૧) ઉદ્દ્ઘાતિક કે અનુદ્દ્ઘાતિક પ્રાયશ્ચિત્ત સેવન (૨) તેનો હેતુ (૩) તેનો સંકલ્પ (૪) એ ત્રણે વિશે સાંભળીને કે જાણીને તે સાધુ સાથે આહારાદિ વ્યવહાર રાખે કે રાખનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૬૩૮ થી ૬૪૧]** સાધુ૦નો સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં આહાર લાવવાનો અને ખાવાનો સંકલ્પ હોય છે. તેમાં (૧) જે સમર્થ ભિક્ષુ સંદેહરહિત આત્મપરિણામોથી (૨) જે સમર્થ ભિક્ષુ સંદેહયુક્ત આત્મ પરિણામોથી (૩) જે અસમર્થ ભિક્ષુ સંદેહ રહિત આત્મ પરિણામોથી (૪) જે અસમર્થ ભિક્ષુ સંદેહયુક્ત આત્મ પરિણામોથી. [આ ચાર વિકલ્પોએ ચાર સૂત્રો છે. આ ચારે સાથે સૂત્રનો સંબંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગળ આ રીતે જોડેલ છે.] અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ગ્રહણ કરીને ખાતા-ખાતા એમ જાણે કે – 'સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે' તો તે સમયે જે આહાર મોઢામાં કે હાથમાં લીધેલ હોય કે પાત્રમાં રાખેલ હોય. તેને કાઢીને પરઠવતા એવો તથા મોઢું, હાથ અને પાત્રને પૂર્ણ વિશુદ્ધ કરતો એવો જિનાજ્ઞા ઉલ્લંઘન કરતો નથી. પણ જે તે શેષ આહારને ખાય છે કે ખાનારનું અનુમોદન કરે છે, તે સાધુ-સાધ્વીને ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૬૪૨]** જે સાધુ-સાધ્વી રાત્રે કે સંધ્યા સમયે પાણીનો કે ભોજનનો ઓડકાર આવે અર્થાત્ ઉછાળો આવે ત્યારે તેને મોઢામાંથી બહાર કાઢવાને બદલે ગળે ઉતારી જાય કે ગળે ઉતારનારનું અનુમોદન કરે તો ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

**[૬૪૩, ૬૪૪]** જે સાધુ-સાધ્વી ગ્લાન સાધુ-સાધ્વીના સમાચાર જાણે પછી (૧) તેની ગવેષણા ન કરે કે ગવેષણા ન કરનારને અનુમોદે (૨) તે ગ્લાન તરફ જનારો માર્ગ છોડીને, બીજા માર્ગે અથવા પ્રતિપથે ચાલ્યો જાય કે જનારાની અનુમોદના કરે.

**[૬૪૫, ૬૪૬]** જે સાધુ ગ્લાનની સેવામાં ઉપસ્થિત થઈને (૧) પોતાના લાભથી ગ્લાનનો નિર્વાહ ન થવા ઉપર તેની સમીપે ખેદ પ્રગટ ન કરે કે ન કરનાર ને અનુમોદે (૨) તે ગ્લાન યોગ્ય ઔષધ, પથ્ય આદિ ન મળે ત્યારે ગ્લાનને આવીને ન કહે કે ન કહેનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૬૪૭]** જે સાધુ-સાધ્વી વર્ષાઋતુમાં ગ્રામનુગ્રામ વિહાર કરે કે વિહાર કરનારાનું અનુમોદન કરે.

**[૬૪૮]** જે સાધુ-સાધ્વી પર્યુષણ કર્યા પછી ગ્રામાનુગ્રામ વિહાર કરે કે વિહાર કરનારાનું અનુમોદન કરે.

**[૬૪૯, ૬૫૦]** જે સાધુ-સાધ્વી પર્યુષણામાં પર્યુષણા ન કરે કે ન કરનારાને અનુમોદે... અપર્યુષણામાં પર્યુષણા કરે કે પર્યુષણા કરનારની અનુમોદના કરે, તો ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે. [સૂત્ર સાર એ છે કે નિયત દિવસે સંવત્સરી ન કરે, ન કરનારને અનુમોદે]

**[૬૫૧]** જે સાધુ-સાધ્વી પર્યુષણને દિવસે (સંવત્સરીદિને) ગાયના રોમ જેટલા વાળા રાખે કે રાખનારની અનુમોદના કરે.

**[૬૫૨]** જે સાધુ-સાધ્વી પર્યુષણા (સંવત્સરી દિને) થોડોપણ આહાર કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૬૫૩]** જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થને પર્યુષણા કલ્પ સંભળાવે કે તેમ કરનારને અનુમોદે.

**[૬૫૪]** જે સાધુ-સાધ્વી ચાતુર્માસ કાળ આરંભ થઈ ગયા પછી પણ વસ્ત્ર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

ઉક્ત ઉદ્દેશામાંનો કોઈપણ દોષ સેવે યાવત્ અનુમોદે તો ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત આવે.

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૦ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✷ ઉદ્દેશો-૧૧ ✷

*• નિશીથસૂત્રના આ ઉદ્દેશોમાં સૂત્ર ૬૫૫ થી ૭૪૬ એટલે કે કુલ ૯૨ સૂત્રો છે. આ સૂત્રોક્ત કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરવાથી 'ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક અર્થાત્ બીજા શબ્દોમાં 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' આવે.*

*• અહીં નોંધેલા પ્રત્યેક સૂત્રને અંતે 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' આ વાક્ય જોડવું ફરજિયાત છે. અમે માત્ર સૂત્રાનુવાદ લખ્યો છે. પણ અભ્યાસ કે આ 'પ્રાયશ્ચિત્ત આવે' વાક્ય સ્વયં જોડી લેવું.*

**[૬૫૫ થી ૬૫૭]** જે સાધુ-સાધ્વી લોઢાના, તાંબાના, તરવાના, શીશાના, ચાંદીના, સોનાના, રૂપાના, પીતળના, રત્નજડિત લોઢાના, મણિના, કાચના, મોતીના, કાંસાના, શંખના, શીંગડાના, દાંતના, વસ્ત્રના વજ્જના, પત્થરના કે ચામડાંના પાત્રો (૧) બનાવે કે બનાવનારને અનુમોદે (૨) રાખે કે રાખનારને અનુમોદે (૩) પરિભોગ કરે કે ભોગવનારને અનુમોદે.

**[૬૫૮ થી ૬૬૦]** જે સાધુ-સાધ્વી લોઢાના યાવત્ ચર્મના (૧) બંધન બનાવે કે બનાવનારને અનુમોદે (૨) રાખે કે રાખનારને અનુમોદે (૩) પરિભોગ કરે કે પરિભોગ કરનારને અનુમોદે.

**[૬૬૧]** જે સાધુ-સાધ્વી અડધા યોજનથી આગળ પાત્રાને માટે જાય કે જનારની અનુમોદના કરે.

**[૬૬૨]** જે સાધુ-સાધ્વી વિઘ્નવાળા માર્ગને કારણે અડધા યોજનની મર્યાદાની બહારથી સામેથી લાવીને આપેલ પાત્ર ગ્રહણ કરે કે ગ્રહણ કરનારની અનુમોદના કરે.

**[૬૬૩]** જે સાધુ-સાધ્વી ધર્મની નિંદા કરે કે નિંદાને અનુમોદે.

**[૬૬૪]** જે સાધુ અધર્મની પ્રશંસા કરે કે પ્રશંસકને અનુમોદે.

**[૬૬૫ થી ૭૧૭]** જે સાધુ-સાધ્વી (૧) અન્યતીર્થિક કે ગૃહસ્થના પગ એક કે અનેક વખત પ્રમાર્જન કરે કે કરનારને અનુમોદે.

આ સૂત્રથી લઈને છેક (૫૩)મું સૂત્ર આવશે.

જે સાધુ-સાધ્વી એક ગામથી બીજે ગામ જતાં વિચરણ કરતાં અન્યતીર્થિક કે ગૃહસ્થના મસ્તકને આવરણ કરે કરનારને અનુમોદે.

***• અહીં કુલ-૫૩ સૂત્રો છે. આ સૂત્રો પૂર્વે ઉદ્દેશા-૩ માં સૂત્ર [૧૩૩ થી ૧૮૫માં આવ્યા, ત્યાં સાધુ-સાધ્વી આ દોષ 'સ્વયં આચરે' તેમ કહેલ પછી ઉદ્દેશા-૪માં સૂત્ર-૨૫૦ થી ૩૦૨ ના ક્રમમાં આવ્યા ત્યાં સાધુ આ દોષનું પરસ્પર સેવન કરે તેમ કહ્યું.***

***— પછી ઉદ્દેશા-૬ માં સૂત્ર ૪૧૬ થી ૪૬૮ ના ક્રમમાં આવ્યા ત્યાં સાધુ આ દોષનું સેવન મૈથુનની ઈચ્છાથી કરે તેમ કહ્યું.***

***— પછી ઉદ્દેશા-૭ માં સૂત્ર ૪૮૩ થી ૫૩૫ ના ક્રમમાં આવ્યા ત્યાં સાધુ આ દોષનું સેવન મૈથુનની ઈચ્છાથી પરસ્પર કરે તેમ કહ્યું.***

***— આ ઉદ્દેશા-૧૧ માં સૂત્ર-૬૬૫ થી ૭૧૭ ના ક્રમમાં આવ્યા. અહીં આજ ૫૩ દોષનું સેવન અન્યતીર્થિક કે ગૃહસ્થને આશ્રીને કરે તેમ કહ્યું.***

**[૭૧૮, ૭૧૯]** જે સાધુ-સાધ્વી પોતાને બીવડાવે કે બીવડાવનારને અનુમોદે...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજાને બીવડાવે કે બીવડાવનારને અનુમોદે.

**[૭૨૦, ૭૨૧]** જે સાધુ-સાધ્વી (૧) પોતાને (૨) બીજાને – વિસ્મિત કરે કે વિસ્મિત કરનારની અનુમોદના કરે.

**[૭૨૨, ૭૨૩]** જે સાધુ-સાધ્વી (૧) પોતાને (૨) બીજાને – વિપરીત બનાવે કે બનાવનારની અનુમોદના કરે.

**[૭૨૪]** જે સાધુ-સાધ્વી જિનપ્રણિત વસ્તુથી વિપરીત અન્ય ધર્મની પ્રશંસા કરે કે પ્રશંસા કરનારને અનુમોદે.

**[૭૨૫]** બે રાજ્યોનો પરસ્પર વિરોધ હોય, પરસ્પર રાજ્યમાં ગમનાગમન નિષેધ હોય, ત્યાં સાધુ-સાધ્વી વારંવાર ગમન આગમન કે ગમનાગમન કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૭૨૬, ૭૨૭]** જે સાધુ-સાધ્વી (૧) દિવસના ભોજન કરનારની નિંદા કરે કે નિંદા કરનારને અનુમોદે (૨) રાત્રિ ભોજનની પ્રશંસા કરે કે પ્રશંસા કરનારની અનુમોદના કરે.

**[૭૨૮, ૭૨૯]** જે સાધુ-સાધ્વી દિવસના અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરીને (૧) રાત્રિના રાખીને બીજે દિવસે-દિવસમાં ખાય કે ખાનારની અનુમોદના કરે (૨) રાત્રિના ખાય કે રાત્રે ખાનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત આવે.

**[૭૩૦, ૭૩૧]** જે સાધુ-સાધ્વી રાત્રિમાં અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ ગ્રહણ કરીને (૧) દિવસના ખાય કે ખાનારની અનુમોદના કરે (૨) રાત્રિના ખાય કે રાત્રે ખાનારની અનુમોદના કરે.

**[૭૩૨]** જે સાધુ-સાધ્વી આગાઢ કારણ સિવાય અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ રાત્રિના રાખે કે રાખનારને અનુમોદે.

**[૭૩૩]** જે સાધુ-સાધ્વી અનાગાઢ કારણે રાત્રિમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમને ત્વચાપ્રમાણ, ભૂમિ પ્રમાણ, બિંદુ પ્રમાણ, આહાર પણ કરે કે કરનારાને અનુમોદે.

**[૭૩૪]** જે સાધુ-સાધ્વી જ્યાં ભોજન પહેલાં માંસ કે મચ્છી અપાતી હોય, બીજુ ભોજન અપાતું હોય, જ્યાં માંસ કે મચ્છી પકાવાતા હોય તે સ્થાન, ભોજનગૃહમાંથી જે લેવાતું હોય કે બીજે લઈ જવાનું હોય, વિવાહ આદિ માટે જે ભોજન તૈયાર થતું હોય, મૃત ભોજન કે તેવા પ્રકારનું અન્ય ભોજન એક થી બીજે સ્થળે લઈ જવાતું જોઈને–

ઉક્ત ભોજનની ઈચ્છાથી કે તૃષાથી અર્થાત્ ભોજનની અભિલાષાથી તે રાત્રિએ અન્યત્ર નિવાસ કરે એટલે શય્યાતરને બદલે બીજે સ્થાને રાત્રિ પસાર કરે કે કરનારનાને અનુમોદે.

**[૭૩૫]** જે સાધુ-સાધ્વી નૈવેદ્યપિંડ ખાય કે ખાનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૭૩૬, ૭૩૭]** જે સાધુ-સાધ્વી (૧) સ્વચ્છંદાચારીની પ્રશંસા કરે કે પ્રશંસા કરનારને અનુમોદે (૨) સ્વચ્છંદાચારીને વાંદે કે વાંદનારની અનુમોદના કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૭૩૮, ૭૩૯]** જે સાધુ-સાધ્વી જાણીતા-સ્વજનાદિ, અજાણ્યા સ્વજન સિવાયના સેવા અયોગ્ય ઉપાસક કે અનુપાસક ને (૧) પ્રવ્રજ્યાદીક્ષા આપે કે દીક્ષા આપનારને અનુમોદે (૨) તેમના ઉપસ્થાપિત કરે કે ઉપસ્થિપિત કરનારને અનુમોદે.

**[૭૪૦]** જે સાધુ-સાધ્વી અયોગ્ય (અસમર્થ) પાસે વૈયાવચ્ચ સેવા કરાવે કે કરાવનારની અનુમોદના કરે.

**[૭૪૧, ૭૪૨]** જે સચેલક સાધુ (૧) સચેલક સાધ્વીની સાથે રહે કે સ્થવીર કલ્પી અન્ય સામાચારીવાળા કે જિનકલ્પી સાથે રહે ઈત્યાદિ (૨) અચેલક સાધ્વી સાથે રહે કે જિનકલ્પી સ્થવીરકલ્પી સાથે રહે. બંને સૂત્રોમાં આ રીતે રહેનારની અનુમોદના કરે તેને ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

**[૭૪૩, ૭૪૪]** જે અચેલક સાધુ છે તે (૧) સચેલક સાધ્વી સાથે કે જિનકલ્પી સ્થવીરકલ્પી સાથે રહે (૨) અચેલક સાધ્વી સાથે કે અન્ય અચેલક કલ્પી સાથે રહે તેમ રહેનારને અનુમોદે.

**[૭૪૫]** જે સાધુ-સાધ્વી રાત્રે રાખેલ પીપર, પીપર ચૂર્ણ, સુંઠ, સુંઠચૂર્ણ, ખારી માટી, મીઠું, સિંધાલુ આદિનો આહાર કરે કે આહાર કરનારને અનુમોદે.

**[૭૪૬]** જે સાધુ-સાધ્વી ગિરિપતન, મરુત્પતન, ભૃગુ પતન, વૃક્ષપતન થી મરણ કે પર્વત, મરુત, ભૃગુ, વૃક્ષથી કુદીને મરણ, જળ કે અગ્નિમાં પ્રવેશીને મરવું, જળ કે અગ્નિમાં કૂદીને મરવું, વિષ ભક્ષણથી મરવું, શસ્ત્રોત્પાટનથી મરણ, વલય-વશાર્ત, તદ્‌ભવ અંતઃશલ્ય કે વેહાયસ મરણથી મરવું, ગૃહ્યપૃષ્ઠ મરણે મરંવુ અથવા આવા પ્રકારના અન્ય કોઈ બાળ મરણથી મરવાને પ્રશંગે કે તેવી પ્રશંસા કરનારને અનુમોદે.

ઉપરોક્ત સૂત્રમાં કહેલાં કોઈપણ દોષને સેવે યાવત્ સેવનારની અનુમોદના કરે તેને 'ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત' અર્થાત્ ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૧ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✱ ઉદ્દેશો-૧૨ ✱

*• આ ઉદ્દેશામાં સૂત્ર-૭૪૭ થી ૭૮૮ એટલે કે કુલ-૪૨ સૂત્રો છે. એમાંના કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્ઘાતિક અર્થાત્ લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત કહે છે.*

*• ઉદ્દેશા-૧માં જણાવ્યા મુજબ પ્રત્યેક સૂત્રને અંતે પ્રાયશ્ચિત્ત આવે, તેમ કહે છે. તે રીતે અહીં પણ પ્રત્યેક સૂત્રને અંતે 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડી દેવું.*

**[૭૪૭]** જે સાધુ-સાધ્વી કરુણાભાવથી કોઈ ત્રસપ્રાણીને તૃણપાશથી, મુંજપાશથી, કાષ્ઠપાશથી, ચર્મપાશથી, વેગપાશથી, રજ્જૂપાશથી કે સૂત્રપાશથી બાંધે કે બાંધનારને અનુમોદે.

**[૭૪૮]** જે સાધુ-સાધ્વી કરુણા ભાવથી કોઈ ત્રસ પ્રાણીને તૃણપાશ યાવત્ ચર્મપાશબદ્ધ હોય તો તેને મુક્ત કરે કે કરાવનારને અનુમોદે.

**[૭૪૯]** જે સાધુ-સાધ્વી વારંવાર પ્રત્યાખ્યાન ભંગ કરે કે ભંગ કરનારની અનુમોદના કરે.

**[૭૫૦]** જે સાધુ-સાધ્વી પ્રત્યેક કાર્ય મિશ્રિત આહાર કરે કે આહાર કરનારને અનુમોદે.

**[૭૫૧]** જે સાધુ-સાધ્વી રોમયુક્ત ચામડાનો ઉપયોગ કરે કે કરનારનું અનુમોદન કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૭૫૨]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થના વસ્ત્રથી ઢાંકેલ ઘાસની, પરાલની, છાણની, નેતરની કે લાકડાંની પીઠ ઉપર બેસે બેસનારની અનુમોદના કરે.

**[૭૫૩]** જે સાધુ-સાધ્વીની [કે સાધ્વી, સાધુની] સંઘાટિકા-ઓઢવાનો કપડો અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સીવડાવે કે સીવડાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૭૫૪]** જે સાધુ-સાધ્વી પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, વનસ્પતિકાયની અલ્પમાત્રામાં પણ હિંસા કરે કે કરનારનું અનુમોદન કરે તો લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

**[૭૫૫]** જે સાધુ-સચિત્ત વૃક્ષે ચડે કે ચડનારને અનુમોદે.

**[૭૫૬]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થના પાત્રમાં આહાર કરે કે આહાર કરનારની અનુમોદના કરે.

**[૭૫૭]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થના વસ્ત્ર પહેરે કે પહેરનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૭૫૮]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થની નિષધા-આસનાદિ પર બેસે કે બેસનારની અનુમોદના કરે.

**[૭૫૯]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થની ચિકિત્સા કરે અથવા કરાવનારની અનુમોદના કરે.

**[૭૬૦]** જે સાધુ-સાધ્વી પૂર્વ કર્મદોષથી યુક્ત હાથથી, માટીના વાસણથી, કડછીથી, ધાતુના વાસણથી અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ ગ્રહણ કરે કે ગ્રહણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરનારને અનુમોદે.

**[૭૬૧]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થ કે અન્યતીર્થિકના સચિત્ત પાણીથી યુક્ત ભીના હાથથી યાવત્ ધાતુના વાસણથી અશનાદિ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૭૬૨ થી ૭૭૪]** જે સાધુ-સાધ્વી ચક્ષુદર્શન અર્થાત્ જોવાની અભિલાષાથી નીચે મુજબના દર્શનીય સ્થળો જોવાને જાય કે જનારની અનુમોદના કરે.

**[૭૬૨]** કાષ્ઠકર્મ, ચિત્રકર્મ, પુસ્તક કર્મ, દંત કર્મ, મણિ કર્મ, પત્થરકર્મ, ગ્રથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ માળાદિ બનાવવાના સ્થળ, પત્રછેદ્ય કે વિવિધ કર્મોના સ્થળ.

**[૭૬૩]** કિલ્લા, ખાઈ, ઉત્પલ, પલ્લલ, ઉજ્ઝર, નિર્ઝર, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરપંક્તિ કે સરસરપંક્તિ [બીજી પ્રતમાં થોડા પાઠ ભેદ છે.]

**[૭૬૪]** કચ્છ, ગહન, નૂમ, વન, વનવિદુર્ગ, પર્વતો, પર્વત વિદુર્ગ. *[બીજી પ્રતમાં થોડા પાઠ ભેદ છે.]*

**[૭૬૫]** ગામ, નગર, ખેડ, કર્બટ, મંડલી, દ્રોણમુખ, પટ્ટણ, આકર, સંબાહ, સન્નિવેશ.

**[૭૬૬]** ગ્રામ મહોત્સવ યાવત્ સન્નિવેશ મહોત્સવ.

**[૭૬૭]** ગ્રામઘાત યાવત્ સન્નિવેશ ઘાત.

**[૭૬૮]** ગ્રામ માર્ગ યાવત્ સન્નિવેશ માર્ગ.

**[૭૬૯]** અશ્વ, હાથી, ઊંટ, વૃષભ, મહિષ, સુકર આદિને શિક્ષિત કરવાના સ્થાન. [બીજી પ્રતમાં પાઠ ભેદ છે.]

**[૭૭૦]** અશ્વયુદ્ધ યાવત્ શૂકરયુદ્ધ.

**[૭૭૧]** વિવાહ મંડપ, ગજયૂથ સ્થળ, વધસ્થાનાદિ.

**[૭૭૨]** અભિષેક સ્થાન, સભા સ્થાન, માનોન્માન સ્થાન, મહાન શબ્દ કરતા વગાડાઈ રહેલા વાદ્ય, નૃત્ય, ગીત, વાજિંત્ર, તંત્રી, તાલ, ત્રુટિત આદિને કુશળ વગાડનારથી વગાડાતા સ્થાનો.

**[૭૭૩]** ડિંબ, ડમર, ખાર, વૈર, મહાયુદ્ધ, મહાસંગ્રામ, કલહ, બોલ, ઈત્યાદિ કલહ સ્થાનો.

**[૭૭૪]** અનેક પ્રકારના મહોત્સવોમાં જ્યાં અનેક સ્ત્રી, પુરુષ, સ્થવિર, યુવાન, આદિ સામાન્ય વેશમાં કે વસ્ત્રાભૂષણથી સુસજ્જિત થઈ ગાતા, વગાડતા, નાચતા, હસતા, કીડા કરતા, મોહિત કરતા, વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, આહાર કરતાં હોય કે પરિભાગ કરતા હોય.

ઉક્ત-૧૩ સૂત્રોમાં જણાવેલ સ્થાન જોવા જનારા કે જનારની અનુમોદના કરનારને લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.

**[૭૭૫]** જે સાધુ-સાધ્વી ઈહલૌકિક કે પારલૌકિક, પૂર્વે જોયેલા કે ન જોયેલા, સાંભળેલા કે ન સાંભળેલા, જાણેલા કે ન જાણેલા એવા રૂપોને વિશે આસક્ત થાય. રાગવાળા થાય, ગૃદ્ધિવાળા થાય. અતિ રક્ત બને. આસક્તાદિ થનારને અનુમોદે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૭૭૬]** જે સાધુ-સાધ્વી પહેલાં પ્રહરમાં ગ્રહણ કરેલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ચોથા પ્રહર સુધી રાખે-રાખનારને અનુમોદે.

**[૭૭૭]** જે સાધુ-સાધ્વી બે કોશની મર્યાદાથી આગળ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લઈ જાય, લઈ જનારને અનુમોદે

**[૭૭૮, ૭૭૯]** જે સાધુ-સાધ્વી દિવસના ગોબર ગ્રહણ કરીને (૧) બીજે દિવસે (૨) રાત્રિના શરીરના વ્રણ-ઘાવ ઉપર આલેપન, વિલેપન કરે કે કરનારની અનુમોદના કરે.

**[૭૮૦, ૭૮૧]** જે સાધુ-સાધ્વી રાત્રિના ગ્રહણ કરેલ ગોબરથી (૧) દિવસના (૨) રાત્રિમાં શરીરના વ્રણ-ઘાવ ઉપર આલેપન વિલેપન કરે કે કરનારની અનુમોદના કરે.

**[૭૮૨, ૭૮૩]** જે સાધુ-સાધ્વી દિવસના વિલેપન પદાર્થ ગ્રહણ કરીને (૧) બીજે દિવસે, (૨) રાત્રિમાં શરીરના વ્રણ-ઘાવ ઉપર આલેપન-વિલેપન કરે કે કરનારાને અનુમોદે.

**[૭૮૪, ૭૮૫]** જે સાધુ-સાધ્વી રાત્રિમાં વિલેપન પદાર્થ ગ્રહણ કરી (૧) રાત્રિમાં, (૨) દિવસમાં શરીરના વ્રણ-ઘાવ ઉપર આલેપન-વિલેપન કરે કે કરનારને અનુમોદે.

**[૭૮૬]** જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે પોતાની ઉપધિ વહન કરાવે કે વહન કરનારાને અનુમોદે.

**[૭૮૭]** જે સાધુ-સાધ્વી ભારવહન કરાવવાના નિમિત્તે તેમને અશનાદિ આપે કે આપનારને અનુમોદે.

**[૭૮૮]** જે સાધુ-સાધ્વી ગંગા, જમુના, સરયૂ, ઐરાવતી, મહી, આ પાંચ મહાનદી કહેવાઈ-ગણાવાઈ કે પ્રસિદ્ધ છે, તેને એક માસમાં બે કે ત્રણ વખત ઉતરીને કે તરીને પાર કરે કે પાર કરનારને અનુમોદે.

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૨ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✷ ઉદ્દેશો-૧૩ ✷

• *નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૭૮૯ થી ૮૬૨ એટલે કે કુલ-૭૪ સૂત્રો છે, તેમાં જણાવેલા કોઈ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત આવે, જેને 'લઘુ ચૌમાસી' પ્રાયશ્ચિત્ત કહે છે.*

• *અહીં નોંધાયેલ બધાંજ સૂત્રોને અંતે 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' તે વાક્ય ઉમેરવું.*

**[૭૮૯ થી ૭૯૫]** જે સાધુ-સાધવી અહીં કહેલા સાત સ્થાને ઉભા રહે, સુવે કે બેસે અથવા તેમ કરનારને અનુમોદે :-

**[૭૮૯]** સચિત્ત પૃથ્વીની નીકટની ભૂમિ ઉપર–

**[૭૯૦]** સચિત્ત જળથી સ્નિગ્ધ ભૂમિ ઉપર–

**[૭૯૧]** સચિત્ત રજયુક્ત ભૂમિ ઉપર–

**[૭૯૨]** સચિત્ત માટી યુક્ત ભૂમિ ઉપર–

**[૭૯૩]** સચિત્ત પૃથ્વીની ઉપર–

**[૭૯૪]** સચિત્ત શિલાખંડ કે પત્થર ઉપર–

**[૭૯૫]** સચિત્ત શિલાખંડ કે પત્થર ઉપર–

**[૭૯૬]** જે સાધુ-સાધ્વી ધુણા આદિ લાગેલ જીવયુક્ત કાષ્ઠ ઉપર તથા ઈંડા યાવત્ કરોળીયાના જાળાથી યુક્ત સ્થાને ઉભા રહે, સુવે કે બેસે અથવા તેમ કરનારને અનુમોદે.

**[૭૯૭]** જે સાધુ-સાધ્વી સ્તંભ, દેહલી, ઉખલ કે સ્નાન કરવાની ચોકડી આદિ જે સ્થિર ન હોય, સારી રીતે રાખેલ ન હોય નિષ્કંપન હોય, ચલાયમાન હોય. તેના ઉપર ઊભો રહે, બેસે કે તેમ કરનારને અનુમોદે.

**[૭૯૮]** જે સાધુ-સાધ્વી સોપાન, ભીંત, શિલા કે પત્થર, શિલાખેડાદિ ઉંચા સ્થાન, કે જે સ્થિર ન હોય યાવત્ ચલિત હોય તેના ઉપર ઊભો રહે, સુવે, બેસે કે તેમ કરનારને અનુમોદે.

**[૭૯૯]** જે સાધુ-સાધ્વી સ્કંધ, ફલક, મંચ, મંડપ, માળો, પ્રસાદ, હવેલીનું શિખર ઈત્યાદિ ઉંચા સ્થાન કે જે અસ્થિર યાવત્ ચલાયમાન હોય, તેના ઉપર ઊભો રહે, સુવે કે બેસે અથવા તેમ કરનારને અનુમોદે.

**[૮૦૦]** જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થને શિલ્પ, શ્લોક, પાસા, કાંકરી, વ્યુદ્ગ્રહ, કાવ્યકળાદિ શીખવે કે શીખવનારને અનુમોદે.

**[૮૦૧ થી ૮૦૪]** જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થને (૧) સરોષ વચન કહે (૨) કઠોર વચન કહે (૩) સરોષ કઠોર વચન કહે (૪) કોઈપણ પ્રકારે અતિ આશાતના કરે અથવા આ ચારે સેવનારની અનુમોદના કરે.

**[૮૦૫ થી ૮૧૪]** જે સાધુ-સાધ્વી અન્યતીર્થિકો કે ગૃહસ્થો સાથે નીચે જણાવેલા કાર્ય કરે કે તેવા કાર્ય કરનારને અનુમોદે :-

**[૮૦૫]** કૌતુક કર્મ કરે–

**[૮૦૬]** ભૂતિ કર્મ કરે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮૦૭] કૌતુક પ્રશ્નો કરે–

[૮૦૮] કૌતુક પ્રશ્નોના ઉત્તર આપે–

[૮૦૯] ભૂતકાળ સંબંધી નિમિત્તનું કથન કરે–

[૮૧૦] શરીરના લક્ષણોને ફળ કહે–

[૮૧૧] સ્વપ્નના ફળનું કથન કરે–

[૮૧૨] વિદ્યાનો પ્રયોગ કરે–

[૮૧૩] મંત્રનો પ્રયોગ કરે–

[૮૧૪] યોગ-તંત્ર પ્રયોગ કરે–

[૮૧૫] જે સાધુ-સાધ્વી માર્ગ ભૂલેલા, દિશામૂઢ થયેલ કે વિપરીત દિશામાં ગયેલ અન્યતીર્થિક કે ગૃહસ્થોને માર્ગ બતાવે કે માર્ગ સંધિ બતાવે અથવા માર્ગથી સંધિ બતાવે કે સંધિથી માર્ગ બતાવે અથવા બતાવનારને અનુમોદે.

[૮૧૬, ૮૧૭] જે સાધુ-સાધ્વી અન્યતીર્થિકો કે ગૃહસ્થોને (૧) ધાતુ દેખાડે (૨) નિધિ દેખાડે કે તે દેખાડનારને અનુમોદે

[૮૧૮ થી ૮૨૫] જે સાધુ-સાધ્વી આ આઠ વસ્તુમાં પોતાનું પ્રતિબિંબ જુએ અથવા જોનારાની અનુમોદના કરે :-

(૧) પાત્રમાં (૨) દર્પણમાં (૩) તલવારમાં (૪) મણીમાં (૫) કુંડાદિના પાણીમાં (૬) તેલમાં (૭) ગોળમાં (૮) ચરબીમાં

• આ સૂત્રના ભાષ્ય-૪૩૧૮ માં આપેલ ગાથામાં બાર વસ્તુમાં પોતાનું પ્રતિબિંબ જુએ તેમ કહેલ છે, તે મુજબ બાર સૂત્રો અહીં થાય.

[૮૨૬] જે સાધુ વમન કરે કે કરનારને અનુમોદે

[૮૨૭] જે સાધુ વિરેચન કરે કે કરનારને અનુમોદે

[૮૨૮] જે સાધુ વમન-વિરેચન કરે કે કરનારને અનુમોદે

[૮૨૯] જે સાધુ રોગ ન હોવા છતાં પણ ઉપચાર કરે કે ઉપચાર કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

[૮૩૦, ૮૩૧] જે સાધુ-સાધ્વી પાર્શ્વસ્થાને (૧) વંદન કરે (૨) પ્રશંસે કે વાંદનાર, પ્રશંસનારની અનુમોદના કરે.

[૮૩૨, ૮૩૩] જે સાધુ-સાધ્વી અવસન્ના ને (૧) વંદન કરે (૨) પ્રશંસે કે વાંદનાર, પ્રશંસનારની અનુમોદના કરે.

[૮૩૪, ૮૩૫] જે સાધુ-સાધ્વી કુશીલને (૧) વંદન કરે (૨) પ્રશંસે કે વાંદનાર પ્રશંસનારની અનુમોદના કરે.

[૮૩૬, ૮૩૭] જે સાધુ-સાધ્વી નિત્યક [નિત્ય પિંડ ખાનાર]ને (૧) વાંદે (૨) પ્રશંસે કે વાંદનાર-પ્રશંસનારની અનુમોદના કરે.

[૮૩૮, ૮૩૯] જે સાધુ-સાધ્વી સંસક્ત [ચારિત્ર વિરાધક]ને (૧) વંદે (૨) પ્રશંસે કે વાંદનાર-પ્રશંસનારની અનુમોદના કરે.

[૮૪૦, ૮૪૧] જે સાધુ-સાધ્વી કાથિક [અશનાદિ માટે કથા કરે] તેને (૧) વાંદે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) પ્રશંસે કે વાંદનાર પ્રશંસનારની અનુમોદના કરે.

**[૮૪૨, ૮૪૩]** જે સાધુ-સાધ્વી નૃત્યાદિ જોનારને (૧) વંદન કરે (૨) પ્રશંસે કે વાંદનાર પ્રશંસનારની અનુમોદના કરે.

**[૮૪૪, ૮૪૫]** જે સાધુ-સાધ્વી મમત્વ રાખનારને (૧) વંદન કરે (૨) પ્રશંસે કે વાંદનાર પ્રશંસનારની અનુમોદના કરે.

**[૮૪૬, ૮૪૭]** જે સાધુ-સાધ્વી અસંયતોના આરંભ-કાર્યના નિર્દેશન કરનારને (૧) વાંદે (૨) પ્રશંસે કે બંનેની અનુમોદના કરે.

**[૮૪૮ થી ૮૬૨]** જે સાધુ-સાધ્વી અહીં દર્શાવેલા પંદર ભેદોમાંના કોઈ પિંડ આહારને ભોગવે કે ભોગવનારને અનુમોદે :-

(૧) ધાત્રિપિંડ – બાળકને રમાડી ગૌચરી મેળવે.

(૨) દૂતિપિંડ – સંદેશાની આપ-લે કરી ગૌચરી મેળવે.

(૩) નિમિત્તપિંડ – શુભાશુભ કથન કરી ગૌચરી મેળવે.

(૪) આજીવક પિંડ – જાતિ, કળા પ્રશંસાથી નિર્વાહ કરે.

(૫) વનીપક પીંડ – દીનતા પૂર્વક યાચે.

(૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભપિંડ

(૧૦) વિદ્યાપિંડ – સ્ત્રી દેવતાધિષ્ઠિત સાધનાથી.

(૧૧) મંત્રપિંડ – પુરુષ દેવતાધિષ્ઠિત સાધનાથી.

(૧૨) ચિકિત્સાપિંડ – રોગાદિ માટે ઔષધ આપીને.

(૧૩) ચૂર્ણપિંડ – અનેક વસ્તુ મિશ્રિત ચૂર્ણ આપીને.

(૧૪) યોગપિંડ – વશીકરણાદિ પ્રયોગથી.

(૧૫) અંતર્દ્ધાન પિંડ – અદૃષ્ટ રહી ગ્રહણ કરેલ આહાર.

**– એ પ્રમાણે આ ઉદ્દેશમાં જણાવેલા કોઈપણ દોષને સેવે યાવત્ સેવનારને અનુમોદે તો ચાતુર્માસિક પરિહારસ્થાન અર્થાત્ લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૩ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## * ઉદ્દેશો-૧૪ *

*• નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૮૬૩ થી ૯૦૪ એટલે કે કુલ-૪૧ સૂત્રો છે, તેમાં કહ્યા મુજબના કોઈપણ દોષનું સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત આવે, જેને લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત પણ કહે છે.*

*• પ્રત્યેક સૂત્રને અંતે આ 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડી દેવું.*

**[૮૬૩]** જે સાધુ-સાધ્વી પાત્ર ખરીદે, ખરીદાવે, ખરીદીને લાવેલું કોઈ આપે તે લે કે લેનારને અનુમોદે.

**[૮૬૪]** જે સાધુ-સાધ્વી પાત્ર ઉધાર લે, ઉધાર લેવડાવે, ઉધાર લાવેલું કોઈ આપે તે લે કે લેનારને અનુમોદે.

**[૮૬૫]** જે સાધુ-સાધ્વી ગૃહસ્થ અન્ય પાત્ર સાથે બદલે, બદલાવડાવે, બદલેલ કોઈ આપે તે લે, લેનારને અનુમોદે.

**[૮૬૬]** જે સાધુ-સાધ્વી છીનવેલું, અનિસૃષ્ટ, અભ્યાહૃતપાત્ર કોઈ આપે તો લે, લેનારની અનુમોદના કરે.

**[૮૬૭]** જે સાધુ-સાધ્વી ગણીના નિમિત્તે અધિક પાત્ર લઈ ગણીને પૂછ્યા વિના કે નિમંત્ર્યા વિના બીજાને આપે કે અનુમોદે.

**[૮૬૮]** જે સાધુ બાળ સાધુ-સાધ્વી માટે કે વૃદ્ધ સાધુ-સાધ્વી જેના હાથ, પગ, કાન, નાક, હોઠ છેદાયા નથી. અશક્ત છે, તેને અતિરિક્ત પાત્ર રાખવા અનુરૂપ દે કે દેનારને અનુમોદે.

**[૮૬૯]** જે સાધુ ઉપરોક્ત બાળઆદિમાં જેના હાથ-પગ ચાહિ છેદાયા છે. તેવા અશક્તને વધુ પાત્ર રાખવા અનુજ્ઞાન આપે કે ન આપનારને અનુમોદે.

**[૮૭૦]** જે સાધુ-સાધ્વી ખંડિત, અસ્થિર, અધ્રુવ, અધારણીય પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે.

**[૮૭૧]** જે સાધુ-સાધ્વી અખંડિત સ્થિર, ધ્રુવ, ધારણીય પાત્રને ધારણ ન કરે કે ધારણ ન કરનારને અનુમોદે.

**[૮૭૨, ૮૭૩]** જે સાધુ-સાધ્વી સારા વર્ણવાળા પાત્રને વિવર્ણ કરે કે કરનારને અનુમોદે અથવા વિવર્ણ પાત્રને સારા વર્ણવાળા કરે કે કરનારને અનુમોદે.

**[૮૭૪ થી ૮૭૭]** જે સાધુ-સાધ્વી 'મને નવું પાત્ર મળતું નથી' એવું વિચારી ઘણાં દિવસ સુધી અહીં કહેલાં ચાર દોષ સેવે કે સેવનારની અનુમોદના કરે :-

**[૮૭૪]** પાત્રને થોડાં કે ઘણાં સચિત્ત શીત કે ઉષ્ણ પાણી વડે એકવાર કે વારંવાર ધુવે.

**[૮૭૫]** પાત્રને સાથે રાખેલા અચિત્ત શીત કે ઉષ્ણ પાણી વડે એકવાર કે વારંવાર ધુવે.

**[૮૭૬]** પાત્રને થોડાં કે ઘણાં લોધ્ર, કલ્ક, ચૂર્ણ કે વર્ણ વડે એકવાર કે વારંવાર લેપ કરે.

**[૮૭૭]** રાત્રે રાખેલા લોધ્રાદિથી એક કે અનેકવાર લેપ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૮૭૮ થી ૮૮૧]** જે સાધુ-સાધ્વી 'મને દુર્ગન્ધવાળું પાત્ર મળેલ છે' એમ વિચારી ઘણાં દિવસ સુધી આ ચાર દોષ સેવે :-

**[૮૭૮]** પાત્રને થોડાં કે ઘણાં સચિત્ત શીત કે ઉષ્ણ જળથી એક કે અનેકવાર ધુવે કે ધોનારને અનુમોદે.

**[૮૭૯]** સાથે રાખેલા અચિતશીત કે ઉષ્ણ જળથી એક કે અનેકવાર પાત્રને ધુવે કે ધોનારને અનુમોદે.

**[૮૮૦]** પાત્રને થોડાં કે ઘણાં લોઘ્રાદિથી એક કે અનેકવાર પાત્રને ધુવે કે ધોનારને અનુમોદે.

**[૮૮૧]** રાત્રે રાખેલા લોઘ્રાદિથી એક કે અનેકવાર લેપ કરે.

**[૮૮૨ થી ૮૯૨]** જે સાધુ-સાધ્વી નીચે કહેલા ૧૧ સ્થાનોમાં પાત્રને સુકાવે કે પાત્ર સુકાવનારને અનુમોદેતો પ્રાયશ્ચિત્ત.

**[૮૮૨]** સચિત્ત પૃથ્વીની નીકટ અચિત્ત પૃથ્વી ઉપર.

**[૮૮૩]** સચિત્ત જળથી સ્નિગ્ધ પૃથ્વી ઉપર.

**[૮૮૪]** સચિત્ત રજથી યુક્ત પૃથ્વી ઉપર.

**[૮૮૫]** સચિત્ત માટી વિખેરાવેલ પૃથ્વી ઉપર.

**[૮૮૬]** સચિત્ત પૃથ્વી ઉપર સીધાજ.

**[૮૮૭]** સચિત્ત શિલા ઉપર.

**[૮૮૮]** સચિત્ત શિલાખંડ આદિ ઉપર.

**[૮૮૯]** ધૂણા કે ઉધઈ આદિ જીવયુક્ત કાષ્ઠ ઉપર તથા ઈંડાવાળા સ્થાને યાવત્ કરોડીયાના જાળા યુક્ત સ્થાને.

**[૮૯૦]** સ્તંભ, દેહલી, ઉખલ કે સ્નાન કરવાની ચોકડી ઉપર અથવા બીજા આવા આકાશીય ઉંચા સ્થાને કે જે સારી રીતે બાંધેલ ન હોય યાવત્ અલાયમાન હોય ત્યાં–

**[૮૯૧]** માટીની દિવાલ ઉપર, ઈંટની દિવાલ ઉપર, શિલા કે શિલાખંડાદિ ઉપર અથવા બીજા આવા આકાશીય ઉંચા સ્થાને જે સારી રીતે બાંધેલ ન હોય યાવત્ ચલાયમાન હોય ત્યાં–

**[૮૯૨]** સ્કંધ ઉપર યાવત્ મહેલની છત ઉપર અથવા બીજા પણ આવા આકાશીય ઉંચા સ્થાને. જે સારીરીતે બાંધેલ નથી યાવત્ ચલાયમાન છે. તે સ્થાને.

**[૮૯૩ થી ૮૯૮]** જે સાધુ-સાધ્વી પાત્રમાં પડેલ આ છ પ્રકારના જીવોને કાઢે, કઢાવનારને અનુમોદનો પ્રાયશ્ચિત્ત :-

(૧) સચિત્ત પૃથ્વીકાયને (૨) સચિત્ત અપ્કાયને (૩) સચિત્ત તેઉકાયને (૪) સચિત્ત કંદ, મૂલ, પત્ર, પુષ્પ, ફળને (૫) સચિત્ત ઔષધિ-વનસ્પતિને (૬) સચિત્ત ત્રસપ્રાણીને આ છ માંની કોઈ વસ્તુ કાઢી-કઢાવીને આપે કે અનુમોદે.

**[૮૯૯]** જે સાધુ-સાધ્વી પાત્ર ઉપર કોરણી કરે, કોરણી કરાવે, કોરણી કરાવેલા પાત્ર કોઈ સામેથ આપે તો ગ્રહણ કરે કે તે રીતે ગ્રહણ કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૯૦૦, ૯૦૧] જે સાધુ-સાધ્વી સ્વજનથી કે પરજનથી શ્રાવક પાસેથી કે અ-શ્રાવક પાસેથી (૧) ગામમાં કે ગામપથમાં અને (૨) પર્ષદામાંથી ઉઠાવીને – માંગી માંગીને પાત્રની યાચના કરે અથવા યાચના કરનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૯૦૨, ૯૦૩] જે સાધુ-સાધ્વી પાત્રા માટે (૧) ઋતુબદ્ધ કાળમાં (૨) વર્ષાવાસમાં રહે છે કે રહેનારની અનુમોદના કરે છે.

[૯૦૪] એ પ્રમાણે ઉક્ત ઉદ્દેશોનો કોઈપણ દોષ સેવે યાવત્ સેવનારને અનુમોદે તો ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્ઘાતિક અટલે કે લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૪ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✹ ઉદ્દેશો-૧૫ ✹

• *નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર ૯૦૫ થી ૧૦૫૮ એ પ્રમાણે કુલ-૧૫૪ સૂત્રો છે. જેમાના કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિવાર સ્થાન ઉદ્‌ઘાતિક' અર્થાત્ લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.*

• *પ્રત્યેક સૂત્રને અંતે આ 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય બધાં દોષ સાથે જોડવું.*

**[૯૦૫ થી ૯૦૮]** જે સાધુ-સાધ્વી બીજા સાધુ-સાધ્વીને (૧) આક્રોશ યુક્ત (૨) કઠોર (૩) આક્રોશ યુક્ત કઠોર વચનો કહે કે તેમ કહેનારને અનુમોદે તથા બીજા કોઈ પ્રકારની આશાતના કરે અથવા કરનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૯૦૯ થી ૯૧૬]** જે સાધુ-સાધ્વી (૧) સચિત્ત કેરી ખાય કે ખાનારને અનુમોદે (૨) સચિત્ત કેરી ચુસે કે ચુસનારની અનુમોદના કરે (૩) સચિત્ત પ્રતિષ્ઠિત કેરી ખાય કે ખાનારની અનુમોદના કરે (૪) સચિત્ત પ્રતિષ્ઠિત કેરી ચુસે કે ચુસનારની અનુમોદના કરે.

• જે સાધુ-સાધ્વી (૧) સચિત્ત કેરી, કેરીની પેશી, કેરીનો અર્ધભાગ, કેરીના છિલકા, કેરીના ટુકડા, કેરીની કેસરા એ છ વસ્તુને ખાય કે ખાનારની અનુમોદના કરે. અને (૨) સચિત્ત કેરી, કેરીની પેશી યાવત્ કેરીની કેસરા ચુસે કે ચુસનારને અનુમોદે.

• જે સાધુ-સાધ્વી (૧) સચિત્ત પ્રતિષ્ઠિત કેરી તે યાવત્ કેરીની કેસરાને ખાય કે ખાનારને અનુમોદે (૨) સચિત્ત પ્રતિષ્ઠિત કેરી યાવત્ કેરીની કેસરાને ચુસે કે સુચનારને અનુમોદે.

**[૯૧૭ થી ૯૭૦]** જે સાધુ-સાધ્વી (૧) અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે પોતાના પગને એક વખત કે અનેક વખત પ્રમાર્જાવે કે પ્રમાર્જન કરાવનારની અનુમોદના કરે... (૫૩) એક ગામથી બીજે ગામ જતાં અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે પોતાના માથાનું આચ્છાદન કરાવે કે આચ્છાદન કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

• *ઉપર સૂત્ર-૯૧૭ થી ૯૩૦ એટલે કે કુલ-૫૩ સૂત્રો છે. આ ૫૩ સૂત્રો સર્વ પ્રથમ ઉદ્દેશો-૩ માં પ્રયોજાયા. તેનો સૂત્રક્રમ હતો. ૧૩૩ થી ૧૮૫ ત્યાં આ ૫૩ દોષનું સેવન 'સાધુ સ્વયં કરે કે કરનારને અનુમોદે' એમ કહી દોષનું વર્ણન છે.*

*આ જ ૫૩ દોષનું વર્ણન પછી ઉદેશા-૪ માં આવેલ છે. ત્યાં સૂત્રક્રમ છે. ૨૫૦ થી ૩૦૨ ત્યાં આ દોષનું સેવન 'સાધુ પરસ્પર સેવે' એમ કહીને કરાયેલ છે. પણ દોષ આ ૫૩ જ છે.*

*આ જ ૫૩ દોષનું વર્ણન પછી ઉદ્દેશા-૬ માં સૂત્ર-૪૧૬ થી ૪૬૮ ના ક્રમમાં છે. ત્યાં દોષ તો આ ત્રેપન જ છે, પણ તેનું સેવન 'મૈથુનની ઈચ્છાથી કરે' એ પ્રમાણે કરેલ છે.*

*આજ ૫૩ દોષનું વર્ણન પછી ઉદ્દેશા-૭ માં સૂત્ર ૪૮૩ થી ૫૩૫ ના ક્રમથી કરાયેલ છે. પણ હેતુ બદલાય છે. ત્યાં આ દોષનું સેવન 'મૈથુનની ઈચ્છાથી પરસ્પર કરે' એમ કહેલ છે.*

*ઉદ્દેશા-૧૧માં આ જ ત્રેપન સૂત્રોને સૂત્ર-૬૬૫ થી ૭૧૭ ના ક્રમે કહેવામાં આવેલ છે. પણ હેતુ છે 'અન્યતીર્થિક કે ગૃહસ્થ માટે સાધુ આ દોષ સેવે.'*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*જ્યારે આ ઉદ્દેશા-૧૫માં સુત્ર ૯૧૭ થી ૯૭૦માં જણાવે છે કે અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સાધુ આ ત્રેપન દોષ પોતાના માટે સેવડાવે.*

**[૯૭૧ થી ૯૭૯]** જે સાધુ-સાધ્વી નીચે કહેલા સ્થાને મળ-મૂત્ર ત્યાગ કરે કે કરનારને અનુમોદે *[ઉદ્દેશા-૮માં આ જ સૂત્રો ૫૬૧ થઈ ૫૬૯ માં આવેલ છે. ફર્ક એટલો જ કે ત્યાં એકલા સાધુ એકલી સ્ત્રી સાથે વિગેરે ઇત્યાદિ કારણે આ દોષનું સેવન*

૬૬ નિશીથછેદસૂત્ર - સૂત્રાનુવાદ

*જ્યારે આ ઉદ્દેશા-૧૫માં સુત્ર ૯૧૭ થી ૯૭૦માં જણાવે છે કે અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સાધુ આ ત્રેપન દોષ પોતાના માટે સેવડાવે.*

**[૯૭૧ થી ૯૭૯]** જે સાધુ-સાધ્વી નીચે કહેલા સ્થાને મળ-મૂત્ર ત્યાગ કરે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશનાદિ લે (૧૯) સંશક્તને વસ્ત્રાદિ આપે (૨૦) સંસક્ત પાસેથી વસ્ત્રાદિ લે અથવા ઉક્ત ચારેની અનુમોદના કરે.

**[૧૦૦૨]** જે સાધુ-સાધ્વી કોઈએ નિત્ય પહેરવાના, સ્નાનના, વિવાહના, રાજયસભાના વસ્ત્ર સિવાયનું માંગવાથી પ્રાપ્ત થયેલુ કે નિમંત્રણ પૂર્વક મેળવેલું વસ્ત્ર ક્યાંથી આવ્યું કે કઈરીતે તૈયાર થયું તે જાણ્યા સિવાય, તે વિશે પૂછ્યા સિવાય, તેની ગવેષણા કર્યા સિવાય તે બંને પ્રકારના વસ્ત્રો ગ્રહણ કરે કે કરાવનારને અનુમોદે.

**[૧૦૦૩ થી ૧૦૫૬]** જે સાધુ-સાધ્વી (૧) વિભૂષા નિમિત્તે અર્થાત્ શોભા આદિ વધારવાની બુદ્ધીથી (૧) પોતાના પગને એકવાર કે અનેક વાર પ્રમાર્જે અથવા પ્રમાર્જનારની અનુમોદના કરે... ત્યાંથી શરૂ કરી (૫૩) ગ્રામનુગ્રામ વિચરતા પોતાના મસ્તકને ઢાંકે કે ઢાંકનારની અનુમોદના કરે. એમ ત્રેપન [ચોપન ?] સૂત્રો જાણવા.

*આ બધાં સૂત્રોનો વિસ્તાર અને સંપૂર્ણ સૂત્રાર્થ ઉદ્દેશા ૩-માં આવેલ સૂત્ર-૧૩૩થી ૧૮૫ મુજબ જ જાણવો – સમજી લેવો.*

*આ બાબતે વિશેષ નોંધ આ જ ઉદ્દેશા-૧૫ માં આવેલા સૂત્ર-૯૧૭થી ૯૭૦ મુજબ જાણવી, અહીં પુનરુક્તિ કરેલ નથી.*

*સૂત્રસંખ્યા ૫૩ છે કે ૫૪ ? એક સંપાદનમાં ૫૩ સૂત્રો છે, બીજા સંપાદનમાં ૫૪ સૂત્રો છે. તેમાં તાત્ત્વિક તસવત નથી. ૧-સૂત્ર કેટલાંક સંપાદનમાં સાથે જોડાઈ ગયેલ હોવાથી સંખ્યા-૫૩ થઈ જાય છે.*

**[૧૦૫૭, ૧૦૫૮]** જે સાધુ-સાધ્વી વિભૂષાના સંકલ્પથી વસ્ત્ર,, પાત્ર, કંબલ, પાદપ્રોંછના કે અન્ય કોઈ ઉપકરણ – (૧) રાખે છે કે રાખનારને અનુમોદે છે, – (૨) ધોવે કે ધોનારને અનુમોદે.

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૫ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✱ ઉદ્દેશો-૧૬ ✱

*• નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૧૦૫૯થી ૧૧૦૮ એટલે કુલ-૫૦ સૂત્રો છે. તેમાંના કોઈપણ દોષ સેવનારને ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્દ્ઘાતિક એટલે "લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે."*

*• પ્રત્યેક સૂત્રને અંતે પ્રાયશ્ચિત્ત આવે તેમ નોંધવું.*

**[૧૦૫૯ થી ૧૦૬૧]** જે સાધુ-સાધ્વી (૧) ગૃહસ્થયુક્ત વસતિમાં રહે, (૨) સચિત્ત જળયુક્ત વસતિમાં રહે, (૩) સચિત્ત અગ્નિયુક્ત વસતિમાં રહે કે આ ત્રણેમાં રહેનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૦૬૨ થી ૧૦૬૯]** *ઉદ્દેશા-૧૫માં સૂત્ર ૯૦૯થી ૯૧૬ એ આઠ સૂત્રો માફક જ આ આઠ સૂત્રો છે, માત્ર ત્યાં 'કેરી' છે, અહીં 'શેરડી' છે.*

• જે સાધુ-સાધ્વી (૧) સચિત્ત શેરડી ખાય (૨) સચિત્ત શેરડી ચૂસે, (૩) સચિત્ત – શેરડીના પર્વનો મધ્ય ભાગ, છોતરા સહિતનો ખંડ, છોતરા, છોતરા વગરનો ખંડ, શેરડી રસ, શેરડીના નાન-નાના ટુકડાને ખાય, (૪) સચિત્ત શેરડીના પર્વનો મધ્ય ભાગ યાવત્ શેરડીના નાના-નાના ટુકડાને ચૂસે અથવા આ ચારે કાર્ય કરનારાને અનુમોદે.

• જે સાધુ-સાધ્વી (૧) સચિત્ત પ્રતિષ્ઠિત શેરડી ખાય, (૨) સચિત્ત પ્રતિષ્ઠિત શેરડી ચૂસે, (૩) સચિત્ત પ્રતિષ્ઠિત શેરડીના પર્વનો મધ્યભાગ આદિ ખાય, (૪) સચિત્ત પ્રતિષ્ઠિત શેરડીના પર્વનો મધ્યભાગ આદિ ચૂસે અથવા આ ચારે કાર્ય કરનારાને અનુમોદે.

**[૧૦૭૦]** જે સાધુ-સાધ્વી અરણ્યમાં રહેનારા, વનમાં ગયેલના, અટવીની યાત્રાએ જનારા, અટવીના યાત્રાથી પાછા ફરનારાના અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લે કે લેનારને અનુમોદે.

**[૧૦૭૧, ૧૦૭૨]** જે સાધુ-સાધ્વી (૧) વિશેષ ચારિત્ર ગુણસંપન્નને અલ્પ ચરિત્ર ગુણવાળા કહે, (૨) અલ્પ ચારિત્ર ગુણવાળાને વિશેષ ચારિત્ર ગુણસંપન્ન કહે કે તેમ કહેનારને અનુમોદે.

**[૧૦૭૩]** જે સાધુ-સાધ્વી વિશેષ ચારિત્ર ગુણસંપન્ન ગણથી અલ્પ ચરિત્રિ ગુણવાળા ગણમાં સંક્રમણ કરે કે સંક્રમણ કરનારાની અનુમોદના કરે.

**[૧૦૭૪ થી ૧૦૮૨]** જે સાધુ-સાધ્વી વ્યુદ્ગ્રાહિત કે કદાગ્રહવાળા સાધુ [સાધ્વી] સાથે આ નવ દોષ સેવે :-

[૧] એવા અલગ વિચરનારને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપે કે આપનારને અનુમોદે.

[૨] તેમની પાસેથી અશનાદિ લે કે લેનારને અનુમોદે.

[૩] તેમને વસ્ત્ર, પાત્ર, કંબલ કે પાદપ્રોંછનક આપે કે આપનારની અનુમોદના કરે.

[૪] તેમના વસ્ત્રાદિ લે કે લેનારને અનુમોદે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫] તેમને વસતિ આપે કે આપનારને અનુમોદે.

[૬] તેમની વસતિ લે કે લેનારને અનુમોદે.

[૭] તેમની વસતિમાં પ્રવેશે કે પ્રવેશનારને અનુમોદે.

[૮] તેમને વાંચના દે કે દેનારને અનુમોદે.

[૯] તેમની પાસેથી વાંચના લે કે લેનારને અનુમોદે.

**[૧૦૮૩, ૧૦૮૪]** જે સાધુ-સાધ્વી આહારાદિ સુવિધાથી પ્રાપ્ત થનારા ક્ષેત્રો હોવા છતાં પણ – (૧) ઘણાં દિવસ લાગે એવા લાંબા માર્ગેથી જવાનો સંકલ્પ કરે – (૨) અનાર્ય, મ્લેચ્છ તથા સીમા ઉપર રહેનારા ચોર-લૂંટારા આદિ રહેતા હોય તે માર્ગે વિહાર કરે અથવા આ બંને કરનારાને અનુમોદે.

**[૧૦૮૫ થી ૧૦૯૦]** જે સાધુ-સાધ્વી જુગુપ્સિત કે નિંદિત કુળોમાં આ છ દોષ સેવે કે સેવનારને અનુમોદે.

[૧] ત્યાંથી અશનાદિ આહાર ગ્રહણ કરે.

[૨] ત્યાંથી વસ્ત્ર, પાત્ર, કંબલાદિ ગ્રહણ કરે.

[૩] ત્યાંની શય્યા-વસતિ ગ્રહણ કરે.

[૪] ત્યાં સ્વાધ્યાયની વાંચના આપે.

[૫] ત્યાં સ્વાધ્યાયનો ઉદ્દેશો કરે.

[૬] ત્યાં સ્વાધ્યાયની વાંચના લે.

**[૧૦૯૧ થી ૧૦૯૩]** જે સાધુ-સાધ્વી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર આ ત્રણ સ્થાને રાખે કે રાખનારને અનુમોદે.

[૧] ભૂમિ ઉપર રાખે.

[૨] સંથારા ઉપર રાખે.

[૩] સીક્કા કે ખીંટી આદિએ રાખે.

**[૧૦૯૪, ૧૦૯૫]** જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થોની (૧) સાથે – નજીક બેસીને, (૨) ઘેરાઈને – કંઈક દૂર બેઠા હોય ત્યાં આહાર કરે કે કરનારાનું અનુમોદન કરે.

**[૧૦૯૬]** જે સાધુ-સાધ્વી આચાર્ય-ઉપાધ્યાયના શય્યા-સંથારાને પગનો સ્પર્શ થઈ જાય ત્યારે હાથ વડે વિનય કર્યા વિના, મિથ્યા દુષ્કૃત આપ્યા વિના ચાલ્યા જાય કે ચાલ્યા જનારાની અનુમોદના કરે.

**[૧૦૯૭]** જે સાધુ-સાધ્વી શાસ્ત્રોક્ત પ્રમાણ કે ગણનસંખ્યા કરતાં અધિક ઉપધિ રાખે કે રાખનારની અનુમોદના કરે.

**[૧૦૯૮ થી ૧૧૦૮]** જે સાધુ-સાધ્વી નીચેમાંના કોઈપણ સ્થાને મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે. [આ પ્રમાણેના ૧૧-સૂત્રો પૂર્વે ઉદ્દેશા-૧૩ માં સૂત્ર ૭૮૯થી ૭૯૯ માં આવેલ જ છે.]

(૧) સચિત્ત પૃથ્વીની નીકટ, (૨) સ્નિગ્ધ પૃથ્વી ઉપર, (૩) સચિત્ત રજવાળી પૃથ્વી ઉપર, (૪) સચિત્ત પૃથ્વી પર, (૬) સચિત્ત શિલા પર, (૭) સચિત્ત શિલાખંડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર, (૮) ઉધઈ આદિ લાગેલા જીવયુક્ત કાષ્ઠ ઉપર તથા ઇંડા યાવત્ કરોળિયાના જાળાયુક્ત સ્થાને–

દુર્બદ્ધ, દુર્નિક્ષિપ્ત, અનિષ્કંપ કે ચલાયમાન એવા–

(૯) સ્થંભ, દેહલી, સ્નાનપીઠાદિ ઊંચા સ્થાને

(૧૦) માટી કે ઈંટ આદિની દિવાર, શિલાખંડાદિ ઊંચા સ્થાને

(૧૧) સ્કંધ, માંચા, મંડપ, માળા, હવેલી આદિ ઊંચા સ્થાને–

**ઉક્ત દોષમાંનો કોઈપણ દોષ સેવે યાવત્ સેવનારને અનુમોદે તો લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૬ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો અનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૧૭ ✵

*• નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર ૧૧૦૯ થી ૧૨૫૯ એટલે કુલ-૧૫૧ સૂત્રો છે. તેમાંના કોઈપણ દોષનું સેવન કરનારને "ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્ઘાતિક" અર્થાત્ "લઘુચોમાસી" નામક પ્રાયશ્ચિત્ત આવે છે.*

*• અહીં સૂત્રાર્થમાં કહેલા પ્રત્યેક દોષ પછી "લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે એ વાક્ય જોડવું.*

**[૧૧૦૯, ૧૧૧૦]** જે સાધુ-સાધ્વી કુતૂહલવૃત્તિથી કોઈ ત્રણ પ્રાણીને (૧) તૃણપાશ, મુંજપાશ, કાષ્ઠપાશ, ચર્મપાશ, વેંતપાશ, રજ્જુપાશ કે સૂત્રપાશથી બાંધે – બાંધનારને અનુમોદે. (૨) તૃણપાશ યાવત્ સૂત્રપાશથી બાંધેલા ત્રસપ્રાણીને ખોલે અથવા ખોલનારની અનુમોદના કરે.

**[૧૧૧૧ થી ૧૧૧૩]** જે સાધુ-સાધ્વી કુતૂહલવૃત્તિથી – તૃણની, મુંજની, વેંતની, કાષ્ઠની, મીણની, ભીંડની, પીંછાની, હડ્ડીની, દાંતની, શંખની, શીંગડાની, પત્રની, પુષ્પની, ફળની, બીજની, વનસ્પતિની – આમાંથી કોઈપણ માળા :-

(૧) બનાવે, (૨) રાખે, (૩) પહેરે અથવા તેમ-તેમ કરનારની અનુમોદના કરે.

**[૧૧૧૪ થી ૧૧૧૬]** જે સાધુ-સાધ્વી કુતૂહલવૃત્તિથી – લોઢાના, તાંબાના, ત્રપુષના, શીશાના, ચાંદીના, સોનાના કડાં :-

(૧) બનાવે, (૨) રાખે, (૩) પહેરે કે તેમ કરનારને અનુમોદે.

**[૧૧૧૭ થી ૧૧૧૯]** જે સાધુ-સાધ્વી કુતૂહલવૃત્તિથી – હાર, અર્ધ હાર, એકાવલી, મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, કટિસૂત્ર, ભુજબંધ, કેયૂર, કુંડલ, પટ્ટ, મુગટ, પ્રલંબસૂત્ર, સુવર્ણસૂત્ર :-

(૧) બનાવે, (૨) રાખે, (૩) પહેરે કે તેમ કરનારને અનુમોદે.

**[૧૧૨૦ થી ૧૧૨૨]** જે સાધુ-સાધ્વી આજિનક યાવત્ પશુની સૂક્ષ્મ પરમીથી નિષ્પન્ન વસ્ત્ર – (૧) બનાવે, (૨) રાખે, (૩) પહેરે અથવા આ ત્રણેમાંથી જે કોઈ કાંઈ કરે તેની અનુમોદના કરે.

*સૂત્ર-૪૮૧, ઉદ્દેશા-૭માં આજિનિક આદિમાં આવતો પાઠ જોવો.*

**[૧૧૨૩ થી ૧૧૭૫]** જે કોઈ સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે (૧) સાધુના પગને એકવાર કે અનેકવાર પ્રમાર્જન કરાવે કે કરાનારની અનુમોદના કરે... ત્યાંથી આરંભીને (૫૩) સાધુના મસ્તકને આચ્છાદન કરાવે કે કરનારની અનુમોદના કરે.

**[૧૧૭૬ થી ૧૨૨૯]** જે કોઈ સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થને કહીને, (૧) સાધ્વીના પગને એકવાર કે અનેકવાર પ્રમાર્જન કરાવે કે કરનારની અનુમોદના કરે... ત્યાંથી આરંભીને [૫૩ વિકલ્પે ૫૪મુ સૂત્ર] સાધ્વીના મસ્તકને આચ્છાદન કરાવે કે કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

*ઉપર ત્રેપન-ત્રેપન [ચોપન ?] સૂત્રના બે સંપુટો વિશે અતિદેશ-આદેશ કરેલ છે. ૫૩ કે ૫૪ સંખ્યા તફાવતની સ્પષ્ટતા પૂર્વે ઉદ્દેશા-૧૫માં સૂત્ર-૧૦૦૩ થી ૧૦૦૫૬માં કહેલી છે.*

*સૌ પ્રથમ આ – ૫૩-સૂત્રનો વિસ્તાર અને સૂત્રાર્થ ઉદ્દેશા-૩ સૂત્ર-૧૩૩ થી ૧૮૫માં કહેવાઈ ગયેલ છે. તે ત્યાંથી જોવો.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*આ જ ૫૩/[૫૪] સૂત્રોનો ઉલ્લેખ આ નિશીથસૂત્રમાં કુલ-૯-વખત થયો. પ્રત્યેકમાં હેતુ બદલાયેલ છે. પણ સૂત્ર તો આ જ ત્રેપન છે. તેથી ફક્ત એક વખત સૂત્રાર્થ લખી છોડી દીધેલ છે.*

| ઉદ્દેશો | સૂત્ર ક્રમ | દોષ સેવનારનો હેતુ કે નિમિત્ત |
|---|---|---|
| ૩ | ૧૩૩ થી ૧૮૫ | – સાધુ સ્વયં આ દોષ સેવે |
| ૪ | ૨૫૦ થી ૩૦૨ | – સાધુ પરસ્પર આ દોષો સેવે |
| ૬ | ૪૧૬ થી ૪૬૮ | – મૈથુનની ઇચ્છાથી આ દોષો સેવે |
| ૭ | ૪૮૩ થી ૫૩૫ | – મૈથુન ઇચ્છાથી પરસ્પર સેવે |
| ૧૧ | ૬૬૫ થી ૭૧૭ | – ગૃહસ્થાદિ માટે સાધુ દોષ સેવે |
| ૧૫ | ૯૧૭ થી ૯૭૦ | – ગૃહસ્થાદિ પાસે સાધુ દોષ સેવડાવે |
| ૧૭ | ૧૧૨૩ થી ૧૧૭૫ | – સાધ્વી, સાધુ માટે દોષો સેવડાવે |
| ૧૭ | ૧૧૭૬ થી ૧૨૨૯ | – સાધુ, સાધ્વી માટે દોષો સેવડાવે |

**[૧૨૩૦, ૧૨૩૧]** સમાન સામાચારીવાળા પોતાની વસતિમાં આવેલા – (૧) સાધુને જો કોઈ સાધુ, (૨) સાધ્વીને જો કોઈ સાધ્વી – પોતાના ઉપાશ્રયમાં સ્થાન હોવા છતાં પણ રહેવાને માટે સ્થાન ન આપે અથવા સ્થાન ન આપનારને અનુમોદે.

**[૧૨૩૨ થી ૧૨૩૪]** જે સાધુ-સાધ્વી આ ત્રણ પ્રકારે દેવાતા અશન, પાન, ખાદિમ, સ્વાદિમને ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે :- (૧) માલાપહૃત-માળેથી ઉતારેલ, (૨) કોઠામાં રાખેલ હોય ત્યાંથી ઊંચા થઈને કે નીચા નમીને કાઢેલ, (૩) માટીથી લિપ્ત વાસણમાં રહેલ ને લેપ ચોડીને આપે. ગ્રહણ કરતાં પ્રાયશ્ચિત્ત.

**[૧૨૩૫ થી ૧૨૩૮]** જે સાધુ-સાધ્વી આ ચાર પ્રકારે પ્રતિષ્ઠિત રહેલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ આહાર ગ્રહણ કરે કે ગ્રહણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

(૧) સચિત્ત પૃથ્વી ઉપર રહેલ–
(૨) સચિત્ત પાણી ઉપર રહેલ–
(૩) સચિત્ત અગ્નિ ઉપર રહેલા–
(૪) સચિત્ત વનસ્પતિ ઉપર રહેલ–

**[૧૨૩૯]** જે સાધુ-સાધ્વી અત્યંત ઉષ્ણ અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ આહારને અહીં કહ્યા મુજબ કોઈ એક રીતે ઠંડો કરીને આપે ત્યારે ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

(૧) સૂર્પ-મુખના વાયુથી અથવા પાત્રવિશેષથી હલાવીને
(૨) વિહુણ-વિંઝણા વડે ઘુમાવીને
(૩) તાલિયંટ-તાલવૃંત-પંખા વડે હવા નાંખીને
(૪) પત્ર-પાંદડા વડે (૫) પાંદડાના ટુકડા વડે
(૬) શાખા-ડાળી વડે (૭) શાખાના ટુકડા વડે
(૮) મોરપંખથી (૯) મોરપીંછાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૦) વસ્ત્ર વડે (૧૧) વસ્ત્રના ટુકડાથી
(૧૨) હાથ વડે (૧૩) મુળ વડે ફુંકીને
ઉક્ત કોઈપણ રીતે હવા નાંખીને ઠંડો કરાયેલ આહાર આપે.

**[૧૨૪૦]** જે સાધુ-સાધ્વી (૧) ઉત્સ્વેદિમ, (૨) સંસ્વેદિમ, (૩) ચોખાનું ધોવાણ, (૪) વારોદક, (૫) તલનું ધોવાણ, (૬) તુષનું ધોવાણ, (૭) જવનું ધોવાણ, (૮) ઓસામણ, (૯) કાંજી, (૧૦) આમ્લકાંજિક અને (૧૧) શુદ્ધ પ્રાસુક જળ – આ અગિયારમાંનું કોઈપણ પાણી–

(૧) જે તત્કાળ ધોયેલ હોય, (૨) જેનો રસ ન બદલાયેલો હોય, (૩) જીવોનું અતિક્રમણ થયું ન હોય, (૪) શસ્ત્ર પરિણત ન હોય, (૫) પૂર્ણરૂપે અચિત્ત થયું ન હોય

આવું પાણી ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૧૨૪૧]** જે સાધુ-સાધ્વી પોતાને આચાર્યના લક્ષણથી સંપન્ન કહે છે કે કહેનારને અનુમોદે તેને પ્રાયશ્ચિત્ત.

**[૧૨૪૨]** જે સાધુ-સાધ્વી (૧) સ્વરગાન કરે, (૨) હસે, (૩) વાદ્ય વગાડે, (૪) નાચે, (૫) અભિનય કરે, (૬) ઘોડાની જેમ હણહણે, (૭) હાથીની જેમ ગર્જના કરે, (૮) સિંહનાદ કરે અથવા આવું કરનારા બીજાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૨૪૩]** જે સાધુ-સાધ્વી (૧) ભેરી, (૨) પટહ, (૩) મુરજ, (૪) મૃદંગ, (૫) નાંદી, (૬) ઝાલર, (૭) વલ્લરી, (૮) ડમરુ, (૯) મડ્ડુય, (૧૦) સદુય, (૧૧) પ્રદેશ, (૧૨) ગોલુકી – આ બધાંના શબ્દોને કે બીજા પણ તેવા પ્રકારના વાદ્યોના શબ્દો સાંભળવાના સંકલ્પથી જાય કે જનારને અનુમોદે.

**[૧૨૪૪]** જે સાધુ-સાધ્વી (૧) વીણા, (૨) વિપંચી, (૩) તૂણ, (૪) બલ્બીસગ, (૫) વીણાદિ, (૬) તુંબવીણા, (૭) ઝોટક, (૮) ઢંકુણ – આ બધાંના શબ્દો કે આવા પ્રકારના અન્ય વાદ્યોના શબ્દો સાંભળવાના સંકલ્પથી જાય કે જનારાની અનુમોદના કરે.

**[૧૨૪૫]** જે સાધુ-સાધ્વી (૧) તાલ, (૨) કરાતાલ, (૩) લત્તિક, (૪) ગોહિક, (૫) મકરી, (૬) કચ્છભિ, (૭) મહતી, (૮) રજનાલિકા, (૯) વલીકી – આ બધાંના શબ્દો કે આવા પ્રકારના અન્ય વાદ્યોના શબ્દો સાંભળવાના સંકલ્પથી જાય કે જનારની અનુમોદના કરે.

**[૧૨૪૬]** જે સાધુ-સાધ્વી (૧) શંખ, (૨) વાંસડી, (૩) વેણુ, (૪) ખરમુખી, (૫) પરિલિ, (૬) ચેચા –આ બધાંના શબ્દો કે આવા પ્રકારના અન્ય વાદ્યોના શબ્દો સાંભળવાના સંકલ્પથી જાય કે જનારાની અનુમોદના કરે.

**[૧૨૪૭ થી ૧૨૫૮]** આ બાર સૂત્રો છે. જે પૂર્વે ૧૨-માં ઉદ્દેશામાં સૂત્ર-૭૬૩ થી ૭૭૪ના ક્રમે નોંધાયેલા છે.

– સૂત્રનો વિસ્તાર કે સંપૂર્ણ અર્થ ત્યાં આપેલ છે, તે મુજબ જાણી-સમજી લેવો, અત્રે પુનરુક્તિ કરેલ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– तफावत मात्र એटલो छे के त्यां આ બારે સૂત્રોનું વર્ણન ચક્ષુ ઇંદ્રિયને આશ્રીને કરાયેલ હતું, અહીં આ બારે સૂત્રો શ્રવણેન્દ્રિયને આશ્રીને સાંભળવાના સંકલ્પથી કહ્યા છે.

જે સાધુ વપ્ર [દુર્ગ], ખાઈને યાવત્ ભવનગૃહોના શબ્દ સાંભળવાના સંકલ્પથી જાય છે અથવા જનારાનું અનુમોદન કરે છે તેને લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.

[અહીં બારે સૂત્રોના તમામ સ્થાનો પૂર્વવત્ કહેવા જોઈએ.]

**[૧૨૫૯]** જે સાધુ-સાધ્વી ઇહલૌકિક કે પરલૌકિક શબ્દોમાં, પૂર્વે જોયેલા કે ન જોયેલા શબ્દોમાં, પૂર્વે સાંભળેલા કે ન સાંભળેલા શબ્દોમાં, પૂર્વે જાણેલા કે ન જાણેલા શબ્દોમાં–

આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ, અત્યધિક ગૃદ્ધ અથવા આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ કે અત્યધિક ગૃદ્ધ થનારને અનુમોદે.

**– એ પ્રમાણે આ ઉદ્દેશા-૧૭માંના કોઈપણ દોષનું જે કોઈ સાધુ-સાધ્વી પોતે સેવન કરે યાવત્ સેવન કરનારની અનુમોદના કરે તો તેને ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક અર્થાત્ "લઘુ ચૌમાસી" નામક પ્રાયશ્ચિત્ત આવે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૭ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✷ ઉદ્દેશો-૧૮ ✷

• *નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૧૨૬૦ થી ૧૩૩૨ એટલે કુલ-૭૩ સૂત્રો છે. જેમાં કહેવાયલ કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને "ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક" નામક પ્રાયશ્ચિત્ત આવે, જેને "લઘુ ચૌમાસિક" પ્રાયશ્ચિત્ત કહે છે. અહીં અનુવાદ કરાયેલા પ્રત્યેક સૂત્રને અંતે "લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે" એ વાક્ય જોડી દેવું.*

**[૧૨૬૦]** જે સાધુ-સાધ્વી પ્રયોજન વિના નાવમાં બેસે કે બેસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**[૧૨૬૧]** જે સાધુ-સાધ્વી નાવ ખરીદે, ખરીદાવે કે ખરીદેલ નાવ કોઈ આપે તો તેમાં બેસે કે બેસનારની અનુમોદના કરે.

**[૧૨૬૨]** જે સાધુ-સાધ્વી નાવ ઉધાર લે, ઉધાર લેવડાવે, ઉધાર લીધેલી કોઈ આપે તો તેમાં બેસે કે બેસનારને અનુમોદે.

**[૧૨૬૩]** જે સાધુ-સાધ્વી નાવ પરસ્પર બદલે, બદલાવડાવે, બદલાવેલી નાવ કોઈ આપે તો તેમાં બેસે કે બેસનારને અનુમોદે.

**[૧૨૬૪]** જે સાધુ-સાધ્વી છીનવેલી, થોડા સમય માટે લઈને આપેલી કે સામેથી લાવેલી નાવમાં બેસે કે બેસનારને અનુમોદે.

**[૧૨૬૫]** જે સાધુ-સાધ્વી નાવને પાણીમાં ઉતરાવે કે ઉતારવનારની અનુમોદના કરે.

**[૧૨૬૬]** જે સાધુ-સાધ્વી નાવને સ્થળ ઉપર રાખે, રખાવે કે રખાવનારની અનુમોદના કરે.

**[૧૨૬૭]** જે સાધુ-સાધ્વી પાણીથી પૂરી ભરેલી નાવને ખાલી કરાવે ખાલી કરાવનારની અનુમોદના કરે.

**[૧૨૬૮]** જે સાધુ-સાધ્વી કીચડમાં ફસાયેલી નાવ બહાર કઢાવે, બહાર કઢાવનારની અનુમોદના કરે.

**[૧૨૬૯]** જે સાધુ-સાધ્વી મોટી નાવમાં જવા માટે નાની નાવમાં બેસે – પ્રતિનાવા કરે કે કરાવનારની અનુમોદના કરે.

**[૧૨૭૦]** જે સાધુ-સાધ્વી ઉર્ધ્વગામીની કે અધોગામીની નાવમાં બેસે કે બેસનારાની અનુમોદના કરે.

**[૧૨૭૧]** જે સાધુ-સાધ્વી યોજનથી અધિક પ્રવાહમાં જનારી અથવા અર્ધયોજનથી અધિક પ્રવાહમાં જનારી નાવમાં બેસે અથવા બેસનારની અનુમોદના કરે.

**[૧૨૭૨]** જે સાધુ-સાધ્વી નાવને કિનારે ખેંચે, જળમાં ખેંચે, લંગર નાંખીને બાંધે કે દોરડાથી ખેંચીને બાંધે-બાંધનારને અનુમોદે.

**[૧૨૭૩]** જે સાધુ-સાધ્વી નાવને હલેસાથી, ઉપકરણ વિશેષથી, વાંસ ઇત્યાદિથી ચલાવે, ચલાવરાને અનુમોદે.

**[૧૨૭૪]** જે સાધુ-સાધ્વી નાવમાંથી વાસણ, પાત્ર, માટીના ભાજન કે ઉત્સિંચનક દ્વારા પાણી કાઢે કે કાઢનારને અનુમોદે.

**[૧૨૭૫]** જે સાધુ-સાધ્વી નાવના છિદ્રમાંથી પાણી આવતા કે નાવને ડૂબતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈને હાથ, પગ, પીપલ કે કુસના પત્ર સમૂહ વડે, માટી કે વસ્ત્રખંડથી તેના છેદને બંધ કરે – બંધ કરનારને અનુમોદે.

**[૧૨૭૬]** નાવમાં રહેલ સાધુ નાવમાંના ગૃહસ્થ પાસેથી અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

**[૧૨૭૭]** નાવમાં રહેલ સાધુ પાણીમાં રહેલા ગૃહસ્થ પાસેથી અશનાદિ આહાર ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૧૨૭૮]** નાવમાં રહેલ સાધુ કીચડમાં રહેલા ગૃહસ્થ પાસેથી અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

**[૧૨૭૯]** નાવમાં રહેલ સાધુ ભૂમિ ઉપર રહેલા ગૃહસ્થ પાસેથી અશનાદિ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

**[૧૨૮૦ થી ૧૨૮૩]** જળમાં રહેલ સાધુ :- (૧) નાવમાં રહેલ, (૨) જળમાં રહેલ, (૩) કીચડમાં રહેલ, (૪) ભૂમિ ઉપર રહેલ ગૃહસ્થ પાસેથી આશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

**[૧૨૮૪ થી ૧૨૮૭]** કીચડમાં રહેલ સાધુ, (૧) નાવમાં રહેલ, (૨) જળમાં રહેલ, (૩) કીચડમાં રહેલ, (૪) ભૂમિ ઉપર રહેલ ગૃહસ્થ પાસેથી અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

**[૧૨૮૮ થી ૧૨૯૨]** સ્થળ ઉપર રહેલ સાધુ (૧) નાવમાં રહેલ, (૨) જળમાં રહેલ, (૩) કીચડમાં રહેલ, (૪) ભૂમિ ઉપર રહેલ ગૃહસ્થ પાસેથી અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

• અહીં સૂત્ર ૧૨૭૬થી ૧૨૯૧માં કુલ ૧૬-સૂત્રો આપેલા છે જેમાં ચાર પ્રકારે ચાર ભેદ દર્શાવિલાં છે. (૧) નાવ, (૨) જળ, (૩) કીચડ, (૪) ભૂમિ. આ ચાર સ્થળને આશ્રીને સાધુ તથા ગૃહસ્થની ચતુર્ભંગીઓ બતાવેલી છે.

**[૧૨૯૨ થી ૧૩૩૨]** જે સાધુ-સાધ્વી વસ્ત્ર ખરીદે છે, ખરીદાવે છે અથવા સાધુને માટે ખરીદીને લાવેલ હોય તેને ગ્રહણ કરે અથવા ગ્રહણ કરનારાનું અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત... આ સૂત્રથી આરંભીને... જે સાધુ-સાધ્વી – અહીં મને વસ્ત્ર પ્રાપ્ત થશે તેવી બુદ્ધિથી વર્ષાવાસ રહે કે રહેનારની અનુમોદના કરે.

*નોંધ :- ઉદ્દેશા-૧૪-માં સૂત્ર-૮૬૩ થી ૯૦૩ એમ કુલ ૪૧ સૂત્રો છે. આ બધાં જ સૂત્રો –પાત્રના સંબંધમાં કહેવાયેલ છે. આ જ – ૪૧ સૂત્રો અહીં વસ્ત્રના સંબંધમાં છે. તેથી સૂત્રો, સૂત્રાર્થ કે સૂત્રવિસ્તાર બધો જ ઉદ્દેસા-૧૪ પ્રમાણે જ છે. માત્ર "પાત્ર" શબ્દના સ્થાને "વસ્ત્ર" શબ્દ કહેવો. બાકી બધું તેમજ જાણવું – સમજવું.*

- - - એ પ્રમાણે ઉદ્દેશા-૧૮માં જણાવેલ કોઈપણ દોષનું સાધુ-સાધ્વી સ્વયં સેવન કરે યાવત્ સેવન કરનારને અનુમોદે તો "ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્દ્ઘાતિક" પ્રાયશ્ચિત્ત આવે. જેને "લઘુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત" કહે છે.

**નિશીથસૂત્ર-ઉદ્દેશો-૧૮ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✷ ઉદ્દેશો-૧૯ ✷

• *નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૧૩૩૩ થી ૧૩૬૯ એટલે કે કુલ ૩૭-સૂત્રો છે. તેમાં કહેવાયેલ કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને "ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક" પ્રાયશ્ચિત્ત આવે, જેને લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત કહે છે.*

• *પ્રત્યેક સૂત્રાર્થના અંતે "લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે" એ વાક્ય જોડી દેવું. જેથી પ્રાયશ્ચિત્ત અધિકાર સ્પષ્ટ સમજાય.*

**[૧૩૩૩]** જે સાધુ-સાધ્વી ઔષધ ખરીદે, ખરીદાવે, સાધુને માટે ખરીદીને આપે તો ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૧૩૩૪]** જે સાધુ-સાધ્વી ઔષધ ઉધાર લાવે, ઉધાર લેવડાવે, ઉધાર લાવનાર પાસેથી ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૧૩૩૫]** જે સાધુ-સાધ્વી ઔષધને બદલાવે, બદલાવડાવે, બદલાવીને દેનાર પાસેથી ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૧૩૩૬]** જે સાધુ-સાધ્વી છીનવીને લાવેલ, સ્વામીની આજ્ઞા વિના લવાયેલી અથવા સામેથી લાવેલ ઔષધ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૧૩૩૭]** જે સાધુ-સાધ્વી ત્રણ માત્રાથી અધિક ઔષધ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

**[૧૩૩૮]** જે સાધુ-સાધ્વી ઔષધ સાથે લઈને ગ્રામાનુગ્રામ વિચરે કે વિચરનારને અનુમોદે.

**[૧૩૩૯]** જે સાધુ-સાધ્વી ઔષધને સ્વયં ગાળે, ગળાવે, ગાળીને દેનાર પાસેથી ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**[૧૩૪૦]** જે સાધુ-સાધ્વી પ્રાતઃકાળાદિ ચાર સંધ્યામાં અર્થાત્ સૂર્યોદય, મધ્યાહ્‌ન, સંધ્યા, મધ્યરાત્રિ એ ચાર સંધ્યામાં સ્વાધ્યાય કરે કે સ્વાધ્યાય કરનારાની અનુમોદના કરે.

**[૧૩૪૧]** જે સાધુ-સાધ્વી કાલિકશ્રુતની ત્રણ પૃચ્છાથી અધિક પૃચ્છા અકાળમાં પૂછે કે પૂછનારની અનુમોદના કરે.

**[૧૩૪૨]** જે સાધુ-સાધ્વી દૃષ્ટિવાદની સાત પૃચ્છાથી અધિક પૃચ્છા અકાલમાં કરે કે પૂછનારની અનુમોદના કરે.

**[૧૩૪૩]** જે સાધુ-સાધ્વી ઇન્દ્ર-સ્કંદ-યક્ષ-ભૂત એ ચાર મહોત્સવોમાં સ્વાધ્યાય કરે કે સ્વાધ્યાય કરનારને અનુમોદે.

**[૧૩૪૪]** જે સાધુ-સાધ્વી આશ્વિની - કાર્તિકી - ચૈત્રી - આષાઢી એ ચાર મહાપ્રતિપદાઓમાં અર્થાત્ આસો, કારતક, ચૈત્ર અને અષાઢ પૂર્ણિમા પછીની એકમે સ્વાધ્યાય કરે કે સ્વાધ્યાય કરનારની અનુમોદના કરે તે પ્રાયશ્ચિત્ત.

**[૧૩૪૫]** જે સાધુ-સાધ્વી ચારે સ્વાધ્યાયકાળ [ચારે પોરિસિમાં] અર્થાત્ દિવસ અને રાત્રિના પહેલા-છેલ્લા પ્રહરમાં જે સ્વાધ્યાય કર્યા વિના વ્યતીત કરે અથવા કરનારનું અનુમોદન કરે તો લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૩૪૬] જે સાધુ-સાધ્વી અસ્વાધ્યાયકાળમાં સ્વાધ્યાય કરે છે અથવા સ્વાધ્યાય કરનારની અનુમોદના કરે છે.

[૧૩૪૭] જે સાધુ-સાધ્વી પોતાના શારીરિક અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરે છે કે સ્વાધ્યાય કરનારની અનુમોદના કરે છે.

[૧૩૪૮] જે સાધુ-સાધ્વી પહેલાં વાંચના દેવા યોગ્ય સૂત્રોની વાંચના આપ્યા સિવાય પછી વાંચના દેવા યોગ્ય સૂત્રોની વાંચના આપે છે અથવા તેવી વાંચના આપનારને અનુમોદે છે.

[૧૩૪૯] જે સાધુ-સાધ્વી "નવબ્રહ્મચર્ય" અધ્યયન નામક પહેલાં શ્રુતસ્કંધની વાંચના આપ્યા વિના ઉત્તમ શ્રુતની વાંચના આપે છે અર્થાત્ આચારાંગના પહેલાં શ્રુતસ્કંધની વાંચના આપ્યા સિવાય સીધી જ છેદસૂત્ર કે દૃષ્ટિવાદની વાંચના આપે કે આપનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

[૧૩૫૦] જે સાધુ-સાધ્વી અપાત્ર-અયોગ્યને વાંચના આપે છે અથવા વાંચના આપનારને અનુમોદે છે.

[૧૩૫૧] જે સાધુ-સાધ્વી પાત્ર-યોગ્યને વાંચના ન આપે અથવા વાંચના આપનારને અનુમોદે.

[૧૩૫૨] જે સાધુ-સાધ્વી અપ્રાપ્ત-અવિનિતને વાંચના આપે છે અથવા વાંચના આપનારને અનુમોદે છે.

[૧૩૫૩] જે સાધુ-સાધ્વી પ્રાપ્ત-વિનિતને વાંચના ન આપે અથવા ન આપનારની અનુમોદના કરે.

[૧૩૫૪] જે સાધુ-સાધ્વી અવ્યક્ત-૧૬ વર્ષનો ન થયો હોય તેવાને વાંચના આપે કે આપનારને અનુમોદે.

[૧૩૫૫] જે સાધુ-સાધ્વી વ્યક્ત-૧૬ વર્ષની ઉંમરનાને વાચના ન આપે કે ન આપનારને અનુમોદે.

[૧૩૫૬] જે સાધુ-સાધ્વી બે સમાન યોગ્યતાવાળા હોય તેવા શિષ્યોમાં એક ને શિક્ષિત કરે છે અને એકને શિક્ષિત કરતાં નથી. એકને વાચના આપે છે અને એકને વાચના આપતા નથી. આવું સ્વયં કરે યાવત્ કરનારને અનુમોદે.

[૧૩૫૭] જે સાધુ-સાધ્વી, આચાર્ય અને ઉપાધ્યાયે આપ્યા વિના વાચના લે છે અથવા લેનારાનું અનુમોદન કરે.

[૧૩૫૮] જે સાધુ પાર્શ્વસ્થને વાચના આપે છે અથવા વાચના આપનારને અનુમોદે છે.

[૧૩૫૯] જે સાધુ પાર્શ્વસ્થ પાસેથી વાચના લે કે વાચના લેનારની અનુમોદના કરે.

[૧૩૬૦] જે સાધુ અવસન્ન ને વાચના આપે છે અથવા વાચના આપનારને અનુમોદે છે.

[૧૩૬૧] જે સાધુ અવસન્ન પાસેથી વાચના લે છે અથવા વાચના લેનારને અનુમોદે છે.

[૧૩૬૨] જે સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થને વાચના આપે છે અથવા આપનારની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમોદના કરે છે.

[૧૩૬૩] જે સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસેથી વાચના લે છે અથવા લેનારની અનુમોદના કરે છે.

[૧૩૬૪] જે સાધુ કુશીલને વાચના આપે છે અથવા તેવાને વાચના આપનારની અનુમોદના કરે છે.

[૧૩૬૫] જે સાધુ કુશીલ પાસેથી વાચના લે છે અથવા તેવા પાસેથી વાચના લેનારની અનુમોદના કરે છે.

[૧૩૬૬] જે સાધુ નિત્યક પાસેથી વાચના લે છે અથવા તેવા વાચના લેનારની અનુમોદના કરે છે.

[૧૯૬૭] જે સાધુ નિત્યક જે વાચના આપે છે અથવા તેવાને વાચના આપનારની અનુમોદના કરે છે.

[૧૩૬૮] જે સાધુ સંસક્તને વાચના આપે છે અથવા તેવાને વાચના આપનારની અનુમોદના કરે છે.

[૧૩૬૯] જે સાધુ નિત્યક પાસેથી વાચના લે છે અથવા વાચના લેનારની અનુમોદના કરે છે.

*[નોંધ :- પાસત્થા, અવસન્ન, કુશીલ, નિત્યક, સંસક્ત આ શબ્દોની વ્યાખ્યા ઉદ્દેશા-૧૩ના સૂત્ર-૮૩૦ થી ૮૪૭માં અપાયેલી છે ત્યાંથી જાણી-સમજી લેવી પુનરુક્તિ કરી નથી.]*

**એ પ્રમાણે ઉદ્દેશા-૧૯માં જણાવેલા કોઈપણ દોષનું સેવન સ્વયં કરે યાવત્ કરાવનારની અનુમોદના કરે તો—**

**'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્દ્ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે જેને 'લઘુ ચૌમાસી' પ્રાયશ્ચિત્ત આવે છે.**

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૯ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✺ ઉદ્દેશો-૨૦ ✺

*• નિશીથસૂત્રના આ વીસમાં અને છેલ્લા ઉદ્દેશામાં સૂત્ર-૧૩૭૦ થી ૧૪૨૦ એટલે કે ૫૧ સૂત્રો છે. આ ઉદ્દેશામાં પ્રાયશ્ચિત્તની વિશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત શું કરવું ? તે જણાવેલ છે. ૧૯ ઉદ્દેશામાં કહેલા દોષોનું સેવન કર્યા બાદ આલોચકોને આલોચના અનુસાર પ્રાયશ્ચિત્ત દેવાના વિભિન્ન વિકલ્પો રૂપ ચૌદ સૂત્રોથી આ ઉદ્દેશાનો આરંભ થાય છે. સૂત્રો સમજવાને ભાષ્ય અને ચૂર્ણિનો સંદર્ભ સન્મુખ હોવો ખૂબ જરૂરી છે.*

**[૧૩૭૦]** જે સાધુ૦ એક વખત માસિક પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરે તો એક માસનું પ્રાયશ્ચિત્ત આવે છે અને માયાસહિત આલોચના કરે તો બે માસનું પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૭૧]** જે સાધુ૦ એક વખત બેમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયા રહિત આલોચના કરે તો બેમાસી પ્રાયશ્ચિત્ત આવે છે અને માયા સહિત આલોચના કરે તો ત્રણમાસનું પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૭૨]** જે સાધુ૦ એક વખત ત્રિમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરે તો ત્રિમાસિક પ્રાયશ્ચિત્ત આવે અને માયા સહિત આલોચના કરે તો ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૭૩]** જે સાધુ૦ એક વખત ચારમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયા રહિત આલોચના કરતા ચારમાસી પ્રાયશ્ચિત્ત આવે અને માયા સહિત આલોચના કરતા પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૭૪]** જે સાધુ૦ એક વખત પાંચમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો માયા રહિત આલોચના કરતા પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે અને માયા સહિત આલોચના કરતા છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે તેનાથી ઉપરાંત માયા સહિત કે માયા રહિત આલોચના કરે તો પણ છમાસી પ્રાયશ્ચિત્ત જે આવે.

**[૧૩૭૫]** જે સાધુ૦ અનેકવાર માસિક પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરતા એક માસનું પ્રાયશ્ચિત્ત આવે અને માયા સહિત આલોચના કરતા બેમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૭૬]** જે સાધુ૦ અનેકવાર બેમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરતા બેમાસી પ્રાયશ્ચિત્ત આવે છે અને માયા સહિત આલોચના કરતા ત્રણમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૭૭]** જે સાધુ૦ અનેકવાર ત્રણમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયા રહિત આલોચના કરતા ત્રણમાસની પ્રાયશ્ચિત્ત આવે છે અને માયા સહિત આલોચના કરતા ચારમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૭૮]** જે સાધુ૦ અનેકવાર ચારમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરતા ચારમાસી પ્રાયશ્ચિત્ત આવે છે. અને માયાસહિત આલોચના કરતા પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૭૯]** જે સાધુ૦ અનેકવાર પંચમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરતાં પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે અને માયા સહિતા આલોચના કરતા છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

તેનાથી આગળ માયા સહિત કે માયા રહિત આલોચના કરે તો પણ છમાસી જ પ્રાયશ્ચિત્ત આવે છે.

સશલ્ય કે નિઃશલ્ય આલોચનાનું મહત્તમ પ્રાયશ્ચિત્ત છ માસ જ જાણવું, તેથી અધિક નહીં [વર્તમાન શાસનમાં છ માસ કરતાં વધારે પ્રાયશ્ચિત્તનું વિધાન નથી.]

**[૧૩૮૦]** જે સાધુ૦ માસિક, બેમાસી, ત્રણમાસી, ચારમાસી, પાંચમાસી એ પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની એક વખત પ્રતિસેવના કરીને આલોચના કરે તો–

તેને માયા રહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર અનુક્રમે માસિક યાવત્ પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે.

માયા સહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર બેમાસી યાવત્ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

તેનાથી ઉપરાંત માયા સહિત કે માયા રહિત આલોચના કરતા તે છમાસી પ્રાયશ્ચિત્ત જ આવે છે.

**[૧૩૮૧]** જે સાધુ૦ માસિક યાવત્ પંચમાસી એ પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની અનેકવાર પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયા રહિત આલોચના કરતાં આસેવિત પરિહારસ્થાન અનુસાર માસિક યાતના પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે છે અને માયાસહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર બેમાસી યાવત્ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

તેનાથી આગળ માયા સહિત કે માયા રહિત આલોચના કરે તો પણ તેજ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૮૨]** જે સાધુ૦ ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક પંચમાસી કે સાધિક પંચમાસી આ પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની એક વખત પ્રતિસેવના કરીને આલોચના કરતો તેને માયા રહિત આલોચના કરતાં આસેવિત પરિહારસ્થાન અનુસાર ચાતુર્માસિક, સાધિક ચાતુર્માસી, પંચમાસી, સાધિક પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે, માયા સહિત આલોચના કરતાં આસેવિત પરિહારસ્થાન અનુસાર પંચમાસી, સાધિક પંચમાસી, છમાસી પ્રાયશ્ચિત્ત આવે.

તેનાથી આગળ માયા સહિત કે માયા રહિત આલોચના કરતાં તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૮૩]** જે સાધુ૦ અનેકવાર ચાતુર્માસી કે અનેકવાર સાધિક ચારમાસી અનેકવાર પંચમાસી કે અનેકવાર સાધિક પંચમાસી પરિહારસ્થાનમાં કોઈ એક પરિહારસ્થાનની પ્રતિસેવતા કરી આલોચના કરે તો તેને માયા રહિત આલોચના કરતા આ સેવિત પરિહારસ્થાન અનુસાર ચારમાસી આદિ પ્રાયશ્ચિત્ત આવે. માયા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહિત આલોચના કરતાં પંચમાસી, સાધિક પંચમાસી કે છમાસી પ્રાયશ્ચિત્ત આવે.

તેનાથી આગળ માયાસહિત કે માયારહિત આલોચના કરતાં તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૮૪ થી ૧૩૮૭]** જે સાધુ૦ ચાતુર્માસિક, સાધિક ચાતુર્માસિક, પંચમાસિક કે સાધિક પંચમાસિક એ પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની :-

**[૧૩૮૪]** એકવાર પ્રતિસેવના કરી આલોચના કરે.

**[૧૩૮૫]** અનેકવાર પ્રતિસેવના કરી આલોચના કરે.

**[૧૩૮૬]** તે આલોચના માયારહિત કરે.

**[૧૩૮૭]** તે આલોચના માયા સહિત કરે.

ઉક્ત ચારે સૂત્રોમાં [ચાર સંજોગોમાં] શું કરે ? તેની વિધિ :-

૦ – ૦ પરિહારસ્થાન પાપનું પ્રાયશ્ચિત્ત તપ કરી રહેલા સાધુની સહાયાદિ માટે પરિહારિક ને અનુકૂળવર્તી કોઈ સાધુ નિયત કરાય તેને આ પરિહાર તપસીની વૈયાવચ્ચ કરવાને માટે સ્થાપના કર્યા પછી પણ કોઈ પાપ સ્થાનનું સેવન કરે અને પછી કહે કે મેં અમુક પાપનું સેવન કર્યું છે ત્યારે સઘળું પૂર્વે સેવેલ પ્રાયશ્ચિત્ત કરી સેવે.

[અહીં પાપ સ્થાનકને પૂર્વ પ્રશ્ચાત સેવવાના વિષયમાં ચતુર્ભંગી છે, તે આ રીતે] (૧) પહેલાં સેવેલા પાપની પહેલા આલોચના કરી હોય (૨) પહેલાં સેવેલા પાપની પછી આલોચના કરી હોય (૩) પછી સેવેલા પાપની પહેલા આલોચના કરી હોય (૪) પછી સેવેલા પાપની પછી આલોચના કરી હોય.

[પાપ આલોચના ક્રમ કહ્યા પછી પરિહાર સેવન કરનારના ભાવને આશ્રીને ચાતુર્ભંગી જણાવે છે.] (૧) સંકલ્પ કાળે અને આલોચના સમયે માયારહિતપણુ (૨) સંકલ્પ કાળે માયા રહિત પણ આલોચના સમયે માયા સહિત (૩) સંકલ્પકાળે માયા સહિત પણ આલોચના કાળે માયા રહિત (૪) સંકલ્પકાળે અને આલોચના કાળે બંને સમયમાં માયા સહિત હોય.

આમાંથી કોઈપણ પ્રકારનાં ભંગથી આલોચના કરતાં તેના બધાંજ સ્વકૃત વેળા પણ પુનઃ કોઈ પ્રકારની પ્રતિસેવના કરે તો તેને સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં આરોપિત કરી દેવું જોઈએ અર્થાત્ તે જ ક્રમમાં ફરી પ્રાયશ્ચિત્ત તપ આદરે.

**[૧૩૮૮]** છ માસિક પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જે પ્રાયશ્ચિત્ત વહન કાલના આરંભમાં મધ્યમાં કે અંતમાં પ્રયોજન હેતુ કે કારણથી બેમાસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને અન્યૂનાધિક ૨૦ રાત્રિની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે છે. તેના પછી ફરી દોષનું સેવન કરે તો બે માસ અને ૨૦ રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૩૮૯]** પાંચમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણે બે માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને અન્યૂનાધિક ૨૦ રાત્રિની આરોપણનું પ્રાયશ્ચિત્ત આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને પછી ફરી દોષ સેવે તો તેને બે માસ આને વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે છે.

[૧૩૯૦] ચારમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે મધ્યમાં કે અંતે પ્રયોજન હેતુ કારણથી બેમાસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરેતો તેને અન્યનાદિક ૨૦ રાત્રિનું આરોપણ પ્રાયશ્ચિત્ત આવે છે, ત્યાર પછી ફરી દોષ સેવે તો બે માસ અને વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે.

[૧૩૯૧] ત્રણમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુને જો પ્રાયશ્ચિત્ત વહનકાળના ઈત્યાદિ બધું ઉપર મુજબ–

[૧૩૯૨] બેમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુને જો પ્રાયશ્ચિત્ત વહનકાળના ઈત્યાદિ બધું ઉપર મુજબ–

[૧૩૯૩] માસિક પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના ઈત્યાદિ બધું ઉપર મુજબ યાવત્ બે માસ અને વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે.

[૧૩૯૪] બે માસ અને વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી બે માસ પ્રયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને અન્યૂનાધિક વીસ રાત્રિની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે જેને ઉમેરીને ત્રણમાસ અને દશ અહોરાત્રની પ્રસ્થાપના થાય છે.

[૧૩૯૫] ત્રણમાસ અને દશ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી બેમાસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરી આલોચના કરે તો તેને અન્યૂનાધિંક વીસ રાત્રિની આરોપણનું પ્રાયશ્ચિત્ત આવે જેને ઉમેરવાથી ચારમાસની પ્રસ્થાપના થાય છે.

[૧૩૯૬] ચારમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ [બધું ઉપર મુજબ કહેવું] યાવત્ વીસ રાત્રિનું આરોપણ પ્રાયશ્ચિત્ત આવે છે, જેને ઉમેરવાથી ચારમાસ અને વીસરાત્રિની પ્રસ્થાપના થાય છે.

[૧૩૯૭] ચારમાસ અને વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ [બધું ઉપર મુજબ કહેવું] યાવત્ વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે છે, જેને ઉમેરવાથી પાંચમાસ અને દશ રાત્રિની પ્રસ્થાપના થાય છે.

[૧૩૯૮] પાંચમાસ અને દશ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ [બધું ઉપર મુજબ કહેવું] યાવત્ વીસ રાત્રિનું આરોપણ પ્રાયશ્ચિત્ત આવે છે. જેને ઉમેરવાથી છ માસની પ્રસ્થાપના થાય છે.

[૧૩૯૯] છમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનારા સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળનાં આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને અન્યૂનાધિક એક પક્ષની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે છે. ત્યારપછી પુનઃ દોષ સેવન કરે તો દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે છે.

[૧૪૦૦] પાંચમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ [બાકી સૂત્ર-૧૩૯૯ મુજબ] યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૧૪૦૧]** ચારમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ [બાકી સૂત્ર-૧૩૯૯ મુજબ] યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

**[૧૪૦૨]** ત્રણમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ [બાકી સૂત્ર-૧૩૯૯ મુજબ] યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

**[૧૪૦૩]** બેમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ [બાકી સૂત્ર-૧૩૯૯ મુજબ] યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

**[૧૪૦૪]** માસિક પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ [બાકી સૂત્ર-૧૩૯૯ મુજબ] યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

**[૧૪૦૫]** દોઢમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતમાં પ્રયોજન હેતુ કે કારણથી માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન કરીને આલોચના કરે તો તેને અન્યૂનાધિક એકપક્ષની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે છે. જેને ઉમેરતા બે માસની પ્રસ્થાપના થાય.

*[૧૪૦૬ થી ૧૪૧૩] આ આઠ સૂત્રો છે. આ આઠે સૂત્રોનો આલાવો સૂત્ર-૧૪૦૫ ની સમાન જ છે. ફર્ક માત્ર એટલો કે દોઢમાસીને સ્થાને પ્રાયશ્ચિત્ત વહનનો કાળ પંદર-પંદર દિવસ વધતો જાય છે અને છેલ્લે સંયુક્ત પ્રાયશ્ચિત્ત કાળ પણ પંદર દિન વધે છે. આ આઠે સૂત્રોનો સંક્ષેપ આ રીતે છે.*

o — o [૧૪૦૬] બે માસ પ્રાયશ્ચિત્ત — x — સંયુક્તકાળ અઢી માસ
o — o [૧૪૦૭] અઢી માસ પ્રાયશ્ચિત્ત — x — સંયુક્તકાળ ત્રણ માસ
o — o [૧૪૦૮] ત્રણ માસ પ્રાયશ્ચિત્ત — x — સંયુક્તકાળ સાડા ત્રણ માસ
o — o [૧૪૦૯] સાડા ત્રણ માસ પ્રાયશ્ચિત્ત — x — સંયુક્તકાળ ચાર માસ
o — o [૧૪૧૦] ચાર માસ પ્રાયશ્ચિત્ત — x — સંયુક્તકાળ સાડા ચાર માસ
o — o [૧૪૧૧] સાડા ચાર માસ પ્રાયશ્ચિત્ત — x — સંયુક્તકાળ પાંચ માસ
o — o [૧૪૧૨] પાંચ માસ પ્રાયશ્ચિત્ત — x — સંયુક્તકાળ છ માસ

સૂત્ર-૧૪૦૬ થી ૧૪૦૩નો આખો આલાવો સૂત્ર-૧૪૦૫ મુજબ સાચં ગોઠવી લેવો – કહી દેવો.

**[૧૪૧૪]** બે માસ પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન કરીને આલોચના કરે તો તેને અન્યૂનાધિક એક પક્ષની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે જેને ઉમેરવાથી અઢી માસની પ્રસ્થાપના થાય છે.

**[૧૪૧૫]** અઢી માસ પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી બે માસિકી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન કરીને આલોચના કરે તો તેને અન્યૂનાધિક વીસ રાત્રિની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે. જેને ઉમેરવાથી ત્રણ માસ અને પાંચ રાત્રિની પ્રસ્થાપના થાય છે.

**[૧૪૧૬]** ત્રણ માસ અને પાંચ રાત્રિ પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન, હેતુ કે કારણથી એક માસ પ્રાયશ્ચિત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને અન્યૂનાધિક એક પક્ષની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે. જેને ઉમેરવાથી ત્રણ માસ અને વીસ રાત્રિની પ્રસ્થાપના થાય છે.

**[૧૪૧૭]** ત્રણ માસ, વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન બે માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન ૨૦ રાત્રિ આરોપણા પ્રાયશ્ચિત્ત કુલ ચાર માસ અને દશ રાત્રિ. [બાકી સૂત્ર-૧૪૧૬ મુજબ]

**[૧૪૧૮]** ચાર માસ, દશરાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન એક માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન એક પક્ષ આરોપણા પ્રાયશ્ચિત્ત કુલ પાંચ માસ, પાંચ રાત્રિ ન્યૂન [બાકી સૂત્ર ૧૪૧૬ મુજબ]

**[૧૪૧૯]** પાંચ માસ પાંચ રાત્રિ ન્યૂન પ્રાયશ્ચિત્ત વહન બે માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન વીશરાત્રિ આરોપણા પ્રાયશ્ચિત્ત કુલ સાઢા પાંચ માસ [બાકી ૧૪૧૬ મુજબ]

**[૧૪૨૦]** સાડા પાંચ માસ પ્રાયશ્ચિત્ત વહન એક માસ પ્રચાશ્ચિત્ત યોગ્ય દોષ સેવન એક પક્ષી આરોપણા પ્રાયશ્ચિત્ત. કુલ છ માસની પ્રસ્થાપના [બાકી સૂત્ર-૧૪૧૬ મુજબ]

**નિશીથસૂત્ર-ઉદ્દેશા-૨૦ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

– × – × – × –

**નિશીથ-છેદસૂત્ર-૧, આગમ-૩૪ નો**
**મૂળ-સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩૫ બૃહત્કલ્પ-છેદસૂત્ર-૨

## મૂળ સૂત્ર અનુવાદ

*• છેદસૂત્રમાં બીજા છેદસૂત્ર રૂપે હાલ સ્વીકાર્ય એવા આ આગમમાં છ ઉદ્દેશાઓ છે. જેમાં કુલ-૨૧૫ સૂત્રો છે. આ છેદ સૂત્રનું ભાષ્ય અને પૂજ્ય મલયગિરિજી [તથા પૂજ્ય ક્ષેમકીર્તિજી]ની વૃત્તિ પણ છે. અમારા आगमसुत्ताणि-सटीकं માં છપાયેલ છે. સામુદાયિક મર્યાદાને કારણે અમે ટીકા સહિત અનુવાદ પ્રકાશીત કરી શક્તા નથી પરંતુ અહીં કરેલ મૂળ સૂત્રાનુવાદના સાંગોપાંગ રહસ્યને સમજવા માટે ઉક્ત ભાષ્ય અને ટીકા ગ્રંથનો સ્પર્શ અત્યંત આવશ્યક છે.*

*• આ સૂત્રમાં અનેક વખત નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થી શબ્દનો પ્રયોગ થયેલો છે. જેનો લોકપ્રસિદ્ધ અર્થ સાધુ-સાધ્વી થાય છે. અમે પહેલાથી છેલ્લા સૂત્ર પર્યન્ત પ્રત્યેક સ્થાને 'સાધુ-સાધ્વી' અર્થને સ્વીકારીને જ આ અનુવાદ કરેલ છે. – હવે તેનો પહેલો ઉદ્દેશો–*

### ✷ ઉદ્દેશો-૧ ✷

• આ ઉદ્દેશામાં ૫૦ સૂત્રો છે. તેનો ક્રમશઃ અનુવાદ આ રીતે

**[૧]** સાધુ-સાધ્વીને અભિન્ન-શસ્ત્ર વડે અપરિણત અપક્વ તાલપ્રલંબ કેળા, કેરી આદિ ફળો ગ્રહણ કરવા ન કલ્પે.

**[૨]** સાધુ-સાધ્વીને ભિન્ન-શસ્ત્ર વડે પરિણત અપક્વ તાલપ્રલંબ કેળા, કેરી આદિ ફળો ગ્રહણ કરવા કલ્પે.

**[૩]** સાધુને ટુકડે ટુકડા કરાયેલા અથવા અખંડ પક્વ [શસ્ત્ર વડે પરિણત] કેળા આદિ ફળો ગ્રહણ કરવા કલ્પે છે.

**[૪]** સાધ્વીને અખંડ પક્વ [શસ્ત્ર વડે પરિણત] કેળા આદિ ફળ ગ્રહણ કરવા કલ્પતા નથી.

**[૫]** સાધ્વીને ટુકડે-ટુકડા કરાયેલા પક્વ [શસ્ત્રથી પરિણત] કેળા આદિ ફળ ગ્રહણ કરવા જ કલ્પે છે.

તે પણ વિધિપૂર્વક ભિન્ન અત્યંત નાના-નાના ટુકડા કરેલ હોય તો જ ગ્રહણ કરવા તેમને કલ્પે છે.

– અવિધિથી ભેદાયેલ હોય તો ગ્રહણ કરવું ન કલ્પે.

**[૬]** સાધુને પરિક્ષેપ સહિત અને અબાહ્ય બહાર ન હોય તેવા ગામ, નગર, ખેડ, કર્બટ, મંડળ, પત્તન, આકર, દ્રોણમુખ, નિગમ, આશ્રમ, સંનિવેશ, સંબાધ, ઘોષ, અંશિક, પુટભેદન અને રાજધાનીમાં–

હેમંત અને ગ્રીષ્મઋતુમાં એક માસ સુધી રહેવું કલ્પે.

[संबाध – ખેડુત બીજી જગ્યાએ ખેતી કરીને પર્વત આદિ વિષમ સ્થાને રહેતા હોય તે ગામ સંબાધ કહેવાય. અથવા જ્યાં ધાન્ય આદિ કઠોર હોય ત્યાં વસેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામને પણ સંબાધ કહેવાય છે.

घोष – જ્યાં ગાયોનું જૂથ રહેતું હોય ત્યાં વસેલ ગામ.

अंशिका – ગામના અડધો ભાગ, ત્રીજો ભાગાદિ જ્યાં વસે તે.

पुटभेदन – અનેક દિશાથી આવેલા માલની પેટી જ્યાં ખોલાય છે.

[૭] સાધુને સપરિક્ષેપ-પ્રાકાર કે વાડ યુક્ત અને સબાહ્ય-પ્રાકાર બહારની વસ્તીયુક્ત ગામ યાવત્ રાજધાનીમાં

હેમંત અને ગ્રીષ્મઋતુમાં બે માસ રહેવુ કલ્પે, એક માસ ગામ આદિની અંદર અને એક માસ ગ્રામાદિ બહાર.

ગામઆદિની અંદર રહેતા અંદરની ગૌચરી કરવી કલ્પે છે, ગામ આદિની બહાર રહે તો બહારની ગૌચરી કરવી કલ્પે.

[૮] સાધ્વીને સપરિક્ષેપ અને અબાહ્ય ગામ યાવત્ રાજધાનીમાં હેમંત અને ગ્રીષ્મઋતુમાં બે માસ સુધી રહેવું કલ્પે.

[૯] સાધ્વીને સપરિક્ષેપ અને અબાહ્ય ગામ યાવત્ રાજધાનીમાં હેમંત અને ગ્રીષ્મઋતુમાં ચાર માસ સુધી રહેવું કલ્પે – બે માસ ગ્રામાદિ અંદર બે માસ ગ્રામાદિ બહાર.

– ગામાદિમાં અંદર રહેતાં અંદરની ભિક્ષા ચર્યા કરવી કલ્પે. ગામાદિની બહાર રહેતા બહારની ભિક્ષાચર્યા કલ્પે.

[૧૦] સાધુ-સાધ્વીને એક વગડા, એક દ્વાર, અને એક જ નિષ્ક્રમણ-પ્રવેશવાળા ગામ યાવત્ રાજધાનીમાં–

સમકાળે રહેવું કલ્પે નહીં.

[૧૧] સાધુ-સાધ્વીને અનેક વગડા અનેક દ્વારા, અને અનેક નિષ્કમણ પ્રવેશવાળા ગામ યાવત્ રાજધાનીમાં–

સમકાળે રહેવાનું કલ્પે છે.

[વગડો એટલે વાડ, કોટ કે પ્રાકાર]

[૧૨] સાધ્વીઓને (૧) આપણગૃહ, હાટ કે બજાર (૨) રથ્યામુખગલી કે મોહલ્લો (૩) શ્રૃંગાટક ત્રિકોણ સ્થાન (૪) ત્રણ રસ્તા મળતા હોય તેવું સ્થાન (૪) ચતુષ્ટ – ચાર માર્ગોનો સમાગમ (૬) ચત્વર જ્યાં અનેક રસ્તા મળતા હોય (૭) અંતરાપણ – હાટ બજારનો માર્ગ.

એટલા સ્થાને રહેવું ન કલ્પે.

[૧૩] સાધુઓને આપણગૃહ યાવત્ અંતરાપણમાં રહેવાનું કલ્પે છે. [સ્વાધ્યાય, ધ્યાનાદિમાં વિઘ્ન થાય તો સાધુએ પણ ન રહેવું.]

[૧૪] સાધ્વીઓને અપ્રાવૃત્ત-ખુલ્લા દ્વારવાળા ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

– પરંતુ સાધ્વીઓને અપ્રાવૃત્ત દ્વારવાળા ઉપાશ્રયમાં એક પડદો અંદર કરે અને એક પડદો બહાર કરે તો–

આવા પ્રકારની મિલિમિલિકા [જેની વચમાં માર્ગ રહે] તેમ બાંધીને તેમાં રહેવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પે છે.

**[૧૫]** સાધુઓને આવા અપ્રાવૃત્ત-ખુલ્લા દ્વારવાળા ઉપાશ્રયમાં રહેવાનું કલ્પે છે. [જે ચોર કે કુતરા આદિની આશંકા હોય તો સાધુએ પણ યથા યોગ્ય સુરક્ષા કરી લેવી જોઈએ.]

**[૧૬]** સાધ્વીઓને અંદરની બાજુ લેપવાળું ઘટીમાત્રક [માતૃ કરવા માટેનું પાત્ર] રાખવું અને ઉપયોગ કરવો કલ્પે છે.

**[૧૭]** સાધુઓને અંદરની બાજુ લેપવાળું ઘટીમાત્રક રાખવું અને તેનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

[પૂર્વે જેમ અમુક સૂત્રોમાં સાધ્વીને શીલરક્ષા હેતુ કેટલાંક નિષેધ કરાયા છે. તેમ અહીં સાધુને બ્રહ્મચર્ય રક્ષાર્થે નિષેધ છે.]

**[૧૮]** સાધુ અને સાધ્વીઓને ચેલ – ચિલિમિલિકા રાખવી અને તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

ચિલિમિલિકા એક પ્રકારે વસ્ત્રકુટી, મચ્છરદાની.

**[૧૯]** સાધુ અને સાધ્વીઓને જળાશયના કિનારે–

(૧) ઉભવું (૨) બેસવું (૩) સુવું (૪) નિદ્રાલેવી (૫) ઉંઘવું (૬) અશન (૭) પાન (૮) ખાદિમ (૯) સ્વાદિમ આહાર ખાવો-પીવો (૧૦) મળ (૧૧) મૂત્ર (૧૨) શ્લેષ્મ (૧૩) નાકનો મેલ એ ચારનો ત્યાંગ કરવો (૧૪) સ્વાધ્યાય કરવો (૧૫) ધર્મજાગરિકા કરવી (૧૬) કાર્યોત્સર્ગ કરવો. એ ૧૬ વસ્તુ કલ્પતી નથી.

**[૨૦]** સાધુ-સાધ્વીને સચિત્ર [ચિત્ર દોરેલા હોય તેવા] ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

**[૨૧]** સાધુ-સાધ્વીને ચિત્ર-રહિત એવા ઉપાશ્રયમાં રહેવું કલ્પે [ચિત્રો રાગાદિ ઉત્પતિનું નિમિત્ત બની શકે છે.]

**[૨૨]** સાધ્વીઓને સાગારિકની નિશ્રા વગરના ઉપાશ્રયમાં રહેવું કલ્પતુ નથી.

**[૨૩]** સાધ્વીઓને સાગારિકની નિક્ષાએ રહેવું કલ્પે છે.

**[૨૪]** સાધુઓને સાગારિકની નિશ્રાવાળા કે નિશ્રા રહિતના એવા બંને પ્રકારના ઉપાશ્રયમાં રહેવું કલ્પે છે.

**[૨૫]** સાધુ-સાધ્વીઓને સાગારિક [ગૃહસ્થના નિવાસવાળા] ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

**[૨૬]** સાધુને સ્ત્રી-સાગરિક [કેવળ સ્ત્રીઓના નિવાસવાળા] ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

**[૨૭]** સાધુને પુરુષ-સાગારિક [કેવળ પુરુષોના નિવાસવાળા] ઉપાશ્રયમાં રહેવું કલ્પે છે.

**[૨૮]** સાધ્વીઓને પુરુષ સાગારિક [કેવળ પુરુષોના નિવાસવાળા] ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

**[૨૯]** સાધ્વીઓને સ્ત્રી સાગારિક [કેવળ સ્ત્રીઓના નિવાસવાળા] ઉપાશ્રયમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેવાનું કલ્પે છે.

[30] સાધુઓને પ્રતિબદ્ધ શટયામાં રહેવું ન કલ્પે.

[પ્રતિબદ્ધ એટલે (૧) દ્રવ્યથી જે ઉપાશ્રયમાં છતના પાટડા ગૃહસ્થના ઘરમાં સંબદ્ધ હોય. (૨) ભાવથી જયાં સ્ત્રી અને સાધુના મૂત્રાદિ સ્થાન એક હોય, બેસવાના સ્થાન એક હોય ઈત્યાદિ.]

[૩૧] સાધ્વીઓને પ્રતિબદ્ધ શય્યામાં રહેવું કલ્પે છે [સાધ્વીને ગૃહસ્થ નિશ્રાયુક્ત સ્થાને રહેવાનું હોય આ અપવાદ કહેલ છે.]

[૩૨] ઘરની મધ્યે થઈને જે ઉપાશ્રયમાં જવા-આવવાનો માર્ગ હોય, તે ઉપાશ્રયમાં સાધુને રહેવું ન કલ્પે.

[૩૩] ઘરની મધ્યે થઈને જે ઉપાશ્રયમાં જયા આવવાનો માર્ગ હોય તે ઉપાશ્રયમાં સાધ્વીને રહેવું કલ્પે છે.

[૩૪] સાધુ કોઈના સ્થાનમાં કલહ થઈ જાય ત્યારે તે કલહને ઉપશાંત કરીને સ્વયં સર્વથા કલર રહિત થઈ જાય.

– જેની સાથે કલહ થયેલો હોય–

(૧) તે સાધુ ઈચ્છા હોયતો આદર કરે, ઈચ્છા ન હોય તો આદર ન પણ કરે.

(૨) તે સાધુને ઈચ્છા હોય તો તેના સન્માનમાં ઊભો થયા અને ઈચ્છા ન હોય તો ન પણ ઉભા થાય.

(૩) તે સાધુને ઈચ્છા હોય તો વંદના કરે અને ઈચ્છા ન હોયતો વંદના ન પણ કરે.

(૪) તે સાધુને ઈચ્છા હોયતો સાથે ભોજન કરે, ઈચ્છા ન હોયતો સાથે ભોજન-ગૌચરી ન પણ કરે.

(૫) તેને ઈચ્છા હોય તો સાથે રહે, ન હોયતો ન રહે.

(૬) તેને ઈચ્છા હોયતો ઉપશાંત રહે, ન હોયતો ન રહે.

– જે ઉપશાંત રહે છે, તેને સંયમની આરાધના થાય છે જે ઉપશાંત નથી રહેતા તેને સંયમ આરાધના થતી નથી.

– તેથી પોતે પોતાનો તો ઉપશાંત કરીજ લેવા જોઈએ.

પ્રશ્ન – ભગવન્ આમ કેમ કહો છો ?

ઉત્તર – ઉપશમ જ શ્રમણ જીવનનો સાર છે.

[૩૫] સાધુ અને સાધ્વીઓને વર્ષાવાસમાં ચાતુર્માસમાં વિહાર કરવો કલ્પતો નથી.

[૩૬] સાધુ અને સાધ્વીઓને હેમંત અને ગ્રીષ્મઋતુમાં અર્થાત્ શીયાળા-ઉનાળામાં વિહાર કરવો કલ્પે છે.

[૩૭] સાધુ અને સાધ્વીઓને વૈરાજય-અરાજક કે વિરોધી રાજયમાં શીઘ્ર-જલ્દી જવું, શીઘ્ર આવવું અને શીઘ્ર જવું કે આવવું એટલે આવાગમન કરવું કલ્પતું નથી.

જે સાધુ-સાધ્વી વૈરાજય અને વિરોધી રાજયમાં જલ્દી જવું, જલ્દી આવવું, જલ્દી આવાગમન કરે છે. તથા શીઘ્ર આવાગમન કરનારાઓનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે બંને અર્થાત્ તીર્થંકર અને રાજાની આજ્ઞાનું અતિક્રમણ કરતાં–

અનુદ્ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન પ્રાયશ્ચિત્તના પાત્ર થાય છે. [અહીં वेरज्जरज्ज શબ્દના અનેક અર્થ હોય છે.

(૧) જે રાજ્યમાં રહેનારાને પેઢી દરપેઢીથી વૈર ચાલતું હોય.

(૨) જે બે રાજ્યોમાં વૈર ઉત્પન્ન થયેલ હોય.

(૩) જ્યાંના રાજા બીજા રાજ્યના ગ્રામાદિ સળગાવતા હોય.

(૪) જ્યાંના મંત્રી આદિ તેના રાજાથી વિરુદ્ધ હોય.

(૫) જ્યાં રાજા મરી ગયો હોય કે હરાવી દેવાયો હોય.

જ્યાં બે રાજાના રાજ્યમાં પરસ્પર ગમનાગમન નિષેધ હોય એવા રાજ્યોને વિરુદ્ધરાજ્ય કહે છે.

[૩૮] ગૃહસ્થના ઘરમાં આહારને માટે પ્રવિષ્ટ નિર્ગ્રન્થને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ કે પાદપ્રોંછન લેવા માટે કહે તો તેને 'સાકારકૃત' ગ્રહણ કરી અર્થાત્ આગાર રાખીને લે પછી–

આચાર્યના ચરણોમાં રાખીને પુનઃ તેમની આજ્ઞા લઈને તેને પોતાની પાસે રાખવું અને ઉપયોગ કરવાનું કલ્પે છે.

[૩૯] વિચારભૂમિ [મળ-મૂત્ર વિસર્જન સ્થાન] કે વિહાર ભૂમિ [સ્વાધ્યાય ભૂમિ]ને માટે ઉપાશ્રયથી બહાર નીકળેલ સાધુને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લેવાને માટે કહે તો વસ્ત્ર આદિને 'સાકારકૃત્' આગાર સહિત ગ્રહણ કરે તેને આચાર્યના ચરણોમાં રાખીને ફરી તેમની આજ્ઞા લઈને તે વસ્ત્રાદિને પોતાની પાસે રાખે અને તેનો ઉપયોગ કરવાનું કલ્પે છે.

[૪૦] ગૃહસ્થાના ઘરમાં આહારને માટે પ્રવિષ્ટ નિર્ગ્રન્થીને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ કે પાદપ્રોંછન લેવાને માટે કહે તો તેને સાકારકૃત આગાર રાખીને ગ્રહણ કરે.

ત્યારપછી પ્રવર્તિનીના ચરણોમાં રાખીને, તેમની ફરી આજ્ઞા લઈને તેને પોતાની પાસે રાખે અને તે વસ્ત્રાદિનો ઉપયોગ કરવાનું તે સાધ્વીને કલ્પે છે.

[૪૧] વિચારભૂમિ કે સ્વાધ્યાયભૂમિને માટે ઉપાશ્રયની બહાર ગયેલ સાધ્વીને જો કોઈ વસ્ત્રાદિ લેવા માટે કહે તો આગાર રાખી ગ્રહણ કરે પછી પ્રવર્તિની ચરણોમાં રાખી, ફરી આજ્ઞા લઈને તેને પોતાની પાસે રાખે કે ઉપયોગ કરવાનું કલ્પે છે.

[૪૨] સાધુ અને સાધ્વીને રાત્રિમાં કે વિકાસમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લેવા કલ્પતા નથી.

[૪૩] માત્ર એક પૂર્વ પ્રતિલેખિત શય્યા લેવી કલ્પે છે.

[૪૪] સાધુ અને સાધ્વીને રાત્રિમાં કે વિકાલમાં વસ્ત્ર, પાત્ર, કંમબ કે પાદપ્રૌંછનક લેવું કલ્પાતું નથી.

[૪૫] માત્ર એક હૃતાહૃતિક પહેલા હરાઈ ગયેલ અને પછી આહૃત કરેલ પાછું મેળવેલ વસ્ત્ર.

તે વસ્ત્ર પરિભુક્ત, ધૌત, રંગેલ, ધૃષ્ટ, મૃષ્ટ કે સંપ્રધૂમિત પણ કરી દેવાયેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તો પણ રાત્રે લેવું કલ્પે છે.

[परिभुक्त : તે વસ્ત્રાદિને ચોરી જનારે જો તેને ઓઢવા આદિના ઉપયોગમાં લીધેલું હોય. धौत : પાણીથી ધોયેલ હોય. रक्त : પાંચ પ્રકારના રંગમાથી કોઈ રંગે રંગેલ હોય. घृष्ट : વસ્ત્રાદિ ઉપરના ચિહ્ન ઘસીને મીટાવી દીધા હોય. मृष्ट : દ્રવ્ય વિશેષથી તે વસ્ત્ર કોમળ બનાવેલ હોય. संप्रधूमित : સુગંધિત કર્યું હોય.]

**[૪૬]** સાધુ-સાધ્વીને રાત્રે કે વિકાલમાં માર્ગમાં ગમન-આગમન કરવું કલ્પતું નથી.

**[૪૭]** સાધુ-સાધ્વીને રાત્રે કે વિકાલે સંખડીને માટે સંખડી સ્થલે (અન્યત્ર) જાવાનું કલ્પતું નથી.

**[૪૮]** એકલો સાધુને રાત્રે કે વિકાલે ઉપાશ્રયથી બહાર વિચાર ભૂમિમાં કે વિહારભૂમિમાં આવાગમન ન કલ્પે.

તેણે એક કે બે નિર્ગ્રન્થોને સાથે લઈને રાત્રે કે વિકાલે ઉપાશ્રયની સીમાથી બહાર વિચારભૂમિમાં કે વિહારભૂમિમાં આવવા કે જવાનું કલ્પે છે. [એકલા નહીં.]

**[૪૯]** એકલી સાધ્વીને રાત્રે કે વિકાલે ઉપાશ્રયથી બહાર વિચાર ભૂમિ કે વિહાર ભૂમિમાં આવાગમન ન કલ્પે.

એક, બે કે ત્રણ સાધ્વી સાથે લઈને રાત્રે કે વિકાલે ઉપાશ્રય બહારની વિચારભૂમિ કે વિહારભૂમિમાં આવાગમન કલ્પે.

**[૫૦]** સાધુ-સાધ્વીને પૂર્વ દિશામાં અંગ-મગધ સુધી, દક્ષિણ દિશામાં કૌશાંબી સુધી, પશ્ચિમ દિશામાં સ્થૂણા દેશ સુધી, ઉત્તરદિશામાં કુણાલ દેશ સુધી જવાનું કલ્પે છે.

આટલું જ આર્યક્ષેત્ર છે, તેની બહાર જવું ન કલ્પે.

તદુપરાંત જ્યાં જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ થતી હોય ત્યાં વિચરણ કરે. તેમ હું કહું છું.

**બૃહત્કલ્પસૂત્રના-ઉદ્દેશા-૧ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✷ ઉદ્દેશો-૨ ✷

*• બૃહત્કલ્પ સૂત્રનો આ બીજો ઉદ્દેશો કહેવાય છે, તેમાં સૂત્ર-૫૧ થી ૮૦ એટલે કે કુલ-૩૦ સૂત્રો છે.*

*• આ ૩૦ સૂત્રોનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે–*

**[૫૧]** ઉપાશ્રયના અંદરના ભાગમાં (૧) શાલિ (૨) વ્રીહિ (૩) મગ (૪) અડદ (૫) તલ (૬) કુલથ (૭) ઘઉં (૮) જવ (૯) જુવાર–

સવ્યવસ્થિત રાખેલા હોય કે સ્થાને-સ્થાને રાખેલ હોય અથવા વિખરાયેલા હોય કે અત્યવિક વિખરાયેલ હોય.

તો સાધુ-સાધ્વીને ત્યાં 'યથાલંદકાળ' એટલે કે ભીના હાથની રેખા સૂકાય તેટલો કાળ પણ ત્યાં રહેવું ન કલ્પે.

**[૫૨]** જો એમ જાણે કે ઉપાશ્રયમાં શાલિ યાવત્ જુવાર ઉત્ક્ષિપ્ત, વિક્ષિપ્ત, વ્યતિકીર્ણ અને વિપ્રકીર્ણ નથી.

પરંતુ રાશીકૃત-સરખા ઢગલા રૂપે, પુંજકૃત-વ્યસ્થિત પુંજ-એકત્ર કરેલ, ભિત્તિકૃત-એક તરફ ભીંતે રાખેલ, કુલકિ કૃત-કુંડી, આદિમાં રખાયેલ, લાંછિત-ચિહ્ન કરાયેલ, મુદ્રિત-છાણ આદિથી લિંપિત, વિહત-ઢાંકેલ છે.

તો ત્યાં શિયાળા, ઉનાળામાં રહેવું કલ્પે છે.

**[૫૩]** જો સાધુ-સાધ્વી એમ જાણે કે ઉપાશ્રયમાં શાલિ યાવત્ જુવાર રાશિકૃત, પુંજીકૃત, ભિત્તિકૃત કે કુલિકાકૃત નથી.

પરંતુ કોઠામાં, પલ્યમાં ભરેલ છે, માંચા ઉપર કે માળા ઉપર સુરક્ષિત છે, માટી કે છાણથી લીપેલ છે, ઢાંકેલ છે, ચિહ્ન કરેલ છે મહોર લગાડેલ છે, તો તેને ત્યાં વર્ષાવાસ અર્થાત્ ચોમાસુ રહેવાનું કલ્પે છે.

**[૫૪]** ઉપાશ્રયમાં સુરા અને સૌવીરથી ભરેલા કુંભ રાખેલ હોય તો સાધુ-સાધ્વીને ત્યાં 'યથાલંદકાળ' પણ રહેવું ન કલ્પે.

– કદાચ ગવેષણા કરતાં અન્ય ઉપાશ્રય ન મળે તો આ ઉપાશ્રયમાં એક કે બે રાત્રિ રહેવું કલ્પે છે. પરંતુ એક કે બે રાત્રિથી અધિક રહેવું તેમને કલ્પતું નથી.

જે ત્યાં એક કે બે રાત્રિથી અધિક રહે છે, તે મર્યાદાના ઉલ્લંઘનને કારણે દીક્ષા-છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય.

**[૫૫]** ઉપાશ્રયમાં અચિત્ત શીતળ કે ઉષ્ણ પાણીના ભરેલા કુંભ રાખેલ હોય તો સાધુ-સાધ્વીને ત્યાં 'યથાલંબકાળે' પણ રહેવું ન કલ્પે.

– કદાચ ગવેષણા કરવા છતાં પણ બીજો ઉપાશ્રય ન મળે તો ઉક્ત ઉપાશ્રયમાં એક કે બે રાત્રિ રહેવું કલ્પે પણ તેનાથી અધિક રહેવું ન કલ્પે.

– જે ત્યાં એક કે બે રાત્રિથી અધિક રહે છે, તે મર્યાદા ઉલ્લંઘનના કારણે દીક્ષા-છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત પાત્ર થાય.

**[૫૬]** ઉપાશ્રયમાં આખી રાત્રિ અગ્નિ સળગતો હોય તો સાધુ-સાધ્વીને ત્યાં 'યથાલંદકાળ' પણ રહેવું ન કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– શેષપાઠ સૂત્ર-૫૫ મુજબ જાણવો.

[૫૭] ઉપાશ્રયમાં આખી રાત્રિ દીપક સળગતો હોય તો સાધુ-સાધ્વીને ત્યાં યથાલંદકાળ પણ રહેવું ન કલ્પે.

[૫૮] ઉપાશ્રયમાં પિંડરૂપ ખાદ્ય, માવો આદિ, દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, માલપૂઆ, પૂરી, શ્રીખંડ – એ બધું ઉત્ક્ષિપ્ત, વિક્ષિપ્ત, વ્યતિકીર્ણ અને વિપ્રકીર્ણ હોય તો સાધુ-સાધ્વીને ત્યાં યથાલંદકાળ રહેવું પણ ન કલ્પે.

[૫૯] પરંતુ જો એમ જાણે કે તે પદાર્થો ઉત્ક્ષિપ્તાદિ નથી, પરંતુ રાશીકૃત, પુંજકૃત, ભીંતે રાખેલ, કુલિકાકૃત, લાંછિત, મુદ્રિત કે ઢાંકેલા છે, તો સાધુ-સાધ્વીને ત્યાં શીયાળો અને ઉનાળો – એ શેષકાળમાં રહેવું કલ્પે.

[૬૦] જો એમ જાણે કે પદાર્થ રાશિકૃત આધિ નથી. પણ કોઠા-પાલ્યમાં ભરેલ છે, માંચા કે માળા ઉપર સુરક્ષિત છે. કુંભી આદિમાં ધારણ કરેલ છે, માટી કે છાણથી લિપ્ત છે, ઢાંકેલ કે લાંછિત છે, તો ત્યાં વર્ષાવાસમાં રહેવું કલ્પે.

[૬૧, ૬૨] સાધ્વીઓને આગમનગૃહમાં, ચોતરફ ખુલ્લા ઘરમાં, છાપરાં નીચે કે વાંસની જાળીવાળા ઘરમાં, વૃક્ષથી નીચે કે આકાશ નીચે રહેવું ન કલ્પે... સાધુઓને રહેવું કલ્પે.

[૬૩] જે મકાનમાં એક સ્વામી પારિહારિક હોય, જેમાં બે, ત્રણ, ચાર કે પાંચ સ્વામી હોય, ત્યાં એકને કલ્પાક-શય્યાતર માનીને, બાકીનાને શય્યાતર ન માનવા. અર્થાત્ તેમના ઘરોમાં આહારાદિ લેવાને જઈ શકે છે.

[૬૪] સાધુ-સાધ્વીને સાગારિક પિંડ જે બહાર કઢાયેલ ન હોય, તે અન્ય કોઈના આહારમાં મિશ્રિત કરેલ હોય કે ન હોય પણ લેવાનું કલ્પતું નથી.

[૬૫] સાધુ-સાધ્વીને સાગારિક પિંડ જે બહાર કઢાયેલ હોય, પરંતુ બીજાના આહારમાં મિશ્રિત ન કરાયેલ હોય તો લેવાનું કલ્પતું નથી.

[૬૬] સાધુ-સાધ્વીને સાગારિક પિંડ જે ઘરની બહાર પણ લઈ જવાયેલ હોય, અને બીજાના આહારમાં મિશ્રિત પણ કરાયેલ હોય તો ગ્રહણ કરવો કલ્પે.

[૬૭] સાધુ-સાધ્વીને જે સાગારિક પિંડ ઘરની બહાર લઈ જવાયેલ હોય, પણ બીજાના આહારમાં મિશ્રિત ન કરાયેલ હોય, તેને મિશ્રિત કરાવવો કલ્પતો નથી.

[૬૮] જે સાધુ-સાધ્વી ઘરની બહાર લઈ જવાયેલ તથા બીજાના આહારમાં અમિશ્રિત સાગારિક પિંડને મિશ્રિત કરાવે છે, કે કરાવનારનું અનુમોદન કરે છે તે લૌકિક અને લોકોત્તર બંને મર્યાદાનું અતિક્રમણ કરતો ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્તનો ભાગીદાર થાય છે.

[૬૯] બીજા ઘેરથી આવેલા આહારને સાગારિકે પોતાના ઘેર ગ્રહણ કરેલ હોય અને તે તેમાંથી આપે તો લેવો ન કલ્પે.

[૭૦] બીજા ઘેરથી આવેલા આહારને સાગારિકે પોતાને ઘેર ગ્રહણ ન કરેલ હોય, અને જો આહાર લાવનારો તે આહારમાંથી આપે તો સાધુને લેવો કલ્પે છે.

[૭૧] સાગારિકના ઘેરથી બીજે ઘેર લઈ જવાયેલ આહારને તે ગૃહસ્વામીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો સ્વીકાર ન કર્યો હોય, તો તે આહારમાંથી કોઈ સાધુને આપે તો તેને લેવો કલ્પતો નથી.

**[૭૨]** ઉક્ત આહાર ગૃહસ્વામીએ સ્વીકાર કરી લીધો હોય, અને તેમાંથી સાધુને આપે તો લેવો કલ્પે છે.

**[૭૩]** સાગારિક તથા અન્ય વ્યક્તિનો સંયુક્ત આહારને જો – (૧) વિભાગ નિશ્ચિત્ત ન કરેલ હોય, (૨) વિભાગ ન કરેલ હોય, (૩) સાગરિકનો વિભાગ અલગ નિશ્ચિત્ત ન કરાયો હોય, (૪) વિભાગ બહાર કાઢી અલગ ન કર્યો હોય – આવો આહાર કોઈ સાધુને આપે તો લેવો કલ્પતો નથી.

**[૭૪]** પરંતુ ઉક્ત આહારનો વિભાગ નિશ્ચિત્ત હોય, કરી દીધો હોય, સાગરિકનો વિભાગ નિશ્ચિત્ત હોય, તે વિભાગને બહાર કાઢી લીધો હોય, તો શેષ આહાર કોઈ આપે તો લેવો કલ્પે.

**[૭૫થી ૭૮]** સાગારિકે પોતાના પૂજ્ય પુરુષોના સન્માન માટે ભોજન દીધું હોય, પૂજ્ય પુરુષો દ્વારા તે આહાર સાગારિકના ઉપકરણોમાં બનાવાયેલ હોય અને પ્રાતિહારિક હોય, એવા આહારમાંથી : (૧) જો સાગરિક કે તેના પરિવારના આપે તો લેવો ન કલ્પે, (૨) સાગારિક કે તેના પરિવારના ન આપે, પણ સાગારિકના પૂજ્ય પુરુષો આપે તો પણ લેવો ન કલ્પે.

ઉક્ત આહાર અપ્રાતિહારિક હોય, તેમાંથી (૧) સાગરિક કે તેના પરિવારજન આપે તો ન કલ્પે, (૨) જો તેમના પૂજ્ય પુરુષો આપે તો તેવો આહાર લેવો કલ્પે.

**[૭૯]** સાધુ-સાધ્વીને પાંચ પ્રકારના વસ્ત્રો રાખવા કે તેનો ઉપયોગ કરવો કલ્પે છે – મંગિક, ભંગિક, શાણક, પોતક, તિરિપટ્ટક.

**[૮૦]** સાધુ-સાધ્વીને આ પાંચ પ્રકારના રજોહરણ રાખવા કે તેનો ઉપયોગ કરવો કલ્પે – ઔર્ણિક, ઔષ્ટ્રિક, શાણક, વચ્ચાચિપ્પક અને મુંજચિપ્પક.

**બૃહત્કલ્પસૂત્રના-ઉદ્દેશા-૨ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૩ ✵

• *બૃહત્કલ્પસૂત્રના આ ઉદ્દેશા-૩-માં સૂત્ર-૮૧થી ૧૧૦ એટલે કે કુલ-૩૦ સૂત્રો છે. તેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે*

**[૮૧]** સાધુને સાધ્વીઓને ઉપાશ્રયમાં ઊભું રહેવું, બેસવું, સુવું, નિદ્રા લેવી, ઊંઘી જવું, અશન, પાન, ખાદિમ, સ્વાદિમનો આહાર કરવો. મળ-મૂત્ર-કફ-નાકના મેલનો ત્યાગ કરવો, સ્વાધ્યાય કરવો, ધ્યાન કરવું, કાયોત્સર્ગ કરી રહેવાનું કલ્પતું નથી.

**[૮૨]** એ રીતે સાધ્વીને, સાધુના ઉપાશ્રયમાં ન કલ્પે.

**[૮૩]** સાધ્વીને રોમ સહિત ચર્મ ઉપર બેસવું ન કલ્પે.

**[૮૪]** સાધુને રોમ સહિત ચર્મનો ઉપયોગ કલ્પે છે, પણ તે ચર્મ ઉપયોગમાં લેવાયેલ હોય, નવું ન હોય, પાછું દેવાનું હોય, કેવળ એક રાત્રિમાં ઉપયોગ કરવાને માટે લવાય પણ અનેક રાત્રિના ઉપયોગ માટે ન લવાય.

**[૮૫]** સાધુ-સાધ્વીને અખંડ ચર્મ રાખવું કે ઉપયોગ કરવાનું કલ્પતું નથી.

**[૮૬]** પણ ચર્મખંડ રાખવું કે ઉપયોગ કરવું કલ્પે છે.

**[૮૭]** સાધુ-સાધ્વીને અખંડ વસ્ત્રો રાખવા કે ઉપયોગ કરવાનું કલ્પતું નથી. પણ ખંડિત-ટુકડા કરેલાં વસ્ત્રો રાખવા કે ઉપયોગ કરવાનું કલ્પે છે.

**[૮૮]** સાધુ-સાધ્વીને અભિન્ન વસ્ત્રો રાખવા કે ઉપયોગ કરવાનું કલ્પતું નથી. સાધુ-સાધ્વીને ભિન્ન વસ્ત્રોને રાખવા કે ઉપયોગમાં લેવાનું કલ્પે છે.

**[૮૯]** સાધુને અવગ્રહાનંતક અને અવગ્રહપટ્ટક રાખવા કે ઉપયોગ કરવાનું ન કલ્પે.

**[૯૦]** સાધ્વીને અવગ્રહાનંતક અને અવગ્રહપટ્ટક રાખવો અને ઉપયોગ કરવાનું કલ્પે છે.

**[૯૧]** ગૃહસ્થના ઘેર આહારને માટે ગયેલ સાધ્વીને જો વસ્ત્રની આવશ્યકતા હોય તો પોતાની નિશ્રાથી વસ્ત્ર લેવું ન કલ્પે પણ પ્રવર્તિનીની નિશ્રાએ વસ્ત્ર લેવું કલ્પે છે.

જો ત્યાં પ્રવર્તિની વિદ્યમાન ન હોય તો આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર કે ગણાવચ્છેદક હોય અથવા જેની મુખ્યતામાં વિચરતી હોય, તેની નિશ્રાએ લેવું કલ્પે.

**[૯૨]** ગૃહવાસનો ત્યાગ કરી સર્વ પ્રથમ પ્રવ્રજિત થનાર સાધુને રજોહરણ, ગુચ્છા, પાત્ર તથા ત્રણ અખંડ વસ્ત્ર લઈને પ્રવ્રજિત થવું કલ્પે. જો તે પહેલા દીક્ષિત થઈ ચૂકેલ હોય તો તેને રજોહરણ, ગુચ્છા, પાત્ર, ગણ, અખંડ વસ્ત્ર લઈ પ્રવ્રજિત થવું કલ્પતું નથી, પરંતુ પૂર્વગૃહિત વસ્ત્રો લઈને પ્રવ્રજિત થવું કલ્પે છે – પરંતુ–

**[૯૩]** જો સાધ્વી માટે આ સૂત્ર વિચારીએ તો ફર્ક માત્ર એટલો કે – ચાર અખંડ વસ્ત્રો કહેવા, બાકી સૂત્રપાઠ ઉપર મુજબ જાણવો.

**[૯૪]** સાધુ-સાદ્વીને પહેલા સમોસરણ – વર્ષાવાસમાં વસ્ત્ર ગ્રહણ કરવા ન કલ્પે, બીજા સમોરણમાં – ચોમાસા પછી લેવા કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૯૫ થી ૯૭]** સાધુ-સાધ્વીઓને ચારિત્ર પર્યાયના ક્રમથી–

(૧) વસ્ત્ર ગ્રહણ કરવા કલ્પે છે.

(૨) શય્યા-સંસ્તારક ગ્રહણ કરવા કલ્પે છે.

(૩) વંદન કરવાનું કલ્પે છે.

**[૯૮ થી ૧૦૦]** સાધુ-સાધ્વીઓને ગૃહસ્થના ઘરમાં–

(૧) રોકાવું, બેસવું, સુવું, નિદ્રા લેવી, ઊંઘવું, અશન-પાન-ખાદિમ-સ્વાદિમ આહાર કરવો, મળ-મૂત્ર-કફ-બળખા પરઠવવા, સ્વાધ્યાય-ધ્યાન કરવું, કયોત્સર્ગમાં રહેવું ન કલ્પે.

અહીં આ વિશેષ જાણવું કે સાધુ વ્યાધિગ્રસ્ત, વૃદ્ધ, તપસી, દુર્બળ, થાકેલ કે ગભરાયેલ હોય તે કદાચ મૂર્છિત થઈને પડે તો તેને ગૃહસ્થના ઘેર રહેવું યાવત્ કાયોત્સર્ગ કરવો કલ્પે છે.

(૨) ચાર કે પાંચ ગાથા દ્વારા કથન કરવું, અર્થ કહેવો, ધર્માચરણનું ફળ કહેવું અને વિસ્તૃત વિવેચન કરવું ન કલ્પે. પણ આવશ્યક હોય તો કેવળ એક દૃષ્ટાંત, એક પ્રશ્નોત્તર, એક ગાથા કે એક શ્લોક દ્વારા કથન કરવું કલ્પે છે. તે પણ ઊભા રહીને, બેસીને નહીં.

(૩) ભાવના સહિત પંચ મહાવ્રત કથન, અર્થ-વિસ્તાર કે મહાવ્રત ચરણનું ફળ કહેવું અને વિસ્તૃત વિવેચન કરવી ન કલ્પે. પણ આવશ્યકતાનુસાર એક દૃષ્ટાંતથી યાવત્ ઊભા રહીને કહે.

**[૧૦૧]** પ્રાતિહારિક શય્યા-સંથારો, તેના સ્વામીને સોંપ્યા વિના ગ્રામાંતર ગમન કરવું સાધુ-સાધ્વીને ન કલ્પે.

**[૧૦૨]** સાગારિક શય્યા-સંસ્તારકને વ્યવસ્થિત કર્યા વિના ગ્રામાંતર જવું સાધુ-સાધ્વીને ન કલ્પે. પરંતુ તેને વ્યવસ્થિત કરીને ગ્રામાંતર જવું સાધુ-સાધ્વીને કલ્પે છે.

**[૧૦૩]** સાધુ-સાધ્વીને પ્રાતિહારિક કે સાગરિક શય્યા-સંથારો જો ગુમ થઈ જાય તો તેને શોધવો જોઈએ. શોધતા મળે તો આપી દેવો જોઈએ, શોધતા પણ કદાચ ન મળે તો ફરી આજ્ઞા લઈને બીજા શય્યા-સંસ્તારક ગ્રહણ કરી ઉપયોગમાં લેવો કલ્પે.

**[૧૦૪]** જે દિવસે સાધુ શય્યા-સંથારો છોડીને વિહાર કરે તે દિવસે, તે સમયે બીજા સાધુ આવી જાય તો તે જ પૂર્વગ્રહિત આજ્ઞાથી જેટલો સમય રહેવું હોય, તે શય્યાદિ ગ્રહણ કરી રહી શકે.

**[૧૦૫]** જો ઉપયોગમાં આવનાર કોઈ અચિત્ત ઉપકરણ ત્યાં હોય તો પૂર્વની આજ્ઞાથી જેટલો કાળ રહે, ઉપયોગ કરી શકે છે.

**[૧૦૬]** જે ઘરમાં કામમાં ન આવતું હોય, કુટુંબ દ્વારા વિભાજિત ન હોય, બીજા કોઈનું પ્રભુત્વ ન હોય કે દેવ દ્વારા અધિકૃત હોય તેમાં તે જ પૂર્વસ્થિત સાધુની આજ્ઞાથી જેટલું રહેવું હોય તે રહે.

**[૧૦૭]** તે જ ઘર આગંતુક સાધુના રહ્યા પછી કામમાં આવવા લાગે. કુટુંબ દ્વારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાજિત થઈ ગયું હોય. બીજા વડે પરિગૃહિત હોય, તો ભિક્ષુભાવથી રહેવા માટે બીજી વાર આજ્ઞા લેવી જોઈએ.

**[૧૦૮]** ઘર, ભીંત, કિલ્લા અને નગર મધ્યેનો માર્ગ, ખાઈ, રસ્તા કે વાડ નજીક સ્થાન ગ્રહણ કરવું હોય તો તેના સ્વામી, રાજાની પૂર્વાનુજ્ઞા છે, ત્યાં કોઈની આજ્ઞા લીધા વિના સાધુ રહી શકે.

**[૧૦૯]** ગામ યાવત્ રાજધાનીની બહાર શત્રુસેનાનો પડાવ હોય તો સાધુ-સાધ્વીને ગૌચરી માટે વસતીમાં જઈને તે જ દિવસે પાછું આવવું કલ્પે છે. પણ ત્યાં રાત રહેવું ન કલ્પે. જો તેઓ રાત્રિ રહે કે રહેનારને અનુમોદે તે જિનાજ્ઞા અને રાજાજ્ઞા બંનેને અતિક્રમતા ચાતુર્માસિક અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત પામે છે.

**[૧૧૦]** સાધુ-સાધ્વીને ગામ યાવત્ સંનિવેશમાં ચોતરફથી સવા યોજનનો અવગ્રહ ગ્રહણ કરી રહેવું કલ્પે છે – એક દિશામાં અઢી કોશ આવવું-જવું કલ્પે.

**બૃહત્કલ્પસૂત્રના-ઉદ્દેશા-3 નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✷ ઉદ્દેશો-૪ ✷

• *બૃહત્કલ્પના આ ઉદ્દેશામાં સૂત્ર-૧૧૧ થી ૧૪૨ છે અર્થાત્ કુલ – ૩૨ સૂત્રો છે. જેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે–*

**[૧૧૧]** અનુદ્દ્ઘાતિક પ્રાયશ્ચિત્તને યોગ્ય ત્રણ કહેલા છે જેમ કે – (૧) હસ્તકર્મ કરનાર, (૨) મૈથુનસેવી, (૩) રાત્રિ ભોજન કર્તા.

**[૧૧૨]** પારાંચિત પ્રાયશ્ચિત્ત યોગ્ય ત્રણ કહ્યાં છે – દુષ્ટ, પ્રમત્ત અને પરસ્પર મૈથુનસેવી પારાંચિક.

**[૧૧૩]** અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત યોગ્ય ત્રણ કહેલાં છે – (૧) સાધર્મિકોની ચોરી કરનાર, (૨) અન્ય ધાર્મિકોની ચોરી કરનાર, (૩) પોતાના હાથોથી પ્રહાર કરનાર.

**[૧૧૪]** આ ત્રણને પ્રવ્રજિત કરવા ન કલ્પે – પંડક એટલે કે જન્મ નપુંસક, વાતિક – કામવાસના દમિક, ક્લીબ – અસમર્થ.

**[૧૧૫]** ઉક્ત ત્રણેને મુંડિત કરવા, શિક્ષિત કરવા, ઉપસ્થાપિત કરવા, એક મંડલીમાં બેસાડી આહાર કરવો, સાથે રાખવા ન કલ્પે.

**[૧૧૬]** ત્રણને વાંચના દેવી ન કલ્પે – (૧) અવિનિત, (૨) વિગઈ પ્રતિબદ્ધ, (૩) અનુપશાંત ક્રોધી.

ત્રણને વાંચના દેવી કલ્પે – (૧) વિનીત, (૨) વિગઈ પ્રતિબદ્ધ અને (૩) ઉપશાંત ક્રોધ કરનાર.

**[૧૧૭]** આ ત્રણ દુઃસંજ્ઞાપ્ય – દુર્બોધ્ય છે. જેમ કે – દુષ્ટ, મૂઢ અને વ્યુદ્ગ્રાહિત.

**[૧૧૮]** આ ત્રણ સુસંજ્ઞાપ્ય – સુબોધ્ય છે જેમ કે – અદુષ્ટ, અમૂઢ અને અવ્યુદ્ગ્રાહિત.

**[૧૧૯]** ગ્લાન સાધ્વીના પિતા, ભાઈ કે પુત્ર પડતી એવી સાધ્વીને હાથનો ટેકો આપે, પડેલીને ઊભી કરે, જાતે ઉઠવા-બેસવામાં અસમર્થ હોય તેને ઉઠાડે-બેસાડે, તે સમયે તે સાધ્વી મૈથુનસેવી પરિણામથી પુરુષ સ્પર્શનું અનુમોદન કરે તો અનુદ્દ્ઘાતિક ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

**[૧૨૦]** ગ્લાન સાધુની માતા, બહેન, પુત્રી પડતા એવા સાધુને હાથનો ટેકો આપે – યાવત્ બેસાડે, ત્યારે તે સાધુ મૈથુન સેવન પરિણામથી સ્ત્રીસ્પર્શને અનુમોદે તો અનુદ્દ્ઘાતિક પ્રાયશ્ચિત્ત.

**[૧૨૧]** સાધુ-સાધ્વીને પહેલી પોરિસિમાં ગ્રહણ કરેલ અશન યાવત્ સ્વાદિમને છેલ્લી પોરિસિ સુધી પાસે રાખવા ન કલ્પે. જો રહી જાય, તો સ્વયં ન ખાય, બીજાને ન આપે, એકાંત અને સર્વથા અચિત્ત સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરી તે આહારને પરઠવી દે. જો તે આહાર સ્વયં ખાય કે બીજાને આપે તો ઉદ્દ્ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પાત્ર થાય.

**[૧૨૨]** સાધુ અને સાધ્વીને અશનાદિ આહાર અર્ધયોજનની મર્યાદાથી આગળ લઈ જવો ન કલ્પે. જો રહી જાય તો તે આહારને સ્વયં ન ખાય, ઇત્યાદિ પાઠ સૂત્ર-૧૨૧ મુજબ જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૧૨૩]** ગૌચરી માટે ગૃહસ્થના ઘરમાં પ્રવિષ્ટ સાધુ દ્વારા કોઈ દોષયુક્ત અચિત્ત આહારાદિ ગ્રહણ થઈ જાય તો – તે આહાર જો કોઈ ત્યાં અનુપસ્થાપિત શિષ્ય હોય તો તેને દેવો અથવા એષણીય આહાર દીધા પછી દેવો કલ્પે. જો કોઈ અનુપસ્થાપિત શિષ્ય ન હોય તો તે અનેષણીય આહારને સ્વયં ન ખાય, ન બીજાને આપે. પણ એકાંત અને અચિત્ત પ્રદેશનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરી યથાવિધ પરઠવી દેવો જોઈએ.

**[૧૨૪]** જે આહાર કલ્પસ્થિતોને માટે બનાવાયેલ હોય, તે અકલ્પસ્થિતોને લેવો કલ્પે છે, પણ કલ્પસ્થિતોને લેવો કલ્પતો નથી. જે આહાર અકલ્પસ્થિતોને માટે બનાવાયેલ હોય, તે કલ્પસ્થિતોને કલ્પતો નથી, પણ અન્ય અકલ્પસ્થિતોને કલ્પે છે. જે કલ્પમાં સ્થિત છે તે કલ્પસ્થિત કહેવાય, જે કલ્પમાં સ્થિત નથી તે અકલ્પસ્થિત કહેવાય.

**[૧૨૫]** જો કોઈ સાધુ સ્વગણને છોડીને અન્ય ગણનો સ્વીકાર કરવા ઇચ્છે તો – તેણે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર કે ગણાવચ્છેદકને પૂછ્યા વિના ગણ સ્વીકાર ન કલ્પે. પણ આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછીને અન્ય ગણનો સ્વીકાર કરવો કલ્પે છે. જો આજ્ઞા ન આપે તો સ્વીકાર કરવો ન કલ્પે.

**[૧૨૬]** જો ગણાવચ્છેદક સ્વગણ છોડીને શ્રુતગ્રહણ માટે બીજા ગણનો સ્વીકાર કરવા ઇચ્છે તો, તેને પોતાના પદનો ત્યાગ કરીને જ કલ્પે. આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછ્યા વિના તેને બીજા ગણનો સ્વીકાર કરવો ન કલ્પે, પણ તેમને પૂછીને જ કલ્પે. જો તેઓ આજ્ઞા આપે તો તેને અન્ય ગણનો સ્વીકાર કરવો કલ્પે, જો તેઓ આજ્ઞા ન આપે તો અસ્વીકાર કરવો ન કલ્પે.

**[૧૨૭]** જો આચાર્ય કે ઉપાધ્યાય સ્વગણ છોડીને બીજા ગણનો સ્વીકાર કરવા ઇચ્છે તો તેઓને પોતાના પદનો ત્યાગ કર્યા વિના બીજા ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી. [બાકીનું સૂત્ર-૧૨૬ મુજબ બધું કહી દેવું-સમજવું.]

**[૧૨૮]** સાધુ જો પોતાના ગણથી નીકળીને બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર સ્વીકાર કરવા ઇચ્છે તો – આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછ્યા વિના બીજા ગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો ન કલ્પે, પરંતુ આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછીને બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે. જો તેઓ આજ્ઞા આપે તો બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે, આજ્ઞા ન આપે તો ન કલ્પે. પરંતુ જ્યાં સંયમધર્મની ઉન્નતિ ન થતી હોય ત્યાં બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવો ન કલ્પે.

**[૧૨૯]** ગણાવચ્છેદક જો સ્વગણથી નીકળીને બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર સ્વીકારવા ઇચ્છે તો ગણાવચ્છેદક પદનો ત્યાગ કર્યા વિના બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવો ન કલ્પે, ફણ પદનો ત્યાગ કરીને જ – x – કલ્પે. શેષ સર્વ સૂત્ર, પૂર્વ સૂત્ર-૧૨૮ પ્રમાણે 'આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછીને''થી જાણવું.

**[૧૩૦]** આચાર્ય કે ઉપાધ્યાય જો સ્વગણથી નીકળીને બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવા ઇચ્છે તો – x – શેષ સૂત્ર-૧૨૯ મુજબ સર્વસૂત્ર જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૧૩૧]** જો સાધુ બીજા ગણના આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવાને માટે જવા ઇચ્છે તો પોતાના આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછ્યા વિના બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવા જવાનું ન કલ્પે. પરંતુ આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછીને જ જવાનું કલ્પે છે. જો તેઓ આજ્ઞા આપે તો અન્ય આચાર્ય, ઉપાધ્યાયને વાંચના દેવા જવાનું કલ્પે, આજ્ઞા ન આપે તો ન કલ્પે. તેમને કારણ બતાવ્યા વિના અન્ય આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવા જવાનું ન કલ્પે.

**[૧૩૨]** ગણાવચ્છેદક જો બીજા ગણના આચાર્ય, ઉપાધ્યાયને વાંચના દેવા જવાને ઇચ્છે તો પોતાનું પદ છોડ્યા વિના બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવા જવાનું ન કલ્પે – x – ઇત્યાદિ બધું પૂર્વ સૂત્રવત્ જાણવું. – x –

**[૧૩૩]** આચાર્ય કે ઉપાધ્યાય જો અન્ય આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવા જવા ઇચ્છે તો પોતાનું પદ છોડ્યા વિના – x – જવું ન કલ્પે ઇત્યાદિ બધું – x – પૂર્વ સૂત્રવત્ જાણવું.

**[૧૩૪]** જો કોઈ સાધુ રાત્રે કે વિકાલે મૃત્યુ પામે તો તે મૃતભિક્ષુના શરીરની કોઈ વૈયાવૃત્ય કરનારા સાધુ એકાંતમાં સર્વથા અચિત્ત પ્રદેશે પરઠવવા ઇચ્છે ત્યારે – ત્યાં ઉપયોગમાં આવવા યોગ્ય ગૃહસ્થના અચિત્ત ઉપકરણ-વહન યોગ્ય કાષ્ઠ હોય તો તેને પ્રાતિહારિકપણે ગ્રહણ કરે, અને તેનાથી મૃતભિક્ષુના શરીરને એકાંતમાં સર્વથા અચિત્ત પ્રદેશે પરઠવી, તે વહનકાષ્ઠને યથાસ્થાને રાખી દેવું જોઈએ.

**[૧૩૫]** જો કોઈ સાધુ કલહ કરીને તેને ઉપશાંત ન કરે તો તેને ગૃહસ્થોના ઘરમાં ભોજન-પાનને માટે નિષ્ક્રમણ-પ્રવેશ કરવો ન કલ્પે. તેને ઉપાશ્રય બહાર સ્વાધ્યાય ભૂમિમાં કે ઉચ્ચાર અને પ્રસ્રવણ ભૂમિમાં આવવું-જવું ન કલ્પે.

તેને ગ્રામાનુગ્રામ વિહાર કરવો ન કલ્પે.

તેને એક ગણથી બીજા ગણમાં સંક્રમણ કરવું અને વર્ષાવાસ અર્થાત્ ચોમાસું રહેવું ન કલ્પે.

પરંતુ જ્યાં પોતાના બહુશ્રુત અને બહુઆગમજ્ઞ આચાર્ય અને ઉપાધ્યાય હોય, તેની પાસે આલોચના કરે, પ્રતિક્રમણ કરે, નિંદા કરે, ગર્હા કરે, પાપથી નિવૃત્ત થાય, પાપફળથી શુદ્ધ થાય, ફરી પાપકર્મ ન કરવાને માટે પ્રતિજ્ઞાબદ્ધ થાય અને યથાયોગ્ય તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે.

તે પ્રાયશ્ચિત્ત જો શ્રુતાનુસાર અપાય તો તેને ગ્રહણ કરવું જોઈએ, પણ શ્રુતાનુસાર ન અપાય તો ગ્રહણ ન કરવું.

જો શ્રુતાનુસાર પ્રાયશ્ચિત્ત દેવાયા પછી પણ જો સ્વીકાર ન કરે તો તેને ગણથી કાઢી મૂક્વો જોઈએ.

**[૧૩૬]** જે દિવસે પરિહાર તપ સ્વીકારે, તે દિવસે પરિહાર કલ્પસ્થિત સાધુને એક ઘેરથી આહાર અપાવવાનું આચાર્ય અથવા ઉપાધ્યાયને કલ્પે છે.

ત્યાર પછી તે સાધુને અશન યાવત્ સ્વાદિમ દેવું કે વારંવાર દેવું કલ્પતું નથી. પરંતુ જો આવશ્યક હોય તો તેની વૈયાવચ્ચ કરવાનું કલ્પે છે, જેમ કે...

પરિહાર કલ્પસ્થિત સાધુને ઊભો કરવો, બેસાડવો, પડખાં બદલાવડાવવા, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુના મળ, મૂત્ર, શ્લેષ્મ, કફ આદિ પરઠવવા, મળ-મૂત્રાદિથી લિપ્ત ઉપકરણોને શુદ્ધ કરવા.

જો આચાર્ય અથવા ઉપાધ્યાય એવું જાણે કે ગ્લાન, ભુખ્યા, તરસ્યા, તપસ્વી, દુર્બળ અને ક્લાંત થઈને ગતનાગમન રહિત માર્ગમાં ક્યાંક મૂર્છિત થઈને પડી જશે, તો અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપવું કે વારંવાર આપવું કલ્પે છે.

**[૧૩૭]** સાધુ અને સાધ્વીઓને મહાનદીના રૂપમાં કહેવાયેલી, ગણાવાયેલી, પ્રસિદ્ધ અને ઘણાં જળવાળી–

આ પાંચ મહાનદીઓ એક માસમાં બે કે ત્રણ વખત તરીને પાર કરવી કે નૌકા વડે પાર કરવી કલ્પતી નથી.

તે નદીઓ આ છે – (૧) ગંગા, (૨) જમુના, (૩) સરયુ, (૪) ઐરાવતી [કોશિકા] અને (૫) મહી.

**[૧૩૮]** પરંતુ જો જાણે કે કુણાલાનગરીની સમીપે જે ઐરાવતી નદી છે, તે એક પગ જળમાં અને એક પગ સ્થળમાં રાખતો એ પ્રમાણે પાર કરી જઈ શકે છે. તો તેને એક માસમાં બે કે ત્રણવાર ઉતરવી કે પાર કરવી કલ્પે છે.

જો ઉક્ત પ્રકારે પાર ન કરી શકે તો તે નદીને એક માસમાં બે કે ત્રણ વખત ઉતરવી કે પાર કરવી ન કલ્પે.

[૧૩૯] જે ઉપાશ્રય તૃણ, તૃણપુંજ, પરાલ કે પરાલપુંજથી બનેલો હોય, તે ઇંડા યાવત્ કરોળિયાના જાળાથી રહિત હોય, તથા તે ઉપાશ્રયની છતની ઊંચાઈ કાનથી નીચી હોય તો એવા ઉપાશ્રયમાં સાધુ કે સાધ્વીને શીયાળા-ઉનાળામાં રહેવું ન કલ્પે.

**[૧૪૦]** જે ઉપાશ્રય તૃણ, તૃણપુંજથી બનેલ હોય યાવત્ તે કરોળિયાના જાળાથી રહિત હોય–

તે ઉપાશ્રયની છતની ઊંચાઈ, કાનોથી ઊંચી હોય તો તેવા ઉપાશ્રયમાં સાધુ અને સાધ્વીને હેમંત તથા ગ્રીષ્મમાં અર્થાત્ શીયાળા અને ઉનાળામાં રહેવું કલ્પે છે.

**[૧૪૧]** જે ઉપાશ્રય તૃણ અથવા તૃણપુંજથી બનેલ હોય યાવત્ કરોળીયાળાના જાળાથી રહિત હોય.

પરંતુ છતની ઊંચાઈ ઊભેલા માણસના મસ્તકથી ઉપર ઉઠેલ સીધા બંને હાથો જેટલી ઊંચાઈથી નીચી હોય.

તો એવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીને વર્ષાવાસમાં – ચો માસામાં રહેવું કલ્પતું નથી.

**[૧૪૨]** જે ઉપાશ્રય તૃણ કે તૃણપુંજથી બનેલ હોય યાવત્ કરોળીયાના જાળાથી રહિત હોય અને તે ઉપાશ્રયની છતની ઊંચાઈ, ઊભા રેહલા માણસના મસ્તકથી ઉપર ઉઠેલ સીધા બંને હાથો જેટલી ઊંચાઈથી અધિક હોય–

એવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીને ચો માસું રહેવું કલ્પે.

**બૃહત્કલ્પસૂત્રના ઉદ્દેશા-૪ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૫ ✵

• *બૃહત્કલ્પસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૧૪૩ થી ૧૯૫ એટલે કે ૫૩ સૂત્રો છે. આ સૂત્રોનો અક્ષરશઃ અનુવાદ આ રીતે-*

**[૧૪૩]** જો કોઈ દેવ વિકુર્વણા શક્તિથી સ્ત્રીનું રૂપ બનાવી સાધુને આલિંગન કરે – અને સાધુ તેના સ્પર્શનું અનુમોદન કરે તો ભાવથી મૈથુનસેવન દોષના ભાગી થાય છે. તેથી તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તના પાત્ર થાય છે.

**[૧૪૪]** જો કોઈ દેવ વિકુર્વણા શક્તિથી પુરુષનું રૂપ કરી સાધ્વીને આલિંગન કરે ૦ - - બાકી સૂત્ર-૧૪૩ મુજબ.

**[૧૪૫]** જો કોઈ દેવી વિકુર્વણા શક્તિથી સ્ત્રીનું રૂપ બનાવી સાધુને આલિંગન કરે ૦ - - બાકી સૂત્ર-૧૪૩ મુજબ.

**[૧૪૬]** જો કોઈ દેવી વિકુર્વણા શક્તિથી પુરુષ રૂપ કરીને સાધ્વીને આલિંગન કરે ૦ - - બાકી સૂત્ર-૧૪૩ મુજબ.

**[૧૪૭]** સાધુ કલહ કરીને તેને ઉપશાંત કર્યા વિના બીજા ગણમાં સામેલ થઈને રહેવા ઇચ્છે તો તેને પાંચ અહોરાત્રનો પર્યાય છેદીને અને સર્વથા શાંત-પ્રશાંત કરીને ફરી તે જ ગણમાં મોકલી દેવો જોઈએ અથવા જે ગણમાંથી તે આવેલ હોય તે ગણને જેમ પ્રતીતિ થાય તેમ કરવું જોઈએ.

**[૧૪૮થી ૧૫૧]** સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પૂર્વે ગૌચરી કરાવની પ્રતિજ્ઞાવાળા સાધુ હોય, સૂર્યોદય અને સૂર્યાસ્તના સંબંધમાં – (૧) અસંદિગ્ધ અને સમર્થ સાધુ, (૨) સંદિગ્ધ પણ સમર્થ, (૩) અસંદિગ્ધ પણ અસમર્થ, (૪) સંદિગ્ધ અને અસમર્થ સાધુ.

અશન યાવત્ સ્વાદિમ આહાર કરતો જો એમ જાણે કે – સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે. તો તે સમયે જે આહાર મુખ-હાથ કે પાત્રમાં હોય, તેને પરઠવી દે, તથા મુખ આદિની શુદ્ધિ કરી લે તો જિનાજ્ઞા અતિક્રમતો નથી.

જો તે આહારને તે સાધુ સ્વયં ખાય કે બીજા સાધુને આપે, તો તેને રાત્રિભોજન સેવનનો દોષ લાગે છે. તેથી તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

**[૧૫૨]** જો કોઈ સાધુ કે સાધ્વીને રાત્રે કે વિકાલે પાણી અને ભોજન સહિત ડકાર આવે તો તે સમયે તેને થૂંકી દઈ અને મુખ શુદ્ધ કરી લે તો જિજ્ઞાસાનું અતિક્રમણ ન થાય. પરંતુ જો તે ડકારને [ઉબકાને] ગળે ઉતારી જાય તો તેને રાત્રિભોજનનો દોષ લાગે અને તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત પાત્ર થાય.

**[૧૫૩-૧૫૪]** ગૃહસ્થના ઘેર આહાર-પાણી માટે પ્રવિષ્ટ સાધુના પાત્રમાં જો કોઈ – (૧) પ્રાણી, બીજ કે સચિત્ત રજ પડી જાય અને જો તેને પૃથક્ કરી શકાય, વિશોધન થઈ શકે, તો પહેલાં તેને પૃથક્ કરે કે વિશોધન કરે, ત્યાર પછી જયણાપૂર્વક ખાય-પીએ. પણ જો પૃથક્ કે વિશોધન કરવાનો સંભવ ન હોય, તો તેનો સ્વયં ઉપભોગ ન કરે, બીજાને ન આપે, પરંતુ એકાંત અને પ્રાસુક સ્થંડિલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂમિમાં પ્રતિલેખન-પ્રમાર્જન કરી પરઠવી દે.

(૨) પાત્રમાં જો સચિત્ત પાણી, જળબિંદુ કે જલકણ પડી જાય અને તે આહાર ઉષ્ણ હોય તો તેને ખાઈ લે. પણ જો આહાર શીતલ હોય તો ન પોતે ખાય યાવત્ પરઠવી દે.

**[૧૫૫, ૧૫૬]** જો કોઈ સાધ્વી રાત્રિમાં કે વિકાલમાં મળ-મૂત્રનો ત્યાગ કરે કે શુદ્ધિ કરે, તે સમયે (૧) કોઈ પશુ-પક્ષી વડે સાધ્વીની કોઈ ઇંદ્રિયનો સ્પર્શ થઈ જાય ત્યારે તે સ્પર્શનું–

(૨) કોઈ પશુ-પક્ષી સાધ્વીના કોઈ શ્રોતમાં અવગાહન કરે, ત્યારે તે અવગાહનનું – તે બંનેને સાધ્વી મૈથુનભાવથી અનુમોદન કરે-

તો (૧) માં તેણીને હસ્તકર્મ દોષ લાગે અને (૨)માં મૈથુનસેવન દોષ લાગે. ત્યારે તેણી (૧)માં અનુદ્ઘાતિક માસિક પ્રાયશ્ચિત્તને પાત્ર થાય, (૨)માં અનુદ્ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત પાત્ર થાય છે.

**[૧૫૭]** સાધ્વીને એકાકી રહેવું ન કલ્પે.

**[૧૫૮ થી ૧૬૧]** એકલા સાધ્વીને – (૧) આહારને માટે ગૃહસ્થને ઘેર આવવા-જવાનું ન કલ્પે. (૨) શૌચ અને સ્વાધ્યાયને માટે ઉપાશ્રયથી બહાર આવવા-જવાનું ન કલ્પે. (૩) એક ગામથી બીજે ગામ વિહાર કરવો ન કલ્પે. (૪) એકલા વર્ષાવાસ કરવો ન કલ્પે.

**[૧૬૨]** સાધ્વીને વસ્ત્ર રહિત થવું ન કલ્પે.

**[૧૬૩]** સાધ્વીને પાત્ર રહિત હોવું ન કલ્પે.

**[૧૬૪]** સાધ્વીને સર્વથા શરીર વોસિરાવી રહેવું ન કલ્પે.

**[૧૬૫]** સાધ્વીને ગામ યાવત્ રાજધાની બહાર ભુજાઓ ઉપરની તરફ કરીને, સૂર્ય સન્મુખ રહી તથા એક પગે ઊભા હી આતાપના લેવી ન કલ્પે.

**[૧૬૬]** પરંતુ ઉપાશ્રયમાં પડદા લગાવી ભુજા નીચે લટકાવી બંને પગને સમતલ કરી ઊભા રહી આતાપના લેવી સાધ્વીને કલ્પે છે.

**[૧૬૭]** સાધ્વીને ઊભા રહી કાયોત્સર્ગ પ્રતિજ્ઞા ન કલ્પે.

**[૧૬૮]** સાધ્વીને એક રાત્રિકી પ્રતિજ્ઞાદિ કરવી ન કલ્પે.

**[૧૬૯]** સાધ્વીને ઉત્કુટાકાસને સ્થિત રહેવું ન કલ્પે.

**[૧૭૦]** સાધ્વીને નિષધા સ્થિત પ્રતિજ્ઞા ન કલ્પે.

**[૧૭૧]** સાધ્વીને વીરાસને સ્થિત રહેવાનું ન કલ્પે.

**[૧૭૨]** સાધ્વીને દંડાસને સ્થિત રહેવું ન કલ્પે.

**[૧૭૩]** સાધ્વીને લકુટાસને સ્થિત રહેવું ન કલ્પે.

**[૧૭૪]** સાધ્વીને અધોમુખ રહી સુવાનું ન કલ્પે.

**[૧૭૫]** સાધ્વીને ઉત્તાનાસન સ્થિત રહેવાનું ન કલ્પે.

**[૧૭૬]** સાધ્વીને એક પડખે રહી સુવાનું ન કલ્પે.

**[૧૭૭]** સાધ્વીને આમ્રકુબ્જિકાસન રહેવું ન કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૧૭૮]** સાધ્વીને આકુંચનપટ્ટક રાખવો કે વાપરવો કલ્પે.

**[૧૭૯]** સાધુને આકુંચનપટ્ટક રાખવો કે વાપરવો કલ્પે.

**[૧૮૦]** સાધ્વીને અવલંબનયુક્ત આસને બેસવું કે શયન કરવું ન કલ્પે.

**[૧૮૧]** સાધુને તે પ્રમાણે કલ્પે છે.

**[૧૮૨]** સાધ્વીને સવિષાણ પીઠ – બેસવાની લાકડાની ચોકી વગેરે કે ફલક-પાટા આદિ ઉપર બેસવું-સુવું ન કલ્પે.

**[૧૮૩]** સાધુને તે પ્રમાણે કલ્પે છે.

**[૧૮૪]** સાધ્વીને સવૃંતતુંબી રાખવી કે તેનો ઉપયોગ કરવાનું કલ્પતું નથી.

**[૧૮૫]** સાધુને સવૃંતતુંબી રાખવી આદિ કલ્પે છે.

**[૧૮૬]** સાધ્વીને સવૃંત-કાષ્ઠની દાંડી આદિ યુક્ત પાત્રકેસરિકા રાખવી કે ઉપયોગ કરવી ન કલ્પે.

**[૧૮૭]** સાધુને તેવી પાત્રકેસરિકા રાખવી-વાપરવી કલ્પે.

**[૧૮૮]** સાધ્વીને કાષ્ઠની દાંડીવાળું પાદપ્રૌંછનક રાખવું કે તેનો ઉપયોગ કરવો ન કલ્પે.

**[૧૮૯]** સાધુને તેવું પાદપ્રૌંછનક રાખવું-વાપરવું કલ્પે.

**[૧૯૦]** સાધુ-સાધ્વીને એકબીજાનું મૂત્ર પીવું કે તેનાથી માલિશ કરવો ન કલ્પે. કેવલ ઉગ્ર રોગ અને આતંકમાં કલ્પે.

**[૧૯૧]** સાધુ-સાધ્વીને પરિવાસિત આહાર ત્વચા પ્રમાણ, ભૂતિ પ્રમાણ ખાવો તથા પાણી, બિંદુ પ્રમાણ જેટલું પણ પીવું ન કલ્પે, કેવલ ઉગ્ર રોગાતંકમાં કલ્પે.

**[૧૯૨]** સાધુ-સાધ્વીને પોતાના શરીરે પરિવાસિત લેખન એકવાર કે વારંવાર લગાવવું ન કલ્પે, કેવળ ઉગ્ર રોગ-આતંક હોય તો કલ્પે.

**[૧૯૩]** પૂર્વવત તેલ યાવત્ માખણ ચોપડવું ન કલ્પે.

**[૧૯૪]** પારિહાર કલ્પસ્થિત સાધુ જો સ્થવીરોની વૈયાવચ્ચને માટે ક્યાંક બહાર જાય અને કદાચિત પરિહારકલ્પમાં કોઈ દોષ સેવી લે, આ વૃત્તાંત સ્થવિર પોતાના જ્ઞાનથી કે બીજાથી સાંભળીને જાણે તો વૈયાવચ્ચથી નિવૃત્ત થયા પછી તેને અત્યલ્પ પ્રસ્થાપન પ્રાયશ્ચિત્ત દેવું જોઈએ.

**[૧૯૫]** સાધ્વી આહારને માટે ગૃહસ્થના ઘેર પ્રવેશે અને ત્યાં જો પુલાકભક્ત ગ્રહણ થઈ જાય અને જો તે ગૃહિત આહારથી નિર્વાહ થઈ જાય તો તે દિવસે તે આહારથી રહે પણ બીજી વખત આહારાર્થે ગૃહસ્થના ઘેર ન જાય.

**બૃહત્કલ્પસૂત્રના-ઉદ્દેશા-૫ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ✸ ઉદ્દેશો-૬ ✸

*• બૃહત્કલ્પના આ છઠ્ઠા અને છેલ્લા ઉદ્દેશામાં સૂત્ર ૧૯૬ થી ૨૧૫ અર્થાત્ ૨૦-સૂત્રો છે. તેનો ક્રમશઃ અનુવાદ–*

**[૧૯૬]** સાધુ-સાધ્વીને આ છ નિષિદ્ધ વચન બોલવા ન કલ્પે, જેમ કે – અલીકવચન, હીલિતવચન, ખિંસિતવચન, પુરુષવચન, ગાર્હસ્થ્યવચન, કલહકારી વચન પુનઃકથન.

**[૧૯૭]** કલ્પના છ પ્રસ્તારો – પ્રાયશ્ચિત્ત સ્થાનો કહ્યા છે, જેમ કે – (૧) પ્રણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) અદત્તાદાન, (૪) બ્રહ્મચર્યભંગ, (૫) નપુંસક હોવું, (૬) દાસ હોવું – એ છ આરોપો લગાવાય ત્યારે – સંયમના આ વિશેષ પ્રાયશ્ચિત્ત સ્થાનોના આરોપ લગાવી, તેને સમ્યક્ પ્રમાણિત ન કરનારા સાધુ તે જ પ્રાયશ્ચિત્ત સ્થાનના ભાગીદાર થાય છે.

**[૧૯૮]** સાધુના પગના તળીયામાં તીક્ષ્ણ, શુષ્ક, ઠૂંઠા, કાંટા, કાચ કે તીક્ષ્ણ પાષાણ ખંડ લાગી જાય અને તેને તે સાધુ કાઢવામાં તેનો અંશ શોધવામાં સમર્થ ન હોય, ત્યારે જો સાધ્વી કાઢે, શોધે તો જિનાજ્ઞા અતિક્રમણ ન થાય.

**[૧૯૯]** સાધુની આંખમાં પ્રાણી, બીજ કે રજ પડી જાય, તેને તે કાઢવા સમર્થ ન હોય –x– શેષ સૂત્ર ૧૯૮ મુજબ યાવત્ જિનાજ્ઞા અતિક્રમતા નથી.

**[૨૦૦]** સાધ્વીના પગના તળીયામાં તીક્ષ્ણ ઠુંઠું આદિ લાગે –x– યાવત્ સાધુ કાઢે તો જિનાજ્ઞા ન અતિક્રમે.

**[૨૦૧]** સાધ્વીની આંખમાં કોઈ પ્રાણી આદિ પડે –x– યાવત્ સાધુ કાઢે તો જિનાજ્ઞા ન અતિક્રમે.

**[૨૦૨થી ૨૧૩]** અહીં કહેવાયેલા ૧૩-સંજોગોમાં કોઈ સાધુ, સાધ્વીને પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

[૧] દુર્ગમ સ્થાન, વિષમ સ્થાન કે પર્વતથી પડતી સાધ્વીને.
[૨] કીચડ-કાદવ-પનક કે પાણીમાં પડતી-ડૂબતી સાધ્વીને.
[૩] નૌકા ઉપર ચઢતી કે ઉતરતી સાધ્વીને.
[૪] વિક્ષિપ્ત ચિત્તવાળી સાધ્વીને.
[૫] દિપ્તચિત્ત સાધ્વીને.
[૬] યક્ષાવિષ્ટ સાધ્વીને.
[૭] ઉન્માદ પ્રાપ્ત સાધ્વીને.
[૮] ઉપસર્ગ પ્રાપ્ત સાધ્વીને.
[૯] સાધિકરણ સાધ્વીને.
[૧૦] સપ્રાયશ્ચિત્ત સાધ્વીને.
[૧૧] ભક્ત પ્રત્યાખ્યાન કરેલ સાધ્વીને.
[૧૨] અર્થજાત-શિષ્ય કે પદપ્રાપ્તિની ઇચ્છાથી વ્યાકુળને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૨૧૪]** કલ્પ અર્થાત્ સાધુ આચારના છ સર્વથા ઘાતક કહેવાયેલા છે, તે આ –

(૧) કૌકુત્ચ્ય, સંયમનો પલિમંથ છે. અર્થાત્ જોયા વિના કે પ્રમાર્જના કર્યા વિના કામિક પ્રવૃત્તિ કરનાર સાધુ સંયમનો ઘાતક છે.

(૨) મૌખરિક; સત્યવચનનો ઘાતક છે. અર્થાત્ વધુ બોલનાર કે વાચાળ સાધુ સત્યવચનનો ઘાતક છે.

(૩) ચક્ષુલોલુપ, ઇર્યાપથિકાનો ઘાતક છે. અર્થાત્ જે સાધુ અહીં-તહીં જોતા-જોતા ગમન કરે છે, તે ઇર્યાસમિતિ નામક ચારિત્રાચારનો ઘાતક છે.

(૪) તિંતિણિક, એષણાગોચરનો ઘાતક છે અર્થાત્ આહાર આદિના અલાભથી ખિન્ન થઈને ચીઢાયા કરવું – બબડ્યા કરવું તે એષણા સમિતિનો ઘાતક છે.

(૫) ઇચ્છાલોલુપ, મુક્તિમાર્ગનો ઘાતક છે અર્થાત્ ઉપકરણ આદિનો અતિલોભ અપિરગ્રહનો ઘાતક છે.

(૬) ભિધાનિદાનકરણ, મોક્ષમાર્ગનો ઘાતક છે. અર્થાત્ લોભવશ કે લૌકિક્સુખોની કામનાથી નિયાણું કરવું – તપના ફળની કામના કરવી તે મોક્ષમાર્ગની ઘાતક છે. કેમ કે ભગવંતે સર્વત્ર અનિદાનતા પ્રશસ્ત કહી છે.

**[૨૧૫]** કલ્પસ્થિતિ અર્થાત્ આચારની મર્યાદા છ પ્રકારની કહેવાયેલી છે.

(૧) સામયિક ચારિત્રની મર્યાદાઓ – સમભાવમાં રહેવું અને બધી સાવદ્ય પ્રવૃત્તિનો પરિત્યાગ કરવો.

(૨) છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ – મોટી દીક્ષા દેવી કે ફરી મહાવ્રતનું આરોપણ કરવું.

(૩) નિર્વિસમાણ કલ્પસ્થિતિ – પરિહાર વિશુદ્ધિચારિત્ર – તપ વહન કરનારાની મર્યાદા.

(૪) નિર્વિષ્ટકાયિક સ્થિતિ – પરિહાર વિશુદ્ધિચારિત્રમાં ગુરુકલ્પ અને અનુપહારિક સાધુઓની મર્યાદા.

(૫) જિનકલ્પ સ્થિતિ – ગચ્છનિર્ગત વિશિષ્ટ તપસ્વીજીવન વિતાવનાર જિલકલ્પી સાધુની મર્યાદા.

(૬) સ્થવિર કલ્પસ્થિતિ – ગચ્છવાસી સાધુની મર્યાદા.

**બૃહત્કલ્પસૂત્ર-ઉદ્દેશા-૬ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

## બૃહત્કલ્પ-છેદસૂત્ર-૨ : આગમ-૩૫
## ગુર્જરાનુવાદ પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩૬ વ્યવહાર-છેદસૂત્ર-૩

## મૂળ સૂત્ર અનુવાદ

*• આ વ્યવહાર-છેદસૂત્રમાં દશ ઉદ્દેશાઓ છે. દશે ઉદ્દેશા મળીને કુલ ૨૮૫ સૂત્રો નોંધાયેલા છે. વ્યવહારસૂત્રનું ભાષ્ય હાલ ઉપલબ્ધ છે, તેના ઉપર પૂજ્ય મલયગિરિજીની ટીકા રચાયેલી છે. જે બંને અમારા आगमसुत्ताणि-सटीकं માં છપાયેલા છે. અમારી ઇચ્છા સંપૂર્ણ અનુવાદની હોવા છતાં, વડીલોમાં સટીક-અનુવાદ પ્રગટ કરવા વિશે એકમતી ન હોવાથી માત્ર સૂત્રનો અનુવાદ કરેલ છે.*

## ✵ ઉદ્દેશો-૧ ✵

• આ ઉદ્દેશામાં સૂત્ર-૧ થી ૬૫ એટલે કે કુલ ૬૫-સૂત્રો છે, તેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે–

**[૧]** જે સાધુ એક વખત માસિક પરિહારસ્થાનની પ્રતિસેવના કરી આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરે તો એક માસનું પ્રાયશ્ચિત્ત આવે, માયાસહિત આલોચના કરે તો બે માસ પ્રાયશ્ચિત્ત.

**[૨]** જે સાધુ એક વખત બેમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરી આલોચના કરે તો તેને માયારહિત આલોચનાથી બે માસનું અને માયાસહિત આલોચના કરે તો ત્રણ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

**[૩]** જે સાધુ એક વખત માસિક પરિહારસ્થાનની પ્રતિસેવના કરી આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરતાં ત્રણ માસનું અને માયાસહિત આલોચના કરતાં ચાર માસનું પ્રાયશ્ચિત્ત આવે.

**[૪, ૫]** ઉપરોક્ત આલાવા મુજબ ચાર માસે – ચાર માસ અને પાંચ માસ તથા પાંચ માસે – પાંચ માસ અને છ માસ પ્રાયશ્ચિત્ત જાણવું પરંતુ તેથી ઉપરાંત માયાસહિત કે માયારહિત આલોચના કરે તો પણ તે છ માસનું જ પ્રાયશ્ચિત્ત આવે.

**[૬]** જે સાધુ અનેક વખત માસિક પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરે તો એક માસનું પ્રાયશ્ચિત્ત આવે, માયાસહિત આલોચના બે માસનું પ્રાયશ્ચિત્ત.

**[૭]** જે સાધુ અનેક વાર બેમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરતાં બેમાસી પ્રાયશ્ચિત્ત આવે, માયાસહિત કરતાં ત્રિમાસી પ્રાયશ્ચિત્ત આવે.

**[૮, ૯, ૧૦]** ઉક્ત આલાવા મુજબ માયારહિત અને માયાસહિત આલોચનાથી પ્રાયશ્ચિત્ત અનુક્રમે, અનેકવાર ત્રણમાસી સેવનમાં ત્રણ માસ અને ચાર માસ, ચારમાસી સેવનમાં ચાર માસ અને પાંચ માસ, પાંચમાસી સેવનમાં પાંચ માસ અને છ માસ એ રીતે આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનાથી ઉપરાંત માયાસહિત કે માયારહિત આલોચના કરતા તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૧]** જે સાધુ માસિક યાવત્ પંચમાસિક પરિહારસ્થાનોમાંથી કોઈ પરિહારસ્થાનની એકવાર પ્રતિસેવના કરીને આલોચના કરે તો – તેને માયારહિત આલોચના કરે તો એ સેવિત પરિહારસ્થાન મુજબ માસિક યાવત્ પંચમાસિક પ્રાયશ્ચિત્ત આવે અને માયાસહિત આલોચના કરવાથી આસેવિત પરિહારસ્થાન અનુસાર બેમાસી યાવત્ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

તેનાથી ઉપરાંત માયાસહિત કે માયારહિત આલોચના કરતા તે જ છમાસી પ્રાયસ્ચિત્ત આવે છે.

**[૧૨]** જે સાધુ માસિક યાવત્ પંચમાસિક આ પરિહારસ્થાનમાંથી કોઈ એક પરિહારસ્થાનની અનેકવાર પ્રતિસેવના કરીને આલોચના કરે તો૦ શેષ આલાવો સૂત્ર-૧૧ મુજબ જાણવો.

**[૧૩]** જે સાધુ ચાતુર્માસિક કે સાધિક, ચાતુર્માસિક, પંચમાસિક કે સાધિક પંચમાસિક આ પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની એક વખત પ્રતિસેવના કરીને આલોચના કરે તો, તેને માયારહિત આલોચના કરતાં આરોપિત પરિહારસ્થાન મુજબ ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક આદિ પ્રાયશ્ચિત્ત આવે અને માયાસહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન મુજબ પંચમાસિક કે સાધિક પંચમાસિક અથવા છમાસી પ્રાયશ્ચિત્ત આવે.

તેનાથી આગળ માયાસહિત કે માયારહિત આલોચના કરે તો પણ તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૪]** જે સાધુ અનેકવાર ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક ઈત્યાદિ૦ શેષ આલાવો સૂત્ર-૧૩-મુજબ જાણવો.

**[૧૫ થી ૧૮]** જે સાધુ ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક, પંચમાસી કે સાધિક પંચમાસી આ પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની [૧] એકવાર કે [૨] અનેકવાર પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને–

[૩] માયારહિત કે [૪] માયાસહિત આલોચના કરતી, એસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્તરૂપ પરિહારતપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવચ્ચ કરવી જોઈએ.

જો તે પરિહારતપમાં સ્થાપિત હોવા છતાં પણ કોઈ પ્રકારે પ્રતિસેવના કરે તો તેનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં ઉમેરી દેવું જોઈએ.

(૧) પૂર્વમાં પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય.

(૨) પૂર્વમાં પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય.

(૩) પછી પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય.

(૪) પછી પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) માયારહિત આલોચના સંકલ્પ, માયારહિત આલોચના.

(૨) માયારહિત આલોચના સંકલ્પ, માયાસહિત આલોચના.

(૩) માયાસહિત આલોચના સંકલ્પ, માયારહિત આલોચના.

(૪) માયાસહિત આલોચના સંકલ્પ, માયાસહિત આલોચના.

આમાંના કોઈપણ પ્રકારના ભંગથી આલોચના કરતા, તેના સર્વ સ્વકૃત અપરાધના ને સંયુક્ત કરીને પૂર્વપ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં સંમિલિત કરી દેવું જોઈએ.

જે આ પ્રાયશ્ચિત્તરૂપ પરિહારતપમાં સ્થાપિત થઈને વહન કરતાં પણ ફરી કોઈ પ્રકારની પ્રતિસેવના કરે તો તેને સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વપ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં આરોપિત કરી દેવું જોઈએ.

[અહીં ચાર સૂત્રો છે. તે માટે ઉપર [૧], [૨], [૩], [૪] લખ્યું છે.]

**[૧૯]** અનેક પારિહારિક સાધુ અને અનેક અપારિહારિક સાધુ જે એક સાથે રહેવા કે બેસવા ઇચ્છે તો તેમને સ્થવિરોને પૂછ્યા વિના એક સાથે રહેવું કે બેસવું ન કલ્પે. સ્થવિરને પૂછીને જ બેસી કે રહી શકે. જો સ્થવિર આજ્ઞા આપે તો એક સાથે રહી કે બેસી શકે, આજ્ઞા ન આપે તો નહીં. સ્થવિરની આજ્ઞા વિના જો સાથે રહે કે બેસે તો તેમને મર્યાદાના ઉલ્લઘંન માટે છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આવે.

**[૨૦]** પરિહાર કલ્પ સ્થિત સાધુ કોઈ બિમાર સ્થવિરની વૈયાવચ્ચ માટે જાય, તે સમયે સ્થવિર તેને પરિહારતપ છોડવાની અનુમતિ આપે તો તેને માર્ગના ગ્રામાદિમાં એક-એક રાત્રિ વિશ્રામ કરતાં જે દિશામાં સાધર્મિક બિમાર સાધુ હોય, તે જ દિશામાં જાવું કલ્પે છે.

માર્ગમાં વિચરણના લક્ષ્યથી રોકાવું ન કલ્પે. પણ રોગાદિના કારણે રહેવું કલ્પે. કારણ સમાપ્ત થતાં જો કોઈ કહે કે – હે આર્ય ! તમે અહીં એક-બે રાત્રિ વધુ રોકાઓ તો તેને રહેવું કલ્પે, પણ એક-બે રાત્રિથી અધિક રહેવું તેને કલ્પતું નથી. છતાં જો રહે તો તેને મર્યાદા ઉલ્લંઘનનું છેદ કે તપ પ્રાયશ્ચિત્ત આવે.

**[૨૧]** પરિહાર કલ્પસ્થિત સાધુ કોઈ બિમાર સ્થવિરની વૈયાવચ્ચ માટે જાય. તે સમયે સ્થવિર પરિહારતપ છોડવાની અનુમતિ ન આપે તો પરિહારતપ વહન કરતાં માર્ગમાં ગ્રામાદિમાં – શેષ આલાવો – ઉપરોક્ત સૂત્ર-૨૦-મુજબ જાણવો.

**[૨૨]** ઉપરોક્ત ભિક્ષુ કોઈ બિમાર સ્થવિરની વૈયાવચ્ચ માટે જાય, ત્યારે સ્થવિર તેને પરિહારતપ છોડવાની સ્વીકૃતિ આપે કે ન આપે ત્યારે ૦ – × – બાકી ઉપરોક્ત સૂત્ર મુજબ સમગ્ર આલાવો જાણવો.

**[૨૩]** જો કોઈ સાધુ ગણથી નીકળી એકલવિહારચર્યા ધારણ કરીને વિચરણ કરે, ફરી તે એ જ ગણમાં સામેલ થઈ રહેવા ઇચ્છે તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના અને પ્રતિક્રમણ કરવું તથા આચાર્ય તેમની આલોચના સાંભળી, જે કંઈ છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તેનો સ્વીકાર કરે.

**[૨૪]** જો કોઈ ગણાવચ્છેદક ગણથી નીકળી એકલવિહારચર્યા ધારણ કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇચ્છે૦ બાકી આલાવો સૂત્ર-૨૩ સમાન.

**[૨૫]** જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય, ગણથી નીકળી એકલવિહારચર્યા ધારણ કરવા ઇચ્છે૦ બાકી આલાવો સૂત્ર-૨૪ સમાન.

**[૨૬ થી ૩૦]** જો કોઈ સાધુ ગચ્છથી નીકળીને (૧) પાર્શ્વસ્થ વિહારચર્યા કે (૨) યથાછંદ વિહારચર્યા કે (૩) કુશીલ વિહારચર્યા કે (૪) અવસન્ન વિહારચર્યા કે (૫) સંસક્ત વિહારચર્યા–

અંગીકાર કરીને વિચરે પછી તે આ પાર્શ્વસ્થ વિહાર કે યાવત્ સંસક્ત વિહારચર્યા છોડીને તે જ ગણમાં સામેલ થઈ રહેવા ઇચ્છે ત્યારે–

જો તેનું ચારિત્ર કંઈક શેષ હોય તો પૂર્વવસ્થાની પૂર્ણ આલોચના અને પ્રતિક્રમણ કરે તથા આચાર્ય તેમની આલોચના સાંભળી, જે કંઈ છેદ કે તપ પ્રાયશ્ચિત્ત આપે, તેને સ્વીકારે.

**[૩૧]** જો કોઈ સાધુ ગણથી નીકળીને કોઈ વિશેષ પરિસ્થિતિ થકી બીજા લિંગ-વેશને ધારણ કરીને વિહાર કરે અને કારણ સમાપ્ત થતાં ફરી સ્વલિંગને ધારણ કરીને ગણમાં સામેલ થઈને રહેવા ઇચ્છે તો તેને લિંગ-વેશ પરિવર્તનની આલોચના ઉપરાંત છેદ કે તપરૂપ કોઈ પ્રાયશ્ચિત્ત ન આવે.

**[૩૨]** જો કોઈ સાધુ ગણથી નીકળી, સંયમનો ત્યાગ કરી દે પછી તે એ જ ગણનો સ્વીકાર કરી રહેવા ઇચ્છે તો તેના માટે કેવળ છેદોપસ્થાપના પ્રાયશ્ચિત્ત છે, તે સિવાય તેને કોઈ છેદ કે તપ પ્રાયશ્ચિત્ત અપાતું નથી.

**[૩૩]** સાધુ કોઈ અકૃત્યસ્થાનનું પ્રતિસેવન કરીને તેની આલોચના કરવા ઇચ્છે તો જ્યાં પોતાના આચાર્ય કે ઉપાધ્યાયને જુએ, ત્યાં તેમની પાસે આલોચના કરે યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત રૂપ તપકર્મનો સ્વીકાર કરે.

**[૩૪]** જો તેમના આચાર્ય કે ઉપાધ્યાય ન મળે તો જ્યાં કોઈ સાંભોગિક [એક માંડલીવાળા] સાધર્મિક સાધુ મળે કે જે બહુશ્રુત અને બહ આગમજ્ઞ હોય, તેની પાસે આલોચના કરે યાવત્ તપ સ્વીકારે.

જો સાંભોગિક સાધર્મિક બહુશ્રુત – બહુઆગમજ્ઞ હોય તેની પાસે જઈને આલોચના કરે યાવત્ પ્રાયશ્ચિત્ત તપ સ્વીકારે.

જો અન્ય સાંભોગિક સાધર્મિક બહુશ્રુત બહુઆગમજ્ઞ સાધુ ન મળે તો જ્યાં સારૂપ્ય સાધુ મળે, જે બહુશ્રુત અને બહુઆગમનજ્ઞ હોય તો તેની સમીપે આલોચના કરે યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત રૂપ તપકર્મ સ્વીકાર કરે.

જો સારૂપ્ય બહુશ્રુત, બહુઆગમજ્ઞ સાધુ ન મળે તો જ્યાં પશ્ચાત્કૃત્ [સંયમત્યાગી] શ્રમણોપાસક મળે, જે બહુશ્રુત અને બહુઆગમજ્ઞ હોય ત્યાં તેની સમીપે આલોચના કરે યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્તરૂપ તપકર્મ સ્વીકારે.

જો પશ્ચાત્કૃત્ [સંયમત્યાગી] બહુશ્રુત અને બહુઆગમજ્ઞ શ્રાવક ન મળે તો જ્યાં સમ્યક્ ભાવિત જ્ઞાની પુરુષ મળે તો ત્યાં તેની સમીપે આલોચના કરે યાવત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયશ્ચિત્ત તપ સ્વીકારે.

[૩૫] જો સમ્યક્ ભાવિત જ્ઞાનીપુરુષ ન મળે તો ગામ યાવત્ રાજધાનીની બહાર પૂર્વ કે ઉત્તર દિશા તરફ અભિમુખ થઈ બે હાથ જોડી, મસ્તક કે આવર્તન કરી, મસ્તકે અંજલી કરી આમ બોલે–

"આટલા મારા દોષ છે અને આટલીવાર મેં આ દોષોનું સેવન કરેલ છે" – એમ બોલી અરિહંત અને સિદ્ધો સમક્ષ આલોચના કરે યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્તરૂપ તપ સ્વીકારે.

**વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૧ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૨ ✵

• *વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૩૬ થી ૬૫ એટલે કે કુલ ૩૦-સૂત્રો છે. આ ૩૦ સૂત્રોનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે–*

**[૩૬]** બે સાધર્મિક સાધુ એક સાથે વિચરતા હોય, તેમાંથી જો એક સાધુ કોઈ અકૃત્યસ્થાનનું સેવન કરીને આલોચના કરે તો તેને પ્રાયશ્ચિત્ત તપમાં સ્થાપિત કરીને સાધર્મિક ભિક્ષુએ તેની વૈયાવચ્ચ કરવી જોઈએ.

**[૩૭]** બે સાધર્મિક સાધુ સાથે વિચરતા હોય, બંને કોઈ અકૃત્યસ્થાન સેવીને આલોચના કરે તો તેમાં એકને કલ્પાક – અગ્રણીરૂપે સ્થાપે અને બીજા પરિહારતપમાં સ્થાપવો. તેનું પ્રાયશ્ચિત્ત પૂર્ણ થાય ત્યારે અગ્રણી પણ પ્રાયશ્ચિત્ત વહન કરે.

**[૩૮]** ઘણાં સાધર્મિક સાધુ સાથે વિચરતા હોય. તેમાં કોઈ અકૃત્યસ્થાન સેવી આલોચના કરે તો પ્રમુખ સ્થવિર, પ્રાયશ્ચિત્ત વહન કરાવે, બીજા સાધુ વૈયાવચ્ચ કરે.

**[૩૯]** ઘણાં સાધર્મિક સાધુ સાથે વિચરતા હોય, બધાં જ કોઈ અકૃત્યસ્થાન સેવી આલોચના કરે, કોઈ એકને અગ્રણી સ્થાપી, બાકી બધાં પ્રાયશ્ચિત્ત વહન કરે, પછી અગ્રણી પણ પ્રાયશ્ચિત્ત વહે.

**[૪૦]** પરિહારતપ સેવી સાધુ જો બિમાર થઈ કોઈ અકૃત્યસ્થાન સેવીને આલોચના કરે તો (૧) જો તે સમર્થ હોય તો આચાર્યાદિ તેને પરિહારતપરૂપ પ્રાયશ્ચિત્ત આપી તેની સેવા કરાવે. (૨) જો તે સમર્થ ન હોય તો તેને માટે અનુપારિહારિક સાધુ નિયુક્ત કરે. જો તે પારિહારિક સાધુ સબલ થયા પછી પણ અનુપારિહારિક સાધુ પાસે વૈયાવચ્ચ કરાવે તો તેના પ્રાયશ્ચિત્તને પણ પૂર્વ પ્રાયશ્ચિત્તની સાથે આરોપિત કરે.

**[૪૧ થી ૫૨]** અહીં કહેવાયેલ બાર પ્રકારના સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાતંકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગલાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ. પછી ગણાવચ્છેદક તે પારિહારિક સાધુને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે. [તે બાર પ્રકારના સાધુ બાર સૂત્રોથી કહ્યાં છે–]

(૧) પારિહારિક પ્રાયશ્ચિત્ત સેવી, (૨) અનવસ્થાપ્ય સાધુ, (૩) પારંચિતત્ત સાધુ, (૪) વિક્ષિપ્ત ચિત્ત સાધુ, (૫) દિપ્તચિત્ત સાધુ, (૬) યક્ષાવિષ્ટ સાધુ, (૭) ઉન્માદપ્રાપ્ત સાધુ, (૮) ઉપસર્ગપ્રાપ્ત સાધુ, (૯) કલહયુક્ત સાધુ, (૧૦) પ્રાયશ્ચિત્તપ્રાપ્ત સાધુ, (૧૧) ભક્ત પ્રત્યાખ્યાંની સાધુ અને (૧૨) પ્રયોજનાવિષ્ટ સાધુ.

**[૫૩, ૫૪]** અનવસ્થાપ્ય સાધુને ગૃહસ્થરૂપ કર્યા વિના ફરી સંયમમાં સ્થાપવો ગણાવચ્છેદકને ન કલ્પે, પણ ગૃહસ્થરૂપ કરાવીને ફરી સ્થાપવો ગણાવચ્છેદકને કલ્પે.

**[૫૫, ૫૬]** પારાંચિતપાત્ર સાધુને ગૃહસ્થરૂપ કર્યા વિના ફરી સંયમમાં સ્થાપવો ન કલ્પે, ગૃહસ્થરૂપ કરીને કલ્પે.

**[૫૭, ૫૮]** અનવસ્થાપ્ય તથા પારાંચિત પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત સાધુને કારણે ગૃહસ્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેશ ધારણ કરાવીને કે કરાવ્યા વિના પણ ગણાવચ્છેદક તેને ફરી સંયમમાં સ્થાપે. જો ગણનું હિત થતું હોય તો.

**[૫૯]** બે સાધર્મિક સાથે વિચરતા હોય, તેમાં કોઈ એક સાધુ કોઈ અકૃત્યસ્થાનને સેવીને આલોચના કરે – "ભગવાન ! મેં અમુક સાધુ સાથે અમુક કારણે દોષનું સેવન કરેલ છે." ત્યારે બીજા સાધુને પૂછ્યું કે – "શું તમે પ્રતિસેવી છો કે અપ્રતિસેવી ? જો તે કહે કે, "હું પ્રતિસેવી છું" તો તે પ્રાયશ્ચિત્ત પાત્ર થાય છે. જો એમ કહે કે, "હું પ્રતિસેવી નથી." તો પ્રાયશ્ચિત્ત પાત્ર ન થાય. તે જે પ્રમાણ આપે, તેનાથી નિર્ણય કરવો જોઈએ.

ભગવાન ! એમ કહો છો ? સત્યપ્રતિજ્ઞ સાધુઓના સત્યકથન ઉપર વ્યવહાર નિર્ભય હોય છે.

**[૬૦]** સંયમ છોડવાની ઇચ્છાથી કોઈ સાધુ ગણથી નીકળી જાય, અને પછી અસંયમ સેવ્યા વિના જ તે આવી, ફરી પોતાના ગણમાં સામેલ થવા ઇચ્છે ત્યારે સ્થવિરોમાં જો વિવાદ થાય અને તેઓ પરસ્પર કહેવા લાગે કે–

."શું તમે જાણો છો – આ પ્રતિસેવી છે કે અપ્રતિસેવી ?" ત્યારે સાધુને જ પૂછવું જોઈએ – તું પ્રતિસેવી છો કે અપ્રતિસેવી ? જો તે કહે કે – "હું પ્રતિસેવી છું" તો તે પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે. જો તે કહે – "હું પ્રતિસેવી નથી." તો તે પ્રાયશ્ચિત્ત પાત્ર થતાં નથી. અને તે જે પ્રમાણ આપે, તેનાથી નિર્ણય કરવો જોઈએ. – x – કેમ કે સત્યપ્રતિજ્ઞ સાધુના સત્યકથન પર વ્યવહાર ચાલે છે.

**[૬૧]** એકપક્ષીય – એક જ આચાર્ય પાસે દીક્ષા અને શ્રુત ગ્રહણ કરનારા સાધુને અલ્પકાળ કે યાવજ્જીવનને માટે આચાર્ય કે ઉપાધ્યાય પદ ઉપર સ્થાપિત કરવા કે તેને ધારણ કરવા કલ્પે છે. અથવા પરિસ્થિતિવશ ક્યારેક જેમાં ગણનું હિત હોય તેમ પણ કરી શકાય છે.

**[૬૨]** અનેક પારિહારિક અને અનેક અપારિહારિક સાધુ જો એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ માસ સુધી એક સાથે રહેવા ઇચ્છે તો પારિહારિક સાધુ પારિહારિક સાધુની સાથે અને અપારિહારિક સાધુ અપારિહારિક સાધુની સાથે બેસીને આહાર કરી શકે છે. પરંતુ પારિહારિક સાધુ આપારિહારિકની સાથે બેસીને આહાર ન કરી શકે. તે બધાં સાધુ છ માસ તપના અને એક માસ પારણાનો વીત્યા પછી એકસાથે બેસીને આહાર કરી શકે.

**[૬૩]** પારિહારિક સાધુને માટે અશન યાવત્ સ્વાદિમ આહાર આપવો કે નિમંત્રણા કરીને દેવું ન કલ્પે.

જો સ્થવિર કહે – હે આર્ય ! તમે આ પારિહારિક સાધુઓને આ આહાર આપો કે નિમંત્રણા કરો. એમ કહ્યા પછી તેમને આહાર આપવો કે નિમંત્રણા કરવી કલ્પે છે.

પરિહારકલ્પસ્થિત જો ઘી આદિ વિગઈ લેવા ઇચ્છે તો સ્થવિરની આજ્ઞાથી લેવી કલ્પે. "મને ઘી આદિ વિગઈ લેવાની આજ્ઞા પ્રદાન કરો." એ રીતે સ્થવિર પાસેથી આજ્ઞા લઈ વિગઈ વાપરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૬૪]** પરિહારકલ્પમાં સ્થિત સાધુ પોતાના પાત્રાને ગ્રહણ કરી, પોતાના માટે આહાર લેવા જાય, તેને જાતા જોઈને જો સ્થવિર કહે કે – "હે આર્ય ! મારે યોગ્ય આહાર-પાણી લઈ આવજો, હું પણ ખાઈશ-પીશ." એવું કહે ત્યારે તે સ્થવિરને માટે આહાર લેવો કલ્પે છે. ત્યાં અપારિહારિક સ્થવિરને પારિહારિક સાધુના પાત્રમાં અશન યાવત્ સ્વાદિમ ખાવા-પીવા ન કલ્પે. પરંતુ તેને પોતાના જ પાત્રમાં, પલાસકમાં, જળપાત્રમાં, બંને હાથમાં કે એક હાથમાં લઈ-લઈને ખાવું-પીવું કલ્પે છે. આ અપારિહારિક સાધુનો, પારિહારિક સાધુની અપેક્ષાએ આચાર કહેલો છે.

**[૬૫]** પરિહાર કલ્પસ્થિત સાધુ સ્થવિરના પાત્રો લઈને તેમના માટે આહાર-પાણી લેવા જાય, ત્યારે સ્થવિર તેમને કહે – "હે આર્ય ! તમે તમારા માટે પણ સાથે લઈ આવજો, પછી ખાઈ-પી લેજો." એમ કહ્યા પછી, તે સ્થવિરના પાત્રોમાં પોતાના માટે પણ આહાર-પાણી લાવવા કલ્પે છે.

ત્યાં અપારિહારિક સ્થવિરના પાત્રમાં સાધુને અશન યાવત્ સ્વાદિમ ખાવા-પીવા કલ્પતા નથી. પરંતુ તેને પોતાના જ પાત્રમાં, પલાશકમાં, કમંડલુમાં બંને હાથમાં કે એક હાથમાં લઈને ખાવું-પીવું કલ્પે છે.

આ પારિહારિક સાધુનો અપારિહારિક સાધુની અપેક્ષાથી આચાર કહેવાયેલો છે.

**વ્યવહારસૂત્રના-ઉદ્દેશા-૨ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૩ ✵

• *વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૬૬ થી ૯૪ એ પ્રમાણે કુલ-૩૧-સૂત્રો છે. તેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે–*

**[૬૬]** જો કોઈ સાધુ ગણને ધારણ કરવા ઇચ્છે અને તે સૂત્રજ્ઞાન આદિ યોગ્યતા રહિત હોય તો તેને ગણ ધારણ કરવો કલ્પતો નથી. જો તે સાધુ સૂત્રજ્ઞાનાદિ યોગ્યતા યુક્ત હોય તો તેને ગણ ધારણ કરવો કલ્પે છે.

**[૬૭]** જો કોઈ સાધુ ગણ ધારણ કરવા ઇચ્છે તો તેમને સ્થવિરોને પૂછ્યા વિના ગણ ધારણ કરવો ન કલ્પે. જો સ્થવિર અનુજ્ઞા પ્રદાન કરે તો ગણ ધારણ કરવો ન કલ્પે. જો સ્થવિર આજ્ઞા ન આપે તો ગણ ધારણ કરવો કલ્પતો નથી.

જો કોઈ સ્થવિરોની અનુજ્ઞા પ્રાપ્ત કર્યા વિના જ ગણ ધારણ કરે છે, તો તે સાધુ તે મર્યાદાના ઉલ્લંઘનને કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે. પણ જે સાધર્મિક સાધુ તેમની મુખ્યતામાં વિચરે છે, તે છેદ-તપ પ્રાયશ્ચિત્ત પાત્ર ન થાય.

**[૬૮]** ત્રણ વર્ષના દીક્ષાપર્યાય.વાળા સાધુ જો આચાર, સંયમ, પ્રવચન, પ્રજ્ઞપ્તિ, સંગ્રહ અને ઉપગ્રહ કરવામાં કુશળ હોય તથા અક્ષત, અભિન્ન, અશબલ અને અસંક્લિષ્ટ આચારવાળા હોય, બહુશ્રુત અને બહુઆગમજ્ઞ હોય, ઓછામાં ઓછું આચારપ્રકલ્પધર હોય તો તેને ઉપાધ્યાય પદ દેવું કલ્પે.

**[૬૯]** જો ત્રણ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુ ઉક્ત આચારાદિમાં કુશળ ન હોય, ક્ષત-ભિન્નાદિ આચારવાળા હોય, અલ્પશ્રુત અને અલ્પાગમજ્ઞ હોય તો ઉપાધ્યાય પદ દેવું ન કલ્પે.

**[૭૦]** પાંચ વર્ષના દીક્ષાપર્યાયવાળા શ્રમણ જો ઉક્ત આચાર-સંયમાદિમાં કુશળ હોય, અક્ષતાદિ આચારવાળઆ હોય, બહુશ્રુત અને બહુઆગમજ્ઞ હોય તથા ઓછામાં ઓછા દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહારસૂત્રના ધારક હોય તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ દેવું કલ્પે છે.

**[૭૧]** સૂત્ર-૭૦ મુજબ પાંચ વર્ષના દીક્ષાપર્યાય.વાળા સાધુ જો આછાર, સંયમાદિમાં કુશળ ન હોય, ક્ષત-ભિન્ન-શબલ અને સંક્લિષ્ટ આચારવાળા હોય. અલ્પશ્રુત અને અલ્પાગમજ્ઞ હોય તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ દેવું ન કલ્પે.

**[૭૨]** આઠ વર્ષના દીક્ષાપર્યાય.વાળા સાધુ જો આચાર, સંયમ, પ્રવચન, પ્રજ્ઞપ્તિ, સંગ્રહ, ઉપગ્રહમાં કુશળ હોય તથા અક્ષત, અભિન્ન, અશબલ અને અસંક્લિષ્ટ આચારી હોય, બહુશ્રુત અને બહુઆગમજ્ઞ હોય અને ઓછામાં ઓછું સ્થાનાંગ-સમવાયાંગ સૂત્રના ધારક હોય તો તેને આચાર્ય, ઉપાધ્યાય, ગણવચ્છેદક પદ દેવું કલ્પે છે.

**[૭૩]** તે જ આઠ વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધુ જો આચાર આદિ ઉપગ્રહમાં કુશળ ન હોય, ક્ષત-ભિન્નાદિ આચારવાળા હોય, અલ્પશ્રુત અને અલ્પ આગમજ્ઞ હોય તો તેને આચાર્ય, ઉપાધ્યાય કે ગણાવચ્છેદક પદ દેવું ન કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૪] નિરુદ્ધ – અલ્પ પર્યાયવાળા સાધુ જે દિવસે દિક્ષા લે, તે જ દિવસે આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પે છે.

ભગવન ! એમ કેમ કહો છો ?

સ્થવિરો દ્વારા તથારૂપથી ભાવિત પ્રીતિયુક્ત, વિશ્વસ્ત, સ્થિર, સંમત, પ્રમુદિત, અનુમત અને બહુમત અનેક કુલ હોય છે. તે ભાવિત પ્રીતિયુક્તાદિ કુળથી દીક્ષિત જો નિરુદ્ધ પર્યાયવાળા સાધુ હોય તો તેને તે જ દિવસે આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પે.

[૭૫] આચાર્ય કે ઉપાધ્યાય કાળધર્મ પામે, ત્યાર પછી નિરુદ્ધ – અલ્પવર્ષના પર્યાયવાળા સાધુને આચાર્ય અથવા ઉપાધ્યાય પદ દેવાનું કલ્પે છે.

તેમને આચારપ્રકલ્પનો કંઈક અંશ અધ્યયન કરવાનું બાકી હોય અને તે અધ્યયન પૂર્ણ કરવાનો સંકલ્પ કરીને પૂર્ણ કરી લે તો તેમને આચાર્ય કે ઉપાધ્યાય પદ દેવાનું કલ્પે છે.

પરંતુ જો તે શેષ અધ્યયન પૂર્ણ કરવાનો સંકલ્પ કરીને પણ તેને પૂર્ણ ન કરે તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ દેવું ન કલ્પે.

[૭૬] નવદીક્ષિત બાળક કે તરુણ સાધુને આચાર્ય કે ઉપાધ્યાય જો કાળધર્મ-મરણ પામે તો તેમને આચાર્ય કે ઉપાધ્યાય વિના રહેવું કલ્પતું નથી.

તેને પહેલા આચાર્યની અને પછી ઉપાધ્યાયની નિશ્રાનો સ્વીકાર કરીને જ રહેવું જોઈએ.

ભગવન ! એમ શા માટે કહ્યું ? સાધુ બેની નિશ્રામાં જ રહે છે. જેમ કે – (૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય.

[૭૭] નવદીક્ષિતા, બાલિકા કે તરુણી સાધ્વીએ આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિની જે કાળધર્મ પામે તો તેણીએ આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિની વિના રહેવું કલ્પતું નથી.

તેણીએ પહેલાં આચાર્યની, પછી ઉપાધ્યાયની અને પછી પ્રવર્તિનીની નિશ્રા સ્વીકારીને રહેવું જોઈએ.

ભગવન ! એમ કેમ કહો છો ? શ્રમણીઓ ત્રણના નેતૃત્વમાં રહે છે – આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિની.

[૭૮] જો કોઈ સાધુ ગણને છોડીને મૈથુનનું સેવન કરે તો તેને તે કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું ન કલ્પે.

[૭૯] જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડ્યા વિના મૈથુનનું સેવન કરે તો ઉક્ત કારણોથી યાવજ્જીવન, આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

[૮૦] જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડીને મૈથુનનું સેવન કરે તો તેને ઉક્ત કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ વર્ષ વીત્યા પછી ચોથા વર્ષમાં પ્રવેશ કરે ત્યારે જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે.

[૮૧] જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાનું પદ છોડ્યા વિના મૈથુનનું સેવન કરે તો તેને ઉક્ત કારણથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

[૮૨] જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાનું પદ છોડીને મૈથુન
સેવન કરે તો તેને ઉક્ત કારણે ત્રણ વર્ષ આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે.

શેષ કથન સૂત્ર-૮૦ મુજબ જાણવું.

[૮૩] જો કોઈ સાધુ ગણ અને સંયમનો પરિત્યાગ કરીને અને વંશ છોડીને ચાલ્યા જાય અને પછી ફરી દિક્ષિત થઈ જાય, તો તેને ઉક્ત કારણે ત્રણ વર્ષ પર્યની આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું ન કલ્પે.

શેષ કથન સૂત્ર-૮૦ મુજબ જાણવું.

[૮૪] જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડ્યા વિના સંયમનો પરિત્યાગ કરીને અને વેશ છોડીને ચાલ્યો જાય. પછી તે ફરી દિક્ષિત થઈ જાય તો તેને ઉક્ત કારણે યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

[૮૫] જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડીને સંયમ પરિત્યાગ કરીને અને વેશ છોડીને ચાલ્યો જાય. અને પછી પુનઃદીક્ષિત થઈ જાય તો તેને ઉક્ત કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય પાવત ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

શેષ કથન સૂત્ર-૮૦ મુજબ જાણવું.

[૮૬] જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાનું પદ છોડ્યા વિના સંયમનો ત્યાગ કરીને અને વેશ છોડીને ચાલ્યો જાય, પછી તે ફરી દિક્ષિત થાય, તો તેને ઉક્ત કારણે યાવજીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદે દેવું કે ધારણ કરવું ન કલ્પે.

[૮૭] જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પદ છોડીને સંયમ અને વેશનો ત્યાગ કરીને જાય, પછી ફરી દીક્ષિત થઈ જાય, તો તેને ઉક્ત કારણે ત્રણ વર્ષ સુધી આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

શેષ કથન સૂત્ર-૮૦ મુજબ જાણવું.

[૮૮] બહુશ્રુત, બહુ આગમજ્ઞ સાધુ અનેક પ્રગાઢ કારણોથી જો અનેક વાર માયાપૂર્વક મૃષા બોલે કે અપવિત્ર પાપા ચરણોથી જીવન વીતાવે તો તેને ઉક્ત કારણોથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

[૮૯] બહુશ્રુત, બહુ આગમજ્ઞ ગણાવચ્છેદક અનેક પ્રગાઢ કારણે અનેકવાર માયા પૂર્વક મૃષ્ત બોલે કે અપવિત્ર પાપ આચરણથી જીવન વીતાવે તો તેને ઉક્ત કારણોથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

[૯૧ થી ૯૩] આ સૂત્રના આલાવો સૂત્ર-૮૯ થી ૯૧ મુજબ જ છે. વિશેષ એ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૮૯ થી ૯૧માં (૧) એક સાધુ (૨) એક ગણાવચ્છેદક (૩) એક આચાર્ય ઉપાધ્યાય કહેલ છે.

જ્યારે અહીં સૂત્ર ૯૧ થી ૯૩માં (૧) અનેક સાધુ (૨) અનેક ગણાવચ્છેદક (૩) અને આચાર્ય ઉપાધ્યાય કરેલ છે.

બાકી આખો આલાવો સૂત્ર ૮૯ થી ૯૧ મુજબ કહેવો.

**[૯૪]** બહુશ્રુત, બહુ આગમજ્ઞ અનેક સાધુ અને ગણાવચ્છેલ અનેક આચાર્ય કે ઉપાધ્યાય અનેક પ્રગાઢ કારણો હોવાથી જો અનેકવાર માયાપૂર્વક મૃષા બોલે કે અપવિત્ર પાપાચરણોથી જીવન વીતાવે તો તેઓને ઉક્ત તરણોથી યાવજ્જીવન આચાર્ય ઉપાધ્યાય ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું નહીં કલ્પે.

**વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૪ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૪ ✵

• *વ્યવહારસૂત્રના આ ઉદ્દેશા-૪માં સૂત્ર-૯૫ થી ૧૨૬ છે એટલે કે ૩૨ સૂત્રો છે, તેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે.—*

**[૯૫]** આચાર્ય અને ઉપાધ્યાયને શીયાળામાં અને ઉનાળામાં એકલા વિહાર કરવો-વિચરવું ન કલ્પે.

**[૯૬]** આચાર્ય અને ઉપાધ્યાયને શીયાળામાં અને ઉનાળામાં એક સાધુને સાથે લઈને વિહાર કરવો કલ્પે છે.

**[૯૭, ૯૮]** શીયાળા અને ઉનાળામાં ગણાવચ્છેદને એક સાધુ સાથે વિચરવું ન કલ્પે... બે સાધુ સાથે વિચરવું કલ્પે.

**[૯૯, ૧૦૦]** વર્ષાકાળમાં આચાર્ય કે ઉપાધ્યાયને એક સાધુ સાથે રહેવાનું ન કલ્પે... બીજા બે સાધુ સાથે રહેવું કલ્પે.

**[૧૦૧, ૧૦૨]** વર્ષાકાળમાં ગણાવચ્છેદકને બે સાધુ સાથે રહેવું ન કલ્પે... બીજા ત્રણ સાધુ સાથે રહેવું કલ્પે.

**[૧૦૩]** શીયાળા અને ઉનાળામાં અનેક આચાર્યો-ઉપાધ્યાયોને ગ્રામ યાવત્ રાજધાનીમાં પોત-પોતાની નિશ્રામાં રહેલાં એક-એક સાધુને અને અનેક ગણાવચ્છાદકોને બબ્બે સાધુઓને સાથે રાખીને વિહાર કરવો – વિચરવું કલ્પે છે.

**[૧૦૪]** વર્ષાઋતુમાં અનેક આચાર્યો કે ઉપાધ્યાયોને ગામ યાવત્ રાજધાનીમાં પોત-પોતાના નિશ્રાવર્તી બબ્બે સાધુઓને અને અનેક ગણાવચ્છેદકોને ત્રણ-ત્રણ સાધુ સાથે રહેવું કલ્પે.

**[૧૦૫]** ગ્રામનુગ્રામ વિચરતા સાધુ જેને અગ્રણી માનીને વિહાર કરતાં હોય તે જો કાળધર્મ પામે તો બાકીના સાધુઓમાં જે સાધુ યોગ્ય હોય તેને અગ્રણી બનાવવો જોઈએ.

જો બીજા કોઈ સાધુ અગ્રણી થવાને યોગ્ય ન હોય અને સ્વયં રત્નાધિકે પણ આચારપ્રકલ્પ અધ્યયન પૂર્ણ ન કરેલ હોય તો તેને માર્ગમાં વિશ્રામને માટે એક રાત્રિ રોકાતા જે દિશામાં અન્ય સ્વધર્મી વિચરતા હોય તે દિશામાં જવું કલ્પે છે.

માર્ગમાં તેને વિચરવાના લક્ષ્યથી રોકાવું કલ્પતું નથી. જો રોગાદિ કારણ હોય તો અધિક રહેવું કલ્પે.

રોગાદિ સમાપ્ત થતાં જો કોઈ કહે કે હે આર્ય 'એક કે બે રાત્રિ રોકાઓ' તો તેને એક કે બે રાત્રિ રહેવું કલ્પે છે. પરંતુ તેથી અધિક રહેવું ન કલ્પે. જો સાધુ ત્યાં વધારે રોકાય તો તે મર્યાદા ઉલ્લંઘનને કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્ત આવે.

**[૧૦૬]** વર્ષાવાસમાં રહેલ સાધુ, જેને અગ્રણીમાનીને રહેલા હોય અને જે તે કાળધર્મ પ્રાપ્ત થઈ જાય તો બાકી સાધુમાં જે સાધુ યોગ્ય હોય તેને પદવી ઉપર સ્થાપવા જોઈએ.

શેષ સર્વ કથન સૂત્ર-૧૦૫ના શેષ આલાવા મુજબ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૧૦૭]** રોગગ્રસ્ત આચાર્ય કે ઉપાધ્યાય કોઈ મુખ્ય સાધુને કહે કે 'હે આર્ય ! મારા કાળધર્મ પછી અમુક સાધુને મારા પદ ઉપર સ્થાપિત કરજો. જો આચાર્ય દ્વારા નિર્દિષ્ટ તે સાધુને પદ ઉપર સ્થાપન કરવાને યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવો જોઈએ.

જો તે એક પદ ઉપર સ્થાપન કરવાને યોગ્ય ન હોય તો તેને સ્થાપિત કરવા ન જોઈએ. જો સંઘમાં અન્ય કોઈ સાધુને પદ માટે યોગ્ય હોય તો તેમને સ્થાપિત કરવા જોઈએ.

જો સંઘમાં બીજા કોઈ સાધુને પદને યોગ્ય ન હોય તો આચાર્યે કહેલ સાધુને જ તે પદ ઉપર સ્થાપવા જોઈએ. તેમને તે પદ ઉપર સ્થાપિત કર્યા પછી કોઈ ગીતાર્થ સાધુ કહે કે હે આર્ય ! તમે આ પદ માટે અયોગ્ય છો, તેથી આ પદને છોડી દો. એમ કહેતા જો તે ઉક્ત પદને છોડી દે તો છેદ કે તપ પ્રાયશ્ચિત્ત ન આવે.

જો સાધર્મિક સાધુ કલ્પ અનુસાર તેને આચાર્યાદિ પદ છોડવાને માટે ન કહે તો તે બધાં સાધર્મિક સાધુ ઉક્ત કારણથી છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

**[૧૦૮]** સંયમનો પરિત્યાગ કરી જનારા આચાર્ય કે ઉપાધ્યાય કોઈ મુખ્ય સાધુને કહે હા આર્ય ! મારા ચાલ્યા ગયા પછી અમુક સાધુને મારા પદ ઉપર સ્થાપિત કરજો – શેષ કથન સૂત્ર-૧૦૭ મુજબ છે.

**[૧૦૯]** આચાર્ય કે ઉપાધ્યાય સ્મરણ હોવા છતાં પણ વડી દીક્ષાને યોગ્ય સાધુને ચાર-પાંચ રાત્રિ પછી પણ વડી દીક્ષામાં ઉપસ્થાપિત ન કરે અને તે સમયે જો તે નવદીક્ષિતના કોઈ પૂજ્ય પુરુષની વડીદિક્ષા થવામાં પણ વાર હોયતો તેને છેદ કે તપરૂપ કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી.

જો તે નવદીક્ષિત કે વડીદીક્ષા લેવા યોગ્ય કોઈ પૂજ્ય પુરુષ ન હોય તો તેમને ચાર-પાંચ રાત્રિ ઉલ્લંઘન કરવાનું છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આવે છે.

**[૧૧૦]** આચાર્ય કે ઉપાધ્યાય, સ્મૃતિમાં ન રહેવાથી વડી દીક્ષાને યોગ્ય સાધુને શેષ આલાવો સૂત્ર-૧૦૯ મુજબ જણાવો.

**[૧૧૧]** આચાર્ય કે ઉપાધ્યાયને સ્મૃતિમાં રહેલ હોય કે સ્મૃતિમાં રહેલ ન હોય તો પણ વડીદીક્ષાને યોગ્ય સાધુને દશ દિવસ બાદ વડીદીક્ષામાં ઉપસ્થાપિત ન કરે. તે વખતે જો તે નવદીક્ષિતના કોઈ પૂજ્ય પુરુષની વડીદીક્ષા થયામાં વાર હોય તો તેમને છેદ કે તપરૂપ કોઈ પ્રાયશ્ચિત્ત ન આવે.

જો તે નવદીક્ષિતને વડી દીક્ષાને યોગ્ય કોઈ પૂજ્યપુરુષ ન હોય તો તેમને દશ રાત્રિ ઉલ્લંઘન કરવાના કારણે એક વર્ષ સુધી આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ ઉપર નિયુક્ત કરવા ન કલ્પે.

**[૧૧૨]** વિશિષ્ટ જ્ઞાનપ્રાપ્તિને માટે જો કોઈ સાધુ પોતાનો ગણ છોડીને બીજા ગણને સ્વીકાર કરી વિચરતો હોય તે સમયે તેને જો કોઈ સ્વધર્મી સાધુ મળે અને પૂછે કે– હે આર્ય ! 'તમે કોની નિશ્રામાં વિચરો છો ?' ત્યારે તે એ ગણમાં જે દીક્ષામાં સૌથી મોટા હોય તેનું નામ કહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો તે ફરી પૂછે કે હે ભદંત; ક્યા બહુશ્રુતની મુખ્યતામાં રહેલા છો ? ત્યારે તે ગણમાં જે સૌથી વધુ બહુશ્રુત હોય તેનું નામ કહે તથા તેઓ જેની આજ્ઞામાં રહેવા માટે કહે તેમની આજ્ઞા તથા તેમની સમીપમાં રહીને તેમના જ વચન નિર્દેશાનુસાર 'હું રહીશ' એ પ્રમાણે કહે.

**[૧૧૩]** ઘણાં સાધર્મિક સાધુ એક સાથે 'અભિનિચારિકા' કરવા ઈચ્છે તો સ્થવિર સાધુને પૂછ્યા વિના તેમ કરવું ન કલ્પે. પરંતુ સ્થવિર સાધુને પૂછીને તેમ કરવું કલ્પે.

જો સ્થવિર સાધુ આજ્ઞા આપે તો તેમને 'અભિનિચારિકા' કરવી કલ્પે. જો સ્થવિર આજ્ઞા ન આપે તો ન કલ્પે. જો સ્થવિરોની આજ્ઞા પ્રાપ્ત કર્યા વિના 'અભિનિચારિકા' કરે તો તે છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

**[૧૧૪]** ચર્યામાં પ્રવિષ્ટ સાધુ જો ચાર-પાંચ રાત્રિની અવધિમાં સ્થવિરોને જુએ તો તે સાધુઓને તે જ આલોચના તે જ પ્રતિક્રમલ અને કલ્પ પર્યન્ત રહેવાને માટે તે અવગ્રહની જ પૂર્વાનુજ્ઞા રહેતી હોય છે.

**[૧૧૫]** ચર્યામાં પ્રવિષ્ટ સાધુ જો ચાર-પાંચ રાત્રિ પછી સ્થવિરોને મળે તો તે પુનઃ આલોચના પ્રતિક્રમણ કરે અને આવશ્યક છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તમાં ઉપસ્થિત થાય.

ભિક્ષુભાવને માટે તેને બીજી વખત અવગ્રહની અનુમતિ લેવી જોઈએ. તે આ પ્રકારે પ્રાર્થના કરે કે 'હે ભદંત; મિતાવગ્રહમાં વિચરવાને માટે કલ્પ અનુસાર કરવાને માટે ધ્રુવ નિયમોને માટે દૈનિક ક્રિયા કરવાને માટે આજ્ઞા આપો. તથા ફરી આવવાની અનુજ્ઞા આપો. એમ કહીને તે તેમની કાય સ્પર્શના કરે.

**[૧૧૬]** ચર્યાથી નિવૃત્ત કોઈ સાધુ જો ચાર-પાંચ રાત્રિની અવધિમાં સ્થવિરોને મળે તો તેમને તે જ આલોચના, તે પ્રતિક્રમણ અને કલ્પ પર્યન્ત રહેવાને માટે તે અવગ્રહની પૂર્વાનુજ્ઞા રહે છે.

**[૧૧૭]** ચર્યાથી નિવૃત્ત સાધુ જો ચાર-પાંચ રાત્રિ પછી સ્થવિરોને મળે તો તે પુનઃ આલોચના પ્રતિક્રમણ કરે. આવશ્યક છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તમાં ઉપસ્થિત થાય.

ભિક્ષુભાવને માટે તેણે બીજીવાર અવગ્રહની અનુમતિ લેવી જોઈએ. તે આ પ્રમાણે પ્રાર્થના કરે કે 'મને મિતાવગ્રહની યથાલંદકલ્પની ધ્રુવ, નિત્ય, ક્રિયા કરવાની અને ફરી આવવાની અનુમતિ આપો આમ કહીને તે તેમના ચરણને સ્પર્શે.

**[૧૧૮]** બે સાધર્મિક સાધુ એક સાથે વિચરતા હોય જેમ કે અલ્પ દીક્ષા પર્યાયવાળા અને અધિક દીક્ષા પર્યાયવાળા તેમાં જો અલ્પ દીક્ષા પર્યાયી શ્રુત સંપન્ન અને શિષ્ય સંપન્ન હોય અને અધિક દીક્ષા પર્યાયી શ્રુત સંપન્ન તથા શિષ્ય સંપન્ન ન હોય તો પણ અલ્પ દીક્ષા પર્યાતીએ અધિક દીક્ષા પર્યાયીની વિનય-વૈયાવચ્ચ કરવી, આહાર લાવીને આપવો, સમીપ રહેવું. અલગ વિચરવાને શિષ્ય દેવો-વગેરે કર્તવ્યોનું પાલન કરવું જોઈએ.

**[૧૧૯]** બે સાધર્મિક સાધુ સાથે વિચરતા હોય જેમ કે અલ્પદીક્ષા પર્યાયી, અધિક દીક્ષા પર્યાયી જો અધિક પર્યાયી શ્રુત અને શિષ્યોથી સંપન્ન હોય, અલ્પ દીક્ષા પર્યાયી તેમ ન હોય. તો અધિક દીક્ષા પર્યાયી તેમ ન હોય. તો અધિક દીક્ષા પર્યાયવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈચ્છેતો અલ્પ દીક્ષા પર્યાયીની વૈયાવચ્ચ કરે ઈચ્છા ન હોય તો ન કરે. એ પ્રમાણે આહાર દાનાદિમાં પણ જાણવું.

**[૧૨૦ થી ૧૨૨]** એક સાથે વિચરતાં (૧) બે સાધુ હોય (૨) બે ગણાવચ્છેદક હોય (૩) બે આચાર્ય કે ઉપાધ્યાય હોય. તો તેઓને પરસ્પર એકબીજાને સમાન સ્વીકારી સાથે વિચરવું નકલ્પે. પરંતુ તે બંનેમાં જે રત્નાધિક હોય તેને (૧) સાધુને (૨) ગણાવચ્છેદકને (૩) આચાર્ય-ઉપાધ્યાયને પોત-પોતાના અગ્રણી રૂપે સ્વીકારીને સાથે વિચરવું કલ્પે છે.

**[૧૨૩ થી ૧૨૫]** એક સાથે ઘણાંજ (૧) સાધુ (૨) ગણાવચ્છેદકો (૩) આચાર્ય-ઉપાધ્યાયો વિચરતા હોય તો તેઓને પરસ્પર સમાન સ્વીકારી વિચરવું ન કલ્પે. પરંતુ જે રત્નાધિક હોય તેમને અગ્રણી સ્વીકારી સાથે વિચરવું કલ્પે.

**[૧૨૬]** ઘણાં ભિક્ષુ, ઘણાં ગણાવચ્છેદક અને ઘણાં આચાર્ય અથવા ઉપાધ્યાયો એક સાથે વિચરતાં હોય. તેમને પરસ્પર એક બીજાને સમાન માની વિચરવું ન કલ્પે. કોઈ રત્નાધિકને અગ્રણી સ્વીકારીને વિચરવું કલ્પે.

**વ્યવહારસૂત્ર-ઉદ્દેશા-૪ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૫ ✵

• *વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૧૨૭ થી ૧૪૭ એટલે કુલ-૨૧ સુત્ર છે. જેનો ક્રમશઃ સૂત્રાનુવાદ આ પ્રમાણે છે.*

**[૧૨૭]** શીયાળા અને ઉનાળામાં પ્રવર્તિની સાધ્વીને એક બીજી સાધ્વી સાથે લઈને વિહાર કરવો ન કલ્પે.

**[૧૨૮]** શીયાળા અને ઉનાળામાં પ્રવર્તિની સાધ્વીને બીજા બે સાધ્વી સાથે લઈને વિહાર કરવો કલ્પે છે.

**[૧૨૯, ૧૩૦]** શીયાળા અને ઉનાળામાં ગણાવચ્છેદિનીને બીજા બે સાધ્વી સાથે લઈને વિહાર કરવો ન કલ્પે... પરંતુ બીજા ગણ સાધ્વી સાથે લઈને વિહાર કરવાનું કલ્પે છે.

**[૧૩૧, ૧૩૨]** વર્ષાવાસ-ચોમાસામાં પ્રવર્તિનીને બીજા બે સાધ્વી સાથે રહીને રહેવું ન કલ્પે... પરંતુ બીજા ત્રણ સાધ્વીઓ સાથે ચોમાસામાં રહેવું કલ્પે છે.

**[૧૩૩, ૧૩૪]** વર્ષાવાસ-ચોમાસામાં ગણાવચ્છેદિનીને બીજા ત્રણ સાધ્વીઓ સાથે રહેવાનું કલ્પતું નથી... પરંતુ બીજા ચાર સાધ્વીઓ સાથે રહેવાનું કલ્પે છે.

**[૧૩૫]** શીયાળા અને ઉનાળાની ઋતુમાં અનેક પ્રવર્તિનીઓને ગામ યાવત્ રાજધાનીમાં પોત-પોતાની નિશ્રામાં બબ્બે સાધ્વીઓને સાથે લઈને અને અનેક ગણાવચ્છેદિનીઓને ત્રણ ત્રણ બીજા સાધ્વીઓ સાથે લઈને વિહાર કરવો કલ્પે છે.

**[૧૩૬]** વર્ષાવાસ-ચોમાસામાં અનેક પ્રવર્તિતીઓને યાવત્ રાજધાનીમાં પોત-પોતાની નિશ્રામાં ત્રણ-ત્રણ બીજા સાધ્વીઓ સાથે લઈને અને અનેક ગણાવચ્છેદિનીઓને બીજાં ચાર-ચાર અન્ય સાધ્વી સાથે લઈને રહેવાનું કલ્પે છે.

**[૧૩૭]** ગ્રામાનુગ્રામ વિચરતા સાધ્વીઓ જેને અગ્રણીમાનીને વિહાર કરતા હોય તે કાળધર્મ પામે ત્યારે બાકી સાધ્વીઓમાં જે સાધ્વી યોગ્ય હોય તેને અગ્રણી બનાવવા જોઈએ. જો કોઈ અન્ય સાધ્વી અગ્રણી થવા યોગ્ય ન હોય અને સ્વયં પણ નિશીથ આદિ અધ્યયન પૂર્ણ કરેલ ન હોય તો તેણે માર્ગમાં એક-એક રાત્રિ રોકાતા જે દિશામાં બીજા સાધર્મિણી સાધ્વીએ વિચરતા હોય તે દિશામાં જવું જોઈએ.

માર્ગમાં તેમને વિચરવાના લક્ષ્યથી રોકાવું ન કલ્પે. જો રોગાદિ કારણ હોય તો રોકાવું કલ્પે છે. રોગાદિ સમાપ્ત થતાં જો કોઈ કહે કે હે આર્યા ! એક કે બે રાત્રિ રોકાઓ તો તેમને એક કે બે રાત્રિ રહેવું કલ્પે. પરંતુ તેનાથી અધિક રહેવું ન કલ્પે.

જો સાધ્વી તેનાથી અધિક રોકાય, તો મર્યાદા ઉલ્લંઘનને કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

**[૧૩૮]** વર્ષાવાસમાં રહેલ સાધ્વી જેને અગ્રણી માનીને રહેલ હોય તે કાળધર્મ પામે તો બાકીના સાધ્વીમાં જે સાધ્વી યોગ્ય હોય તેને અગ્રણી બનાવવા જોઈએ. શેષ આલાવો સૂત્ર-૧૩૭ મુજબ છે.

**[૧૩૯]** બિમાર પ્રવર્તિની કોઈ પ્રમુખ સાધ્વીને કહે હે આર્ય ! મારા કાળધર્મ બાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમુક સાધ્વીને મારા પદ ઉપર સ્થાપિત કરવી. જો પ્રવર્તિનીએ કહેલ તે સાધ્વી તે પદે સ્થાપના માટે યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવી જોઈએ. જો તે એ પદે સ્થાપન કરવાને યોગ્ય ન હોય તો તેને સ્થાપિત ન કરવી.

જો સમુદાયમાં બીજા કોઈ સાધ્વી તે પદને યોગ્ય હોય તો સ્થાપિત કરવા જોઈએ. જો સમુદાયમાં બીજા કોઈપણ સાધ્વી તે પદને યોગ્ય ન હોય તો પ્રવર્તિનીએ કહેલ સાધ્વીને જ ત્યાં સ્થાપવા.

તેણીને તે પદે સ્થાપિત કર્યા પછી કોઈ ગીતાર્થા સાધ્વી કહે કે હે આર્ય ! તમે આ પદને.અયોગ્ય છો, તેથી આ પદ છોડી દો જો તેણી તે પદને છોડી દે તો તે છેદ કે તપ પ્રાયશ્ચિત્ત પાત્ર ન થાય. જો સાધર્મિણી સાધ્વીઓ કલ્પ અનુસાર તેને પ્રવર્તિની પદ છોડવા ન કહે તો તે બધા સાધ્વીઓ છેદ કે તપ પ્રાયશ્ચિત્ત પાત્ર થાય.

**[૧૪૦]** સંયમનો ત્યાગ કરીને જનારી પ્રવર્તિની કોઈ મુખ્ય સાધ્વીને કહે કે હે આર્ય ! હું ચાલી જાઉં પછી અમુક સાધ્વીને મારા પદ ઉપર સ્થાપિત કરજો. શેષ આલાચો સૂત્ર-૧૩૯ મુજબ છે.

**[૧૪૧]** નવદીક્ષિત, બાલ અને તરુણ સાધ્વીને જો આચારપ્રકલ્પ અધ્યયન ભૂલાઈ જાય તો તેણીને પૂછવું કે હે આર્ય ! તું ક્યા કારણે આચારપ્રકલ્પ અધ્યયન ભૂલી ગઈ છો, કોઈ કારણથી ભૂલી છો કે પ્રમાદથી ? જો તેણી કહે કે કોઈ કારણથી નહીં પણ પ્રમાદથી ભૂલી ગયેલી છું. તો તેણીને તે કારણે જીવન પર્યન્ત પ્રવર્તિની કે ગણાવચ્છેદણી પદ આપવું કે ધારણ કરવું ન કલ્પે.

જો તેણી કહે કે અમુક કારણે વિસ્મૃત થયેલ છે. હવે હું આચારપ્રકલ્પ ફરી કંઠસ્થ કરી લઈશ એમ કહીને કંઠસ્થ કરી લે તો તેને પ્રવર્તિની કે ગણાવચ્છેદણી પદ દેવું કે ધારણ કરવું કલ્પે પરંતુ જો તે આચારપ્રકલ્પ પુનઃ કંઠસ્થ ન કરે તો તેણીને પ્રવર્તિની કે ગણાવચ્છેદણી પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

**[૧૪૨]** નવદીક્ષિત, બાલ, તરુણ સાધુ જો આચાર પ્રકલ્પ અધ્યયન ભૂલી જાય તો આખો આલાવો સૂત્ર-૧૪૧ મુજબ જાણવો.

વિશેષ એ કે પદવીમાં આચાર્ય યાવત્ ગણાવચ્છેદક કહેવું.

**[૧૪૩]** સ્થવિરત્વ પ્રાપ્ત સ્થવિર જો આચારપ્રકલ્પ અધ્યયન ભૂલી જાય તો પણ તેમને આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે. [જો તે ફરી યાદ કરી લે તો.]

**[૧૪૪]** સ્થવિરત્વ પ્રાપ્ત સ્થવિર તે વિસ્મૃત અધ્યયનને બેઠા, સુતા, ઉત્તાનાસને કે પડખે સૂઈને પણ તે બે-ત્રણ વખત પૂછીને સ્મરણ કરવું કે પુનરાવૃત્તિ કરવી કલ્પે.

**[૧૪૫]** જો સાધુ-સાધ્વી સાંભોગિક [એક માંડલીવાળા] છે, તેમને પરસ્પર એક-બીજાની પાસે આલોચના કરવી ન કલ્પે. જો સ્વપક્ષમાં કોઈ આલોચના સાંભળવાને યોગ્ય હોય તો તેમની પાસે આલોચના કરવી કલ્પે. જો સ્વપક્ષમાં સાંભળવા યોગ્ય ન હોય તો સાધુ-સાધ્વીને પરસ્પર આલોચના કરવી કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૪૬] સાંભોગિક સાધુ-સાધ્વીને પરસ્પર વૈયાવચ્ચ કરવી ન કલ્પે. શેષ આલાવો સૂત્ર-૧૪૫ મુજબ જ જાણવો.

[૧૪૭] જો કોઈ સાધુ કે સાધ્વીને રાત્રે કે વિકાલે સર્પ ડસે અને તે સમયે સ્ત્રી સાધુની અને પુરુષ સાધ્વીની સર્પદંશ ચિકિત્સા કરે તો તેમ ઉપચાર કરાવવો તેમને કલ્પે છે. ત્યારે પણ તેમનું સાધુપણું રહે છે. તથા તેઓ પ્રાયશ્ચિત્તને પાત્ર થતાં નથી. આ સ્થાવિરકલ્પી સાધુઓનો આચાર છે.

જિન કલ્પીને એ રીતે ઉપચાર કરાવવો ન કલ્પે કેમ કે તો જિન કલ્પ ન રહે અને તેઓ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે. તે જિનકલ્પી નો આચાર છે.

**વ્યવહારસૂત્ર-ઉદ્દેશા-૫ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ ઉદ્દેશો-૬ ✵

• *વ્યવહારસૂત્રના આ ઉદ્દેશોમાં સૂત્ર-૧૪૮ થી ૧૫૯ એટલે કે કુલ-૧૨ સૂત્રો છે જેનો ક્રમશઃ સૂત્રાનુવાદ આ પ્રમાણે છે.–*

**[૧૪૮]** જો કોઈ સાધુ સ્વજનોને ઘેર ગૌચરી જવા ઈચ્છેતો સ્થવિરોને પૂછ્યા વિના જવું ન કલ્પે. સ્થાવિરોને પૂછીને જવું કલ્પે. સ્થવિર આજ્ઞા આપે તો સ્વજનોને ઘેર જવું કલ્પે છે અને જો આજ્ઞા ન આપે તો કલ્પતું નથી. સ્થિરોની આજ્ઞા વિના જો સ્વજનોના ઘેર જાય તો છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તના પાત્ર થાય છે.

અલ્પશ્રુત અને અલ્પ આગમજ્ઞ એકલા સાધુ અને એકલી સાધ્વીને સ્વજનોને ઘેર જવાનું કલ્પતું નથી. પરંતુ સમુદાયમાં જે બહુશ્રુત અને બહુ આગમજ્ઞ સાધુ હોય તેમની સાથે સ્વજનોને ઘેર જવાનું કલ્પે છે.

એ પ્રમાણે સ્વજનોના ઘેર સાધુના આગમન પૂર્વે જે આહાર અગ્નિ આદિથી દૂર હોય તે લેવો કલ્પે પછી અગ્નિ આદિ થી દૂર રખાય તે લેવો ન કલ્પે.

**[૧૪૯]** આચાર્ય અને ઉપાધ્યાયને ગણમાં પાંચ અતિશય કહેવાયેલા છે. જેમ કે આચાર્ય અને ઉપાધ્યાય :-

(૧) ઉપાશ્રયમાં ધૂળવાળા પગે આવે પછી પોતાના પગોને કપડાંથી પોંછે કે પ્રમાર્જે તો મર્યાદા ભંગ ન થાય.

(૨) ઉપાશ્રયમાં મળમૂત્ર ત્યાગે કે શુદ્ધિ કરે

(૩) ઈચ્છા હોય તો વૈયાવચ્ચ કરે, ન ઈચ્છા હોયતો ન કરે તો પણ સશક્ત એવા તેમને મર્યાદા ભંગ ન થાય.

(૪) કારણ વિશેષથી જો એક-બે રાત્રિ એકલા રહે

(૫) કારણ વિશેષથી ઉપાશ્રય બહાર પણ એક-બે રાત્રિ એકલા રહે તો મર્યાદાનું ઉલ્લંઘન થતું નથી.

**[૧૫૦]** ગણમાં ગણાવચ્છેદકના બે અતિશય કહેલા છે. જેમકે (૧) ઉપાશ્રયમાં કે (૨) ઉપાશ્રય બહાર કારણ વિશેષથી જો એક કે બે રાત્રિ એકલા રહેતો મર્યાદા ઉલ્લંઘન ન થાય.

**[૧૫૧]** ગામ યાવત્ રાજધાનીમાં એક પ્રાકારવાળા એક દ્વારા વાળા એક નિષ્કમણ પ્રવેશવાળા ઉપાશ્રયમાં અનેક અકૃતશ્રુત સાધુને એક સાથે રહેવાનું કલ્પતું નથી.

**[૧૫૨]** ગામ યાવત્ રાજધાનીમાં અનેક પ્રાકારવાળા અનેક દ્વારવાળા અનેક નિષ્ક્રમણ-પ્રવેશ વાળા ઉપાશ્રયમાં અનેક અલ્પજ્ઞ સાધુને સાથે રહેવું કલ્પતું નથી.

જો કોઈ આચાર પ્રકલ્પછર ત્રીજે દિવસે પણ તેમની સાથે રહેતો તે છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તના પાત્ર ન થાય.

જો તેનામાં કોઈ આચાર પ્રકલ્પધર ન આવે તો તે મર્યાદા ઉલ્લંઘનને કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્ત પાત્ર બને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૧૫૩]** ગામ યાવત્ રાજદાનીમાં અનેક વાડવાળા અનેક નિષ્ક્રમણ પ્રવેશવાળા ઉપાશ્રયમાં એકલા રહેવું બહુશ્રુત અને બહું આગમજ્ઞ સાધુને ન કલ્પે.

**[૧૫૪]** ગામ યાવત્ રાજધાનીમાં એક વાડવાળા એક દ્વારવાળા, એક નિષ્ક્રમણ પ્રવેશવાળા, ઉપાશ્રયમાં બહુશ્રુત અને બહુ આગમજ્ઞ સાધુને એકલું રહેવું, બંને સમય સંયમ ભાવની જાગૃતિ રાખવા પૂર્વકનું કલ્પે છે.

**[૧૫૫]** જ્યાં અનેક સ્ત્રી પુરુષો મોહોદયથી મૈથુન સેવન કરતા હોય, ત્યાં (તે જોઈને) કોઈ સાધુ હસ્તકર્મના સંકલ્પથી કોઈ અચિત્ત સ્રોતમાં શુક્રપુદ્ગલ કાઢે તો તેમને અનુદ્ઘાતિક માસિક પ્રાયશ્ચિત્ત આવે છે.

જ્યાં અનેક સ્ત્રી-પુરુષો મૈથુન સેવન કરે છે, ત્યાં જો સાધુ મૈથુન સેવનના સંકલ્પથી કોઈ સચિત્ત સ્રોતમાં શુક્ર પદ્ગલ કાઢે તો તેને અનુદ્ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે.

**[૧૫૬]** ખંડિત, શબલ, ભિન્ન અને સંકલિષ્ટ આચારવાળી બીજા ગણથી આવેલી સાધ્વીને સેવિત દોષની આલોચના પ્રતિક્રમણ નિંદા, ગર્હા, વ્યુત્સર્ગ અને આત્મ શુદ્ધિ ન કરાવી લે અને ભવિષ્યમાં પુનઃ પાપ સ્થાન સેવન ન કરવાની પ્રતિજ્ઞા કરાવીને દોષાનુરૂપ પ્રચશ્ચિત્ત સ્વીકાર ન કરાવી લે ત્યાં સુધી સાધુ અને સાધ્વીઓને તેણીને ફરી

(૧) ચારિત્રમાં ઉપસ્થાપિત કરવાનું.

(૨) તેની સાથે સાંભોગિક (માંડલી) વ્યવહાર કરવો.

(૩) તેણીને સાથે રાખવી.

આ ત્રણેમાંથી કશું કલ્પે નહીં.

તેણીને અલ્પકાલ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું પણ કલ્પતું નથી.

**[૧૫૭]** જો અન્ય ગણથી આવેલ સાધ્વી હોય તો યાવત્ સ્થાનની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, વ્યુત્સર્ગ, નિશુદ્ધિ કરે, ફરી પાપ કર્મ ન કરવામાટે ઉદ્યત થાય. તો તેમને યથાયોગ્ય પ્રચશ્ચિત્ત તપોકર્મનો સ્વીકાર કરાવીને ઉપસ્થાપિત કરવા કે ધારણ-સ્વીકાર કરવાનું કલ્પે છે.

**[૧૫૮]** ખંડિત યાવત્ સંક્લિષ્ટ આચારવાળા હોય અને અન્ય ગણથી આવેલ હોય એવા સાધુને–

સેવિત દોષની આલોચના યાવત્ દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વાકર ન કરાવી લે ત્યાં સુધી સાધુ અને સાધ્વીઓએ તેને ફરી

(૧) ચારિત્રમાં ઉપસ્થાપિત કરવો.

(૨) તેની સાથે સાંભોગિક માંડલી વ્યવહાર કરવો

(૩) તેને સાથે રાખવો.

આ ત્રણમાંથી કશું કલ્પે નહીં.

તેણીને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ કલ્પતું નથી.

[૧૫૯] પરંતુ જો કોઈ સાધુ અન્યગણથી આવેલ હોય તે ભલે ખંડિત આચારાદિ વાળો પણ હોય–

તો પણ સાધુ-સાધ્વીઓ તે સાધુને જો

(૧) તે દોષ સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કરાવે–

(૨) યથા યોગ્ય પ્રાયશ્ચિત્તનો સ્વીકર કરાવે–

(૩) ફરી તે પાપ ન કરવા માટે ઉધન પણ થાય–

તો તે સાધુને ઉપસ્થાપિત કરવાનું સાંભોગિક કરવાનું અર્થાત્ તેની સાથે માંડલી વ્યવહાર કરવાનું કે તેની સાથે વસવાનું કલ્પે છે.

તેને અલ્પકાલિક દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું પણ કલ્પે છે.

**વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૬ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❋ ઉદ્દેશો-૭ ❋

*• વ્યવહારસૂત્રના આ ઉદ્દેશોમાં સૂત્ર-૧૬૦ થી ૧૮૬ એટલે કે કુલ-૨૮ સૂત્રો છે, તેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે–*

**[૧૬૦]** જે સાધુ-સાધ્વી સાંભોગિક એક માંડલીવાવા છે. તેમાં કોઈ સાધુ પાસે, કોઈ બીજી ગણથી ખંડિત યાવત્ સંકિલષ્ટ આચારવાળી સાધ્વી આવે તો સાધુને પૂછ્યા સિવાય અને તેના પૂર્વ સેવિત દોષોની આલોચના યાવત્ દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરાવ્યા વિના તેને પ્રશ્ન પૂછવા, વાંચવા દેવી, ચારિત્રમાં ફરી ઉપસ્થાપિત કરવા, તેની સાથે બેસીને ભોજન કરવું અને સાથે રાખવાનું કલ્પતું નથી તથા તેને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવા પણ ન કલ્પે.

**[૧૬૧, ૧૬૨]** નિર્ગ્રન્થની પાસે જો કોઈ અન્યગણથી ખંડિત યાવત્ સંક્લિષ્ટ આચારવાળી સાધ્વી આવે તો સાધુને પૂછીને કે પૂછ્યા વિના સેવિત દોષની આલોચના યાવત્ દોષ અનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારવી તેને પ્રશ્ન પૂછવા યાવત્ સાથે રાખવાનું કલ્પે છે. પરંતુ જો સાધ્વીઓ તેને રાખવા ન ઈચ્છે તો તેણીને તેના ગણમાં ફરી ચાલ્યા જવું પડે.

**[૧૬૩]** જે સાધુ-સાધ્વી સાંભોગિક છે. તેમાં નિર્ગ્રન્થને પરોશ્રમાં સાંભોગિક વ્યવહાર બંધ કરીને તેમને વિસંભોગી કરવા કલ્પે છે. તેમને પ્રત્યક્ષ કહે કે હે આર્ય ! ‘હું અમુક કારણથી તમારી સાથે સાંભોગિક વ્યવહાર બંધ કરીને તને વિસંભોગી કરું છું.’ એમ કહેવાથી જો તે પશ્ચાત્તાપ કરે તો પ્રત્યક્ષમાં પણ તેને વિસંભોગી કરવો ન કલ્પે. પણ જો તે પશ્ચાત્તાપન કરે તો પ્રત્યક્ષમાં તેની સાથે વ્યવહાર બંધ કરી વિસંભોગી કરવો કલ્પે છે.

[૧૬૪] જે સાધુ-સાધ્વી સાંભોગિક છે. તેમાં સાધ્વીને પ્રત્યક્ષમાં માંડલી વ્યવહાર બંધ કરી વિસંભોગી કરવી ન કલ્પે. પરંતુ પરોક્ષમાં વિસંભોગી કરવી કલ્પે છે.

જ્યારે તે પોતાના આચાર્ય કે ઉપાધ્યાય પાસે જાય ત્યારે તેમને એમ કહે કે ‘હું અમુક સાધ્વી સાથે અમુક કારણે પરોક્ષ રૂપમાં સાંભોગિક વ્યવહાર બંધ કરી તેને વિસંભોગી કરવા ઈચ્છું છું. ત્યારે તે સાધ્વી જો પશ્ચાતાપ કરે તો તેની સાથે પરોક્ષમાં પણ સાંભોગિક વ્યવહાર બંધ કરીને તેને વિસંભોગી કરવી ન કલ્પે. પશ્ચત્તાપ ન કરે તો કલ્પે.

[૧૬૫] સાધ્વીને પોતાની શિષ્યા બનાવવા માટે દીક્ષાદેવી, મુંડિત કરવી. શિક્ષિત કરવી, ચારિત્રમાં પુનઃ ઉપસ્થાપિત કરવી, તેની સાથે રહેવું, સાથે બેસીને ભોજન કરવા માટે નિર્દેશ કરવો નિર્ગ્રન્થ ન કલ્પે તથા અલ્પકાળને માટે તેને દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો અને તેને ધારણ કરવાનું ન કલ્પે.

[૧૬૬] બીજા સાધ્વીની શિષ્યા બનાવવાને માટે કોઈ સાધ્વીને દીક્ષા દેવુ યાવત્ ધારણ કરવાનું સાધુને કલ્પે.

[૧૬૭] સાધુને પોતાનો શિષ્ય બનાવવામાટે દીક્ષાદેવી યાવત્ સાથે બેસીને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોજન કરવાને માટે નિર્દેશ કરવો, સાધ્વીને કલ્પતો નથી તથા અલ્પકાલને માટે તેની દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો તથા ધારણ કરવું ન કલ્પે.

[૧૬૮] સાધુને બીજા સાધુનો શિષ્ય બનાવવા માટે દીક્ષાદેવી સાથે બેસી ભોજન કરવાને માટે નિર્દેશ કરવો સાધ્વીને કલ્પે છે. તથા અલ્પકાવને માટે તેની દિશા કે અનુદિશાનો નિર્દેશાદિ કલ્પે છે.

[૧૬૯] સાધ્વીને દૂર રહેલ પ્રવર્તિની કે ગુરુણીને ઉદ્દેશ કરવો કે ધારણ કરવું ન કલ્પે.

[૧૭૦] સાધુને દૂર રહેલ આચાર્ય કે ગુરુ આદિનો ઉદ્દેશ કરવો ને ધારણ કરવું કલ્પે છે.

[૧૭૧] સાધુઓમાં જો પરસ્પર કલહ થઈ જાય તો તેને દૂર ક્ષેત્રમાં રહીને જ ઉપશાંત થવું કે ક્ષમાયાચના કરવી ન કહ્યાં.

[૧૭૨] સાધ્વીઓમાં જો પરસ્પર કલહ થઈ જાય તો તેને દૂરવર્તી ક્ષેત્રમાં રહીને પણ ઉપશાંત થવું કે ક્ષમાયાચના કરવી કલ્પે છે.

[૧૭૩] સાધુને વ્યતિકૃષ્ટ કાળમાં [ઉત્કાલિક આગમના સ્વાધ્યાય કાળમાં કાલિક આગમનો] સ્વાધ્યાય કરવો ન કલ્પે.

[૧૭૪] સાધુની નિક્ષામાં સાધ્વીને વ્યતિકૃષ્ટ કાળમાં પણ સ્વાધ્યાય કરવો કલ્પે.

[૧૭૫] સાધુ અને સાધ્વીને અસ્વાધ્યાય કાળમાં સ્વાધ્યાય કરવો કલ્પતો નથી.

[૧૭૬] સાધુ અને સાધ્વીને સ્વાધ્યાયકાળમાં સ્વાધ્યાય કરવાનું કલ્પે છે [સ્વાધ્યાય કાળ અન્યત્રથી જણાવો.]

[૧૭૭] સાધુ અને સાધ્વીને સ્વશરીર સંબંધી અસ્વાધ્યાય હોય તો સ્વાધ્યાય કરવો ન કલ્પે.

પરંતુ પરસ્પર એકબીજાને વાચના આપવી કલ્પે છે.

[૧૭૮] ત્રીશ વર્ષના શ્રમણપર્યાયવાળા આધ્વીને ઉપાધ્યાયનાં રૂપમાં ત્રણ વર્ષના શ્રમણપર્યાય વાળા સાધુને સ્વીકારવા કલ્પે.

[૧૭૯] સાઈઠ વર્ષના શ્રમણ પર્યાયવાળા સાધ્વીને આચાર્ય અથવા ઉપાધ્યાય રૂપે પાંચ વર્ષના શ્રમણ પર્યાયવાળા સાધુનો સ્વીકાર કરવો કલ્પે છે.

[૧૮૦] ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ જો અકસ્માત માર્ગમાં મૃત્યુને પ્રાપ્ત થઈ જાય અને તેના શરીરને કોઈ સાધુ જુએ અને એમ જાણે કે અહીં કોઈ ગૃહસ્થ નથી તો તે મૃત સાધુના શરીરને એકાંત નિર્જીવ ભૂમિમાં પ્રતિલેખન અને પ્રમાર્જના કરીને પરઠવવાનું કલ્પે છે – જો તે મૃત શ્રવણના કોઈ ઉપકરણ ઉપયોગમાં લેવા યોગ્ય હોય તો તેને સાગરકૃત ગ્રહણ કરી ફરી આચાર્યદિની આજ્ઞા લઈને ઉપયોગમાં લેવાનું કલ્પે છે.

[૧૮૧] શય્યાદાતા જો ઉપાશ્રયને ભાડે આપે અને ભાડે લેનાર વ્યક્તિનું એમ કહે કે 'આટલા આટલાં સ્થાનમાં' સાધુ રહે છે.

આ પ્રમાણે કહેનાર ગૃહસ્વામી સાગરિક છે. તેથી તેના ઘેર આહારાદિ લેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પતા નથી.

જો શય્યાતર કંઈ ન કહે, પણ ભાડે લેનાર કહે તો તે શય્યાતર છે, તેથી પરિહાર્ય છે.

જો ભાડે લેનાર અને દેનાર બંને કહે તો બંને શય્યાતર છે તેથી બંને પરિહાર્ય છે.

[૧૮૨] શયયાતર જો ઉપાશ્રયવેચે અને ખરીદનારને એમ કહે કે 'આટલા-આટલા સ્થાનમાં શ્રમણ નિર્ગ્રન્થ રહે છે' તો તે શય્યાતર પરિહાર્ય છે.

વેચનાર ન કહે અને ખરીદનાર કહે તો તે શય્યાતર છે.

વેચનાર-ખરીદનાર બંને કહે તો બંને શય્યાતર છે.

[૧૮૩] પિતાના ઘેર જીવન વિતાવતી વિધવાની પણ આજ્ઞા લઈ શકાય છે. તો પછી પુત્ર, ભાઈ કે પિતાની આજ્ઞા લઈ શકાય તેમાંતો વિચારવાનું જ શું હોય ?

[૧૮૪] જો માર્ગમાં રોકાવાનું હોય તો તે સ્થાનની પણ આજ્ઞા ગ્રહણ કરવી જોઈએ.

[૧૮૫] રાજાના મૃત્યુ પછી નવા રાજાનો અભિષેક હોય પરંતુ અવિભક્ત અને શત્રુઓ દ્વારા અનાક્રાંત રહે, રાજવંશ અવિચ્છિન્ન રહે અને રાજ્ય વ્યવસ્થા પૂર્વવત રહે તો સાધુ-સાધ્વીઓને માટે પૂર્વગ્રહીત આજ્ઞા જ અવસ્થિત રહે છે.

[૧૮૬] રાજાના મૃત્યુ પછી નવા રાજાનો અભિષેક હોય અને તે સમયે રાજ્ય વિભક્ત થઈ જાય, કે શત્રુ દ્વારા આક્રાંત થઈ જાય રાજવંશ વિચ્છિન્ન થઈ જાય કે રાજ્ય વ્યવસ્થા પરિવર્તિત થઈજાય તો સાધુ-સાધ્વીને સંયમ મર્યાદાની રક્ષા માટે ફરીવાર આજ્ઞા લેવી જોઈએ.

**વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૭ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ✹ ઉદ્દેશો-૮ ✹

● *વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૧૮૭ થી ૨૦૨ છે. એટલે કે કુલ-૧૬ સૂત્રો છે. જેના ક્રમશઃ સૂત્રાનુવાદ આ પ્રમાણે–*

[૧૮૭] શીયાળા કે ઉનાળામાં કોઈને ઘેર રોકાવા માટે રહેલ સાધુ તે ઘરના કોઈ વિભાગના સ્થાનમાં 'જે-જે અનુકૂળ સ્થાન કે સંથારો મળે તે તે હું ગ્રહણ કરું ' આવો સંકલ્પ હોય તો પણ જો સ્થવિર તે સ્થાન માટે આજ્ઞા આપે તો ત્યાં શય્યા-સંથારો ગ્રહણ કરવો ને કલ્પે. સ્થવિર આજ્ઞા ન આપે રત્નાધિકના ક્રમે શય્યા-સંથારો ગ્રહણ કરવો કલ્પે છે.

[૧૮૮] શ્રમણ યથાસંભવ હલકા વજનના શય્યા-સંથારાને શોધે. તે એક હાથે લાવી શકાય તેટલો હલકો હોવો જોઈએ. તેવો સંથારો એક-બે-ત્રણ દિવસ સુધી તે વસતીથી ગળેષણા કરીને લાવી શકાય છે, એવા પ્રયોજનથી કે મને આ સંથારો શીયાળા કે ઉનાળામાં કામ આવશે.

[૧૮૯] શ્રમણ યથાસંભવ હલકા વજનના શય્યા-સંથારાને શોધે યાવત્ તે વસતીથી કે નિકટની બીજી વસતીથી શોધીને લાવી શકે યાવત્ તે ચોમાસામાં કામ આવશે.

[૧૯૦] શ્રમણ યથાસંભવ હલકા વજનના શય્યા-સંથારાને શોધે યાવત્ તે વસતાથી કે બીજી ફરતી વસતીથી ગવેષણા કરીને લાવી શકે જે સંથારો વૃદ્ધાવાસમાં કામ આવે.

[૧૯૧] સ્વવિરત્થ પ્રાપ્ત સ્થવિરોને દંડ, ભાંડ, છત્ર, માત્રક, લાઠી, કાષ્ઠાસન, વસ્ત્ર, વસ્ત્રની ચિલિમિલિકા ચર્મ, ચર્મકોષ, ચર્મ પરિચ્છદનક અવિરહિત સ્થાને રાખીને ગૃહસ્થના ઘેર આહાર માટે જવું આવવું કલ્પે છે. ગૌચરી લઈ પણ પાછા ફરતા જેની દેખરેખમાં દંડાદિ રાખેલા હોય તેની ફરીવાર આજ્ઞા લઈ ગ્રહણ કરવા કલ્પે.

[૧૯૨] સાધુ-સાધ્વીઓને બહારથી લાવેલ પ્રતિહારિક શય્યા-સંથારો કે શય્યાતરના શય્યા-સંસ્તારક બીજી વખત આજ્ઞા લીધા વિના બીજે લઈ જવું ન કલ્પે.

[૧૯૩] સાધુ-સાધ્વીને બહારથી લાવેલ પ્રતિહાસિક કે શય્યાતરના શય્યા-સંસ્તારક બીજી વખત આજ્ઞા લઈને જ બહાર બીજે સ્થાને લઈ જવા કલ્પે છે.

[૧૯૪] સાધુ-સાધ્વીને બહારથી લાવેલ પ્રતિહારિક કે શય્યાતરના શય્ય સંસ્તારક સર્વથા સોંપ્યા પછી બીજી વખત આજ્ઞા લીધાવિના કામમાં લેવા ન કલ્પે.

[૧૯૫] સાધુ-સાધ્વીને બહારથી લાવેલ પ્રતિહારિક કે શય્યાતરતા શય્યા-સંસ્તારક સર્વથા સોંપ્યા પછી બીજી વખત આજ્ઞા લઈને કામમાં લેવા કલ્પે છે.

[૧૯૬] સાધુ-સાધ્વીને પહેલા શય્યા સંસ્તારક ગ્રહણ કરવા અને પછી તેની આજ્ઞા લેવી ન કલ્પે.

[૧૯૭] સાધુ-સાધ્વીને પહેલા આજ્ઞા લેવી અને પછી શય્યા સંથારો ગ્રહણ કરવો કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો એમ જાણે કે સાધુ-સાધ્વીને અહીં પ્રાતિહારિક શય્યા સંથારો સુલભ નથી તો પહેલાં સ્થાન કે શય્યા સંથારો ગ્રહણ કરી પછી તેની આજ્ઞા લેવી કલ્પે છે, પણ જો તેમ કરતા સંયતો અને શય્યાદિના સ્વામી મધ્યે કોઈ કલહ થઈ જાયતો આચાર્ય અનુકૂળ વચનો બોલીને તે વસતિના સ્વામીને અનુકૂળ કરે.

[૧૯૮] સાધુ, ગ્રહસ્થના ઘેર આહારને માટે પ્રવેશ કરે અને ક્યાંક તેનું કોઈ લઘુ ઉપકરણ પડી જાય, તે ઉપકરણને જો કોઈ સાધર્મિક સાધુ જુએ તો 'જેનુ આ ઉપકરણ છે તેને આપીશ' એ ભાવનાથી લઈને જાય અને જ્યાં કોઈ સાધુને જુએ ત્યાં કહે કે– હે આર્ય ! આ ઉપકરણને ઓળખો છો ?

જો તે કહે "હાં ઓળખું છું" તો તે ઉપકરણ આપી દે પણ જો તે એમ કહે કે 'હું જાણતો નથી.' તો તે ઉપકરણનો સ્વયં ઉપયોગ ન કરે. ન કોઈને આપે પણ એકાંતમાં પાસુક ભૂમિમાં પરઠવે.

[૧૯૯] સ્વાધ્યાયભૂમિમાં કે ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિમાં આવતા જતાં સાધુનું કોઈ લઘુ ઉપકરણ પડી જાય તે ઉપકરણને જો કોઈ સાધર્મિક સાધુ જુએ તો 'જેનું ઉપકરણ છે. તેને આપીશ' એ ભાવનાથી લઈલે. ઈત્યાદિ બધું સૂત્ર-૧૯૮ મુજબ.

[૨૦૦] ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સાધુનું કોઈ ઉપકરણ પડી જાય તે ઉપકરણને જો કોઈ સાધર્મિક સાધુ જુએ 'આ જેનું ઉપકરણ છે તેને આપી દઈશ' એવી ભાવનાથી તેને ગ્રહણ કરે. ઈત્યાદિ આખો આલાવો સૂત્ર-૧૮૮ મુજબ જાણવો.

[૨૦૧] સાધુ-સાધ્વીને એક બીજાને માટે વધારાના પાત્રા ઘણે દૂર સુધી લઈ જવાનું કલ્પે છે.

'તે ધારણ કરી લેશે, હું રાખી લઈશ અથવા બીજા કોઈને આવશ્યકતા હશે તો તેને આપી દઈશ'

આ પ્રમાણે જેના નિમિત્તે પાત્ર લીધું હોય તેને લેવાને માટે પૂછ્યા સિવાય, નિયંત્રણા કર્યા વિના, બીજાને આપવું કે નિમંત્રણા કરવી કલ્પની નથી. તેમને પૂછીને અને નિમંત્રણા કરીને પછી બીજા કોઈને દેવું કે નિમંત્રણા કરવી કલ્પે છે.

[૨૦૨] પોતાના મુખ પ્રમાણ આઠ કવલ આહાર કરવાથી અલ્પાહાર કહેવાય છે. પોતાના મુળ પ્રમાણ બાર કવલ આહાર કલવાથી કંઈક અધિક અર્ધ ઉણોદરિકા કહેવાય છે.

પોતાના મુખ પ્રમાણ સોળ કવલ આહાર કરવાથી બેભાગ પ્રાપ્ત આહાર અને અર્ધ ઉણોદરી કહેવાય છે. ચોવીશ કવલ આહાર કરવાથી એક ભાગ ઉણોદરી કહેવાય છે. ૩૧ કવલ આહારથી કંઈક ઉણોદરી કહેવાય છે. બત્રીશ કવલથી પ્રમાણ પ્રાપ્ત આહાર કહેવાય છે.

**વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૮ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✷ ઉદ્દેશો-૯ ✷

• *વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૨૦૩ થી ૨૪૮ એ રીતે કુલ-૪૬ સૂત્રો છે. આ સૂત્રોનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે–*

[૨૦૩ થી ૨૦૬] શય્યાતરને ત્યાં કોઈ આગંતુકને માટે આહાર બનાવાયેલ હોય તે આહારને

(૧) પ્રાતિહારિક દેવાયેલ હોય

તે ઘરની અંદરના ભાગે જમતો હોય તે આહારમાંથી તે આગંતુક આપે તો સાધુને લેવું કલ્પે નહીં.

(૨) અપ્રાતિહારિક દેવાયેલ હોય–

અને ઉપર મુજબ આપે તો સાધુને લેવો કલ્પે છે.

(૩) ખાવાને માટે પ્રાતિહારિક દેવાયેલ હોય–

તે ઘરના બહાર ભાગમાં જમતો હોય તે આહારમાંથી તે આગંતુક દે તો સાધુને લેવો ન કલ્પે.

(૪) ખાવાને માટે અપ્રાતિહારિક દેવાયેલ હોય–

અને ઉપર મુજબ આપે તો સાધુને લેવો કલ્પે છે.

[૨૦૭, ૨૦૮] શય્યાતરના દાસ, પ્રેષ્ય, ભૃતક અને નોકરને માટે આહાર બનાવાયેલ હોય તે (૧) પ્રતિહારિક દેવાયેલ હોય – ઘરમાં બેસી જમતો હોય તે આહારમાંથી સાધુને આપે તો લેવું ન કલ્પે. (૨) અપ્રતિહારિક અપાયેલ હોય, ઘરમાં બેસી જમતો હોય તે આહારમાંથી તે સાધુને આપે તો લેવું કલ્પે.

[૨૦૯, ૨૧૦] શય્યાતરના દાસ, પ્રેષ્ય, ભૃતક, નોકરને માટે આહાર બનાવાયેલ હોય તેને (૧) પ્રતિહારિક અપાયેલ હોય, તે ઘરની બહાર જમતો હોય તેમાંથી સાધુ આપે તો લેવું ન કલ્પે. (૨) અપ્રાતિહારિક દેવાયેલ હોય, ઘરના બહારના ભાગમાં જમતો હોય તે આહારમાંથી તે સાધુને આપે તો લેવું કલ્પે છે.

[૨૧૧, ૨૧૨] શય્યાતરના સ્વજન, શય્યાતરના ઘરમાં, શય્યાતરના (૧) એક જ ચુલ્લા ઉપર સાગારિકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવન નિર્વાહ કરતો હોય જે તે આહારમાંથી સાધુ-સાધ્વીને આપે તો લેવો ન કલ્પે. (૨) જુદા ચુલ્લા ઉપર સાગારિકની જ સામગ્રી થી આહારાદિ બનાવીને જમતો હોય અને તે આહાર આપે તો પણ લેવો ન કલ્પે.

[૨૧૩, ૨૧૪] સાગારીકનો સ્વજન સાગારિકના ઘરના બાહ્ય ભાગમાં (૧) સાગારીકના ચુલ્લા ઉપર, (૨) સાગારીકના ચુલ્લાથી જુદા ચુલ્લા ઉપર સાગારીકની જ સામગ્રીથી આહાર બનાવી જીવનનિર્વાહ કરતો હોય,જો તે આહારમાંતી તે સાધુ-સાધ્વીને આપે તો તેઓને લેવું ન કલ્પે.

[૨૧૫, ૨૧૬] સાગારીકનો સ્વજન સાગારીકના ઘરના જુદા ગૃહવિભાગમાં તથા એક નિષ્ક્રમણ – પ્રવેશદ્વારવાળા ગૃહના બાહ્ય ભાગમાં (૧) સાગારીકના ચુલ્લા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર સાગારીકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવનનિર્વાહ કરતો હોય (૨) સાગારીકના ચુલ્લાથી ભિન્ન ચુલ્લા ઉપર સાગારીકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવનનિર્વાહ કરતો હોય. જો તે એ આહારમાંથી સાધુ-સાધ્વીને આપે તો તેને લેવો ન કલ્પે.

[૨૧૭-૨૧૮] સાગારીકનો સ્વજન સાગારીકના ઘરના જુદા ગૃહવિભાગમાં તથા એક નિષ્ક્રમણ-પ્રવેશદ્વારવાળા ગૃહના બાહ્ય ભાગમાં (૧) સાગારીકના ચુલ્લા ઉપર સાગારીકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવનનિર્વાહ કરતો હોય. (૨) સાગારીકના ચુલ્લાથી ભિન્ન ચુલ્લા ઉપર સાગારીકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવનનિર્વાહ કરતો હોય. તેમાંથી સાધુ-સાધ્વીને આપે તો લેવું ન કલ્પે.

[૨૧૯, ૨૨૦] સાગારીકની ભાગીદારીવાળી તેલની દુકાનમાંથી (૧) સાગારીકનો ભાગીદાર સાધુ-સાધ્વીને તેલ આપે તો તેને લેવું ન કલ્પે. (૨) સાગારીકના હિસ્સા સિવાયનું તેલ તે ભાગીદાર સાધુ-સાધ્વીને આપે તો લેવું કલ્પે.

[૨૨૧, ૨૨૨] સાગારીકની ભાગીદારીવાળી ગોળની દુકાનમાંથી સાગારીકનો ભાગીદાર ગોળ આપે તો ન કલ્પે... ભાગીદારીના હિસ્સા સિવાયનો ગોળ આપે તો સાધુ-સાધ્વીને કલ્પે.

[૨૨૩, ૨૨૪] સાગારીકની ભાગીદારીવાળી કરીયાણાની દુકાનમાંથી સાગારીકનો ભાગીદાર કરીયાણું આપે તો ન કલ્પે... ભાગીદારીના હિસ્સા સિવાયનું કરિયાણું આપે તો સાધુ-સાધ્વીને કલ્પે.

[૨૨૫, ૨૨૬] સાગારીકની ભાગીદારીવાળી કપડાની દુકાનમાંથી સાગારીકનો ભાગીદાર કપડું આપે તો ન કલ્પે... ભાગીદારીના હિસ્સા સિવાયનું કપડું આપે તો સાધુ-સાધ્વીને કલ્પે.

[૨૨૭, ૨૨૮] સાગારીકની ભાગીદારીવાળી દોરાની દુકાનમાંથી સાગારીકનો ભાગીદાર દોરા આપે તો લેવા ન કલ્પે... સાગારીકના ભાગ સિવાયના દોરા આપે તો લેવા કલ્પે.

[૨૨૯, ૨૩૦] સાગારીકની ભાગીદારીવાળી રૂની દુકાનમાંથી સાગારીકનો ભાગીદાર રૂ આપે તો લેવું ન કલ્પે... સાગારીકના ભાગ સિવાયનું રૂ આપે તો સાધુ-સાધ્વીને લેવું કલ્પે.

[૨૩૧, ૨૩૨] સાગારીકની ભાગીદારીવાળી અંધશાળામાંથી સાગારીકનો ભાગીદાર સુગંધી પદાર્થ આપે તો લેવા ન કલ્પે... સાગારીકના ભાગ સિવાયના સુગંધી પદાર્થ આપે તો સાધુ-સાધ્વીને લેવા કલ્પે.

[૨૩૩, ૨૩૪] સાગારીકની ભાગીદારીવાળી ભોજનશાળામાંથી સાગારીકનો ભાગીદાર આહાર આપે તો લેવો ન કલ્પે... સાગારીકના ભાગ સિવાયનો આહાર આપે તો સાધુ-સાધ્વીને લેવો કલ્પે.

[૨૩૫, ૨૩૬] સાગારીકની ભાગીદારીવાળી ફળોની દુકાનમાંથી સાગારીકનો ભાગીદાર ફળ આપે તો લેવા ન કલ્પે... સાગારીકના ભાગ કાઢી નંખાયા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના હિસ્સાના ફળ આપે તો સાધુ-સાધ્વીને કલ્પે.

[૨૩૭] સાત સાત દિવસીય ભિક્ષાપ્રતિમા ૪૯ આહોરાગમાં ૧૯૬ ભિક્ષાદત્તીઓથી સૂત્રાનુસાર યાવન જિનાજ્ઞાનુસાર પાલિત થાય.

[૨૩૮] આઠ આઠ દિવસીય ભિક્ષાપ્રતિમા ૬૪-અહોરાગમાં ૨૮૮ ભિક્ષાદત્તીઓથી સૂત્રાનુસાર યાવત્ આજ્ઞાનુસાર પાલિત થાય.

[૨૩૯] નવ નવ દિવસીય ભિક્ષાપ્રતિમા ૮૧-અહોરાગમાં ૪૦૫ ભિક્ષાદત્તીઓથી સૂત્રાનુસાર યાવત્ આજ્ઞાનુસાર પાલિત થાય.

[૨૪૦] દશ દશ દિવસીય ભિક્ષાપ્રતિમા ૧૦૦-અહોરાગમાં ૫૫૦ ભિક્ષાદત્તીઓથી સૂત્રાનુસાર યાવત્ આજ્ઞાનુસાર પાલિત થાય.

[૨૪૧] બે પ્રતિમા કહી છે – (૧) લઘુમોક (૨) બૃહત્મોક પ્રતિમા.

[૨૪૨] લઘુમોક – નાની પ્રસ્રવણ પ્રતિમા શરત્કાળના પ્રારંભે અથવા ગ્રીષ્મકાળના અંતમાં ગામ યાવત્ રાજધાની બહાર વનમાં કે વનકાળમાં, પર્વન – પર્વતદુર્ગમાં સાધુએ ધારણ કરવી કલ્પે.

જો તે ભોજન કરી તે દિવસે આ પ્રતિમાને ધારણ કરે, તો છ ઉપકરણથી પૂર્ણ કરે, ભોજન કર્યા વિના પ્રતિમા સ્વીકારે તો સાત ઉપવાસથી પૂર્ણ કરે છે. આ પ્રતિમામાં સાધુને જેટલી વાર મૂત્ર આવે એટલી વાર પી લેવું જોઈએ. પણ રાત્રિના પીવાનું હોતું નથી.

કૃમિયુક્ત મૂત્ર આવે તો પીવું નહીં, પણ કૃમિરહિત આવે તે મૂત્ર પીવું જોઈએ. વીર્યસહિત આવે તો નહીં પીવું, વીર્યરહિત આવે તો મૂત્ર પીવું જોઈએ. ચીકણાશયુક્ત હોય તો ન પીવું, ચીકણાશરહિત આવે તો મૂત્ર પીવું જોઈએ. રક્તકણ સહિત આવે તો ન પીવું, પણ રક્તકણ રહિત હોય તો પીવું જોઈએ. જેટલું-જેટલું મૂત્ર આવે તે થોડું હોય કે વધુ તે પીવું જોઈએ.

[૨૪૩] મોટી પ્રસ્રવણ પ્રતિમા શરતકાળના પ્રારંભે કે ગ્રીષ્મકાળના અંતમાં ગામ યાવત્ રાજધાની બહાર વન યાવત્ પર્વતદુર્ગમાં સાધુએ ધારણ કરવી કલ્પે. ભોજન દિને પ્રતિમા ધારણ કરે તો સાત ઉપવાસથી અને ઉપવાસને દિવસે ધારણ કરે તો આઠ ઉપવાસથી આ પ્રતિમા પૂર્ણ કરવી જોઈએ. શેષ સર્વ કથન નાની મોક પ્રતિમા અનુસાર સમજી લેવું.

[૨૪૪] દત્તીઓની સંખ્યાનો અભિગ્રહ કરનારો પાત્રધારી સાધુ ગૃહસ્થના ઘેર આહાર માટે પ્રવેશ કરે ત્યારે (૧) આહાર દેનાર ગૃહસ્થ પાત્રમાં જેટલી વાર ઝુકાવીને આહાર આપે, તેટલી જ દત્તીઓ કહેવી જોઈએ, (૨) આહાર દેનારો જો છાબડી, પાત્ર, ચાલણીથી રોકાયા વિના પાત્રમાં ઝુકાવીને આપે, તે બધી એકદત્તી કહેવાય છે. (૩) આહાર દેનાર ગૃહસ્થ જ્યાં અનેક હોય અને બધાં પોત-પોતાનો આહાર સામેલ કરી રોકાયા વિના પાત્રમાં ઝુકાવીને આપે તો તે બધી દત્તીને એકદત્તિ કહેવી જોઈએ.

[૨૪૫] દત્તી સંખ્યા અભિગ્રહધારી કરપાત્રભોજી નિર્ગ્રન્થ ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશે ત્યારે – (૧) આહાર દેનાર ગૃહસ્થ જેટલી વાર ઝુકાવીને સાધુના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથમાં આહાર આપે, તેટલી દત્તીઓ કહેવાય. ૦ ઇત્યાદિ બધું સૂત્ર-૨૪૪ મુજબ જાણવું.

[૨૪૬] ખાદ્યપદાર્થ ત્રણ પ્રકારના માનેલા છે–

(૧) ફલિતોપહૃત – અનેક પ્રકારના વ્યંજનોથી મિશ્રિત ખાદ્યપદાર્થ

(૨) શુદ્ધોપહૃત – વ્યંજનરહિત શુદ્ધ અલેપ્ય ખાદ્યપદાર્થ

(૩) સંસૃષ્ટોપહૃત – વ્યંજનરહિત સલેપ્ય ખાદ્યપદાર્થ

[૨૪૭] અવગૃહીત આહાર ત્રણ પ્રકારનો કહેલ છે–

(૧) પીરસવા માટે ગ્રહણ કરાયેલ.

(૨) પીરસવા માટે લઈ જવાતો.

(૩) વાસણમાં પીરસાતો એવો.

એ પ્રમાણે કેટલાંક આચાર્યો આ ત્રણ ભેદ કહે છે.

[૨૪૮] પરંતુ કેટલાંક આચાર્યો એમ કહે છે કે–

અવગૃહીત આહાર બે પ્રકારે કહેવાયેલ છે. જેમ કે–

(૧) પીરસવા માટે ગ્રહણ કરાતો એવો.

(૨) વાસણમાં પીરસાયેલો એવો,.

– એ પ્રમાણે હું તમને કહું છું.

**વ્યવહારસૂત્ર-ઉદ્દેશા-૯ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✻ ઉદ્દેશો-૧૦ ✻

*• વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૨૪૯ થી ૨૮૫ એ પ્રમાણે કુલ-૩૭ સૂત્રો છે. જેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે–*

[૨૪૯] બે પ્રતિમાઓ કહેવાયેલ છે–

(૧) યવચંદ્ર મધ્ય-પ્રતિમા સ્વીકાર કરનાર સાધુ એક માસ સુધી શરીરના પરિકર્મથી તથા શરીરના મમત્વ રહિત થઈને રહે. તે સમયે કોઈપણ દેવ, મનુષ્ય, તિર્યંચકૃત અનુકૂળ કે પ્રતિકૂળ પરીષહ અને ઉપસર્ગ ઉત્પન્ન થાય, જેમ કે–

વંદન, નમસ્કાર, સત્કાર, સન્માન, કલાયણ-મંગલ-દેવ અને ચૈત્યરૂપ માની કોઈ પર્યુપાસના કરે તે અનુકૂળ.

પ્રતિકૂળ ઉપસર્ગ – કોઈ દંડ, હડ્ડી, જોત, બેંતાદિથી શરીર ઉપર પ્રહાર કરે, તે આ બધાં અનુકૂળ-પ્રતિકૂળ પરીષહ-ઉપસર્ગો પ્રસન્ન કે ખિન્ન ન થઈને સમભાવથી સહન કરે. તે કરનાર પ્રતિ ક્ષમાભાવ ધારણ કરેસ વીરતાપૂર્વક સહે, શાંતિથી સહે.

યવ મધ્ય ચંદ્રપ્રતિમા આરાધક સાધુને શુક્લપક્ષની એકમે આહાર અને પાણીની એક-એક દત્તિ ગ્રહણ કરવી કલ્પે. આહારની આકાંક્ષાવાળા બધાં .... ચતુષ્પદાદિ પ્રાણી આહાર લઈ ચાલ્યા ગયા હોય ત્યારે તેને અજ્ઞાત સ્થાનેથી શુદ્ધ અલ્પલેપવાળો આહાર લેવો કલ્પે છે. અનેક શ્રમણ યાવત્ ભિક્ષુક આહાર લઈ ગયા હોય. એક જ વ્યક્તિના ભોજનમાંથી આહાર લેવાનો હોય તો કલ્પે.

શુક્લપક્ષની બીજે પ્રતિમાધારી સાધુને ભોજન અને પાણીની બબ્બે દત્તી લેવી કલ્પે. ત્રીજે ભોજન-પાણીની ત્રણ-ત્રણ દત્તી, ચોથે ચાર-ચાર દત્તી યાવત્ એ પ્રમાણે પૂર્ણિમાના દિવસે ભોજન અને પાણીની ૧૫-૧૫ દત્તીઓ ગ્રહણ કરવી કલ્પે છે.

કૃષ્ણપક્ષની એકમે ભોજન અને પાણીની ૧૪-૧૪ દત્તીઓ ગ્રહણ કરવી કલ્પે છે, બીજને દિવસે ૧૩-૧૩ દત્તીઓ કલ્પે. એ રીતે ઘટતાં-ઘટતાં યાવત્ ચૌદશે ભોજન-પાણીની એક એક દત્તી લે. અમાસે ઉપવાસ કરે છે.

આ પ્રમાણે આ યવમ દશ ચંદ્ર પ્રતિમા સૂત્રાનુસાર યાવત્ જિનાજ્ઞા અનુસાર પાલન કરાય છે.

[૨૫૦] વજમધ્ય ચંદ્ર પ્રતિમા સ્વીકરનાર સાધુ એક માસ સુધી શરીરના પરિકર્મથી તથા શરીરના મમત્વથી રહિત થઈને રહે યાવત્ સૂત્ર-૨૪૯ મુજબ બધું કહેવું વિશેષ એ કે–

કૃષ્ણપક્ષની એકમે ૧૫-૧૫ દત્તી ભોજન અને પાણીની લેવી કલ્પે છે યાવત્ ડેલીને પગની વચ્ચે રાખીને આપે તો તેનાથી આહાર લેવો કલ્પે છે.

બીજને દિવસે ભોજન-પાણીની ૧૪-૧૪ દત્તી લેવી કલ્પે. ત્રીજને દિવસે ૧૩-૧૩ દત્તીઓ લેવી કલ્પે. એ રીતે ઘટતાં-ઘટતાં અમાસના દિવસે ભોજન-પાણીની ૧-૧- દત્તી લેવી કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુક્લપક્ષની એકમે ભોજન-પાણીની બબ્બે દત્તી લેવી કલ્પે. બીજને દિવસે ત્રણ-ત્રણ દત્તી લેવી કલ્પે. એ રીતે વધતાં-વધતાં ચૌદસને દિવસે ભોજન-પાણીની ૧૫-૧૫ દત્તી લેવી કલ્પે છે.

પૂર્ણિમાને દિવસે તે ઉપવાસ કરે છે.

આ પ્રમાણે વજ્રમધ્ય ચંદ્ર પ્રતિમા સૂત્રાનુસર યાવત્ આજ્ઞા અનુસાર પાલન કરાય છે.

[૨૫૧] વ્યવહારમાં પાંચ પ્રકારે કહેલ છે જેમ કે—

(૧) આગમ, (૨) શ્રુત, (૩) આજ્ઞા, (૪) ધારણા, (૫) જીત.

(૧) જ્યાં આગમજ્ઞાની હોય, ત્યાં તેમના નિર્દેશાનુસાર વ્યવહાર કરે, (૨) જ્યાં આગમજ્ઞાની ન હોય ત્યાં શ્રુતજ્ઞાનીના નિર્દેશાનુસાર વ્યવહાર કરવો, (૩) જ્યાં શ્રુતજ્ઞાની ન હોય ત્યાં ગીતાર્થની આજ્ઞા અનુસાર વ્યવહાર કરવો, (૪) જ્યાં ગીતાર્થની આજ્ઞા ન હોય, ત્યાં સ્થવિરોની ધારણાનુસાર વ્યવહાર કરવો, (૫) જ્યાં સ્થવિરોની ધારણા જ્ઞાન ન હોય ત્યાં સર્વાનુમત પરંપરા અનુસાર વ્યવહાર કરવો અર્થાત્ આ પાંચ વ્યવહારાનુસાર વ્યવહાર કરવો.

આગમજ્ઞાની, શ્રુતજ્ઞાની, ગીતાર્થઆજ્ઞા, સ્થવીરોની ધારણા અને પરંપરા, તેમાંથી જે સમયે જે ઉપલબ્ધ હોય, તે સમયે તેનાથી ક્રમશઃ વ્યવહાર કરવો.

ભગવન ! એમ કેમ કહો છો ? સાધુઓ આગમવ્યવહારની પ્રમુખતાવાળા હોય છે. આ પાંચ પ્રકારના વ્યવહારમાંથી જ્યારે જે-જે વિષયમાં જે-જે વ્યવહાર ઉપલબ્ધ હોય ત્યારે-ત્યારે તે-તે વિષયમાં તે-તે વ્યવહાર મધ્યસ્થ ભાગે કરે તે સાધુ જિનાજ્ઞાનો આરાધક થાય છે.

[૨૫૨] ચાર પ્રકારે પુરુષો કહ્યા છે તે આ પ્રમાણે—

(૧) કોઈ સાધુ કાર્ય કરે પણ માન ન કરે.

(૨) કોઈ સાધુ માન કરે પણ કાર્ય ન કરે.

(૩) કોઈ સાધુ કાર્ય પણ કરે અને માન પણ કરે.

(૪) કોઈ કાર્ય પણ ન કરે અને માન પણ ન કરે.

[૨૫૩] વળી ચાર પ્રકારે પુરુષો કહ્યા, તે આ પ્રમાણે—

(૧) કોઈ ગણનું કામ કરે, માન ન કરે.

(૨) કોઈ માન કરે, પણ ગણનું કામ ન કરે.

(૩) કોઈ ગણનું કામ કરે અને માન પણ કરે.

(૪) કોઈ ગણનું કામ ન કરે, માન પણ ન કરે.

[૨૫૪] વળી ચાર પ્રકારે પુરુષો કહ્યા છે—

(૧) ગણને માટે સંગ્રહ કરે પણ માન ન કરે, (૨) કોઈ માન કરે પણ ગણ સંગ્રહ ન કરે, (૩) કોઈ માન પણ કરે – ગણ સંગ્રહણ પણ કરે, (૪) કોઈ માન ન કરે, ગણ સંગ્રહ પણ ન કરે.

[૨૫૫] ચાર પ્રકારના પુરુષો કહ્યા છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) કોઈ ગણની શોભા વધારે પણ માન ન કરે, (૨) કોઈ માન કરે, ગણશોભા ન વધારે, (૩) કોઈ માન કરે, ગણની શોભા પણ વધારે, (૪) કોઈ બેમાંથી કશું ન કરે.

[૨૫૬] ચાર પ્રકારના પુરુષો કહ્યા છે.

(૧) કોઈ ગણની શુદ્ધિ કરે, માન ન કરે, (૨) કોઈ માન કરે પણ ગણની શુદ્ધિ ન કરે, (૩) કોઈ ગણશુદ્ધિ પણ કરે, માન પણ કરે, (૪) કોઈ આ બંનેમાંથી કશું ન કરે.

[૨૫૭] ચાર પ્રકારે પુરુષ કહેલ છે–

(૧) કોઈ સાધુવેશ છોડે, ધર્મ ન છોડે, (૨) કોઈ ધર્મ છોડી દે પણ સાધુવેશ ન છોડે, (૩) કોઈ ધર્મ પણ છોડે અને સાધુવેશ પણ છોડી દે, (૪) કોઈ ધર્મ પણ ન છોડે, સાધુવેશ પણ ન છોડે.

[૨૫૮] વળી ચાર પ્રકારના પુરુષો કહેલ છે–

(૧) કોઈ ધર્મ છોડે છે પણ ગણમર્યાદા છોડતા નથી. (૨) કોઈ ગણમર્યાદા છોડી દે છે, પણ ધર્મ નથી છોડતા. (૩) કોઈ બંનેને છોડી દે છે. (૪) કોઈ બેમાંથી એકને છોડતાં નથી.

[૨૫૯] પુરુષો ચાર પ્રકારે કહેલ છે, જેમ કે–

(૧) કોઈ પ્રિયધર્મી હોય, દૃઢધર્મી ન હોય, (૨) કોઈ દૃઢધર્મી હોય પણ પ્રિયધર્મી ન હોય, (૩) કોઈ પ્રિયધર્મી હોય, દૃઢધર્મી પણ હોય, (૪) કોઈ પ્રિયધર્મી ન હોય, દૃઢધર્મી પણ ન હોય.

[૨૬૦] ચાર પ્રકારે આચાર્યો કહેલા છે. જેમ કે–

(૧) પ્રવ્રજ્યા દેનાર હોય પણ ઉપસ્થાપના ન કરે.

(૨) ઉપસ્થાપના કરે પણ પ્રવ્રજ્યા પ્રદાન ન કરે.

(૩) ઉપવસ્થાપના પણ કરે અને પ્રવ્રજ્યા પણ આપે.

(૪) પ્રવ્રજ્યા પણ ન આપે, ઉપસ્થાપના પણ ન કરે.

[૨૬૧] ચાર પ્રકારે આચાર્યો કહેલા છે. જેમ કે-

(૧) સૂત્રની વાંચના આપે, અર્થની નહીં, (૨) અર્થની વાંચના આપે પણ સૂત્રની નહીં, (૩) સૂત્રની વાંચના પણ આપે અને અર્થની વાંચના પણ આપે. (૪) સૂત્રની વાંચન ન આપે અને અર્થની વાંચના પણ ન આપે.

[૨૬૨] શિષ્યો ચાર પ્રકારના કહેલા છે. જેમ કે–

(૧) કોઈ પ્રવ્રજ્યા શિષ્ય હોય, પણ ઉપસ્થાપના શિષ્ય ન હોય.

(૨) કોઈ ઉપસ્થાપના શિષ્ય હોય, પણ પ્રવ્રજ્યા શિષ્ય ન હોય.

(૩) કોઈ પ્રવ્રજ્યા શિષ્ય પણ હોય, ઉપસ્થાપના શિષ્ય પણ હોય.

(૪) કોઈ પ્રવ્રજ્યા શિષ્ય ન હોય, ઉપસ્થાપના શિષ્ય પણ ન હોય.

[૨૬૩] વળી શિષ્ય ચાર પ્રકારે કહેલા છે. જેમ કે–

(૧) કોઈ ઉદ્દેશન શિષ્ય હોય, વાંચના શિષ્ય ન હોય, (૨) કોઈ વાંચના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્ય હોય, ઉદ્દેશન શિષ્ય ન હોય, (૩) કોઈ ઉદ્દેશન અને વાંચના બંનેથી શિષ્ય હોય, (૪) કોઈ ઉદ્દેશના કે વાંચના એકેથી શિષ્ય ન હોય.

છેલ્લા બંને સૂત્રમાં ચોથામાં માત્ર ધર્મોપદેશ પ્રતિબોધિત હોય.

[૨૬૪] સ્થવિર ત્રણ પ્રકારના કહેલા છે. જેમ કે – (૧) વય સ્થવિર, (૨) શ્રુત સ્થવિર, (૩) પર્યાય સ્થવિર.

[૨૬૫] ત્રણ શૈક્ષ ભૂમિઓ કહેલી છે. તે આ પ્રમાણે – (૧) સપ્તરાત્રિકી, ચાતુર્માસિકી, (૬) છમાસિકી.

ઉત્કૃષ્ટ છ માસમાં મહાવ્રત આરોપણ કરવા, મધ્યમ ચાર માસમાં અને જઘન્ય સાત આહોરાગ પછી મહાવ્રતારોપણ કરવું.

[૨૬૬] સાધુ-સાધ્વીને આઠ વર્ષથી ઓછી ઉંમરવાળા બાળક-બાલિકાને વડી દીક્ષા દેવી કે તેની સાથે આહાર કરવો ન કલ્પે.

[૨૬૭] સાધુ-સાધ્વીને આઠ વર્ષથી અધિક ઉંમરવાળા બાળક-બાલિકાને વડી દીક્ષા દેવી કે સાથે આહાર કરવો કલ્પે છે.

[૨૬૮] અપ્રાપ્ત યૌવનવાળા બાળક સાધુ કે સાધ્વીને આચાર પ્રકલ્પ ભણાવવું સાધું કે સાધ્વીને ન કલ્પે.

[૨૬૯] યૌવનપ્રાપ્ત સાધુ કે સાધ્વીને આચારપ્રકલ્પ નામક અધ્યયન ભણાવવું સાધુ કે સાધ્વીને કલ્પે છે.

[૨૭૦ થી ૨૮૪] અહીં ૧૫ સૂત્રો છે. જેમાં દીક્ષાપર્યાયની સાથે આગમોના અધ્યયનનો ક્રમ જણાય છે. તે આ રીતે–

[૧] ત્રણ વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધુને આચારપ્રકલ્પ નામે અધ્યયન ભણાવવું કલ્પે.

[૨] ચાર વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધુને સૂયગડાંગ નામે બીજું અંગસૂત્ર ભણાવવું કલ્પે.

[૩] પાંચ વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધુને દશાશ્રુતસ્કંધ, કલ્પ [બૃહતકલ્પ] અને વ્યવહાર નામે છેદસૂત્રો ભણાવવા કલ્પે.

[૪] આઠ વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધુને સ્થાનાંગ અને સમવાયાંગ નામે ત્રીજુ-ચોથું અંગસૂત્ર ભણાવવું કલ્પે.

[૫] દશ વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધુને ભગવતી-વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ નામે પાંચમુ અંગસૂત્ર ભણાવવું કલ્પે.

[૬] ૧૧-વર્ષવાળાને૦ લઘુવિમાન પ્રવિભક્તિ, મહાવિમાન પ્રવિભક્તિ, અંગચૂલિકા, વર્ગચૂલિકા, વ્યાખ્યાચૂલિકા ભણાવવા કલ્પે.

[૭] ૧૨-વર્ષના બાળાને૦ અરુણોપપાત, વરુણોપપા, ગુરુણોપપાત, ધરણોપપાત, વૈશ્રમણોપપા, વેલંધરોપપાત ભણાવવા કલ્પે.

[૮] ૧૩-વર્ષવાળાને૦ ઉત્થાનશ્રુત, સમુત્થાનશ્રુત, દેવેન્દ્ર પરિચાપનિકા, નાગપરિયાપનિકા ભણાવવા કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૯] ૧૪-વર્ષવાળાને ૦ સ્વપ્નભાવના ભણાવવું કલ્પે.

[૧૦] ૧૪-વર્ષવાળાને ૦ ચારણભાવના ભણાવવું કલ્પે.

[૧૧] ૧૬-વર્ષવાળાને ૦ તેજોનિસર્ગ ભણાવવું કલ્પે.

[૧૨] ૧૭-વર્ષવાળાને ૦ આસીવિષભાવના ભણાવવું કલ્પે.

[૧૩] ૧૮-વર્ષવાળાને ૦ દૃષ્ટિવિષ ભાવના ભણાવવું કલ્પે.

[૧૪] ૧૯ વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધુને દૃષ્ટિવાદ નામક બારમુ સૂત્ર ભણાવવું કલ્પે.

[૧૫] ૨૦-વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધુ સર્વશ્રુત ધારણ કરનારો થઈ જાય છે. [તેમ જાણ.]

[૨૮૫] વૈયાવચ્ચના દશ પ્રકારો કહેલા છે. તે આ રીતે–

(૧) આચાર્ય વૈયાવચ્ચ, (૨) ઉપાધ્યાય વૈયાવચ્ચ, (૩) સ્થવિર વૈયાવચ્ચ, (૪) તપસ્વી વૈયાવચ્ચ, (૫) શૈક્ષ વૈયાવચ્ચ, (૬) ગ્લાન વૈયાવચ્ચ, (૭) સાધર્મિક વૈયાવચ્ચ, (૮) કુલ વૈયાવચ્ચ, (૯) ગણ વૈયાવચ્ચ અને (૧૦) સંઘ વૈયાવચ્ચ.

આચાર્ય યાવત્ સંઘ, તે પ્રત્યેકની વૈયાવચ્ચ કરનાર શ્રમણ નિર્ગ્રન્થને મહાનિર્જરા અને મહાપર્યવસાન થાય છે.

**વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૧૦ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

**વ્યવહાર-છેદસૂત્ર-૩-આગમ-૩૬ નો**
**સૂત્રાનુવાદ પૂર્ણ થયો.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩૭ દશાશ્રુતસ્કંધ-છેદસૂત્ર-૪

## મૂળ સૂત્ર અનુવાદ

*• દસાશ્રુતસ્કંધને હાલ ચોથા છેદ સૂત્ર રૂપે સ્વીકારાયેલ છે જેના ઉપરની ચૂર્ણિ સુપ્રાપ્ય છે. અમે અમારા आगमसुत्ताणि-सटीकं માં આ સૂત્રને નિર્યુક્તિ અને ચૂર્ણિ સહિત પ્રકાશિત કરેલ છે. સૂત્રના રહસ્યને સમજવા આ ચૂર્ણિ અત્યંત ઉપયોગી પણ છે. વળી છેદસૂત્રોની કહેવાતી ગોપનીયતા અહીં લાગુ પણ પડતી નથી. છતાં ગતાનુગતિકતાથી થતાં વિરોધને કારણે અમે અહીં માત્ર મૂળ સૂત્રનો અનુવાદ રજૂ કરેલ છે.*

## ✱ દશા-૧ "અસમાધિસ્થાન" ✱

*સંયમના સામાન્ય દોષ કે અતિચારને અહીં 'અસમાધિસ્થાન' કહેલ છે. જેમ શરીરની સમાધિ-શાંતિ પૂર્ણ અવસ્થામાં સામાન્ય રોગ કે પીડા બાધક બનતા હોય છે. કાંટો લાગ્યો હોય કે દાંત-કાન-ગળામાં કોઈ દુઃખાવો હોય કે શરદી જેવો સામાન્ય વ્યાધિ હોય તો શરીરની સમાધિ-સ્વસથતા રહેતી નથી. તેમ સંયમમાં નાના કે અલ્પ દોષોથી પણ સ્વસ્થતા રહેતી નથી. તેથી આ સ્થાનોને અસમાધિસ્થાનો કહ્યા છે. જે આ પ્રથમા દશામાં વર્ણવેલા છે.*

**[૧]** અરિહંતોને મારા નમસ્કાર થાઓ, સિદ્ધોને મારા નમસ્કાર થાઓ, આચાર્યોને મારા નમસ્કાર થાઓ, ઉપાધ્યાયોને મારા નમસ્કાર થાઓ. લોકમાં રહેલા સર્વે સાધુને મારા નમસ્કાર થાઓ.

આ પાંચેને કરેલો નમસ્કાર — સર્વ પાપનો નાશક છે. સર્વે મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

હે આયુષ્યમાન ! તે નિર્વાણપ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં એવું સાંભળેલ છે કે—

**[૨]** આ (જિન પ્રવચનમાં) નિશ્ચિયથી સ્થવિર ભગવંતોએ વીસ અસમાધિસ્થાન કહેલાં છે. એ સ્થાનો ક્યા છે ?

૧. અતિ શીઘ્ર ચાલવાવાળા હોવું.

૨. અપ્રમાર્જિતાચારી હોવું — રજોહરણ આદિથી પ્રમાર્જના કર્યા સિવાયના સ્થાને ચાલવું ઇત્યાદિ.

૩. દુષ્પ્રમાર્જિતાચારી હોવું — ઉપયોગરહિતપણે કે આમતેમ જોતાં જોતાં પ્રમાર્જના કરવી.

૪. વધારાના શય્યા-આસન રાખવા. *शय्या* — શરીર પ્રમાણ લંબાઈવાળી હોય. *आसन* સ્વાધ્યાયાદિ જેના ઉપર કરાય તે.

૫. દીક્ષા પર્યાયમાં મોટા હોય તેની સામે બોલવું.

૬. સ્થવિરો અને ઉપલક્ષણથી મુનિ માત્રના ઘાતને ચિંતવવાં.

૭. પૃથ્વીકાય આદિ જીવોનો ઘાત કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. આક્રોશ કરવા, બળ્યા કરવું તે.
૯. ક્રોધ કરવો, સ્વ-પર સંતાપ કરવો.
૧૦. પીઠ પાછ નિંદા કરવાવાળા થવું.
૧૧. વારંવાર નિશ્ચયકારી ભાષા બોલવી.
૧૨. અનુત્પન્ન એવા નવા કજીયા ઉત્પન્ન કરવા.
૧૩. ક્ષમાપનાથી ઉપશાંત કરાયેલા કજીયા ફરી ઉભા કરવા.
૧૪. *अकाल* સ્વાધ્યાય વર્જિન કાળે સ્વાધ્યાય કરવો.
૧૫. સચિત્ત રજયુક્ત હાથ-પગવાળા પાસેથી ભિક્ષાદિ લેવા.
૧૬. અનાવશ્યક મોટે-મોટેથી બોલવું.
૧૭. સંઘ કે ગણમાં ભેદોત્પાદક વચનો બોલાવ.
૧૮. *कलह* વાક્‌યુદ્ધ કે કજીયા કરવા.
૧૯. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી કંઈ કંઈ ખાતા રહેવું.
૨૦. નિર્દોષ ભિક્ષાદિ ગવેષણામાં સાવધાન ન રહેવું.

સ્થવિર ભગવંતોએ આ વીસ અસમાધિસ્થાન કહ્યા. તે પ્રમાણે હું કહું છું. (જો કે આ વીસની સંખ્યા તો આધાર તરીકે મૂકાઈ છે. આવા અન્ય અનેક અસમાધિસ્થાનો હોઈ શકે છે. તેનો સમાવેશ વીસની અંદર જાણવો. જેમ કે વધારાના શય્યા-આસન કહ્યા, તેમાં વધારાના વસ્ત્ર, પાત્ર, ઉપકરણ એ સર્વે દોષનો સમાવેશ સમજી લેવો.)

ચિત્ત સમાધિને માટે આ સર્વે સ્થાનોનો ત્યાગ કરવો.

**દશાશ્રુતસ્કંધની દસા-૧ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ✷ દશા-૨-સબલા ✷

*• સબલનો સામાન્ય અર્થ વિશેષ બળવાન કે ભારે થાય. સંયમના સામાન્ય દોષો, પહેલી દસામાં કહ્યા, તેની તુલનાએ મોટા કે વિશેષ દોષોનું વર્ણન આ દશામાં છે.*

[3] હે આયુષ્યમાન ! તે નિર્વાણ પ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં આ પ્રમાણે સાંભળેલ છે કે – આ અર્હત પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ ખરેખર ૨૧-સબલ દોષો પ્રરૂપેલા છે. તે ક્યા છે ? સ્થવિર ભગવંતે નિશ્ચિયથી કહેલાં ૨૧-સબલ દોષો આ પ્રમાણે છે–

૧. હસ્ત કર્મ કરવું – મૈથુન સંબંધી વિષયેચ્છાને પોષવા માટે હાથ વડે શરીરના કોઈ અંગોપાંગનું સંચાલન કરવું.

૨. મૈથુન પ્રતિસેવન કરવું.

૩. રાત્રિ ભોજન કરવું – રાત્રિના અશનાદિ આહાર વાપરવો.

૪. આધાકર્મિક – સાધુ નિમિત્તે થયેલ આહારાદિ વાપરવો.

૫. રાજા નિમિત્તે બનેલ અશનાદિ આહાર ખાવો.

૬. ક્રિત-ખરીદેલ, ઉધાર લાવેલ, છિનવી લીધેલ, આજ્ઞા વિના અપાયેલ કે સાધુને માટે સામેથી લાવીને આપેલ આહાર ખાવો.

૭. વારંવાર પ્રત્યાખ્યાન કરીને, તે જ અશનાદિ લેવા.

૮. છ માસમાં એક ગણમાંથી બીજા ગણમાં ગમન કરવું.

૯. એક માસમાં ત્રણ વખત જળાશય આદિ એ કરીને સચિત્ત પાણીનો સંસ્પર્શ -ઉદકલેપ કરવો.

૧૦. એક માસમાં ત્રણ વખત માયાસ્થાનો સ્પર્શવા.

૧૧. શય્યાતર કે સ્થાનદાતાના અશનાદિ આહાર ખાવા.

૧૨. જાણી બૂઝીને પ્રાણાતિપાત – જીવઘાત કરવો.

૧૩. જાણી બૂઝીને મૃષાવાદ – અસત્ય બોલવું.

૧૪. જાણી બૂઝીને અદત્તાદાન – અણ દીધેલું લેવું.

૧૫. સચિત્ત પૃથ્વી કે સચિત્ત રજ ઉપર કાયોત્સર્ગ કરવો, બેસવું, સુવું, સ્વાધ્યાયાદિ કરવા.

૧૬. જાણી બૂઝીને સ્નિગ્ધ – ભીની, સચિત્ત રજયુક્ત પૃથ્વી ઉપર કાયોત્સર્ગ, સ્વાધ્યાયાદિ કરવા.

૧૭. જાણી બૂઝીને સચિત્ત શીલા, પત્થર, ધુણાવાળા કે સચિત્ત લાકડાં ઉપર, અંડ-બેઇંદ્રિયાદિ જીવો સચિત્ત બીજ, તૃણાદિ, ઝાકળ આદિ સ્થાનો કરોળીયાના મળાયુક્ત સ્થાનો ઉપર કાયોત્સર્ગ, બેસવું, સુવું, સ્વાધ્યાયાદિ ક્રિયાઓ કરવી.

૧૮. મૂળ, કંદ, સ્કંધ, છાલ, કુંપણ, પાંદડા, બીજ અને હરિત વનસ્પતિ આદિનું ભોજન કરવું.

૧૯. એક વર્ષમાં દશ વખત ઉદક લેપ કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦. એક વર્ષમાં દશ વખત માયાસ્થાનોને સ્પર્શવા.

૨૧. જાણી બૂઝીને સચિત્ત પાણીયુક્ત હાથ, પોષ, કડછી કે વાસણથી કોઈ અશન, પાન, આદિમ, સ્વાદિમ આપે તો લેવા.

સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી આ ૨૧-સબલ દોષ કહ્યા છે. તે પ્રમાણે હું કહું છું.

અહીં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર એ ત્રણે ભેદ સબલ દોષની વિચારણા કરવી. કેમ કે દોષનું સેવન એ તો સ્પષ્ટ અનાચાર છે જ. આ સબલ દોષનું સેવન કરનાર સબલ આચારી કહેવાય.

*[જો કે સબલ દોષની આ સંખ્યા પણ ફક્ત ૨૧- નથી. તે તો આધાર માત્ર છે. તે કે તેના જેવા અન્ય દોષોને સમજી લેવા.]*

**દશાશ્રુતસ્કંધની દશા-૨ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✷ દશા-૩ "આશાતના" ✷

• *આશાતના એટલે વિપરીત વર્તન, અપમાન કે તિરસ્કાર જે જ્ઞાન, દર્શનનું ખંડન કરે, તેની લઘુતા કે તિરસ્કાર કરે તેને આશાતના કહેવાય. આવી આશાતનાના અનેક ભેદ છે. તેમાંથી અહીં ફક્ત ૩૩. આશાતના જ કહેવાયેલી છે. જ્ઞાન – દર્શન – ચારિત્ર આદિ ગુણોમાં અધિક્તાવાળા કે દીક્ષા-પદવી આદિમાં મોટા હોય તેમના પ્રત્યે થયેલ અધિક અવજ્ઞા કે તિરસ્કાર રૂપ આશાતના અહીં વર્ણવાયેલી છે.*

[૪] હે આયુષ્યમાન ! તે નિર્વાણ પ્રાપ્ત ભગવંતના સ્વ મુખેથી મેં આ પ્રમાણે સાંભળેલ છે. આ આર્હત પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ ખરેખર ૩૩-આશાતના પ્રરૂપેલી છે તે સ્થવિરોએ ખરેખર કઈ ૩૩-આશાતનાઓ કહેલી છે ? તે આ પ્રમાણે છે.

૧. શૈક્ષ [નવ દીક્ષિત] સાધુ રાત્નિક સાધુની આગળ ચાલે.

૨. શૈક્ષ સાધુ રાત્નિક સાધુની જોડાજોડ ચાલે.

૩. શૈક્ષ સાધુ રાત્નિક સાધુની અતિ નીકટ ચાલે.

૪. શૈક્ષ રાત્નિક સાધુની આગળ ઊભો રહે.

૫. શૈક્ષ રાત્નિક સાધુની જોડોજોડ ઊભો રહે.

૬. શૈક્ષ, રાત્નિક સાધુની અતિ નિકટ ઊભો રહે.

૭. શૈક્ષ, રાત્નિક સાધુની આગળ બેસે.

૮. શૈક્ષ, રાત્નિક સાધુની જોડાજોડ બેસે.

૯. શૈક્ષ, રાત્નિક સાધુની અતિ નીકટ બેસે.

આ નવે સૂત્રોમાં સાથે "તો શૈક્ષને આશાતના દોષ લાગે" તેમ જોડવું.

૧૦. શૈક્ષ, રાત્નિક સાધુની સાથે બહાર મલોત્સર્ગ સ્થાને ગયા હોય, ત્યાં શૈક્ષ, રાત્નિકની પહેલાં શૌચ-શુદ્ધિ કરે.

૧૧. શૈક્ષ, રાત્નિક સાધુની સાથે બહાર વિચારભૂમિ કે વિહારભૂમિ જાય, ત્યારે શૈક્ષ, રાત્નિકની પહેલાં ગમનાગમન આલોચે.

૧૨. કોઈ વ્યક્તિ રાત્નિક પાસે વાર્તાલાપ માટે આવે ત્યારે શૈક્ષ તેની પહેલાં જ વાર્તાલાપ કરવા લાગે.

૧૩. રાત્રે કે વિકાલે જો રાત્નિક, શૈક્ષને સંબોધન કરીને પૂછે કે હે આર્ય ! કોણ-કોણ સુતા છે. કોણ-કોણ જાગે છે ? ત્યારે શૈક્ષ રાત્નિકનું વચન સાંભળ્યું ન સાંભળ્યું કરી દે, પ્રત્યુત્તર ન આપે.

૧૪. શૈક્ષ, જો અશન, પાન, આદિમાં સ્વાદિમ આહાર લાવીને પહેલાં તેની આલોચના કોઈ અન્ય શૈક્ષ પાસે કરી પછી રાત્નિક પાસે કરે.

૧૫. શૈક્ષ, જો અશનાદિ લાવીને પહેલા કોઈ અન્ય શૈક્ષને દેખાડે, પછી રાત્નિકને દેખાડે.

૧૬. શૈક્ષ, જો અશનાદિ લાવીને પહેલાં બીજા કોઈ શૈક્ષને નિમંત્રણા કરે, પછી રાત્નિકને નિમંત્રણા કરે.

૧૭. શૈક્ષ, જો સાધુની સાથે અશનાદિ લાવી, રાત્નિકને પૂછ્યા વિના જે જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુને દેવા ઇચ્છતો હોય, તેને જલદી જલ્દી અધિક-અધિક માત્રામાં આપી દે.

૧૮. શૈક્ષ, અશનાદિમાં વિવિધ પ્રકારના શાક, શ્રેષ્ઠ, તાજા, રસદાર, મનોજ્ઞ, મનોભિલષિત સ્નિગ્ધ અને રૂક્ષ આહાર જલ્દી-જલ્દી કરી લે.

ઉક્ત પાંચે સૂત્રમાં 'તેને આશાતના લાગે' તેમ જોડવું.

૧૯. રાત્નિક બોલાવે ત્યારે શૈક્ષ તેને ન સાંભળ્યું કરી ચુપ બેસી રહે.

૨૦. રાત્નિક બોલાવે ત્યારે શૈક્ષ પોતાના સ્થાને જ બેઠો બેઠો તેમની વાત સાંભળે પણ ઊભો ન થાય.

૨૧. રાત્નિક બોલાવે ત્યારે શૈક્ષ "શું કહો છો ?" એમ કહે. – તો આ ત્રણેમાં શૈક્ષને આશાતના દોષ લાગે.

૨૨. શૈક્ષ રાત્નિકને 'તું' એમ એક વચન કહે.

૨૩. શૈક્ષ રાત્નિકની સામે નકામો બકવાદ કરે.

૨૪. શૈક્ષ, રાત્નિક દ્વારા કહેવાયેલ શબ્દો જ તેમને કહી સંભળાવે, જેમકે– "તમે તો આવું કહેતા હતાં."

૨૫. શૈક્ષ, રાત્નિકના કથા કહેવાના સમયે કહે કે – "આ આમ કહેવું જોઈએ."

૨૬. શૈક્ષ, રાત્નિક કથા કહેતા હોય ત્યારે "તમે ભૂલો છો" એમ કહીને ભૂલો કાઢે.

૨૭. રાત્નિક કથા કહેતા હોય ત્યારે શૈક્ષ અપ્રસન્ન રહે અર્થાત્ દુર્ભાવ પ્રગટ કરે.

૨૮. રાત્નિક ધર્મકથા કહેતા હોય ત્યારે શૈક્ષ જો કોઈ બહાનુ કાઢી પરિષદ્‌નું વિસર્જન કર દે.

૨૯. રાત્નિક ધર્મકથા કહેતા હોય ત્યારે શૈક્ષ જો કથામાં બાધા-વિઘ્ન ઉપસ્થિત કરે.

૩૦. પર્ષદાના ઉઠવાના, છિન્ન-ભિન્ન થવાના, વિખેરવાની પૂર્વે શૈક્ષ, રાત્નિકે કહેલી કથાને બીજી, ત્રીજી વખત પણ કહેતો હોય.

૩૧. રાત્નિક સાધુના શય્યા-સંથારાને પગથી સ્પર્શ થઈ જાય ત્યારે શૈક્ષ હાથ જોડી ક્ષમાયાચના કર્યા વિના ચાલ્યો જાય.

૩૨. રાત્નિકના શય્યા-સંથારે ઉભે, બેસે, સુવે.

૩૩. રાત્નિકથી ઉંચા કે સમાન આસને શૈક્ષ ઊભો રહે, બેસે કે સુવે.

તે સ્થવિર ભગવંતોએ ખરેખર આ ૩૩-આશાતના કહેલી છે, તે હું તમને કહું છું.

**દશાશ્રુતસ્કંધની દશા-૩ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✷ દશા-૪ "ગણિસંપદા" ✷

*• પહેલી, બીજી, ત્રીજી દશામાં કહેવાયેલા દોષો શૈક્ષને ત્યાગ કરવા યોગ્ય છે, એ બધાંનો ત્યાગ કરવાથી તે શૈક્ષ ગણિ સંપદાને યોગ્ય થાય છે. તેથી હવે આ "દશા"માં આઠ પ્રકારની ગણિ-સંપદાનું વર્ણન કરે છે.*

**[૫]** હે આયુષ્યમાન્ ! તે નિર્વાણ પ્રાપ્ત ભગવંતના સ્વ મુખેથી મેં આ પ્રમાણે સાંભળેલ છે કે – આ આર્હત પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ ખરેખર આઠ પ્રકારની ગણિ સંપદા કહેલી છે. તે સ્થવિર ભગવંતોએ કઈ આઠ ગણિ સંપદા કહી છે ?

તે સ્થવિર ભગવંતોએ જે આઠ પ્રકારની સંપદા નિશ્ચે કહી છે, તે આ પ્રમાણે છે – (૧) આચાર, (૨) સૂત્ર, (૩) શરીર, (૪) વચન, (૫) વાચના, (૬) મતિ, (૭) પ્રયોગ, (૮) સંગ્રહપરિજ્ઞા.

**[૬]** તે આચાર સંપદા કઈ છે ? [આચાર એટલે ભગવંતે પ્રરૂપેલ આચરણા કે મર્યાદા, બીજી રીતે કહીએ તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય એ પાંચની આચરણા અને સંપદા એટલે સંપત્તિ.]

આ આચાર સંપત્તિ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે – સંયમ ક્રિયામાં સદા જોડાયેલા રહેવું. અહંકાર રહિત થવું. અનિયત વિહારી થવું અર્થાત્ એક સ્થાને સ્થાયી થઈને ન રહેવું. શ્રુત સ્થવિર તથા દીક્ષા પર્યાય જયેષ્ઠની માફક ગંભીર થવું.

**[૭]** તે શ્રુતસંપત્તિ કઈ છે ? [શ્રુત એટલે આગમ અથવા શાસ્ત્રજ્ઞાન] આ શ્રુત સંપત્તિ ચાર પ્રકારે કહી છે–

(૧) બહુશ્રુતતા – અનેક શાસ્ત્રોના જ્ઞાતા થવું. (૨) પરિચિત પણું – સૂત્રાર્થથી સારી રીતે પરિચિત થવું. (૩) વિચિત્રશ્રુતતા સ્વસમય અને પરસમયના તથા ઉત્સર્ગ અને અપવાદના જ્ઞાતા થવું. (૪) ઘોષ વિશુદ્ધિ કારકતા – શુદ્ધ ઉચ્ચારણવાળા થવું.

**[૮]** તે શરીર સંપત્તિ શું છે ? શરીર સંપત્તિ ચાર પ્રકારે કહી છે, તે આ –

(૧) શરીરની લંબાઈ-પહોળાઈનું યોગ્ય પ્રમાણ હોવું. (૨) કુરૂપ કે લજ્જા ઉપજાવે તેવા શરીરવાળા ન હોવું. (૩) શરીરનું સંહનન સુદૃઢ હોવું (૪) પાંચે ઇંદ્રિયોનું પરિપૂર્ણ હોવું.

**[૯]** તે વચન સંપત્તિ કઈ છે ? [વચન એટલે વાણી] વચન સંપત્તિ ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે–

(૧) આદેયતા – જેનું વચન સર્વજન આદરણીય હોય, (૨) મધુરવચનવાળા હોવું. (૩) અનિશ્રિતતા – રાગદ્વેષ રહિત એટલે કે નિષ્પક્ષપાતી વચનવાળા હોવું. (૪) અસંદિગ્ધતા – સંદેહ રહિત વચનવાળા હોવું.

**[૧૦]** શિષ્યની યોગ્યતાનો નિશ્ચય કરવાવાળી હોવી. (૨) વિચારપૂર્વક અધ્યાપન કરાવનારી હોવી. (૩) યોગ્યતા અનુસાર ઉપયુક્ત શિક્ષણ દેનારી હોવી. (૪) અર્થ-સંગતિપૂર્વક નય-પ્રમાણ થકી અધ્યાપન કરાવવાળી હોવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૧] તે મતિ સંપત્તિ કઈ છે ? [મતિ એટલે જલ્દીથી પદાર્થને ગ્રહણ કરવો તે] મતિ સંપત્તિ ચાર પ્રકારે છે. તે આ–

(૧) અવગ્રહ – સામાન્ય રૂપે અર્થને જાણવો તે, (૨) ઇહા વિશેષ રૂપે અર્થને જાણવો તે, (૩) અપાય – ઇહિત વસ્તુનો વિશેષ રૂપે નિશ્ચિય કરવો, (૪) ધારણા – જાણેલી વસ્તુનું કાલાંતરે પણ સ્મરણ રાખવું, તે રૂપ સંપત્તિ.

તે અવગ્રહણ સંપત્તિ કઈ છે ? અવગ્રહમતિ સંપત્તિ છ પ્રકારે છે. તે આ પ્રમાણે–

(૧) શીઘ્ર ગ્રહણ કરવું (૨) એક સાથે ઘણાં અર્થોને ગ્રહણ કરવા, (૩) અનેક પ્રકારે ઘણાં અર્થોને ગ્રહણ કરવા. (૪) નિશ્ચિત રૂપે અર્થને ગ્રહણ કરવો, (૫) અનિશ્ચિત અર્થને અનુમાનથી ગ્રહણ કરવો, (૬) સંદેહ રહિત થઈને અર્થને ગ્રહણ કરવો.

એ જ પ્રમાણે ઇહામતિ સંપતિ અને અપાયમતિ સંપત્તિ બંનેને છ-છ પ્રકારે જાણવી.

તે ધારણા મતિ સંપત્તિ કઈ છે ? ધારણા મતિ સંપત્તિ છ પ્રકારે કહી છે. તે આ પ્રમાણે -

(૧) બહુંધર, (૨) બહુવિધંધર, (૩) પોરાણંધર, (૪) દુર્ધરને ધરનાર (૫) અનિશ્રિતંધર (૬) અસંદિગ્ધધર.

એ પ્રમાણે ધારણામતિ કહી, મતિ સંપદા કહી.

[૧૨] તે પ્રયોગ સંપત્તિ કઈ છે ? પ્રયોગ સંપત્તિ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે–

(૧) પોતાની શક્તિ જાણીને વાદ-વિવાદ કરવો, (૨) સભાના ભાવો જાણીને વાદ કરવો, (૩) ક્ષેત્રની જાણકારી મેળવીને વાદ કરવો (૪) વસ્તુ વિષયને જાણીને પુરુષવિશેષ સાથે વાદ-વિવાદ કરવો. તે પ્રયોગ સંપત્તિ.

[૧૩] તે સંગ્રહ પરિજ્ઞા સંપત્તિ કઈ છે ? સંગ્રહ પરિતા સંપત્તિ ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે -

(૧) વર્ષાવાસ માટે અનેક મુનિજનોને રહેવા યોગ્ય ઉચિત સ્થાન જોવું. (૨) અનેક મુનિજનોને માટે પાછા દેવાનું કહીને પીઠફલક, શય્યા, સંથારો ગ્રહણ કરવા. (૩) કાળને આશ્રિને ઉચિતકાર્ય કરવું-કરાવવું. (૪) ગુરુજનોનો યથાયોગ્ય પૂજા-સત્કાર કરવો. તે સંગ્રહ પરિજ્ઞા સંપત્તિ છે.

[૧૪] આઠ પ્રકારે સંપદાના વર્ણન પછી હવે ગણિનું કર્તવ્ય કહે છે – આચાર્ય પોતાના શિષ્યોને આ ચાર પ્રકારની વિનય-પ્રતિ પતિપત્તિ શીખવીને પોતાના ઋણથી મુક્ત થાય.

(૧) આચાર વિનય, (૨) શ્રુત વિનય, (૩) વિક્ષેપણા – મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વમાં સ્થાપના કરવા રૂપ વિનય, (૪) દોષ નિર્ઘાતના વિનય – દોષનો નાશ કરવા રૂપ વિનય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

• તે આચારવિનય શું છે ? તે આચારવિનય ચાર પ્રકારનો કહેવાયેલ છે, આ પ્રમાણે છે–

(૧) સંયમના ભેદ પ્રભેદોનો જ્ઞાન કરાવી, આચરણ કરાવવું.

(૨) ગ્લાન અને વૃદ્ધને સાચવવા વ્યવસ્થા કરવી.

(૩) તપની સામાચારી શીખવવી

(૪) એકાકી વિહારની સામાચારી શીખવવી.

• ભગવન્ ! તે શ્રુત વિનય શું છે

શ્રુત વિનય ચાર પ્રકારે કહેવાયેલ છે, તે આ રીતે–

(૧) મૂત્ર સૂત્રોને ભણાવવા.

(૨) સૂત્રોના અર્થોને ભણાવવા.

(૩) શિષ્યને હિતનો ઉપદેશ આપવો.

(૪) સૂત્રાર્થનું યથાવિધિ સમગ્ર અધ્યાપન કરાવવું.

• ભગવન્ ! વિક્ષેપણા વિનય શું છે ? વિક્ષેપણા વિનય ચાર પ્રકારે કહેવાયેલ છે. તે આ પ્રમાણે -

(૧) જેણે સંયમધર્મને પૂર્ણ રૂપે સમજેલ નથી, તેને સમજાવવો.

(૨) સંયમધર્મના જ્ઞાતાને જ્ઞાનાદિ ગુણોથી પોતા જેવો બનાવવો.

(૩) ધર્મથી ચ્યુત થનાર શિષ્યને ફરી ધર્મમાં સ્થિર કરવો.

(૪) સંયમ ધર્મમાં સ્થિત શિષ્યના હિતને માટે, સુખને માટે, સામર્થ્યને માટે, મોક્ષને માટે અને ભવાંતરમાં પણ ધર્મની પ્રાપ્તિ થાય, તે માટે પ્રવૃત્ત રહેવું.

• ભગવન ! તે દોષ નિર્ઘાતના વિનય શું છે ? દોષ નિર્ઘાતના વિનય ચાર પ્રકારે કહેલ છે. તે આ પ્રમાણે–

(૧) ક્રુદ્ધ વ્યક્તિના ક્રોધને દૂર કરવો.

(૨) દુષ્ટ વ્યક્તિના દ્વેષને દૂર કરવો.

(૩) આકાંક્ષાવાળા વ્યક્તિની આકાંક્ષા નિવારવી

(૪) પોતાના આત્માને સંયમમાં જોડી રાખવો.

[૧૫] આવા ગુણવાન આચાર્યના અંતેવાસી-શિષ્યની આ ચાર પ્રકારની વિનય પ્રતિપતિ છે. જેમ કે–

(૧) સંયમના ઉપયોગી વસ્ત્ર, પાત્રાદિ પ્રાપ્ત કરવા

(૨) અશક્ત સાધુઓની સહાયતા કરવી.

(૩) ગણ અને ગણીના ગુણો પ્રગટ કરવા.

(૪) ગણના ભારનો નિર્વાહ કરવો.

• ઉપકરણ ઉત્પાદકતા શું છે ? તે ચાર પ્રકારે છે–

(૧) નવા ઉપકરણો મેળવવા, (૨) પ્રાપ્ત ઉપકરણનું સંરક્ષણ અને સંગોપન કરવું, (૩) અલ્પ ઉપધિવાળા મુનિને તેની પૂર્તિ કરવી, (૪) શિષ્યોને માટે યથાયોગ્ય ઉપકરણોનો વિભાગ કરી દેવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

• સહાયકતા વિનય શું છે ? તે ચાર પ્રકારે છે–

(૧) ગુરુને અનુકૂળ વચન બોલનારા હોવું, (૨) ગુરુ કહે તેવી જ પ્રવૃત્તિ કરવી, (૩) ગુરુની યથોચિત સેવા કરવી, (૪) બધાં કાર્યોમાં ગુરુની ઇચ્છાને અનુકૂળ વ્યવહાર કરવો.

• વર્ણ સંજ્વલનતા વિનય શું છે ? તે ચાર પ્રકારે છે–

(૧) યથાતથ્ય ગુણોની પ્રશંસા કરનાર થવું, (૨) અયથાર્થ દોષ કહેનારને નિરુત્તર કરવા, (૩) વર્ણવાદીના ગુણોનું સંવર્ધન કરવું, (૪) સ્વયં વૃદ્ધોની સેવા કરનાર થવું.

• ભાર પ્રત્યારોહણતા વિનય શું છે ? તે ચાર પ્રકારે–

(૧) નવા શિષ્યોનો સંગ્રહ કરવો, (૨) નવદીક્ષિતોને આચાર ગોચરની વિધિ શીખવવી, (૩) સાધર્મિક રોગી સાધુની યથાશક્તિ વૈયાવચ્ચ કરવી, (૪) સાધર્મિકોમાં પરસ્પર કલહ થઈ જાય તો રાગ-દ્વેષનો ત્યાગ કરતા, કોઈ પક્ષ વિશેષને ગ્રહણ ન કરીને માધ્યસ્થ ભાવ રાખવો. અને સમ્યક્ વ્યવહારનું પાલન કરતાં તે કલહના ક્ષમાપન અને ઉપશમનને માટે સદા તત્પર રહેવું – તેમજ–

આ વિચાર કરવો કે કઈ રીતે સાધર્મિક પરસ્પર અનર્ગલ પ્રલાપ ન કરે, તેમનામાં ઝંઝટ ન થાય. કલહ, કષાય અને તૂં-તા ન થાય, સાધર્મિક જન સંયમ-સંવર-સમાધિ બહુલ અને અપ્રમત્ત થઈ સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતાં વિચર કરશે.

આ રીતે આઠ પ્રકારે ગણિ સંપદા કહી છે.

**દશાશ્રુતસ્કંધની દશા-૪ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ દશા-૫ 'ચિત્તસમાધિસ્થાન' ✵

*• જે રીતે સાંસારિક આત્માને ધન, વૈભવ, ભૌતિક વસ્તુની પ્રાપ્તિ આદિ થવાની ચિત્ત આનંદમય બને છે. તે જ રીતે મુમુક્ષુ આત્મા અથવા સાધુજન આત્મગુણોની અનુપમ ચિત્ત સમાધિ પ્રાપ્ત થાય છે. જે ચિત્ત સમાધિસ્થાનનું આ "દસા"માં વર્ણન કરાયેલ છે.*

**[૧૬]** હે આયુષ્યમાન ! તે નિર્વાણ પ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં એવું સાંભળેલ છે કે—

નિશ્ચયથી આ જિનપ્રવચનમાં સ્થવિર ભગવંતોએ દશ ચિત્ત સમાધિસ્થાન કહેલા છે. તે ક્યા ચિત્ત સમાધિસ્થાન છે ? સ્થવિર ભગવંતો કહેલાં તે સમાધિસ્થાનો આ છે—

તે કાળે અને તે સમયે એટલે ચોથા આરામાં ભગવંત મહાવીરના વિચરણ સમયે વાણિજયગ્રામ નામે નગર હતું. અહીં નગરનું વર્ણન ઉપવાઈ સૂત્રાનુસાર ચંપા નગરી માફક જાણવું તે વાણિજયનગર બહાર દૂતિપલાશક નામે ચૈત્ય હતું. ચૈત્ય વર્ણન જાણી લેવું. ત્યાં જિતશત્રુ રાજા, ધારિણી નામે રાણી હતા. એ પ્રમાણે સર્વ સમોસરણ ઉપવાઈ સૂત્રાનુસાર જાણવું. યાવત્ પૃથ્વીશીલા પટ્ટક ઉપર વર્ધમાન સ્વામી બિરાજમાન થયા. પર્ષદા નીકળી. ભગવંતે ધર્મનું નિરૂપણ કર્યું, પર્ષદા પોત-પોતાના સ્થાને પાછી ગઈ.

**[૧૭]** હે આર્યો ! એમ સંબોધન કરી શ્રમણ ભગવંત મહાવીર સાધુ અને સાધ્વીઓને કહેવા લાગ્યા. હે આર્યો ! ઇર્યા-ભાષા-એષણા-આદાન ભાંડ માત્ર નિક્ષેપણા અને ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ સિંઘાણક જલ પરિષ્ઠાપના એ પાંચ સમિતિ યુક્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, આત્માર્થી, આત્મહિતકર, આત્મયોગી, આત્મપરાક્રમી, પાક્ષિક પૌષધમાં સમાધિ પ્રાપ્ત અને શુભ ધ્યાન કરવાવાળા સાધુ-સાધ્વીઓને પહેલાં ઉત્પન્ન ન થયેલ હોય તેવી ચિત્ત સમાધિના દસ સ્થાન ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે—

પહેલાં ઉત્પન્ન ન થયેલ એવી નીચે જણાવેલ દશ વસ્તુ ઉત્પન્ન થઈ જાય તો ચિત્તને સમાધિ પ્રાપ્ત થાય છે.

(૧) ધર્મ ભાવના – જેનાથી બધાં ધર્મો જાણી શકે છે.

(૨) સંજ્ઞિ – જાતિ સ્મરણ જ્ઞાન, જેનાથી પોતાના પૂર્વ ભવો અને જાતિનું સ્મરણ થાય છે.

(૩) સ્વપ્ન દર્શનનો યથાર્થ અનુભવ.

(૪) દેવ દર્શન – જેનાથી દિવ્ય ઋદ્ધિ, દિવ્યકાંતિ, દેવાનુભાવ જોઈ શકે.

(૫) અવધિજ્ઞાન – જેનાથી લોકને જાણે છે.

(૬) અવધિ દર્શન – જેનાથી લોકને જોઈ શકે છે.

(૭) મનઃ પર્યવજ્ઞાન – જેનાથી અઢી દ્વીપના સંજ્ઞીપંચેન્દ્રિયના મનોગત ભાવને જાણે—

(૮) કેવળ જ્ઞાન – જેનાથી સંપૂર્ણ લોકાલોકને જાણે છે

(૯) કેવળ દર્શન – જેનાથી સંપૂર્ણ લોકાલોક ને જુએ છે.

(૧૦) કેવળ મરણ – જેનાથી સર્વ દુઃખનો સર્વથા અભાવ થાય.

**[૧૮]** રાગદ્વેષ રહિત નિર્મળ ચિત્તને ધારણ કરવાથી એકાગ્રતા રૂપ ધ્યાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થાય છે. શંકા રહિત ધર્મમાં સ્થિત આત્મા નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**[૧૯]** આ રીતે ચિત્ત સમાધિ ધારણ કરનાર આત્મા બીજી વખતે લોકમાં ઉત્પન્ન થતો નથી અને પોતાના ઉત્તમ સ્થાનને જાતિ સ્મરણ જ્ઞાનથી જાણી લે છે.

**[૨૦]** સંવૃત્ત આત્મા યથાતથ્ય સ્વપ્નને જોઈને જલ્દી બધાં સંસાર સમુદ્રને તરી જાય છે. બધાં દુઃખ છુટી જાય છે.

**[૨૧]** અંતપ્રાંતભોજી, વિવિક્ત શયન-આસન સેવી, અલ્પ આહાર કરનારા, ઇંદ્રિયોને દમન કરનારા, ષટ્કાય રક્ષક મુનિને દેવોનું દર્શન થાય છે.

**[૨૨]** સર્વ કામ ભોગોથી વિરક્ત, ભીમ-ભૈરવ પરિષહ-ઉપસર્ગોને સહન કરવાવાળા તપસ્વી સંયતને અવધિજ્ઞાન થાય છે.

**[૨૩]** જેણે તપ દ્વારા અશુદ્ધ લેશ્યાઓને દૂર કરી છે તેનું અવધિ દર્શન અતિ વિશુદ્ધ થઈ જાય છે. અને તેના થકી સર્વ ઉર્ધ્વ અધો-તીર્છા-લોકને જોઈ શકે છે.

**[૨૪]** સુસમાધિયુક્ત પ્રશસ્ત લેશ્યાવાળા વિતર્ક રહિત ભિક્ષુ અને સર્વબંધનથી મૂકાયેલા આત્મા મનના પર્યાયોને જાણે છે. [એટલે કે મનઃપર્યવજ્ઞાની થાય છે.]

**[૨૫]** જ્યારે જીવના સમસ્ત જ્ઞાનાવરણ કર્મનો ક્ષય થાય ત્યારે તે કેવલી જિન સમસ્ત લોકાલોકને જાણે છે.

**[૨૬]** જ્યારે જીવના સમસ્ત દર્શનાવરણ કર્મનો ક્ષય થાય ત્યારે તે કેવલી જિન સમસ્ત લોકાલોકને જુએ છે.

**[૨૭]** પ્રતિમા અર્થાત્ પ્રતિજ્ઞાની વિશુદ્ધ રૂપે આરાધના કરતા અને મોહનીય કર્મનો ક્ષય થતાં સુસમાહિત આત્મા સંપૂર્ણ લોકાલોકને જુએ છે.

**[૨૮ થી ૩૦]** જે પ્રકારે તાલવૃક્ષ ઉપર સોય ભોંકવાથી સમગ્ર તાલવૃક્ષ નષ્ટ થાય છે... જે રીતે સેનાપતિના મૃત્યુ સાથે આખી સેના વિનાશ પામે છે... જે રીતે ધુમાળા વિનાનો અગ્નિ ઇંધણના અભાવે ક્ષય પામે છે. તે રીતે મોહનીય કર્મનો સર્વથા ક્ષય થતાં બાકીના સર્વ કર્મનો ક્ષય કે વિનાશ થાય છે.

**[૩૧]** જેમ સૂકા મૂળીયાવાળું વૃક્ષ જળસિંચવા છતાં પણ પુનઃ અંકુરિત થતું નથી તેમ મોહનીય કર્મનો સર્વથા ક્ષય થતાં બાકીના કર્મો ઉત્પન્ન થતાં નથી.

**[૩૨]** જેમ બીજ બળી ગયા પછી પુનઃ અંકુર ઉત્પન્ન થતાં નથી, તેમ કર્મબીજ બળ્યા પછી ભવાંકુર ઉત્પન્ન ન થાય.

**[૩૩]** ઔદારિક શરીરનો ત્યાગ કરી નામ, ગોત્ર, આયુ અને વેદનીય કર્મનું છેદન કરી કેવલી સર્વથા કર્મરજ રહિત થાય છે.

**[૩૪]** હે આયુષ્યમાન ! આ રીતે સમાધિને જાણીને રાગદ્વેષ રહિત ચિત્ત ધારણ કરી શુદ્ધ શ્રેણીને પામી આત્મા શુદ્ધિ પ્રાપ્ત કરે છે. અર્થાત્ ક્ષપક શ્રેણી માંડી મોક્ષે જાય છે.

**દશાશ્રુતસ્કંધની દશા-૫ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ દશા-૬ 'ઉપાશકપ્રતિમા' ✵

*[જે આત્મા શ્રમણપણાના પાલન માટે અસમર્થ હોય તેવા આત્મા શ્રમણપણાનું લક્ષ્ય રાખી તેના ઉપાસક બને છે. તેને શ્રમણોપાસક કહે છે. ટુંકમાં તેઓ ઉપાસક તરીકે ઓળખાય છે. આવા ઉપાસકને આત્મા સાધના માટે ૧૧ પ્રતિમા અર્થાત્ વિશિષ્ટ પ્રકારની 'પ્રતિજ્ઞાનું આરાધન જણાવેલ છે, તેનું અહીં વર્ણન છે.]*

**[૩૫]** હે આયુષ્યમાન ! તે નિર્વાણ પ્રાપ્ત ભગવંતના સ્વ મુખેથી મેં એવું સાંભળેલ છે કે -આ જિન પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી ૧૧ ઉપાસક પ્રતિમાઓ કહી છે.

સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી કઈ ૧૧-ઉપાસક પ્રતિમાઓ કહેલી છે ? સ્થવિર ભગવંતોએ કહેલી ૧૧-ઉપાસક પ્રતિમાઓ આ પ્રમાણે છે – (૧) દર્શન, (૨) વ્રત, (૩) સામાયિક, (૪) પૌષધ, (૫) દિવસે બ્રહ્મચર્ય, (૬) દિવસ-રાત્રિ બ્રહ્મચર્ય, (૭) સૂચિત પરિત્યાગ, (૮) આરંભ પરિત્યાહગ, (૯) પ્રેષ્ય પરિત્યાગ [૧૦] ઉદ્દિષ્ટભક્ત પરિત્યાગ [૧૧] શ્રમણ ભૂત.

[પ્રતિમા એટલે વિશિષ્ટ પ્રતિજ્ઞા]

જે અક્રિયાવાદી છે અને જીવાદિ પદાર્થોના અસ્તિત્વનો અપલાપ કરે છે, તે નાસ્તિકવાદી છે. નાસ્તિકબુદ્ધિ છે, નાસ્તિક દ્રષ્ટિ છે, જે સમ્યકવાદી નથી, નિત્યવાદી નથી – ક્ષણિકવાદી છે. જે પરલોકવાદી નથી. જે કહે છે કે – આલોક નથી, પરલોક નથી, માતા નથી, પિતા નથી, અરિહંત નથી, ચક્રવર્તી નથી, બલદેવ નથી, વાસુદેવ નથી, નરક નથી, નારકી નથી, સુકૃત અને દુષ્કૃત કર્મોના ફળ વૃત્તિ વિશેષ નથી, સમ્યક રીતે આચરેલ કર્મ શુભ ફળ દેતા નથી, કુત્સિત રીતે આચરેલા કર્મ અશુભ ફળ દેતા નથી. કલ્યાણ કર્મ અને પાપકર્મ ફળ રહિત છે. જીવ પરલોકમાં જઈને ઉત્પન્ન થતો નથી. નરક આદિ ચાર ગતિવાળો નથી. સિદ્ધિ નથી. – જે આ પ્રમાણે કહે છે, આવી બુદ્ધિવાળો છે, આવી દ્રષ્ટિવાળો છે, આવી ઇચ્છા અને રાગ કે કદાગ્રહથી યુક્ત છે, તે મિથ્યાદ્રષ્ટિ જીવ છે.

આવો મિથ્યાદ્રષ્ટિ જીવ મહાઇચ્છાવાળો, મહારંભી, મહા પરિગ્રહી છે. ધાર્મિક, અધર્માનુગામી, અધર્મસેવી, અધર્મખ્યાતિવાળો, અધર્માનુરાગી, અધર્મદ્રષ્ટા, અધર્મજીવી, અધર્માતુરક્ત, અધાર્મિક શીલવાળો, અધાર્મિક આચરણવાળો, અધર્મથીજ આજીવિકા કરતાં વિચરે છે.

તે મિથ્યાદ્રષ્ટિ નાસ્તિક આજીવિકા માટે બીજાને કહે છે. જીવોને મારો, તેના અંગોને છેદો, માથું-પેટ વગેરે ભેદો, કાપો, તેના પોતાના હાથ લોહીથી ખરડાયેલા છે. તે ચંડ, રૌદ્ર અને ક્ષુદ્ર હોય છે. વિના વિચાર્યે કાર્ય રકે છે, સાહસિક હોય છે, લોકોની રિશ્વત લે છે. ચેતરપિંડી, માયા, છળ, ફડ, કપટ અને માયાજાળ રચવામાં કુશળ હોય છે તે દુઃશીલ, દુષ્ટજનોનો પરિચિત, દુશ્ચરિત્ર, દારુણસ્વભાવી, દુષ્ટવ્રતી, દુષ્કૃત કરવામાં આનંદિત હોય છે. શીલરહિત, ગુણરહિત, પ્રત્યાખ્યાન પૌષધોપવાસ ન કરનારો અને અસાધુ હોય છે.

તે યાવજ્જીવને માટે સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી અપ્રતિવિરત રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ હિંસક રહે છે. એ જ પ્રમાણે સર્વ પ્રકારે મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહનો પણ ત્યાગ કરતો નથી. સર્વ પ્રકારે ક્રોધ, માન, માય, લોભ, રાગ, દ્વેષ, કલહ, આળ, ચુગલી, નિંદા, રતિ-અરતિ, માયામૃષાવાદ અને મિથ્યાદર્શનશલ્યથી યાવજ્જીવન અવિરત રહે છે. અર્થાત્ આ અઢારે પાપસ્થાનનું સેવન કરતો રહે છે.

તે મિથ્યાદ્રષ્ટિ સર્વ પ્રકારે સ્નાન, મર્દન, વિલેપન, શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધ, માળા, અલંકારોથી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે. શકટ, રથ, યાન, યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા, સ્યંદમાનિકા, શયન, આસન, યાન, વાહન, ભોજન, ગૃહસંબંધી વસ્ત્ર પાત્ર આદિથી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે. સર્વ અશ્વ, હાથી, ગાય, ભેંસ, બકરા, ભેડ, દારા-દાસી, નોકર પુરુષથી યાવજ્જીવન જોડાયેલો રહે છે. સર્વપ્રકારે ચાંદી, સોનું, ધન, ધાન્ય, મણિ, મોતી, શંખ, મૂગાથી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે.

યાવજ્જીવને માટે હિનાધિક તોલમાપ, સર્વ આરંભ-સમારંભ, સર્વ કાર્યો કરવા-કરાવવા, પચન-પાચન, કૂટવું-પીસવું, તર્જન-તાડન, વધ-બંધ, પરિક્લેશ યાવત્ તેવા પ્રાકરના સાવધ અને મિથ્યાત્વ વર્ધક બીજા જીવોને પ્રાણોનો પરિતાપ પહોંચાડનાર કર્મ કહે છે. આ સર્વે પાપ કાર્યોથી અપ્રતિવિરત અર્થાત્ જોડાયેલો રહે છે.

જેમ કોઈ પ્રરુષ કલમ, મસુર, તલ, મગ, અડદ, વાલ કળથી ચોળા, તુવેર, કાળા ચણા, જુવાર અને તે પ્રકારના બીજા ધાન્યોને જીવનરક્ષાના ભાવ સિવાય કુરતાપૂર્વક ઉપમર્દન કરતો મિથ્યાદંડ પ્રયોગ કરે છે. તે જ રીતે કોઈ પુરુષ વિશેષ તીતર, વટેરા, લાવા કબુતર, કપિંજલ, મૃગ, ભેંસ, સુવર, મગર, ગોધા, કાચબો અને સર્પ વગેરે નિરપરાધ જીવોને કુરતાપૂર્વક મિથ્યાદંડનો પ્રયોગ કરે છે. એટલે કે નિર્દયતાપૂર્વક ઘાત કરે છે.

વળી જે તેની બાહ્ય પર્ષદા છે. જેમ કે – દાસ, કડી, વેતન થકી કામ કરનાર, ભાગીદાર, કર્મકર, ભોગપુરુષ આદિ દ્વારા થયેલા નાના અપરાધનો પણ પોતે જ મોટો દંડ કરે છે. આને દંડો, આને મુંડો, આની તર્જતા કરો – તાડન કરો, આને હાથમાં, પગમાં, ગળામાં બધે બેડી નાખો. એના બંને પગમાં સાંકળ બાંધી અને પગ વાળી દો, ના હાથ કાપો, પગ કાપો, નખ છેદો, હાથ છેદો, માથુ ઉડાવી દો, મોઢું ભાંગી નાંખો, પુરુષ ચિહ્ન કાપી દો, હૃદય ચીરી નાખો.

એ જ પ્રમાણે આંખ-દાંત-મોઢું જીભ ઉખાડી દો, આને દોરડાથી બાંધીને ઝાડ ઉપર લટકાવો, બાંધીને જમીન ઉપર ઘસેડો, દહીંની જેમ મંથન કરો, શૂળીએ ચડાવો, ત્રિશુલથી ભેદો, શસ્ત્રોથી છિન્ન ભિન્ન કરો, ભેદાયેલા શરીર ઉપર ક્ષાર નાખો. તેના ઘામાં ઘાસ ખોસો. તેને સિંહ, વૃષભ, સાંઢની પૂંછડીએ બાંધો, દાવાગ્નિમાં બાળી દો, ટુકડા કરીને કાગડાને પધરાવી દો, ખાવા-પીવાનું બંધ કરી દો. જીવજ્જીવ બંધનમાં રાખો, અન્ય કોઈ પણ પ્રકારના કમોતથી તેને મારી નાખો.

તે મિથ્યાદ્રષ્ટિની જે અભ્યંતર પર્ષદા છે, જેમ કે માતા, પિતા, ભાઈ, બહેન, ભાર્યા, પુત્રી, પુત્રવધૂ વગેરે તેમાંના કોઈ થોડો પણ અપરાધ કરે તો પોતે જ ભારે દંડ આપે છે – જેમ કે ઠંડા પાણીમાં ડૂબાડે, ગરમ પાણી શરીર ઉપર રેડે, આગથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓના શરીરને બાળે, જોતવેંત નેત્ર આદિના દોરડાથી ચાબુકથી છિવાડાથી, જાડી વેલથી મારી મારીને બંને પડખાના ચામડાં ઉખેડી નાંખે, દંડ, મૂંડી, પત્થર, ખપ્પરથી તેમના શરીરને કૂટે – પીસે.

આવા પ્રકારના પુરુષવર્ગ સાથે રહેવાવાળા મનુષ્ય દુઃખી રહે છે. દૂર રહે તો પ્રસન્ન રહે છે. આ પ્રકારનો પુરુષ વર્ગ હંમેશાં ડંડો સાથે રાખે છે, અને કોઇનો થોડો પણ અપરાધ થાય તો અધિકાધિક દંડ દેવાનો વિચાર કરે છે. દંડને આગળ રાખીને જ વાત રકે છે. આવો પુરુષ આલોક અને પરલોક બંનેમાં પોતાનું અહિત કરે છે. આવા લોકો બીજાને દુઃખી કરે છે. શોક સંતપ્ત કરે છે, ઝુરાવે છે, સતાવે છે, પીડા આપે છે, પીટે છે, પરિતાપ પહોંચાડે છે. એ રીતે વધ, બંધ, ક્લેશાદિ પહોંચાડવામાં જોડાયેલા રહે છે.

આ જ પ્રકારે તે સ્ત્રી સંબંધી કામભોગોમાં મૂર્છિત, ગૃદ્ધ, આસક્ત અને પંચેન્દ્રિયોના વિષયમાં ડૂબેલો રહે છે.

એ રીતે તે ચાર, પાંચ, છ યાવત્ દશ વર્ષ કે તેથી ઓછો વધારે કાળ કામભોગ ભોગવીને વૈર ભાવોના બધાં સ્થાનો સેવી ઘણાં અશુભ કર્મો એકઠાં કરીને, જેવી રીતે લોઢા કે પત્થરનો ગોળો પાણીમાં ફેંક્તા જળતલનું અતિક્રમણ કરીને નીચે તળીયે પહોંચી જાય તે રીતે આ પ્રકારનો પુરુષવર્ગ વજૂ જેવા ઘણાં પાપ-ક્લેશ, કાદવ, વૈર, દંભ, માયા પ્રપંચ, આશાતના, અયશ, અપ્રીતિવાળો થઇને પ્રાયઃ ત્રસપ્રાણીનો ઘાત કરતો મૃત્યુ પામી ભૂમિતળનું અતિક્રમણ કરી નીચે નરકભૂમિમાં સ્થાન પામે છે.

તે નરક અંદરથી ગોળ અને બહારથી ચોરસ છે. નીચે છરા-અસ્તરાના આકારવાળી છે. નિત્ય ઘોર અંધકારથી વ્યાપી છે. ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્રાદિ જ્યોતિષ્કની પ્રભાથી રહિત છે.

તે નરકોની ભૂમિ ચરબી, માંસ, લોહી, પરુના સમૂહ જેવા કીચડથી લેપાયેલી છે. મળ મૂત્રાદિ અશુદ્ધિ પદાર્થોથી ભરેલી છે. અને પરમ દુર્ગન્ધમય છે. કાળી કે કપોત વર્ણવાળી, અગ્નિનાવર્ણની આભાવાળી છે, કર્કશ સ્પરશવાળી હોવાથી અસહ્ય છે. અશુભ હોવાથી ત્યાં અશુભ વેદના હોય છે. નિદ્રા લઈ શક્તા નથી.

તે નારકી જીવો, તે નરકમાં અશુભ વેદનાનો પ્રતિ સમય અનુભવ કરતાં વિચરે છે. જેવી રીતે પર્વતના અગ્રભાગે ઉત્પન્ન થયેલ વૃક્ષ, મૂળ ભાગ કપાવથી ઉપરનો ભાગ ભારે થતાં જ્યાં નીચું સ્થાન છે, જ્યાં દુર્ગમ પ્રવેશ છે કે વિષમ સ્થળ છે. ત્યાં જ પડે છે, તે જ રીતે ઉપર કહ્યા મુજબના મિથ્યાત્વી, ઘોર પાપી પુરુષ વર્ગ એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં, એક જન્મમાંથી બીજા જન્મમાં, એક મરણમાંથી બીજા મરણમાં, એક દુઃખમાંથી બીજા દુઃખમાં પડે છે. તે દક્ષિણ દિશાવર્તી ઘોર નરકમાં જાય છે.

તે કૃષ્ણપાક્ષિક નારકી ભાવિમાં દુર્બલ બોધિ થાય છે. આ પ્રકારનો જીવ અક્રિયાવાદી છે.

**[૩૬]** તે ક્રિયાવાદી કોણ છે ? તે ક્રિયાવાદી આવા પ્રકારનો છે જે આસ્તિકવાદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, આસ્તિક બુદ્ધિ છે, આસ્તિક દ્રષ્ટિ છે. સમ્યકવાદી અને નિત્ય અર્થાત્ મોક્ષવાદી છે. પરલોકવાદી છે. તેઓ માને છે કે – આલોક, પરલોક છે. માતા-પિતા છે. અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ છે. સુહત-દુષ્કૃત કર્મોનું ફળ છે.

– તથા – સદાચરિત કર્મો શુભફળ, અસાદાચારિત કર્મો અશુભ ફળ આપે છે. પુન્ય-પાપ ફળ સહિત છે. જીવ પરલોકમાં જાય છે અને આવે છે. નરક આદિ ચારગતિ છે, મોક્ષ પણ છે.

આ પ્રકારે માનનારા આસ્તિકવાદી, આસ્તિક બુદ્ધિ, આસ્તિક દ્રષ્ટિ, સ્વચ્છંદ, રાગ અભિનિવિષ્ટ યાવત્ મહાન ઇચ્છાવાળો પણ થાય છે. અને ઉત્તર દિશાવર્તી નરકોમાં ઉત્પન્ન પણ કદાચ થાય, તો પણ તે શુક્લપાક્ષિક હોય છે. ભાવિમાં સુલભબોધિ થઈ, સુગતિ પ્રાપ્ત કરતો અંતે મોક્ષગામી થાય છે. તે ક્રિયાવાદી.

**[૩૭]** પહેલી ઉપાસક પ્રતિમા :-

ક્રિયાવાદી મનુષ્ય સર્વ [શ્રાવક અને શ્રમણ] ધર્મરુચિ વાળો હોય છે. પણ તે સમ્યક પ્રકારે અનેક શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પચચકખાણ, પૌષધોપવાસનો ધારક હોતો નથી. [પરંતુ] સમ્યક્ શ્રદ્ધાવાળો હોય છે.

આ પહેલી 'દર્શન' ઉપાસક પ્રતિમા જાણવી.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ એક માસની હોય છે.

**[૩૮]** બીજી ઉપાસક પ્રતિમા :-

તે સર્વ ધર્મરુચિવાળો હોય છે. [શુદ્ધ સમ્યકત્વ ઉપરાંત યતિ (શ્રમણ)ના દશે ધર્મોની દૃઢ શ્રદ્ધાવાળો હોય છે.]

તે નિયમથી ઘણાં શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસનું સમ્યક પરિપાલન કરે છે. પણ સામાયિક અને દેશાવકાસિકનું સમ્યક પ્રતિપાલન કરી શકતો નથી. વ્રત પાલન કરે છે.

આ બીજી ઉપાસક પ્રતિમા – 'વ્રત પ્રતિમા' છે.

આ પ્રતિમાનો ઉત્કૃષ્ટ કાળ બે મહિના છે.

**[૩૯]** હવે ત્રીજી ઉપાશક પ્રતિમા કહે છે–

તે સર્વ ધર્મરુચિવાળો અને પૂર્વોક્ત બંને પ્રતિમાઓનો [દર્શન અને વ્રતનો] સમ્યક પરિપાલક હોય છે.

તે નિયમથી ઘણાં શીલવ્રત, ગુણવર્ત, પ્રાણાતિયાતાદિ વિરમણ, પચ્ચકખાણ, પૌષદોપવાસનું સમ્યક પ્રકારે પ્રતિપાલન કરે છે. સામાયિક અને દેશાવકાસિક વ્રતનો પણ સમ્યક પાલક છે.

પરંતુ તે ચૌદશ, આઠમ, અમાસ, પૂનમ એ તિથિઓમાં પ્રતિપૂર્ણ પૌષધોપવાસનું સમ્યક પરિપાલન કરી શકતો નથી.

તે આ ત્રીજી સામાયિક ઉપાસક પ્રતિમા.

આ સામાયિક પ્રતિમાના પાલનનો ઉત્કૃષ્ટકાળ ત્રણ માસ છે.

**[૪૦]** હવે ચોથી ઉપાસક પ્રતિમા કહે છે–

તે સર્વ ધર્મરુચિવાળો [યાવત્ આ પૂર્વે કહેવાઈ તે દર્શન, વ્રત અને સામાયિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ત્રણે પ્રતિમાઓનું યથાયોગ્ય અનુપાલન કરનારો હોય છે. તેવો ઉપાસક-]

તે નિયમથી ઘણાં શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાલિતપાત આદિ વિરમણ, પચ્ચક્ખાણ, પૌષધોપવાસ તેમજ સામાયિક, દેશાવકાસિક એ બંનેનું સમ્યક પરિપાલન કરે છે. પરંતુ એક રાત્રિકી ઉપાસક પ્રતિમાનું સમ્યક્ પરિપાલન તે ઉપાસક કરી શક્તો નથી.

આ ચોથી પૌષધ નામે ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમાનો ઉત્કૃષ્ટ કાળ ચાર માસ હોય છે.

[૪૧] હવે પાંચમી ઉપાસક પ્રતિમા કહે છે -

તે સર્વધર્મરુચિવાળો હોય છે. [યાવત્ પૂર્વોક્ત દર્શન, વ્રત, સામાયિક અને પૌષધ એ ચારે પ્રતિમાનું સમ્યક પરિપાલન કરનાર હોય છે, તેવો ઉપાસક]

નિયમથી ઘણાં શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પચ્ચક્ખાણ, પૌષધોપવાસનું સમ્યક પાલન કરે છે.

તે સામાયિક, દેશાવકાસિક વ્રતનું યથાસૂત્ર, યથાકલ્પ, યથાતથ્ય, યથામાર્ગ શરીરથી સમ્યકપ્રકારે સ્પર્શ કરનાર પાલન, શોધન અને કીર્તન કરતો જિનાજ્ઞા મુજબ પાલક થાય છે.

તે ચૌદશાદિ પર્વતિથિએ પૌષધનો અનુપાલક થાય છે.

એક રાત્રિકી ઉપાસક પ્રતિમાનું સમ્યક અનુપાલન કરે છે.

તે સ્નાન નથી કરતો, રાત્રિ ભોજન કરતો નથી. તે મુકુલીકૃત અર્થાત્ ધોતીની પાટલી નથી કરતો.

તે આવા પ્રકારના આચરણપૂર્વક વિચરતો જઘન્યથી એક, બે અથવા ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટથી પાંચ મહિના સુધી આ પ્રતિમાનું સમ્યક પરિપાલન કરે છે.

આ પાંચમી 'દિવસે બ્રહ્મચર્ય' નામે ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ પાંચ માસની હોય છે.

[૪૨] હવે છટ્ઠી ઉપાસક પ્રતિમા કહે છે—

તે સર્વ ધર્મ રુચિવાળો યાવત્ એક રાત્રિકી ઉપાસક પ્રતિમાનો સમ્યક અનુપાલન કર્તા હોય છે. [અર્થાત્ (૧) દર્શન, (૨) વ્રત, (૩) સામાયિક, (૪) પૌષધ, (૫) દિવસે બ્રહ્મચર્ય પ્રતિમા પાળે છે.]

તે ઉપાસક સ્નાન ન કરનારો, દિવસે જ ખાનારો, ધોતીના પાટલી ન બાંધનારો હોય છે.

તે દિવસે અને રાત્રે પૂર્ણ બ્રહ્મચર્ય પાલન કરે છે.

પરંતુ તે પ્રતિજ્ઞાપૂર્વક સચિત્ત આહારનો પરિત્યાગી હોતો નથી. ઉક્ત આચરણ પૂર્વક વિચરતો-

તે જઘન્યથી એક, બે અથવા ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટથી છ માસ સુધી સૂત્રોક્ત માર્ગાનુસાર આ છટ્ઠી પ્રતિમાનું સમ્યક પરિપાલન કરનારો થાય છે.

આ છટ્ઠી દિવસ-રાત્રિ બ્રહ્મચર્ય ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ છ માસની હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪૩] હવે સાતમી ઉપાસક પ્રતિમા કહે છે–

તે સર્વ ધર્મરુચિવાળો હોય છે. યાવત્ દિન-રાત બ્રહ્મચારી અને સચિત્ત આહાર પરિત્યાગી હોય છે.

[દર્શન, વ્રત, સામાયિક, પૌષદ, દિવસે બ્રહ્મચર્ય, દિવસ રાત્રિ બ્રહ્મચર્ય એ છ પ્રતિમા પાલક તથા સચિત્ત પરિત્યાગી છે.]

પરંતુ આ ઉપાસક ગૃહ આરંભના પરિત્યાગી ન હોય.

આ પ્રકારના આચરણપૂર્વક વિચરતા તે જઘન્યથી એક બે કે ત્રણ દિવસ ઉત્કૃષ્ટ સાત મહિના સુધી સૂત્રોક્ત માર્ગાનુસાર આ પ્રતિમાનું પાલન કરે છે.

આ સાતમી સચિત્ત પરિત્યાગ નામક ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ સાત માસની હોય છે.

[૪૪] હવે આઠમી ઉપાસક પ્રતિમા કહે છે -

તે સર્વ ધર્મરુચિવાળો હોય છે. (૧) દર્શન, (૨) વ્રત (૩) સામાયિક (૪) પૌષધ (૫) દિવસે બ્રહ્મચર્ય, (૬) દિવસ-રાત્રે બ્રહ્મચર્ય, (૭) સચિત્ત પરિત્યાગી એ પૂર્વની સાત પ્રતિમાના પાલન ઉપરાંત ઘરના સર્વે આરંભ કાર્યોનો પરિત્યાગી હોય છે.

પરંતુ અન્ય સર્વે આરંભના પરિત્યાગી હોતા નથી.

આ પ્રકારના આચરણપૂર્વક વિચરતા તે જઘન્યથી એક, બે, ત્રણ યાવત્ આઠ મહિના સુધી સૂત્રોક્ત માર્ગાનુસાર આ પ્રતિમાનું પાલન કરે છે.

આ 'આરંભ પરિત્યાગ' નામે આઠમી ઉપાસક પ્રતિમા કહી.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ આઠ માસ સુધીની હોય છે.

[૪૫] હવે નવમી ઉપાસક પ્રતિમા કહે છે -

તે સર્વ ધર્મરુચિવાળો હોય છે. યાવત્ આરંભ પરિત્યાગી હોય છે. અર્થાત્ (૧) દર્શન, (૨) વ્રત, (૩) સામાયિક, (૪) પૌષધ, (૫) દિવસે બ્રહ્મચર્ય, (૬) દિવસ-રાત બ્રહ્મચર્ય, (૭) સચિત્ત પરિત્યાગ અને (૮) આરંભ પરિત્યાગ એ આઠ ઉપાસક પ્રતિમાના પાલનકર્તા, બીજા દ્વારા આરંભ કરાવવાના પણ પરિત્યાગી હોય છે. પરંતુ ઉદ્દિષ્ટ ભક્ત અર્થાત્ પોતાના નિમિત્તે બનાવેલા ભોજન કરનાર પરિત્યાગી હોતા નથી.

આ પ્રકારે આચરણાપૂર્વક વિચરતા તે જઘન્યથી એક બે અથવા ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટથી નવ મહિના સુધી સૂત્રોક્ત માર્ગાનુસાર પ્રતિમાને પાળે છે.

આ નવમી 'પ્રેષ્ય પરિત્યાગ' ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમાનું ઉત્કૃષ્ટ પાલન નવ માસ સુધી હોય છે.

[૪૬] હવે દશમી ઉપાસક પ્રતિમા કહે છે -

તે સર્વ ધર્મ રુચિવાળો હોય છે. પૂર્વોક્ત નવે પ્રતિમાનો ધારક હોય છે, તે આ પ્રમાણે–

[દર્શન, વ્રત, સામાયિક, પૌષદ, દિવસે બ્રહ્મચર્ય, દિવસ-રાત્રિ બ્રહ્મચર્ય, સચિત્ત પરિત્યાગી, આરંભી પરિત્યાગી અને નવમી પ્રેષ્ય પરિત્યાગી પ્રતિમા પાલક હોય છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદુપરાંત ઉદ્દિષ્ટ ભક્ત – તેમના નિમિત્તે બનાવાયેલા ભોજનના પરિત્યાગી હોય છે. તે માથે મુંડન કરાવે છે પરંતુ માત્ર ચોટી રાખે છે. તેમને કોઈ દ્વારા એક કે વધુ વખત પૂછતા તેમને બે ભાષા બોલવી કલ્પે છે–

જો તે જાણતો હોય તો કહે 'હું જાણું છું.'

જો ન જાણતો હોય તો કહે 'હું જાણતો નથી.'

આ પ્રકારના આચરણ પૂર્વક વિચરતા તે જઘન્યથી એક બે અથવા ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ દશ મહિના સુધી – સૂત્રોક્ત માર્ગાનુસાર આ પ્રતિમાનું પાલન કરે છે.

આ દશમી ઉદ્દિષ્ટ ભોજન નામે ઉપાસક પ્રતિમા કહી.

આ પ્રતિમાનું પાલન ઉત્કૃષ્ટ દશ માસનું હોય છે.

**[૪૭]** હવે અગિયારમી ઉપાસક પ્રતિમા કહે છે -

તે સાધુ અને શ્રાવક સર્વ ધર્મની રુચિવાળો હોય છે.

તે ઉક્ત દશે પ્રતિમા (૧) દર્શન, (૨) વ્રત, (૩) સામાયિક, (૪) પૌષધ, (૫) દિવસે બ્રહ્મચર્ય, (૬) દિવસ-રાત્રિ બ્રહ્મચર્ય, (૭) સચિત્ત પરિત્યાગી, (૮) આરંભ પરિત્યાગી, (૯) પ્રેષ્ય પરિત્યાગી અને [૧૦] ઉદ્રિષ્ટ ભક્ત પરિત્યાગીનો પાલક હોય છે.

– તે માથે મુંડન કરાવે છે કે લોચ કરે છે.

– તે સાધુ આચાર અને પાત્ર ઉપકરણ ગ્રહણ કરીને શ્રમણ નિર્ગ્રન્થનો વેશ ધારણ કરે છે.

– તેમને માટે પ્રરૂપિત શ્રમણ ધર્મને સમ્યક પ્રકારે કાયાથી સ્પર્શ કરતો અને પાલન કરતો વિચરે છે.

– ચાર હાથ પ્રમાણ ભૂમિ જોઈને ચાલે છે.

– [એ પ્રમાણે ઇર્યાસમિતિનું પાલન કરતો] ત્રસપ્રાણીને જોઈને તેની રક્ષા માટે પગ ઉપાડી લે છે. પગ સંકોચીને ચાલે છે કે આડા પગ રાખીને ચાલે છે.

– [એ રીતે જીવ રક્ષા કરે છે.] જીવ વ્યાપ્ત માર્ગ છોડીને શક્ય હોય તો બીજા વિદ્યમાન માર્ગે ચાલે છે.

– જયણા પૂર્વક ચાલે છે, પણ પૂરું નિરીક્ષણ કર્યા વિના સીધા માર્ગે ચાલતો નથી.

– ફક્ત જ્ઞાતિવર્ગ સાથે તેના પ્રેમબંધનનો વિચ્છેદ હોતો નથી. તેથી તેમને જ્ઞાતિના લોકોમાં ભિક્ષાવૃત્તિ માટે જવાનું કલ્પે છે અર્થાત્ સ્વજનોને ત્યાંથી આહાર લાવે છે. [પરંતુ તેમાં આ કહેવાયેલ નિયમો પાળે–]

તે ઉપાસક સ્વજન, સંબંધીના ઘેર પહોંચે તે પહેલાં–

(૧) ભાત રંધાઈ ગયા હોય અને મગની દાળ થયેલ ન હોય તેને ભાત લેવા કલ્પે, દાળ લેવી નહીં.

(૨) જો પહેલાં મગની દાળ રંધાઈ ગયેલી હોય, પણ ભાત રંધાઈ ગયા ન હોય, તો તે ઉપાસકને ત્યાંથી મગની દાળ લેવી કલ્પે પણ ભાત લેવા ન કલ્પે.

(૩) જો તેના પહોંચ્યા પહેલા દાળ અને ભાત બંને રંધાઈ ગયા હોય, તો બંને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવા કલ્પે છે.

(૪) જો તેના પહોંચ્યા પહેલા બેમાંથી એક રંધાયેલા ન હોય તો તે ઉપાસકને કશું લેવું કલ્પતું નથી.

– સંક્ષેપમાં કહીએ તો – તે ઉપાસકના પહોંચ્યા પહેલા જે પદાર્થ તૈયાર થયેલ હોય તે લેવા કલ્પે, પણ તેના ગયા પછી બનાવાયેલો કોઇપણ પદાર્થ લેવો ન કલ્પે.

જ્યારે આ અગિયારમી પ્રતિમા-શ્રમણ ભૂત પ્રતિમાનો ધારક ઉપાસક ગૃહપતિના કુળ [ઘર]માં આહાર ગ્રહણ કરવાની ઇચ્છાથી પ્રવેશ કરે ત્યારે તેણે આ રીતે બોલવું જોઈએ -

"પ્રતિમા ધારી શ્રમણો પાસકને ભિક્ષા આપો."

આવા પ્રકારના આચરણપૂર્વક વિચરતા એવા તે ઉપાસકને જોઈને કદાચ કોઈ પૂછે–

"હે આયુષ્યમાન ! તમે કોણ છો ?"

ત્યારે તે અગિયારમી પ્રતિમા વહન કરી રહેલા ઉપાસકે કહેવું જોઈએ કે – 'હું પ્રતિમાધારી શ્રાવણ છું.'

આવા પ્રકારના આચરણપૂર્વક વિચરતા તે

(૧) જઘન્યથી એક, બે અથવા ત્રણ દિવસ–

(૨) ઉત્કૃષ્ટથી અગિયાર મહિના સુધી–

આ અગિયારમી 'શ્રમણભૂત' નામક ઉપાસક પ્રતિમાને – સમ્યક રીતે અનુપાલિત કરીતો વિચરે–

– એ પ્રમાણે અગિયારમી શ્રમણ ભૂત પ્રતિમા કહી

– આ પ્રતિમાનું પાલન ઉત્કૃષ્ટ ૧૧ માસનું હોય છે.

—×—×—×—×—

• આ પ્રમાણે તે સ્થાવર ભગવંતોએ નિશ્ચયથી અગિયાર ઉપાસક પ્રતિમા [શ્રાવકોએ આદરવાની અને આચરવાની વિશિષ્ટ અગિયાર પ્રતિજ્ઞાઓ] કહેલી છે.

– તે પ્રમાણે હું તમને કહું છું.

*※ [અહીં આ દશાના આરંભે અક્રિયાવાદી અને ક્રિયાવાદીનું વર્ણન ક્યા કારણોથી જોડાયેલ છે. તે અમે સમજી શક્યા નથી.]*

**દશાશ્રુતસ્કંધની દશા-૬ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✱ દશા-૭ 'ભિક્ષુ પ્રતિમા' ✱

*• આ દસાનું નામ ભિક્ષુ-પ્રતિમા છે. જે રીતે આ પૂર્વેની દસામાં શ્રાવક-શ્રમણોપાસકની ૧૧ પ્રતિમાઓનું નિરૂપણ કરેલ છે. તેમ આ દસામાં ભિક્ષુ અર્થાત્ શ્રમણ કે સાધુની ૧૨ પ્રતિમાઓનું સૂત્રકારશ્રી નિરૂપણ કરી રહેલાં છે.*

*અહીં પણ 'પ્રતિમા' શબ્દનો અર્થ 'વિશિષ્ટ પ્રકારના આચારયુક્ત પ્રતિજ્ઞા' એ પ્રમાણે જ સમજવો.*

**[૪૮]** હે આયુષ્યમાન ! તે નિર્વાણપ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં એવું સાંભળેલું છે કે – આ જિન પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી બાર ભિક્ષુપ્રતિમાઓ કહી છે.

તે સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી બાર ભિક્ષુપ્રતિમા કઈ કહી છે ? તે સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી કહેલી બાર ભિક્ષુ પ્રતિમા આ પ્રમાણે છે–

(૧) એકમાસિકી, (૨) દ્વિમાસિકી, (૪) ત્રિમાસિકી, (૪) ચતુર્માસિકી, (૫) પંચમાસિકી, (૬) છમાસિકી, (૭) સાતમાસિકી, (૮) પહેલી સાત અહોરાત્રિકી, (૯) બીજી સાત અહોરાત્રિકી, (૧૦) ત્રીજી સાત અહોરાત્રિકી (૧૧) અહોરાત્રિકી (૧૨) એક રાત્રિકી.

**[૪૯]** માસિકી ભિક્ષુપ્રતિમાને ધારણ કરતા સાધુ કાયાને વોસિરાવી દીધેલા અને શરીરના મમત્વભાવના ત્યાગી હોય છે.

દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે કાંઈ ઉપસર્ગ આવે છે. તેને તે સમ્યક પ્રકારે સહન કરે છે. ઉપસર્ગ કરનારને ક્ષમા કરે છે, અહીન ભાવે સહન કરે છે, શારીરિક ક્ષમતાપૂર્વક તેનો સામનો કરે છે.

માસિક ભિક્ષુ પ્રતિમાધારી સાધુને એક દત્તિ ભોજન અને એક દત્તિ પાણી લેવું કલ્પે. [દત્તિ એટલે એક અખંડ ધારાથી જેટલું ભોજન કે પાણીનો દાતા આપે તે.]

આ દત્તિ પણ અજ્ઞાત કુળથી, અલ્પમાત્રામાં બીજા માટે બનાવેલ, અનેક દ્વિપદ, ચતુષ્પદ, શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, ભિખારી આદિના ભિક્ષા લઈને ચાલી ગયા બાદ ગ્રહણ કરવી કલ્પે છે.

વળી આ દત્તિ જ્યાં એક વ્યક્તિ ભોજન કરતો હોય ત્યાંથી લેવી કલ્પે. પણ બે, ત્રણ, ચાર, પાંચ, વ્યક્તિ સાથે બેસીને ભોજન કરતા હોય ત્યાંથી લેવી ન કલ્પે.

ગર્ભિણી, નાના બાળવાળી કે બાળકને દૂધ પાતી હોય તેની પાસેથી આહાર પાણીની દત્તિ લેવી ન કલ્પે.

જેના બંને પગ ડેલી – ઉંબરાની બહાર હોય કે અંદર હોય તો તે સ્ત્રી પાસેથી દત્તિ લેવી ન કલ્પે. પણ એક પગ અંદર ને એક પગ બહાર હોય તો તેના હાથે લેવું કલ્પે. પણ જો તે દેવા ન ઇચ્છતી હોય તો તેના હાથે લેવું કલ્પે નહીં.

માસિકી ભિક્ષુ પ્રતિમા ધારણ કરેલા સાધુને આહાર લાવવા માટેના ત્રણ સમય કહ્યા છે–

(૧) આદિ દિવસનો પહેલા ભાગ, (૨) મધ્યે – મધ્યાહ્ન અને (3) અંતિમ – દિવસનો અંતિમ ભાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ભિક્ષુ આદિમાં ગૌચરી જાય, તે મધ્યે કે અંતે ન જાય, જે મધ્યે જાય તે આદિ કે અંતે ન જાય, જે અંતે જાય તે આદિ કે મધ્યે ન જાય. [તે વિધિ છે.]

માસિકી ભિક્ષુ પ્રતિમાધારી સાધુને છ પ્રકારની ગૌચરી કહી છે. (૧) પેટા – પેટીની જેમ ચાર ખૂણાથી ગમન કરવા પૂર્વક ગૌચરી જવું.

(૨) અર્ધ પેટા – બે ખૂણાથી ગમન કરવું.

(૩) ગોમૂત્રિકા – ચાલતા ચાલતા બળદ જયારે પેશાબ કરે ત્યારે જે વાંકી ચૂકી રેખા અંકિ થાય તે રીતે ગૌચરી જવું.

(૪) પતંગવીથિકા – પક્ષીની જેમ વચલા સ્થાનો છોડી એક જગ્યાએથી બીજી જગ્યો બેસે. તે રીતે ક્રમરહિત ગૌચરી જવું.

(૫) શંબૂકાવર્તી – દક્ષિણાવર્તી કે વામાવર્ત શંખની જેમ ડાબેથી જમણે કે જમણેથી ડાબે ફરતા ગૌચરી જવું.

(૬) ગત્વા પ્રત્યાગતા – ગલીના છેલ્લા ઘેરથી પહેલા ઘર તરફ ગૌચરી ગમન કરવું.

આ છ પ્રકારની ગૌચરીમાંથી કોઈ એક પ્રકારની ગૌરીનો અભિગ્રહ લઈ પ્રતિમા ધારક સાધુને ભિક્ષા લેવી કલ્પે.

જે ગામ યાવત્ મંડળમાં એક માસિકી ભિક્ષુ પ્રતિમા ધારક સાધુને જો કોઈ જાણતું હોય તો તેને ત્યાં એક રાત રહેવું કલ્પે. જો કોઈ ન જાણતું હોય તો એક કે બે રાત રહેવું કલ્પે. પણ જો તેના કરતા વધુ નિવાસ કરે તો તે ભિક્ષુ તેટલા દિવસના છેદ કે પરિહાર તપને પાત્ર થાય છે.

માસિકી ભિક્ષુ પ્રતિમા ધારક સાધુને ચાર ભાષા બોલવી કલ્પે છે. તે આ પ્રમાણે – યાચની, પૃચ્છની, અનુજ્ઞાપની, વ્યાકરણી.

(૧) યાચની – આહાર, વસ્ત્ર, પાત્ર આદિ માંગવા માટે જે ભાષા બોલાય તે (૨) પૃચ્છની – સ્વાધ્યાય આદિમાં ઉદ્ભવેલ પ્રશ્નના નિવારણ માટે બોલાય તે.

(૩) અનુજ્ઞાપની – શય્યાતર પાસે સ્થાન આદિની આજ્ઞા માટે બોલાય તે (૪) પૃષ્ઠ વ્યાકરણી – પૂછેલ પ્રશ્નના ઉત્તર માટે બોલતી.

માસિકી ભિક્ષુ પ્રતિમા પ્રતિપન્દ સાધુને ત્રણ પ્રકારના ઉપાશ્રયોનું પ્રતિલેખન કરવું કે આજ્ઞા લેવી કે ત્યાં રહેવું કલ્પે છે. તે આ પ્રમાણે – (૧) ઉધાનમાં રહેલું ગૃહ (૨) ચારે તરફી ઢંકાયેલું ન હોય તેવું ગૃહ (૩) વૃક્ષની નીચે બનેલું ગૃહ.

ભિક્ષુ પ્રતિમા ધારક સાધુને ત્રણ પ્રકારના સંસ્તારકની પ્રતિલેખના કરવી, આજ્ઞા લેવી કે ગ્રહણ કરવાનું કલ્પે છે. તે આ પ્રમાણે – પૃથ્વીશિલા, લાકડાની પાટ, પહેલાંથી બિછાવેલી તૃણ.

માસિકી ભિક્ષુ પ્રતિમાધારક સાધુને ઉપાશ્રયમાં કોઈ સ્ત્રી પુરુષ આવીને અનાચારનું આચરણ રતાં જોવા મળે તો તે ઉપાશ્રયમાં નિષ્ક્રમણ કે પ્રવેશ કરવો ન કલ્પે.

ત્યાં કોઈ અગ્નિ સળગી ઉઠે કે સળગાવે તો તે પ્રતિમા ધારકને નિષ્ક્રમણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે પ્રવેશ કરવો ન કલ્પે.

કદાચ કોઈ હાથ પકડીને બહાર કાઢવા ઇચ્છે તો પણ તેનો સહારો લઇને ન નીકળે પણ જયણાપૂર્વક ચાલતા ચાલતા નીકળે.

માસિકી ભિક્ષુ પ્રતિમાધારક સાધુના પગમાં કાંટો, કાંકરો, કાચ ઘુસી જાય ત્યારે કે આંખમાં મચ્છર વગેરે સૂક્ષ્મ જંતુ બીજ રજ આદિ પડે તો તેને કાઢવાનું કે શુદ્ધિ કરવાનું ન કલ્પે. પરંતુ જયણાપૂર્વક રહેવાનું કલ્પે.

માસિકી ભિક્ષુ પ્રતિમા ધારક સાધુને વિહાર કરતા કરતાં જ્યાં સૂર્યાસ્ત થઈ જાય ત્યાં જ રહેવું પડે.

તે સ્થાન જલ હોય કે સ્થળ, દુર્ગમ માર્ગ હોય કે નિમ્નમાર્ગ, પર્વત હોય કે વિષમ માર્ગ, ખાડા હોય કે ગુફા, આખી રાત્રિ ત્યાં જ રહેવું પડે. એક ડગલું પણ આગળ ન જવાય.

પરંતુ સવારે સૂર્યની પ્રભા પ્રગટ થાય ત્યાંથી સૂર્ય ઝળહળતો થાય પછી પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ કે ઉત્તર દિશા અભિમુખ થઈ જયણા પૂર્વક ગમન કરવું કલ્પે.

માસિકી ભિક્ષુ પ્રતિમાધારક સાધુને સચિત્ત પૃથ્વી ઉપર નિદ્રા લેવી કે સુવું કલ્પે નહીં. કેવળી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહેલું છે તે સાધુ એ રીતે નિદ્રા લેતા કે સુતા પોતાના હાતેથી ભૂમિને સ્પર્શ કરે તો જીવહિંસા થશે.

ઉક્ત કારણે તેણે સૂત્રોક્ત વિધિથી નિર્દોષ સ્થાને રહેવું કે વિહાર કરવો જોઈએ.

જો તે સાધુને મળ-મૂત્રની શંકા થાય તો રોકવી જોઈએ નહીં, પણ પૂર્વે પડિલેહણ કરેલી ભૂમિ ઉપર ત્યાગ કરવો જોઈએ. ફરી તે જ ઉપાશ્રયે આવી સૂત્રોક્ત વિધિ મુજબ નિર્દોષ, સ્થાને રહેવું.

માસિકી ભિક્ષુ પ્રતિમાધારક સાધુને સચિત્ત રજવાળા શરીર સાથે ગૃહસ્થો કે ગૃહ સમુદાયમાં ભોજન-પાન માટે જવું કે ત્યાંથી નીકળવું કલ્પતું નથી.

જો તેને જાણ થઈ જાય કે શરીર ઉપર સચિત્ત રજ પસીનાથી અચિત્ત થઈ ગઈ છે, તો તેને ત્યાં પ્રવેશ કે નિર્ગમન કરવું કલ્પે છે.

વળી તેને અચિત્ત એવા ઠંડા કે ગરમ પાણીથી હાથ, પગ, દાંત, આંખ કે મોઢું એકવાર કે વારંવાર ધોવું કલ્પતું નથી. ફક્ત મળ-મૂત્રાદિથી લેવાયેલ શરીર કે ભોજન પાનથી લિપ્ત એવા હાથ અને મુખ જ ધોવા કલ્પે છે.

માસિકી ભિક્ષુ પ્રતિમા ધારક સાધુની સામે [વિહાર કરતી વેળાએ] ઘોડો, હાથી, બળદ, ભેંસ, સિંહ, વાઘ, ભેડીયા, રીંછ, ચિત્તો, તેંદુક, પરાશર, કુતરો, બિલાડો, સાપ, શશલું, શીયાળ, ભુંડ આદિ હિંસક પ્રાણી આવી જાય તો -

ભયભીત થઇને એક ડગલું પણ પાછળ ખસવું ન કલ્પે.

એ જ રીતે ઠંડી લાગે તો તડકામાં જવું કે ગરમી લાગે તો છાયામાં જવું પણ તેને ન કલ્પે.

પણ જ્યાં જેવી ઠંડી કે ગરમી હોય તેને સહન કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– માસિકી ભિક્ષુ પ્રતિમાને તે સાધુએ

(૧) સૂત્ર મુજબ, આચાર મુજબ, માર્ગ મુજબ

(૨) જે રીતે કહેવાયેલ હોય તે રીતે સમ્યક્પ્રકારે

(૩) કાયા દ્વારા સ્પર્શવી, પાલન કરવી, શુદ્ધિ પૂર્વક કીર્તન અને આરાધન કરવું.

ત્યારે તે ભિક્ષુ જિનાજ્ઞા મુજબ પાલન કરવાવાળા થાય છે.

[૫૦] હવે બે માસિકી ભિક્ષુ પ્રતિમા કહે છે–

બે માસિકી ભિક્ષુ પ્રતિમા ધારક સાધુ હંમેશાં કાયાની માયાનો ત્યાગ કરેલા ઇત્યાદિ બધું પ્રથમ ભિક્ષુ પ્રતિમા વત્ જાણવું.

વિશેષ એ કે – ભોજન, પાણીની બે દત્તિ ગ્રહણ કરવી કલ્પે છે, અને બીજી પ્રતિજ્ઞાનું પાલન બે માસ સુધી કરે..

એ પ્રમાણે ભોજનપાનની એક એક દત્તિ અને એક એક માસનું પ્રતિમા પાલન સાત દત્તિ સુધી સમજી લેવું. અર્થાત્–

(૩) ત્રીજી પ્રતિમા, ત્રણ દત્તિ,, ત્રણ માસ પાલન.

(૪) ચોથી પ્રતિમા, ચાર દત્તિ, ચાર માસ પાલન.

(૫) પાંચમી પ્રતિમા, પાંચ દત્તિ, પાંચ માસ પાલન.

(૬) છટ્ઠી પ્રતિમા, છ દત્તિ, છ માસ પાલન

(૭) સાતમી પ્રતિમા, સાત દત્તિ, સાત માસ પાલન.

[એ પ્રમાણે બીજી પ્રતિમાના સૂત્રમાં ત્રીજી થી સાતમી પ્રતિમા પર્યન્ત અતિદેશ જણાવી સાત પ્રતિમાનું કથન પુરુ કર્યું.]

[૫૧] હવે આઠમી ભિક્ષુ પ્રતિમા કહે છે–

પહેલી સાત અહોરાત્રિકી અર્થાત્ એક સપ્તાહની આઠમી ભિક્ષુ પ્રતિમાધારી સાધુ

હંમેશા કાયાની મમતા રહિત પણે યાવત્ ઉપસર્ગાદિને સહન કરે છે. [તે સર્વે પહેલી પ્રતિમા મુજબ જાણવું.]

તે સાધુ નિર્જળ ચોથ ભક્ત [એટલે કે ઉપવાસ] પછી અન્ન-પાન લેવું કલ્પે છે.

ગામ યાવત્ રાજધાનીની બહાર ઉપાસન, પાર્શ્વાસન અથવા નિષાધાસનથી કાયોત્સર્ગ કરે.

દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે કોઈ ઉપસર્ગ ઉત્પન્ન થાય અને તે ઉપસર્ગ જો તે સાધુને ધ્યાનથી ચલિ કે પતિત કરે તો તેને ચલિત કે પતિત થવું ન કલ્પે.

જો મળ-મૂત્રની બાધા ઉત્પન્ન થાય તો તેને રોકે નહીં પરંતુ પૂર્વ પડિલેહિત ભૂમિ ઉપર મળ-મૂત્રનો ત્યાગ કરવો કલ્પે. પુનઃ વિધિ મુજબ પોતાના સ્થાને આવીને તેને કાયોત્સર્ગ કરી સ્થિત રહેવું પડે છે.

આ રીતે તે સાધુ પહેલી એક સપ્તાહ રૂપ – આઠમી ભિક્ષુ પ્રતિમાનું સૂત્રાનુસાર યાવત્ જિનાજ્ઞાનુસાર પાલન કરવાવાળો હોય છે. [તેમ આખો આલાવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવો.]

● આ જ રીતે નવમી ભિક્ષુ પ્રતિમા–

નવમી ભિક્ષુ પ્રતિમા જેને બીજી સાત અહોરાત્રિકી કહે છે અર્થાત્ તે એક સપ્તાહની હોય છે.

વિશેષમાં એ કે – આ પ્રતિમાના આરાધક ભિક્ષુને દંડાસન, લંગડાસન કે ઉત્કુટુકાસનમાં સ્થિત રહેવું જોઈએ.

● આ જ રીતે – દશમી ભિક્ષુ પ્રતિમા–

દશમી ભિક્ષુ પ્રતિમા જેને ત્રીજી સાત અહોરાત્રિકી કહે છે અર્થાત્ તે એક સપ્તાહની હોય છે તે પૂર્વવત.

વિશેષમાં એ કે આ ભિક્ષુ પ્રતિમાના કાળમાં તે સાધુ ગોદોહિક આસન, વીરાસન અથવા આમ્ર કુબ્જાસને સ્થિત રહેવું.

[૫૨] અગિયારમી ભિક્ષુ પ્રતિમા–

– આ પ્રતિમાને એક અહોરાત્રિકી ભિક્ષુ પ્રતિમા કહે છે.

– તેની વિધિ આદિ પૂર્વ પ્રતિમાવાટ જાણવું.

– વિશેષ વિધિ આ પ્રમાણે જાણવી–

(૧) નિર્જળ છટ્ઠભક્ત એટલે કે ચોવિહારો છટ્ઠ કરીને ભોજન તથા પાનનું ગ્રહણ કરવું કલ્પે.

(૨) ગામ યાવત્ રાજધાનીની બહાર

– બંને પગોને સંકોચીને,

– બે હાથ જાનુ પ્રયન્ત લાંબા રાખી,

– તે ભિક્ષુ કાયોત્સર્ગ કરે.

– સમગ્ર પ્રતિમાની આરાધન વિધિ પૂર્વે કહ્યા મુજબ છે. યાવત તે રીતે એકરાત્રિકી પ્રતિમાને અર્થાત્ અગિયારમી પ્રતિમાને આરાધતો ભિક્ષુ જિનાજ્ઞાનુસાર પાલન કરે છે.

● હવે બારમી ભિક્ષુપ્રતિમા કહે છે. -

બારમી ભિક્ષુપ્રતિમા અર્થાત્ એક રાત્રિકી ભિક્ષુ પ્રતિમાધારી અણગારને શરીરના મમત્ત્વનો ત્યાગ આદિ સર્વે પૂર્વેના સૂત્રમાં કહ્યા મુજબ જાણવા.

● વિશેષ વિધિ આ પ્રમાણે જાણવી.

(૧) નિર્જળ અઠ્ઠમ ભક્ત એટલે કે ચોવીહારો અઠ્ઠમ કરે.

(૨) પછી પ્રતિમા-૧૧-મુજબ અન્ન-જળ ગ્રહણ કરે.

(૩) ગામ બહાર અથવા રાજધાનીની બહાર જઈને, શરીરને થોડું આગળના ભાગે નમાવીને એક પુદ્ગલ ઉપર દૃષ્ટિ રાખી.

અનિમેષ નેત્રો વડે અને નિશ્ચલ અંગોથી–

સર્વે ઈન્દ્રિયોને ગોપવીને–

બંને પગોને સંકોચીને – તથા –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંને હાથ જાનુ પર્યન્ત લટકતા રાખીને–

તે ભિક્ષુ કાયોત્સર્ગ કરે.

• તે ભિક્ષુ દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધી–

જે ઉપસર્ગો ઉત્પન્ન થાય તેને સહન કરે–

પણ તેને ચલિત થવું કે પતિત થવું ન કલ્પે.

– મળમૂત્રની બાધા થાય તો પૂર્વ પ્રતિલેખિત સ્થાનમાં પરઠવીને પાછા સ્વ સ્થાને વિધિપૂર્વક આવીને તે ભિક્ષુ કાયોત્સર્ગ આદિ ક્રિયામાં પુનઃ સ્થિર થાય.

ઉક્ત એકરાત્રિ કી પ્રતિમાનું સમ્યક પાલન ન કરનાર સાધુ માટે ત્રણ સ્થાનો (૧) અહિતકર, (૨) અશુભ (૩) અસામર્થ્યકર. (૪) અકલ્યાણકર અને દુઃખદ ભાવિવાળા હોય છે, તે આ–

(૧) ઉન્માદની પ્રાપ્તિ

(૨) લાંબા ગાળાના રોગ – આંતકની પ્રાપ્તિ

(૩) કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થવું.

• ઉક્ત એકરાત્રિકી પ્રતિમાનું સમ્યક પાલન કરનાર સાધુને ત્રણ સ્થાનો (૧) હિતકર (૨) શુભ (૩) સામર્થ્યકર

(૪) કલ્યાણકર અને સુખદ ભાવિવાળા હોય છે તે આ

(૧) અવધિ જ્ઞાનની ઉત્પત્તિ

(૨) મનઃપર્યન્ત જ્ઞાનની ઉત્પત્તિ

(૩) કેવળ જ્ઞાનની ઉત્પત્તિ

આ રીતે એક રાત્રિકી ભિક્ષુ પ્રતિમાને સૂત્રાનુસાર કલ્પાનુસાર, માર્ગાનુસાર યથાર્થરૂપે–

સમ્યક્ પ્રકારે શરીરથી સ્પર્શિત કરી,

પાલિત-શોધિત-પૂરિત-કિર્તિત કરી અને

– જેઓ આરાધે છે તે જિનાજ્ઞાના આરાધક હોય છે.

આ બાર ભિક્ષુ પ્રતિમાને નિશ્ચયથી તે સ્થવિર ભગવંતોએ કહેલી તે પ્રમાણે હું તમોને કહું છું.

**દશાશ્રુતસ્કંધની દશા-૭ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✻ દશા-૮ "પર્યુષણા" ✻

[૫૩] તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાંચ બાબતો ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થઈ-

(૧) ઉત્તરા ફાલ્ગુની માં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં આવ્યા

(૨) ઉત્તરા ફાલ્ગુનીમાં ગર્ભ સંહરણ થયું.

(૩) ઉત્તરા ફાલ્ગુનીમાં જન્મ થયો.

(૪) ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં મૂંડીત થઈને અગાર માંથી અનગારપણાને – સાધુપણાને પામ્યા.

(૫) ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં અનંત, અનુત્તર, અવિનાશી નિરાવરણ, સંપૂર્ણ કેવળજ્ઞાન, કેવલ દર્શન ઉત્પન્ન થયા.

– સ્વાતિ નક્ષત્રમાં પરિનિર્વાણ પામ્યા. મોક્ષે ગયા

*(યાવત્) આ પર્યુષણા કલ્પ વિશે પુનઃપુનઃ ઉપદેશ કરાયો છે. (અહીં પર્યુષણા કલ્પ થકી આચારની સાથે સાથે ચ્યવનથી નિર્વાણ સુધીનું સમગ્ર મહાવીર ચરિત્ર જાવ શબ્દથી સમજી લેવું.*

*અર્થાત્ પૂર્વભવ અને ચ્યવન, જન્મકલ્યાણક તથા પૂર્વેનું જીવન દીક્ષા ચર્યા, ઉપસર્ગ આદિ રહેવા, કેવલ જ્ઞાનનો ઉપદેશ, નિર્વાણ કલ્યાણક એ પ્રમાણે ભગવંતે કહેલું હું તમને કહું છું.*

દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન [આઠમી દસા] એ કલ્પસૂત્ર છે. તેવો મત આપણે ત્યાં પ્રસિદ્ધ છે.

તો પણ दसासुयक्खंधની ઉપલબ્ધ પ્રતિઓમાં બધે હાલ ઉપરોક્ત આટલું જ સૂત્ર મુદ્રિત થયેલ જોવા મળે છે.

કલ્પસૂત્રની વ્યાખ્યામાં તેને આઠમાં અધ્યયનરૂપે ભલે ઓળખાય છે. પણ દશાશ્રુતસ્કંધમાં અંતર્ગત પણે તો આ સંક્ષિપ્ત સૂત્રથી વિશેષ કશું જ નથી. તેથી અભ્યાસકે કોઈ વ્યામોહમાં પડવું નહીં. કેમ કે તત્ત્વ તો બહુશ્રુત જ જણાવી શકે.

હા, એટલું ચોક્કસ કે પ્રાપ્ત કલ્પસૂત્ર ઉપર નિર્યુક્તિ, ચૂર્ણિ ઉપરાંત કલ્પ પંજિકા, કલ્પ કિરણાવલી, કલ્પ પ્રદીપિકા, કલ્પ દીપિકા, પ્રદિપિકા, સુબોધિકા, કલ્પ કૌમુદી, કલ્પદ્રુમકણિકા, કલ્પમંજરી ઈત્યાદિ અનેક વૃત્તિઓ છે.

તદુપરાંત કલ્પસૂત્ર અવચૂરિ, અવચૂર્ણિ, ટીપ્પણકાદિ પણ ઉપલબ્ધ છે જ. ટબ્બા પણ મળે છે, અનુવાદ પણ મળે છે.

સંવત - ૧૩૬૪ થી સંવત ૧૭૦૭ સુધીમાં અનેક સંસ્કૃત ટીકાઓ અને તે પૂર્વે પણ ચૂર્ણિ આદિની રચના થયેલી જ છે.

સારાંશ એ કે ઉક્ત કલ્પસૂત્ર દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન છે અથવા નથી અને જો હોય તો અહીં સંક્ષિપ્ત સૂત્ર જ કેમ છે ? ઇત્યાદી વિશે મૂર્તિપૂજક શ્વેતાંબર સિવાયના વિદ્વાનો, સંશોધકો કે શ્રમણ વર્ગે ઊભો કરેલ વ્યામોહ તાર્કીક લાગે તો પણ શાસ્ત્ર સંમત છે કે નહીં તેનો નિર્ણય શ્રદ્ધાવાળા બહુશ્રુત પાસે મેળવવો

**દશાશ્રુતસ્કંધની દશા-૮ નો**
**મુનિ દીપરત્નસાગરે સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ દશા-૯ "મોહનીયસ્થાનો" ✵

• આઠ કર્મોમાં મોહનીય કર્મ પ્રબળ છે. તેની સ્થિતિ પણ સૌથી વધુ લાંબી છે. તેનો સંપૂર્ણ ક્ષય થતાં જ ક્રમશઃ બાકીના કર્મો ક્ષય પામે છે.

• આ મોહનીય કર્મના બંધન માટે ત્રીશ સ્થાનો અર્થાત્ કારણો આ દશામાં કહેવાયેલા છે. તે આ રીતે -

[૫૪] તે કાળે અને તે સમયે ચંપા નામક નગરી હતી. [વર્ણન ઉવવાઈ સુત્રાનુસાર] નગરી બહાર પૂર્ણભદ્ર નામે ચૈત્ય હતું ત્યાં કોણીક નામે રાજા અને ધારિણી નામે રાણી હતી.

શ્રમણ ભગવન મહાવીર ત્યાં બહાર ઉધાનમાં સમોસર્યા. ચંપાનગરીથી પર્ષદા નીકળી. ભગવન તે ધર્મ કહ્યો. ધર્મ શ્રવણ કરીને પર્ષદા પાછી ફરી.

શ્રમણ ભગવન મહાવીરે ઘણા સાધુ-સાધ્વીને આમંત્રણા કરી. આ પ્રમાણે કહ્યું – હે આર્યો !

– ત્રીશ મોહનીય સ્થાનો છે.

– જે સ્ત્રી કે પુરુષ આ સ્થાનોનું વારંવાર આચરણ-સેવન કરે છે. તે મોહનીય કર્મો બાંધે છે.

[૫૫] મોહનીય સ્થાન - ૧ - જે કોઈ ત્રસ પ્રાણીને પાણીમાં ડુબાડીને કે તીવ્ર જળધારામાં નાખીને તેને મારે છે–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૫૬] મોહનીય સ્થાન - ૨ - જે પ્રાણીઓના મુખ, નાક આદિ શ્વાસ લેવાના દ્વારોને હાથ આદીથી અવરુંધા કરી અવ્યક્ત શબ્દ કરતા પ્રાણીને મારે છે–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૫૭] મોહનીય સ્થાન - ૩ - જે અનેક પ્રાણીઓને એક ઘરમાં ઘેરીને અગ્નિના ધુમાડાથી તેને મારે છે–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૫૮] મોહનીય સ્થાન - ૪ - જે કોઈ પ્રાણીના ઉત્તમાંગ - મસ્તક ઉપર શસ્ત્રથી પ્રહાર કરી તેનું ભેદન કરે છે–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૫૯] મોહનીય સ્થાન - ૫ - જે તીવ્ર અશુભ પરિણામોથી કોઈ પ્રાણીના મસ્તકને ભીના ચામડાથી અનેક બંધને બાંધે–

તે મહામોહનીય કર્મને બાંધે છે.

[૬૦] મોહનીય સ્થાન - ૬ - જે કોઈ પ્રાણીને દગો દઈને ભાલાથી દંડાથી મારીને હસે છે–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૬૧] મોહનીય સ્થાન - ૭ - જે ગૂઢ આચરણોથી પોતાના માયાચારને છુપાવે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસત્ય બોલે છે, સૂત્રોના યથાર્થ અર્થોને છુપાવે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૬૨]** મોહનીય સ્થાન - ૮- જે નિર્દોષ વ્યક્તિ ઉપર મિથ્યા આક્ષેપ કરે છે, પોતાના દુષ્કર્મોનું તેના ઉપર આરોપણ કરે છે કે "તેં જ આ કાર્ય કર્યું છે." એવું દોષારોપણ કરે છે.–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૬૩]** મોહનીય સ્થાન - ૯ - જે કલહશીલ રહે છે અને ભરી સભામાં જાણી બુઝીને મિશ્ર ભાષા બોલે છે–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૬૪, ૬૫]** મોહનીય સ્થાન - ૧૦ - જે અનાયક (નાયક ગુણ રહિત) મંત્રી રાજાને રાજ્ય બહાર મોકલી રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ કરે, રાણીના શીલને ખંડિત કરે, વિરોધ કરનાર સામંતોનો તિરસ્કાર કરી. તેઓની ભોગ્ય વસ્તુઓનો તિરસ્કાર કરે છે–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૬૬]** મોહનીય સ્થાન - ૧૧ - જે બાલ બ્રહ્મચારી ન હોવા છતાંપણ પોતાને બાલ બ્રહ્મચારી કહે અને સ્ત્રીઓનું સેવન કરે–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૬૭]**, **[૬૮]** મોહનીય સ્થાન - ૧૨ - જે બ્રહ્મચારી ના હોવા છતાં – "હું બ્રહ્મચારી છું" એ પ્રમાણે કહે છે, તેમનો કે ગાયોની વચ્ચે ગધેડા સમાન બેશૂરો બકવાસ કરે છે. અને પોતાની આત્માનું અહિત કરનાર તે મૂર્ખ માયા યુક્ત જૂઠ બોલીને સ્ત્રીઓમાં આસક્ત રહેતો–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૬૯]** મોહનીય સ્થાન - ૧૩ - જે જેનો આશ્રય પામીને આજીવીકા કરે છે, અને જેની સેવા કરીને સમૃદ્ધ થયેલો છે, તેના જ ધનનું અપહરણ કરે છે

– તે મહામોહનીય કર્મ બાંધે છે.–

**[૭૦-૭૧]** મોહનીય સ્થાન - ૧૪ - જે કોઈ સ્વામીને અથવા ગામ વાસીનો આશ્રય પામીને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે. અને જેની સહાયતાથી સર્વસાધન સંપન્ન બનેલો છે. જો ઈર્ષાયુક્ત અને કલુષિત ચિત્ત થઈને તે આશ્રય દાતાઓના લાભમાં અંતરાય ઉત્પન્ન કરે છે–

તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૭૨]** મોહનીય સ્થાન - ૧૫ - સાપણ જે રીતે પોતાને ઈંડાને ખાઈ જાય છે, તે પ્રમાણે જે પાલન કર્તા, સેનાપતિ, તથા કલાચાર્ય અથવા ધર્માચાર્યને મારી નાંખે છે

– તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૭૩]** મોહનીય સ્થાન - ૧૬ - જે રાષ્ટ્ર નાયકને, નિગમના નેતાને તથા લોકપ્રિય શ્રેષ્ઠીને મારી નાંખે છે–

– તે મહામોહનીય કર્મ બાંધે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૪] મોહનીય સ્થાન - ૧૭ - જે અનેક લોકોના નેતાને તથા સમુદ્રમાં દ્વિપ સમાન અનાથ જનોના રક્ષકનો ઘાત કરે છે.

તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૫] મોહનીય સ્થાન - ૧૮ - જે પાપોથી વિરત દિક્ષાર્થીને અને તપસ્વી સાધુને ધર્મથી ભ્રષ્ટ કરે છે—

તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૬] મોહનીય સ્થાન - ૧૯ - જે અજ્ઞાની અનંત જ્ઞાનદર્શન સંપન્ન જીનેન્દ્ર દેવનો અવર્ણવાદ-નિંદા કરે છે

— તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૭] મોહનીય સ્થાન - ૨૦ - જે દુષ્ટાત્મા અનેક ભવ્યજીવોને ન્યાયમાર્ગથી ભ્રષ્ટ કરે છે, અને ન્યાય માર્ગને દ્વેષથી નિંદે છે.

તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૮] મોહનીય સ્થાન - ૨૧ - જે આચાર્ય કે ઉપાધ્યાયોથી શ્રુત અને આચાર ગ્રહણ કરે છે, તેની જ અવહેલના કરે છે

— તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૯] મોહનીય સ્થાન - ૨૨ - જે આચાર્ય કે ઉપાધ્યાયની સમ્યક્ પ્રકારથી સેવા કરતા નથી, તથા તેમનો આદર — સત્કાર કરતા નથી અને અભિમાન કરે છે.

તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૦] મોહનીય સ્થાન - ૨૩ - જે બહુશ્રુત ના હોવા છતાં પોતે પોતાને બહુશ્રુત માને, સ્વાધ્યાયી અને શાસ્ત્રોના રહસ્યનું જ્ઞાતા કહે છે — માને છે

— તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૧] મોહનીય સ્થાન - ૨૪ - જે તપસ્વી ના હોવા છતાં પણ પોતે પોતાને તપસ્વી કહે છે, તે સૌથી મોટો ચોર છે તેથી તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૨-૮૩] મોહનીય સ્થાન - ૨૫ - જે સમર્થ હોવા છતાં પણ રોગીની સેવાનું મહાન કાર્ય કરતો નથી. પણ "આણે મારી સેવા નથી તેથી હું પણ તેની સેવા શા માટે કરું ?" એમ કહે છે

તે મહામુર્ખ માયાવી તથા મિથ્યાત્વી કલુષિતચિત્ત થઈને પોતાના આત્માનું અહિત કરતો

— તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૪] મોહનીય સ્થાન - ૨૬ - ચતુર્વિધ સંઘમાં મતભેદ ઉત્પન્ન કરવાને માટે જે કલહના અનેક પ્રસંગ ઉપસ્થિત કરે છે—

— તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૫] મોહનીય સ્થાન - ૨૭ - જે પ્રશંસા અથવા મિત્રવર્ગને માટે અધાર્મિકયોગ કરીને વશીકરણાદિનો વારંવાર પ્રયોગ કરે

— તે મહામોહનીય કર્મ બાંધે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૮૬]** મોહનીય સ્થાન - ૨૮ - જે માનુષિક અને દૈવી ભોગોની અતૃપ્તિથી તેની વારંવાર અભિલાષા કરે છે–

- તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૮૭]** મોહનીય સ્થાન - ૨૯ - જે દેવોની ઋદ્ધિ, ધુતિ, યશ, વર્ણ અને બલ-વીર્યનો અવર્ણવાદ બોલે છે–

– તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૮૮]** મોહનીય સ્થાન - ૩૦ - જે અજ્ઞાની જીનેશ્વરદેવની માફક પોતાની પૂજાનો ઇચ્છુક થઈને દેવ, અસૂર અને યક્ષોને ના જોતો એવો પણ એવું કહે છે કે – "હું આ દેવ યક્ષ અસુર આદિને જોઈ શકું છું – જોઉં છું

– તે મહામોહનીય કર્મ બાંધે છે.

**[૮૯]** ઉક્ત દોષો કેવા છે ?

- ૧ - મોહથી ઉત્પન્ન થવા વાળા
- ૨ - અશુભ કર્મોનું ફળ દેવાવાળા
- ૩ - ચિત્તની મલિનતાને વધારનારા

તેથી સાધુ આ દોષોનું આચરણ ના કરે. પરંતુ આત્માના ગવેષણા કરનારા થઈને વિચરે.

**[૯૦]** સાધુ – પૂર્વે કરેલ પોતાના કૃત્યો અને અકૃત્યોને જાણીને, તેનો પૂર્ણ રૂપે પરિત્યાગ કરે

અને તેવા સંયમ સ્થાનોનું સેવન કરે, જેનાથી તે ભિક્ષુ આચારવાન બને.

**[૯૧]** જે સાધુ પંચાચારના પાલનથી સુરક્ષિત છે

– શુદ્ધાત્મા અને અનુત્તર ધર્મમાં સ્થિત છે.

– તે પોતાના દોષોને તજી દે, જેવી રીતે 'આ સિવિષ સર્પ ઝેરનું વમન કરી દે છે.

**[૯૨]** એ પ્રમાણે દોષોનો ત્યાગ કરીને

– તે શુદ્ધાત્મા. ધર્માર્થી એવો સાધુ

– મોક્ષના સ્વરૂપને જાણીને આ લોકમાં કિર્તી પામીને અને પરલોકમાં સુગતિને પ્રાપ્ત કરે છે.

**[૯૩]** જે દૃઢ પરાક્રમી શુરવીર સાધુ

– આ બધા સ્થાનોને જાણીને તે મોહબંધા કારણોનો ત્યાગ કરી દે છે, તે જન્મ મરણનું અતિક્રમણ કરે છે અર્થાથ તે સંસારથી મુક્ત થઈ જાય છે.

– એ પ્રમાણે હું તમને કહું છું

- સૂત્રાંતે કંઈક વિશેષ કથન–
- આ ત્રીશ મહામોહનીય સ્થાનો કહ્યાં, તેમાં

(૧) એક થી છ સ્થાનોમાં ક્રૂરતાયુક્ત હિંસક વૃત્તિને

(૨) સાતમા સ્થાનમાં માયા-કપટને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) આઠમા સ્થાનમાં અસત્ય આક્ષેપ કરવાને

(૪) નવમા સ્થાનમાં મિશ્ર ભાષાથી કલહ વૃદ્ધિને

(૫) દસમા અને પંદરમાં સ્થાનમાં વિશ્વાસઘાત કરવાને

(૬) અગિયારમાં, બારમાં, તેવીસમાં, ચોવીસમાં અને ત્રીસમાં સ્થાનમાં પોતાની જુઠ્ઠી પ્રશંસાથી બીજાને દગો દેવાને

(૭) તેરમા, ચૌદમા, પંદરમાં સ્થાનમાં કૃતઘ્નતાને

(૮) સોળમા, સંતરમાં સ્થાનમાં ઉપકારીનો ઘાત કરવાને

(૯) અઢારમાં સ્થાનમાં ધર્મથી ભ્રષ્ટ કરવાને

(૧૦) ઓગણીસમાં સ્થાનમાં જ્ઞાનીના અવર્ણવાદને

(૧૧) વીસમા સ્થાનમાં ન્યાયમાર્ગ વિપરીત પ્રમાણેને

(૧૨) એકવીસમાં સ્થાનમાં આચાર્યદીની આશાતનાને

(૧૩) પચીસમાં સ્થાનમાં કષાયવશ, રોગીની સેવા ન કરવાને

(૧૪) છવ્વીસમાં સ્થાનમાં સંઘમાં મતભેદ કરવાને

(૧૫) ૨૭મા માં વશીકરણ, ૨૮મા માં અતિક્રામવાસના ૨૯મા માં દેવોના અવર્ણવાદને મહામોહનીય કર્મબંધનું કારણ કહે છે.

**દશાશ્રુતસ્કંધની દશા-૯ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો સૂત્રાનુવાદ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✵ દશા-૧૦ "આયતિસ્થાન" ✵

*• દશાશ્રુતસ્કંધસૂત્રની આ છેલ્લી દશા છે. જેમાં સૂત્ર-૯૪ થી ૧૧૪ એટલે કે -૨૧ સૂત્રોનો સમાવેશ થયો છે. આ સૂત્રોનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે.*

**[૯૪]** તે કાળે અને તે સમયે [આ અવસર્પિણી કાળના ચોથા આરાના અંતિમ ભાગમાં] રાજગૃહ નામની નગર હતી. [નગર વર્ણન ઉવવાઈ સૂત્રની ચંપા નગરી માફક જાણવું]

તે નગરની બહાર ગુણશીલ નામે ચૈત્ય હતું. તે નગરીમાં શ્રેણિક નામે રાજા હતો. યાવત્ [ઉવવાઈ સૂત્રની જેમ બધુ જાણવું] તે ચેલણા રાણી સાથે પરમ સુખમય જીવન જીવતો હતો.

**[૯૫]** ત્યારે તે શ્રેણીક રાજા ભિંભિંસારે એક દિવસ સ્નાન કર્યું. પોતાના દેવ સમક્ષ નૈવેદ્ય પૂજા – બલિકર્મ કર્યું. વિઘ્નસમન માટે પોતાના કપાળ ઉપર તિલક કર્યું. દુઃસ્વપ્નના દોષના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત અર્થાત્ દહીં, ચોખા, દુર્વા આદિ ધારણ કર્યા [કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યા.]

ડોકમાં માળા પહેરી, મણીરત્ન જડીત સોનાના આભૂષણ ધારણ કર્યા, હાર-અર્ધહાર-ત્રણ સરોહાર નાભિ પર્યન્ત પહેર્યા, કટિસૂત્ર પહેરી સુશોભિત થયો.

ગળામાં ઘરેણા અને આંગળીમાં વીંટી પહેરી - - - યાવત્ કલ્પવૃક્ષની જેમ તે નરેન્દ્ર શ્રેણિક અલંકૃત અને વિભૂષિત થયો. છત્ર ઉપર કોરંટક પુષ્પની માળા ધારણ કરી - - - યાવત્ - - - ચંદ્ર જેવો પ્રિયદર્શી નરપતિ શ્રેણીક જ્યાં વાહય ઉપસ્થાન શાળામાં સિંહાસન હતું ત્યાં આવ્યો.

ત્યાં આવીને સિંહાસને પૂર્વાભિમુખ બેઠો. પોતાના કૌટુંબિક પુરૂષોને બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને–

જે આ રાજગૃહિ નગરીની બહાર બગીચા, ઉધાન, શિલ્પશાળા, ધર્મશાળા, દેવકુલ, સભા, પરબ, દૂકાન, મંડી, ભોજનશાળા, વ્યાપાર કેન્દ્ર, કાષ્ઠશિલ્પ કેન્દ્ર, કોયલા ઉત્પાદન કેન્દ્ર, વન વિભાગ, ઘાસના ગોદામ છે. ત્યા જે મારા સેવકો છે તેમને આ પ્રમાણે કહો કે [શું કહો ?]

હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજા ભંભિસારે આ આજ્ઞા કહેલી છે કે – જ્યારે આદિકર તીર્થંકર યાવત્ સિદ્ધિગતિનામવાળા સ્થાનના ઇચ્છુક શ્રમણ ભગવંત મહાવીર ક્રમશઃ ચાલતા ચાલતા એક ગામથી બીજે ગામ વીચરતા, સુખપૂર્વક વિહાર કરતા અને સંયમ તથા તપથી પોતાની આત્મ સાધના કરતા અહીં પધારે ત્યારે [હે દેવાનુપ્રિયો]–

તમે ભગવંત મહાવીરને તેમની સાધના માટે યોગ્ય સ્થાન બનાવજો અને તેઓને ત્યાં રહેવાની આજ્ઞા આપીને મને તે પ્રમાણે બન્યાથી સુચિત કરજો.

ત્યારે તે પ્રમુખ રાજ્યાધિકારીઓ શ્રેણિક રાજા ભંભસારનો ઉક્ત કથન સાંભળીને હર્ષિત હૃદયથી - - - યાવત્ - - - બોલ્યા કે હે સ્વામી ! આપની આજ્ઞા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે કરીશું.

આ પ્રકારે શ્રેણિક રાજાને આજ્ઞાને તેઓએ વિનયપૂર્વક સાંભળી ત્યાર પછી રાજમહેલથી નીકળ્યા. રાજગૃહના મધ્યભાગથી થઈને તેઓ નગરની બહાર ગયા. બગીચો યાવત્ ઘાસના ગોદામમાં રાજા શ્રેણિકના સેવક અધિકારીને તેઓએ આ પ્રમાણે કહ્યું : - તે બધું પૂર્વવત જણાવવું. - યાવત્ - શ્રેણિક રાજાને આ પ્રિય સંવાદ કહો, તમારા માટે પણ આ વાત હર્ષકારી બને.

એ પ્રમાણે બે, ત્રણ વખત કહ્યું. ત્યાર પછી તેઓ જે દિશાથી આવ્યા હતા. તે તરફ પાછા ચાલ્યા.

**[૯૬]** તે કાળે અને તે સમયમાં પંચયામ ધર્મપ્રર્વતક તીર્થંકર ભગવંત મહાવીર યાવત્ ગ્રામાનુગ્રામ વિચરતા યાવત્ આત્મ સાધના કરતા ગુણશીલ ચૈત્યમાં પધાર્યા.

તે સમયે રાજગૃહ નગરના ત્રણ રસ્તા, ચાર રસ્તા અને ચોકમાં થઈને યાવત્ પર્ષદા નગરની બહાર નીકળી યાવત્ પ્રભુને પર્યુપાસના કરવા લાગી.

તે સમયે શ્રેણિક રાજાના સેવક અધિકારી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યા.

તેમણે શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત પ્રદક્ષિણા કરી વંદન, નમસ્કાર કર્યા, પછી પરમાત્માનું નામ અને ગોત્ર પૂછ્યા અને તેને હૃદયમાં ધારણ કર્યા.

ત્યાર પછી તેઓ એકાંત સ્થાનમાં ગયા. ત્યાં તેઓએ પરસ્પર આ પ્રમાણે વાત કરી કે — હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજા ભંભીસા જેઓના દર્શનની ઇચ્છા સ્પૃહા તથા અભિલાષા કરે છે, તથા જેમની ગોત્ર સાંભળીને શ્રેણિક રાજા હર્ષિત અને સંતુષ્ટ - યાવત્ - પ્રસન્ન થાય છે. તે આદિકર તીર્થંકર શ્રમણ ભગવંત મહાવીર - યાવત્ - સર્વજ્ઞ - સર્વદર્શી અનુક્રમે સુખપૂર્વક એક ગામથી બીજે ગામ વિચરતા અહીં પધારેલા છે — સમોસર્યા છે.

આ જ રાજગૃહી નગરની બહાર ગુણશીલ નામના ચૈત્યમાં તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા રહેલા છે.

હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજાને આ વૃતાંત કહો કે "તમારા માટે આ સંવાદ પ્રિય થાઓ".

એ પ્રમાણે તેઓએ પરસ્પર આ વચન સાંભળ્યું સ્વીકાર્યું. ત્યાથી તે સેવક અધિકારી રાજગૃહી નગરમાં આવ્યા - યાવત્ - આ પ્રમાણે બોલ્યા કે —

" હે સ્વામી ! જેના દર્શનની આપ ઇચ્છા કરો છો તે શ્રમણ ભગવંત મહાવીર ગુણશીલ ચૈત્યમાં - યાવત્ - બિરાજીત છે.

તેથી હે દેવાનુપ્રિય ! અમે આપને આ વાતનું નિવેદન કરીએ છીએ. આપને આ સંવાદ પ્રિય થાઓ.

**[૯૭]** તે સમયે શ્રેણિક રાજા તે પુરૂષો પાસે આ સંવાદ સાંભળી અવધારી, હૃદયથી હર્ષિત અને સંતુષ્ટ થયા. - યાવત્ - તે સિંહાસન થકી ઉઠ્યા. ઉઠીને પછી [જેમ ઉવવાઈ સૂત્રમાં કોણિક અધિકાર કહેલ છે, તે પ્રમાણે] વંદન, નમસ્કાર કર્યા.

પછી તે સેવક પુરૂષોના સત્કાર અને સન્માન કર્યા. પ્રિતીપૂર્વક આજીવિકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્ય વિપુલદાન આપ્યું. ત્યારપછી તે સેવકોને વિસર્જિત કર્યા.

ત્યારપછી નગર રક્ષકોને બોલાવીને આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિયો ! તમે જલદી રાજગૃહી નગરીને અંદરથી અને બહારથી પરિમાર્જિન કરો.પાણીથી સિંચો - યાવત્ - સિંચીને મારી આજ્ઞા મને પાછી સોંપો – મને જણાવો.

[૯૮] ત્યાર પછી તે શ્રેણિક રાજાએ સેનાપતિને બોલાવીને કહ્યું કે – હે દેવાનુપ્રિયો ! જલદીથી રથ, ઘોડા, હાથી, અને યોદ્ધા સહિતની ચતુરંગિણી સેનાને તૈયાર કરો - યાવત્ - મારી આજ્ઞા મુજબ કાર્ય થયાની મને જાણ કરો.

ત્યારપછી શ્રેણિક રાજાને યાન શાળાના અધિકારીને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિય શ્રેષ્ઠ ધાર્મિક રથને તૈયાર કરીને અહીં લાવો અને મને મારા આજ્ઞા પાછી સોંપો.

શ્રેણિક રાજાએ આ પ્રમાણે કહેતા યાન શાળાના અધિકારી હર્ષિત યાવત્ સંતુષ્ટ થઈને જ્યાં યાનશાળા હતી ત્યાં આવ્યો.

યાનશાળામાં પ્રવેશી રથને જોયો. રથ નીચે ઉતારી સાફ કરી બહાર કાઢ્યો. એક સ્થાને રાખ્યો. તેના ઉપર ઢાકેલ વસ્ત્રને દુર કર્યું કરીને રથને શોભાયમાન કર્યો.

ત્યારપછી જ્યાં વાહનશાળા હતી ત્યાં આવ્યો. વાહનશાળામાં પ્રવેશીને બળદો જોયા, સાફ કર્યા, તેના ઉપર વારંવાર હાથ ફેરવ્યો, ફેરવીને બહાર લાવ્યા.

બળદની ઉપર ઝૂલ મૂકી. તેને શોભાયમાન કર્યા. કરીને ઘરેણા પહેરાવ્યાં. તેમને રથમાં જોડ્યાં. જોડીને રથને રાજમાર્ગ ઉપર લાવ્યા. ચાબુક હાથમાં લીધેલ સારથી રથમાં બેઠો.

ત્યાંથી રથ લઈને જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવ્યો. બે હાથ જોડી, મસ્તક અંજલી કરી, મસ્તકે આવર્ત કરી - યાવત્ - આ પ્રમાણે કહ્યું કે –

હે સ્વામી ! આપે કરેલા આદેશ અનુસારનો શ્રેષ્ઠ ધાર્મિક રથ તૈયાર છે. આ રથ આપના માટે કલ્યાણકારી થાઓ. હે દેવાનુપ્રિય ! આપ આ રથમાં બિરાજો.

[૯૯] ત્યારે શ્રેણિક રાજા ભંભીસાર યાનચાલક પાસે આ વૃતાંત સાંભળી હર્ષિત યાવત્ સંતુષ્ટ થયો.

તે શ્રેણિક રાજા સ્નાનગૃહમાં પ્રવેશ્યો - યાવત્ - ત્યાંથી કલ્પવૃક્ષ સમાન અંલકૃત અને વિભૂષિત થયેલો તે શ્રેણિક નરેન્દ્ર સ્નાનગૃહથી બહાર નીકળ્યો.

ત્યાર પછી રાજા શ્રેણિક જ્યાં ચેલણા દેવી હતા ત્યાં આવ્યો. આવીને ચેલણા દેવીને તેણે આ પ્રમાણે કહ્યું.–

હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવંત મહાવીર - યાવત્ - ગુણશીલ ચૈત્યમાં બિરાજમાન છે - - -

ત્યાં જઈને હે દેવાનુપ્રિય તેમને વંદન, નમસ્કાર, સત્કાર, સન્માન કરીએ. તે કલ્યાણરૂપ, મંગલભૂત, દેવાધિદેવ, ચૈત્યસ્વરૂપ પરમાત્માની પર્યુપાસના કરીએ.

તેમની આ પર્યુપાસના આ ભવના હિતને માટે, પરભવે પણ હિતને માટે, સુખને માટે, કલ્યાણને માટે, મોક્ષને માટે અને ભવોભવના સુખને માટે થશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૦૦] તે સમયે તે ચેલ્લણા દેવી શ્રેણિક રાજા પાસે આ પ્રમાણે સાંભળીને, અવધારીને હર્ષિત થઈ, સંતુષ્ટ થઈ - યાવત્ - સ્નાનગૃહમાં ગઈ.

ત્યાં ચેલ્લણાએ સ્નાન કર્યું પછી બલિકર્મ કર્યું કૌતુક-મંગલ - યાવત્ - દુઃસ્વપ્નના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત ઇત્યાદિ પૂર્વવત કર્યા.

પોતાના સુકુમાલ પગોમાં ચેલ્લણાએ ઝાંઝર પહેર્યા, કેડે મણીજડીત કંદોરો બાંધ્યો, ગળામાં એકાવલી હાર પહેર્યો, હાથમાં સોનાના કડા પહેર્યા, કંકણો પહેર્યા, આંગળીને વીંટી વડે સુશોભિત કરી. કંઠથી ઉરોઝ સુધી મર્કતમણિનો ત્રણ સેરવાળો હાર પહેર્યો.

કાનમાં પહેરેલા કુંડલથી તેણીનું મુખ શોભતું હતું. શ્રેષ્ઠ ઘરેણા અને રત્નો વડે તેણી વિભૂષિત હતી.

સર્વશ્રેષ્ઠ ચીની રેશમી એવા સુંદર – સુકોમળ વલલનું રમણીય ઉત્તરીય તેણે ધારણ કરેલું.

બધી ઋતુમાં વિકસતા સુંદર – સુંગધી ફુલોની બનેલી વિચિત્ર પુષ્પમાળા તેણીએ પહેરેલી.

કાલા અગરુના ધૂપથી સુંગધીત હતી.

એવા પ્રકારે લક્ષ્મીની જેમ સુશોભિત વેશભૂષાવાળી ચેલણા, અનેક કુલ્લજા તથા ચિલાની દેશોની દાશીના વૃંદથી પરિવરેલી ઉપસ્થાન શાળામાં શ્રેણિક રાજા પાસે આવી.

[૧૦૧] ત્યારે તે શ્રેણિક રાજા ચેલણા દેવીની સાથે શ્રેષ્ઠ ધાર્મિક રથમાં બેઠો. છત્ર ઉપર કોરંટ પુષ્પની માળા ધારણ કરેલ હતા - યાવત્ - પર્યુપાસના કરવા લાગ્યા.

એ પ્રમાણે ચેલણા દેવી પણ - યાવત્ દાસ દાસી વૃંદથી પરિવરેલી, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવી. શ્રમણ ભગવંત મહાવીરને વંદન – નમસ્કાર કર્યા.

ત્યાર પછી શ્રેણિક રાજાને આગળ કરીને ઊભી - યાવત્ તે પણ પર્યુપાસના કરવા લાગી.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે ઋષિ, યતિ, મુની, મનુષ્ય અને દેવોની મહાપર્ષદામાં તેમજ–

શ્રેણિક રાજા ભંભીસાર અને ચેલણા દેવીને - યાવત્ - ધર્મ કહ્યો પર્ષદા અને રાજાદિ પાછા ફર્યા.

[૧૦૨] ત્યાં ગુણશીલ ચૈત્યમાં શ્રેણિક રાજા અને ચેલણા દેવીને જોઈને કેટલાક સાધુ અને સાધ્વીઓનો મનમાં આવા પ્રકારનો અધ્યવસાય, ચિંતન, અભિલાષા અને મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. [તે આ પ્રમાણે]

અહો ! આ શ્રેણિક રાજા મોટી ઋદ્ધિવાળો યાવત્ ઘણો સુખી છે. તે સ્નાન, બલિકર્મ, તિલક, માંગલીક, પ્રાયશ્ચિત્ત કરીને સર્વાલંકારથી વિભૂષિત થઈને ચેલણા દેવીની સાથે માનુષિક ભોગ ભોગવી રહેલ છે. અમે દેવલોકના દેવને જોયેલ નથી. અમારા સામે તો આ જ સાક્ષાત્ દેવ છે - - -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો આ સુચરિત, નિયમ, બ્રહ્મચર્ય પાલનનું કોઈ કલ્યાણકારી વિશિષ્ટ ફળ હોય તો અમે પણ ભવિષ્યમાં આવા પ્રકારના ઔદારિક માનુષિક ભોગો ભોગવતા વિચરીએ.

કેટલાક સાધુઓએ વિચાર્યું કે—

અરે ! આ ચેલણા દેવી મોટી ઋદ્ધિવાળી છે. યાવત્ ઘણી સુખી છે. તે સ્નાન કરી, બલિકર્મ કરી, યાવત્ બધા અલંકારોથી વિભૂષિત થઈને શ્રેણિક રાજાની સાથે ઔદારિક માનુષિક ભોગોને ભોગવતી વિચરી રહી છે. અમે દેવલોકની દેવી તો જોઈ નથી. પણ અમારે તો આ ચેલણા જ સાક્ષાત દેવી છે.

જો અમારા સુચરિત તપ, નિયમ, બ્રહ્મચર્યનું કોઈ કલ્યાણકારી ફળ વિશેષ હોય તો ભવિષ્યમાં અમે પણ આવા ભોગોને ભોગવનારા થઈએ. એમ કેટલાક સાધુ-સાધ્વીએ સંકલ્પ કર્યો.

**[૧૦૩]** શ્રમણ ભગવંત મહાવીરે ઘણા નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીને આમંત્રિત કરીને આ પ્રમાણે કહ્યું–

પ્રશ્ન – હે આર્યો ! શ્રેણિક રાજા અને ચેલણા દેવીને જોઈને આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ વિચાર ઉત્પન થયો કે—

અહો ! શ્રેણિક રાજા મહર્દ્ધિક છે યાવત્ આ શ્રેષ્ઠ થશે ?

અહો ! ચેલણા દેવી મહર્દ્ધિક છે યાવત્ આ શ્રેષ્ઠ થશે ?

હે આર્યો ! શું આ વૃતાંત યથાર્થ છે ?

ઉત્તર – હા, ભગવંત ! આ વૃત્તાંત યથાર્થ છે.

• હે આયુષ્યમાન શ્રમણો ! મે ધર્મનું નિરૂપણ કરેલ છે.

આ નિર્ગ્રન્થ પ્રવચન જ સત્ય છે, શ્રેષ્ઠ છે, પ્રતિપૂર્ણ છે, અદ્વિતીય છે, શુદ્ધ છે, ન્યાય સંગત છે, શલ્યોનો સંહાર કરનારું છે. સિદ્ધિ-મુક્તિ-દિર્યાણ અને નિર્વાણનો માર્ગ છે. આ જ યથાર્થ છે. સદા શાશ્વત છે અને બધા દુઃખોથી મુક્ત થવાનો આજ માર્ગ છે.

આ સર્વજ્ઞ પ્રજ્ઞપ્ત ધર્મના આરાધક સિદ્ધ, બુધ્ધ, મુક્ત થઈને નિર્વાણ પ્રાપ્ત થાય છે. સર્વે દુઃખોનો અંત કરે છે.

જો કોઈ નિર્ગ્રન્થ કેવલિ પ્રરૂપિત ધર્મની આરાધના માટે ઉપસ્થિત થઈને આરાધના કરતા ભુખ-તરસ, ઠંડી-ગરમી આદિ અનેક પરિગ્રહ અને ઉપસર્ગોથી પીડિત થતા પણ કામવાસનાનો પ્રબળ ઉદય થઈ જાય અને તે ઉદિપ્ત કામવાસનાના શમન માટે પ્રયત્ન કરતો હોય ત્યારે વિશુદ્ધ માતા-પિતાના પક્ષના ઉગ્રવંશીય કે ભોગવંશીય રાજકુમારને આવતા-જતા જુએ.

તેમાંથી કોઈના ઘરમાં પ્રવેશ કરતા કે નીકળતી વખતે છત્ર ઝારી આદિ ગ્રહણ કરેલા અનેક દાસ-દાસી, નોકર અને કર્મકર પુરુષો આગળ-આગળ ચાલતા હોય.

ત્યારપછી તે રાજકુમારની આગળ ઉત્તમ અશ્વ, બંને બાજુ ગજરાજ અને પાછળ-પાછળ શ્રેષ્ઠ સુસજ્જિત રથ ચાલતો હોય, અને તે અનેક પગે ચાલનારા પુરૂષોથી ઘેરાયેલો રહેતો હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક નોકર સફેદ છત્ર ધરેલો, એક ઝારી લીધેલ, એક તાડપત્રના પંખા સાથે, એક શ્વેત ચામર ઢોળતો અને અનેક નોકરો નાના-નાના પંખા લઈને ચાલતા હોય.

એ રીતે તેના પ્રસાદમાં એ રાજકુમાર વારંવાર આવતો જતો હોય

દૈદીપ્યમાન કિર્તીવાળો તે રાજકુમાર સમયાનુસાર સ્નાન, બલિકર્મ યાવત્ બધા અલંકારોથી વિભૂષિત થઈ સારી રાત્રિ દીપજ્યોતથી ઝગમગતી વિશાળ કૂટાગાર શાળાના સર્વોચ્ચ સિંહાસન ઉપર બેસતો હોય - યાવત્ - સ્ત્રીઓના વિશાળ વૃંદથી ઘેરાયેલો રહેતો હોય.

નિપૂણ પુરૂષો દ્વારા થતા નૃત્ય જોતો, ગીત-વીણા-ગુટિત-ઘન મૃદંગ-માદલ આદિ વાદ્યોનો મધુર ધ્વનિ સાંભળતો એવો અને આ પ્રમાણે ઔદારિક એવા માનુષિક કામ ભોગોને – શબ્દાદિ પાંચેય વિષયોને ભોગવતો હોય છે.

તે કોઈ કાર્યને વશ એક નોકરને બોલાવે તો ચાર-પાંચ નોકર આવતા હોય અને પૂછતા હોય કે અમે શું કરીએ ? શું લાવીએ ? શું આપીએ ? શું આચરણ કરીએ ? તમારી અભિલાષા શું છે ? તમને ક્યો પદાર્થ પ્રિય છે ?

આ બધુ જોઈને કોઈ સાધુ નિદાન કરે કે–

જો મારા તપ-નિયમ અને બ્રહ્મચર્ય પાલનનું કોઈ ફળ હોય તો હું પણ રાજકુમારની જેમ માનુષિક કામભોગ ભોગવું.

હે આયુષ્યમાન શ્રમણો !

તે નિર્ગ્રન્થ – સાધુ નિદાન કરીને, નિદાન શલ્ય સંબંધી સંકલ્પોની આલોચના, પ્રતિક્રમણ કર્યા સિવાય–

જીવનની અંતિમ ક્ષણોમાં દેહને છોડીને–

કોઈ એક દેવલોકમાં મોટી ઋદ્ધિવાળો યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવતારૂપે ઉત્પન્ન થાય–

આયુ સ્થિતિ, ભવસ્થિતિ નો ક્ષય કરીને તે દેવલોકથી ચ્યવી શુદ્ધ માતા અને પિતાના પક્ષવાળા ઉગ્રકુળ કે ભોગકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થાય છે ત્યા તે બાળક સુકુમાર હાથ-પગ વાળો - યાવત્ - સુંદર રૂપ વાળો થાય છે.

બાલ્યકાળ વીત્યા પછી તથા વિજ્ઞાનની વૃદ્ધિ થતાં તે યૌવનને પ્રાપ્ત કરનારો થાય છે.

તે સમયે સ્વયં પિતા સંબંધી પ્રાપ્ત કરે છે.

પ્રાસાદથી જતાં-આવતાં તેની આગળ-આગળ ઘોડાઓ ચાલે છે - યાવત્ - તમને શું પ્રિય છે ? આદિ પૂર્વવત્.

પ્રશ્ન – આવા પ્રકારની ઋદ્ધિથી યુક્ત તે પુરૂષને તપ અને સંયમના મૂર્તરૂપ એવા-

શ્રમણ કે બ્રાહ્મણ કેવલિ પ્રરૂપિત ધર્મ કહે છે ?

ઉત્તર – હા, કરે છે.

પ્રશ્ન – શું તે ઉપદેશ સાંભળે છે ?

ઉત્તર – આ સંભવ નથી, કેમ કે તે ધર્મશ્રવણને યોગ્ય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ કે તે અનંત ઇચ્છાવાળો, મહારંભી, મહાપરિગ્રહી અને અધાર્મિક યાવત દક્ષિણ દિશાવર્તી નરકમાં નૈરયિક પણે ઉત્પન્ન થાય છે. અને ભવિષ્યમાં પણ દુર્લભ બોધી થાય છે.

હે આયુષ્યમાન શ્રમણો !

તે નિદાનશલ્યનો જ આ વિપાક છે. તેથી જ તે કેવલિ પ્રરૂપિત ધર્મ શ્રવણ કરી શક્તો નથી.

**[એ પ્રમાણે પહેલું નિયાણું જાણવું]**

**[૧૦૪]** હે આયુષ્યમાન શ્રમણો !

મેં ધર્મનું પ્રતિપાદન કરેલું છે. જેમ કે આ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે - યાવત્ - બધા દુઃખોનો અંત કરે છે.

જો કોઈ શ્રમણી ધર્મની શિક્ષા માટે ઉપસ્થિત થઈને ભૂખ તરસ આદિ પરિગ્રહ સહન કરતા પણ—

કદાચિત કામવાસનાનો પ્રબળ ઉદય થઈ જાય તો તે તપ-સંયમની ઉગ્ર સાધના થકિ કામવાસનાના શમન માટે યત્ન કરે છે.

તે સમયે તે શ્રમણી એક એવી સ્ત્રીને જુએ છે કે જે—

— (૧) પોતાના પતિની કેવળ એક માત્ર પ્રાણ પ્રિયા છે.

— (૨) તે એક સમાન ઘરેણા અને વસ્ત્ર પહેરેલી છે.

— (૩) તેલની ડબ્બી, વસ્ત્રોની પેટી અને રત્નના કંરડીયા સમાન સંરક્ષણીય છે. તેમજ સંગ્રહણીય છે.

શ્રમણી તેને તેણીમાં પ્રાસાદમાં આવતી — જતી જુએ છે. તેની આગળ છત્ર, ઝારી લઈને અનેક દાસી-દાસ, નોકર-ચાકર ચાલે છે. યાવત્ એકને બોલાવતાં તેની સામે ચાર-પાંચ વણબોલાવેલા જ આવીને ઊભા રહી જાય છે. અને પૂછે છે—

હે દેવાનુપ્રિય ! બોલો અમે શું કરીએ ? યાવત્ આપના મુખને ક્યા પદાર્થ સારા લાગે છે.

તેને જોઈને શ્રમણી નિદાન કરે છે કે—

જો મારા સુ-ચરિત તપ, નિયમ, અને બ્રહ્મચર્યનું કોઇ ફળ હોય તો હું પણ આગામી કાળમાં આવા પ્રકારના ઉત્તમ મનુષ્ય સંબંધી કામભોગો અર્થાર્થ શબ્દ, સ્પર્શ આદિ પાંચે વિષયોને ભોગવતી મારા જીવનને વ્યતિત કરું.

હે આયુષ્યમાન ! શ્રમણીઓ !

તે શ્રમણી નિદાન કરીને તે નિદાનની આલોચના તેમજ પ્રતિક્રમણ કર્યા સિવાય—

જીવનની અંતિમ ક્ષણે દેહત્યાગ કરીને કોઇ એક દેવલોકમાં દેવરૂપ ઉત્પન્ન થાય છે. યાવત્ દિવ્ય ભોગ ભોગવતી રહે છે. યાવત્ આયુ, ભવ, સ્થિતિનો ક્ષય થયા પછી—

તે દેવલોકથી ચ્યવીને વિશુદ્ધ માતૃ-પિતૃ પક્ષવાળા ઉગ્રવંશી કે ભોગવંશી કુળમાંથી કોઈ એક કુળમાં બાલિકા — કન્યારૂપે ત્યાં જ ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં તે બાલિકા સુકુમાર યાવત સુરૂપ હોય છે.

તે બાલ્યભાવથી મુક્ત થઈને તથા વિજ્ઞાન પરિણત અને યૌવનવય પ્રાપ્ત થતા, તેણીના માતા-પિતા, તેણીના જેવા સુંદર એવા યોગ્ય પતિને અનુરૂપ દહેજ સાથે પત્નીરૂપે આપે છે.

તે તે પતિની ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, અજીવ મનોહર, ધૈર્યના સ્થાન, વિશ્વાસપાત્ર, સંવત, બહુમત, અનુમત (અતીમાન્ય) રત્નકરંડક સમાન કેવળ એક પત્ની હોય છે.

આવતા-જતા તેની આગળ છત્ર, ઝારી લઈને અનેક દાસી-દાસ, નોકર-ચાકર ચાલે છે. - યાવત્ - આપના મુખને કેવા કેવા પદાર્થો પ્રિય લાગે છે ?

પ્રશ્ન – શું તે ઋદ્ધિ સંપન્ન સ્ત્રીને તપ અને સંયમના મૂર્ત રૂપ શ્રમણ-બ્રાહ્મણ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે ?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું તેણી શ્રદ્ધા પૂર્વક સાંભળે છે ?

ઉત્તર – તે સંભવતું નથી. કેમ કે તેણી ધર્મ શ્રવણને અયોગ્ય છે.

તે ઉત્કૃષ્ટ અભિલાષાવાળી યાવત્ દક્ષિણ દિશાવર્તી તરંગમાં કૃષ્ણપાક્ષીક નૈરયિક રૂપે ઉત્પન્ન થાય છે. તથા ભવિષ્યમાં પણ તેણીને બોધી પ્રાપ્તિ દુર્લભ થાય છે.

હે આયુષ્યમાન શ્રમણો !

તે નિદાન શલ્યનો આ પાપકારી પરિણામ છે કે તે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રમણ કરી શકતી નથી.

### [એ પ્રમાણે બીજું નિયાણું જાણવું]

**[૧૦૫]** હે આયુષ્યમાન શ્રમણો !

મેં ધર્મનું નિરૂપણ કરેલ છે. આ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે – યાવત્ બધાં દુઃખોનો અંત કરે છે.

જો કોઈ નિર્ગ્રન્થ કેવલિ પ્રરૂપિત ધર્મની આરાધના માટે તત્પર થાય, તેને ભૂખ-તરસ ઇત્યાદિ પરિષહો સહન કરતાં કદાચિત કામવાસનાનો પ્રબળ ઉદય થઈ જાય.

ત્યારે તે તપ-સંયમની ઉગ્ર સાધના દ્વારા તે કામવાસના ને શમન કરવાનો પ્રયત્ન કરે છે.

તેવા સમયે તે સાધુ કોઈ એક સ્ત્રીને જુએ છે–

જે તેના પતિની કેવળ એકમાત્ર પ્રિયા છે યાવત્ બધું જ વર્ણન પહેલા નિયાણા મુજબ જાણવું.

તે સાધુ તે સ્ત્રીને જોઈને નિયાણું કરે કે–

– (૧) પુરૂષનું જીવન દુઃખમય છે.

– (૨) જેઆ વિશુદ્ધ માતૃ-પિતૃ પક્ષવાળા એવા

ઉગ્રવંશી કે ભોગવંશી પુરૂષો છે. તેઓ કોઈ નાના કે મોટા એવા યુદ્ધમાં જાય છે, તેમને નાના કે મોટા શસ્ત્રના પ્રહાર છાતીમાં લાગતા તેઓ વેદનાથી વ્યથિત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે પુરૂષનું જીવન દુઃખમય છે.

પરંતુ તેના કરતાં સ્ત્રીનું જીવન સુખમય છે.

જો મારા તપ-નિયમ અને બ્રહ્મચર્ય પાલનનું કોઈ જ વિશિષ્ટ ફળ હોય તો હું પણ ભવિષ્યમાં ઉક્ત સ્ત્રીની જેમ મનુષ્ય સંબંધી શબ્દાદિ કામ ભોગોને ભોગવું.

હે આયુષ્યમાન શ્રમણો !

તે સાધુ નિદાન કરે, ક્યાર પછી તે નિદાન શલ્ય કરીને તેના આલોચના અને પ્રતિક્રમણ ન કરે.

તેમ ન કરીને જીવનની અંતિમ ક્ષણે દેહ ત્યાગ કરે.

કાળ ધર્મ પામ્યા પછી તે કોઈ દેવલોકે દેવ થાય.

તે દેવ મોટી ઋદ્ધિવાળો યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિવાળો થાય છે. ઇત્યાદિ બધું પહેલાં નિદાન માફક જાણવું.

– તે દેવલોકથી ચ્યવીને તે દેવ બાલિકારૂપે ઉત્પન્ન પણ થાય

– તેવા ઉત્તમ પુરૂષને પત્નીરૂપે પણ અપાય

– તે પોતાના પતિની એકમાત્ર પ્રાણપ્રિયા થાય છે. ઇત્યાદિ બધું જ પૂર્વવત સમજી લેવું.

[આવા નિદાનયુક્ત તેણીને –]

(૧) કેવલિ પ્રરૂપિત ધર્મ સાંભળવાતો મળે છે.

(૨) પરંતુ તે શ્રદ્ધાપૂર્વક સાંભળતી નથી. કેમકે તેણી ધર્મના' શ્રવણને માટે અયોગ્ય છે.

તે ઉત્કટ અભિલાષાવાળી - યાવત્ - દક્ષિણ દિક્ષાવર્તી નરકે નારકીરૂપે ઉત્પન્ન થાય છે.

તેમજ ભવિષ્યમાં પણ બોધિ દુર્લભ થાય છે.

હે આયુષ્યમાન શ્રમણો !

તે નીયાણાનું આ પાપરૂપ ફળ છે. તેથી તે કેવલિપ્રરૂપિત ધર્મને સાંભળી શક્તો નથી.

**[આ ત્રીજું નિયાણું વર્ણવ્યું]**

**[૧૦૬]** હે આયુષ્યમાન શ્રમણો !

મેં ધર્મનું પ્રતિપાદન કરેલ છે આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે યાવત્ બધાં દુઃખોનો અંત કરે છે.

એવા તે કેવલિ પ્રરૂપિત ધર્મની આરાધના માટે કોઈ સાધ્વી તત્પર થાય અને ક્ષુધા, તૃષા આદિ પરીષહ સહન કરે.

પરંતુ તેમ સહન કરતાં કદાચિત કોઈ કામ વાસનાનાનો પ્રબળ ઉદય તેણીને થઈ પણ જાય તો–

તે સંયમની ઉગ્ર સાધના થકી ઉદિપ્ત કામવાસનાના શમન માટે પ્રયત્ન કરે છે.

તે સમયે તે નિર્ગ્રન્થી કોઈ ઉગ્રવંશી કે ભોગવંશી પુરૂષને જુએ છે ઇત્યાદિ બધું પહેલાં નિયાણા માફક જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને જોઈને તે સ્ત્રી નિયાણું કરે કે સ્ત્રીનું જીવન દુઃખમય છે, કેમકે બીજા ગામ યાવત્ સંનિવેશમાં એકલી સ્ત્રી જઈ શકતી નથી કે વિચરણ કરી શકતી નથી.

જે રીતે કેરી, બિજોરૂ, કોઠા, અંબાણ નામના સ્વાદિષ્ટ ફળની પેશી હોય છે. માંસની પેશી હોય, શેરડીનો ટુકડો હોય કે શાલ્મલી ફળની ફળી હોય.

તે અનેક મનુષ્યોને સ્વાદ લેવા યોગ્ય - યાવત્ - ઇચ્છનીય કે અભિલાષા કરવા યોગ્ય હોય છે -

તે રીતે સ્ત્રીનું શરીર પણ અનેક મનુષ્યો માટે આસ્વાદનીય - યાવત્ - અભિલાષા કરવા યોગ્ય હોય છે.

તેથી સ્ત્રીનું જીવન દુઃખમય અને પુરૂષનું સુખમય હોય છે.

હે આયુષ્યમાન શ્રમણો !

– (૧) આ રીતે તે સાધ્વી પુરૂષ થવા માટે નિદાન કરે.

– (૨) નિદાન કર્યા પછી તેની આલોચના પ્રતિક્રમણ ન કરે.

– (૩) તો દેવલોક ઉત્પન્ન થઈ પણ જાય યાવત્ દેવ સુખ ભોગવે

– (૪) દેવલોકની સ્થિતિ આદિનો ક્ષય થયા પછી ચ્યવીને

– (૫) ઉગ્રવંશાદિમાં બાળક રૂપે ઉત્પત્તિ આદિ પૂર્વવત જાણવું.

તે ઉત્કૃષ્ટ અભિલાષા રાખતો પુરૂષ - યાવત્ - દક્ષિણ દિશાવર્તી નરકમાં નારક રૂપે ઉત્પન્ન થાય–

બોધિ દુર્લભ થાય કેવલિ પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરી શકે નહિ. ઇત્યાદિ બધુ પૂર્વવત્ જાણવું.

**[આ ચોથુ નિયાણું કહ્યું]**

**[૧૦૭]** હે આયુષ્યમાન શ્રમણો ! મેં ધર્મનું પ્રતિપાદન કરેલ છે. આ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે. યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે, પૂર્વવત્ જાણવું

કોઈ સાધુ કે સાધ્વી કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મની આરાધના માટે ઉપસ્થિત થઈને વિચરણ કરતા - યાવત્ -

સંયમમાં પરાક્રમ કરતા માનુષિક કામભોગોથી વિરક્ત થઈ જાય અને તે આ પ્રમાણે વિચારે કે–

– (૧) માનવ સંબંધી કામભોગો અધ્રુવ – અનિત્ય – અશાશ્વત છે.

– (૨) સડન – ગલન – સ્વભાવી તથા નશ્વર છે.

– (૩) મળ, મૂત્ર શ્લેશ્મ, મેલ, વાત, પિત્ત, કફ, શુક, શોણિતયુક્ત છે.

– (૪) દુર્ગંધિયુક્ત શ્વાસોચ્છવાસ તથા મળ-મૂત્રથી પરિપૂર્ણ છે.

– (૫) વાત પિત્ત અને કફનું દ્વાર છે.

– (૬) પહેલા કે પછી અવશ્ય ત્યાજ્ય છે.

જે ઉપર દેવલોકમાં દેવો રહે છે–

તે ત્યાં બીજા દેવોની દેવીઓને પોતાને આધિન કરીને તેમની સાથે વિષયસેવન કરે છે.

સ્વયં જ પોતાને વિકુર્વિત દેવી સાથે વિષયસેવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પોતાને દેવી સાથે પણ વિષય સેવે છે.

• જો સમ્યક પ્રકારથી આચરિત મારા આ તપ, નિયમ અને બ્રહ્મચર્ય પાલનનું વિશિષ્ટ ફળ હોય તો–

હું પણ ભાવિમાં આ ઉપર્યુક્ત દિવ્ય ભોગોને ભોગવતો વિચરણ કરું તો મારે શ્રેયસ્કર છે.

હે આયુષ્યમાન શ્રમણો !

આ પ્રમાણે નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી કોઈપણ નિયાણું કરીને યાવત્ દેવરૂપે ઉત્પન્ન થાય છે તે ત્યાં મહાઋદ્ધિવાળા દેવ પણ થાય છે યાવત્ દિવ્ય ભોગોને ભોગવતો વિચરે છે.

તે દેવ ત્યાં અન્ય દેવોની દેવી સાથે વિષય સેવે છે.

સ્વયં પોતાને વિકુર્વિત દેવી સાથે વિષય સેવે છે.

અને પોતાને દેવી સાથે પણ વિષય સેવે છે.

• તે દેવ તે દેવલોકથી આયુનો ક્ષય થયા પછી યાવત્ પુરૂષરૂપે ઉત્પન્ન થાય છે. યાવત્ તેના દ્વારા એકને બોલાવતા ચાર-પાંચ ન બોલાવાયેલ પણ ઊઠીને આવી જાય છે. અને પૂછે છે કે – હે દેવાનુપ્રિય ! કહો અમે શું કરીએ ? યાવત્ આપના મુખને ક્યા પદાર્થો સારા લાગે છે ?

પ્રશ્ન – આવા પ્રકારની ઋદ્ધિથી યુક્ત પુરૂષને તપ-બળ અને સંયમના મુક્ત રૂપ શ્રમણ, બ્રાહ્મણ ઉભયકાળ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે. – પ્રરૂપે છે શું ?

ઉત્તર – હા કહે છે.

પ્રશ્ન – શું તે સાંભળે છે ?

ઉત્તર – હા તે સાંભળે છે.

પ્રશ્ન – શું તે કેવલિ પ્રરૂપિત ધર્મ ઉપર શ્રદ્ધા, પ્રતિતિ કે રૂચિકર છે ખરો ?

ઉત્તર – આ સંભવ નથી કેમ કે તે સર્વ પ્રરૂપિત ધર્મ ઉપર શ્રદ્ધા કરવાને અયોગ્ય છે.

પરંતુ તે ઉત્તર અભિલાષા રાખતો - યાવત્ -

દક્ષિણ દિશાવર્તી નરકમાં કૃષ્ણપાક્ષિક નૈરયિક રૂપમાં ઉત્પન્ન થાય છે તથા ભાવિમાં સમ્યક્ત્વ ની પ્રાપ્ત દુર્લભ થાય છે.

હે આયુષ્યમાન શ્રમણો !

નિદાન શલ્યનું આ પાપકારી પરિણામ છે કે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ પરત્વે શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ રાખતો નથી.

**[આ પાંચમાં નિયાણાનું સ્વરૂપ કહ્યું.]**

**[૧૦૮]** હે આયુષ્યમાન શ્રમણો !

મેં ધર્મનું નિરૂપણ કરેલ છે. યાવત્ સંયમની સાધનામાં પરાક્રમ કરતાં એવા સાધુ માનવ સંબંધી શબ્દાદિ કામભોગોથી વિરક્ત થઈ જાય અને એમ વિચારે કે–

માનવસંબંધી કામભોગ અધ્રુવ યાવત્ ત્યાજ્ય છે.

ઉપર દેવલોકમાં જે દેવ છે, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ત્યાં અન્ય દેવીઓ સાથે વિષયસેવન કરતાં નથી.

(૨) પરંતુ પોતાની વિકુર્વિત દેવીઓ સાથે વિષય સેવે છે.

(૩) તથા પોતાની દેવી સાથે પણ વિષય સેવે છે.

જો સમ્યક પ્રકારે આચરિત મારા આ તપ, નિયમ તથા બ્રહ્મચર્યનું પાલનનું કલ્યાણકારી વિશિષ્ટ ફળ હોય તો–

હું પણ આગામી કાળમાં આવા પ્રકારમાં દિવ્ય ભોગોને ભોગવતો એવો વિચરણ કરું–

તે મારે માટે શ્રેયસ્કર થશે.

● હે આયુષ્યમાન શ્રમણો

આ પ્રકારે કોઈ સાધુ કે સાધ્વી કોઈપણ નિદાન કરીને યાવત્ દેવરૂપમાં ઉત્પન્ન થાય છે.

તે ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. યાવત્ દિવ્ય ભોગોને ભોગવતો એવો વિચરે છે.

● ત્યાં ઉત્પન્ન થયેલો દેવ :-

(૧) અન્ય દેવીઓની દેવી સાથે વિષય સેવન કરતો નથી.

(૨) સ્વયં પોતાની વિકુર્વિત દેવી સાથે વિષય સેવે છે.

(૩) પોતાની દેવીઓ સાથે વિષય સેવન કરે છે.

તે દેવ તે દેવલોકથી આયુનો ક્ષય થઈ જવાથી યાવત્ પુરૂષ રૂપે ઉત્પન્ન થાય છે - યાવત્ - તેના દ્વારા એક ને બોલાવતા ચાર-પાંચ બોલાવ્યા વિના જ ઊઠીને ઊભા થઈ જાય છે. અને પૂછે છે કે – હે દેવાનુપ્રિય ! કહો, અમે શું કરીએ ? યાવત્ આપને કેવા-કેવા પદાર્થ સારા લાગે છે ?

પ્રશ્ન – આવા પ્રકારની ઋદ્ધિ યુક્ત તે પુરૂષને તપ-સંયમના મૂર્તરૂપ શ્રમણ-બ્રાહ્મણ ઉભયયુક્ત કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ કહે ?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું તે સાંભળે છે ?

ઉત્તર – હા, તે સાંભળે છે.

પ્રશ્ન – શું તે શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરે છે ?

ઉત્તર – તે સંભવ નથી, પણ અન્ય દર્શનમાં રુચિ રાખે છે.

અન્ય દર્શનને સ્વીકારીને તે આવા પ્રકારનો આચરણવાળો થાય છે – જેમ કે પર્ણકુટીઓમાં રહેનારા અરણ્યવાસ તાપસ અને ગામની સમીપની વાટિકામાં રહેનારા તાપસ તથા અદૃષ્ટ થઈને રહેનારા જે તાંત્રિક છે, અસંયત છે.–

તેઓ પ્રાણ, ભૂત, જીવ અને સત્વની હિંસાથી વિરત નથી.

તેઓ સત્ય-મૃષા ભાષાનો આ પ્રકારે પ્રયોગ કરે છે કે–

(૧) મને ન મારો, બીજાને મારો

(૨) મને આદેશ ન કરો, બીજાને આદેશ કરો.

(૩) મન પીડિત ન કરો, બીજાને પીડિત કરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) મને ન પકડો. બીજાને પકડો.

(૫) મને ભયભીત ન કરો. બીજાને ભયભીત કરો.

• આ પ્રમાણે તે સ્ત્રી સંબંધી કામ ભોગોમાં મૂર્છિત-ગ્રથિત ગૃદ્ધ અને આસક્ત થઈને - યાવત્ - જીવનની અંતિમ ક્ષણોમાં દેહ ત્યાગ કરીને કોઈ અસુરલોકમાં કિલ્લિષિક દેવ સ્થાનમાં ઉત્પન્ન થાય છે. ત્યાંના સુખાદિ ભોગવે છે.

ત્યાંથી દેહ છોડી કરી ભેડ-બકરી સમાન મનુષ્યોમાં મૂક રૂપમાં ઉત્પન્ન થાય છે.

હે આયુષ્યમાન શ્રમણો !

તે નિદાનનું આ પાપકારી પરિણામ છે કે – તે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ પરત્વે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ રાખતો નથી.

**[આ છઠ્ઠા નિયાણાનું સ્વરૂપ કહ્યું]**

**[૧૦૯]** હે આયુષ્યમાન શ્રમણો !

મેં ધર્મનું પ્રરૂપણ કરેલું છે યાવત્ સંયમની સાધનામાં પરાક્રમ કરતો એવો નિર્ગ્રન્થ માનવ સંબંધી કામભોગોથી વિરક્ત થઈ જાય અને તે એમ વિચારે કે–

માનવ સંબંધી કામભોગ અધ્રુવ અને ત્યાજ્ય છે.

• જે ઉપર દેવલોકમાં દેવ છે, તે ત્યાં :-

– (૧) બીજા દેવોની દેવી સાથે વિષય સેવન કરતાં નથી

– (૨) સ્વયંની વિકુર્વિત દેવીઓ સાથે વિષય સેવન કરતાં નથી.

– (૩) પરંતુ પોતાની દેવી સાથે કામક્રિડા કરે છે.

જો સમ્યક્ પ્રકારે આચરિત મારા આ તપ, નિયમ અને બ્રહ્મચર્યનું કલ્યાણકારી વિશિષ્ટ ફળ હોય તો–

હું પણ આગામી કાળમાં આવા પ્રકારના દિવ્ય ભોગોને ભોગવતો વિચરણ કરું – તે એ શ્રેષ્ઠ થશે.

• હે આયુષ્યમાન શ્રમણો :-

આ પ્રમાણે સાધુ કે સાધ્વી કોઈપણ નિયાણું કરીને યાવત્ દેવરૂપમાં ઉત્પન્ન થાય છે.

તે ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. યાવત્ દિવ્યભોગોને ભોગવતો એવો વિચરે છે.

તે દેવ ત્યાં દેવલોકમાં ઉપજીને–

– (૧) બીજા દેવોની દેવી સાથે વિષય સેવન કરતો નથી.

– (૨) સ્વયં જ પોતાની વિકુર્વિત દેવી સાથે વિષય સેવન ન કરે.

– (૩) પરંતુ પોતાની દેવીઓ સાથે જ વિષય સેવન કરે છે.

તે દેવ તે દેવલોકથી આયુનો ક્ષય થતાં - યાવત્ - પુરૂષરૂપમાં ઉત્પન્ન થાય છે - યાવત્ - તેના દ્વારા કોઈ એકને બોલાવતા ચાર-પાંચ ન બોલાવેલા પણ ઊઠીને ઉભા થઈ જઈ આવે છે અને પૂછે છે કે હે દેવાનુપ્રિય ! બોલો અમે શું કરીએ યાવત્ આપને કેવા-કેવા પદાર્થ પ્રિય લાગે છે ?

પ્રશ્ન – આવા પ્રકારની ઋદ્ધિથી યુક્ત તે પુરૂષને તપ-સંયમના મૂર્તરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ-બ્રાહ્મણ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે ?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું, તે સાંભળે છે ?

ઉત્તર – હા, સાંભળે છે.

પ્રશ્ન – શું તે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ પરત્વે શ્રદ્ધા પ્રતીતિ અને રુચિવાળો થાય છે ખરો ?

ઉત્તર – હાં, તે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ પરત્વે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિવાળો પણ થાય છે.

પ્રશ્ન – શું તે શીલવ્રત, ગુણંવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ કરે છે ખરો ?

ઉત્તર – તે સંભવ નથી. તે કેવળ દર્શન શ્રાવક હોય છે.

તે જીવ-અજીવનું યથાર્થ સ્વરૂપનો જ્ઞાતા હોય છે યાવત્ તેને અસ્થિ-મજ્જાવત્ ધર્માનુરાગ હોય છે. જેમ કે–

હે આયુષ્યમાન ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ જીવનમાં ઈષ્ટ છે, આ જ પરમાર્થ છે, બાકી બધું નિરર્થક છે.

તે આ પ્રમાણે અનેક વર્ષો સુધી આગારધર્મની આરાધના કરે છે અને અરાધના કરીને જીવનની અંતિમ ક્ષણોમાં કોઈ એક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

એ પ્રમાણે હે આયુષ્યમાન શ્રમણો !

તે નિદાનનું આ પાપરૂપ પરિણામ છે કે આ શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધવાસ કરી શકતો નથી.

**[આ સાતમાં નિયાણાનું સ્વરૂપ કહ્યું ]**

**[૧૧૦]** હે આયુષ્યમાન શ્રમણો ! મેં ધર્મનું પ્રતિપાદન કરેલ છે યાવત્ સંયમ સાધનામાં પરાક્રમ કરતો નિર્ગ્રન્થ દિવ્ય અને માનુષિક કામભોગોથી વિરક્ત થઈ એમ વિચારે કે–

"માનુષિક કામભોગ અધ્રુવ યાવત ત્યાજ્ય છે."

દેવ સંબંધિ કામભોગ પણ અધ્રુવ, અનિત્ય, શાશ્વત, ચલાચલ સ્વભાવવાળા, જન્મ-મરણ વધારનારા અને પહેલા કે પછી અવશ્ય ત્યાજ્ય છે.

જો સમ્યક્ પ્રકારે આચરિત મારા આ તપ-નિયેમાદિનું જો કલ્યાણ કારી વિશિષ્ટ સ્થળ હોય તો હું પણ ભાવિમાં વિશુદ્ધ માતૃ-પિતૃ પક્ષવાળો ઉગ્રવંશી કે ભોગવંશી કુળમાં પુરૂષ રૂપમાં ઉત્પન્ન થાઉં અને શ્રમણોપાસક થાઉં.

જીવાજીવના સ્વરૂપને જાણું યાવત્ ગ્રહણ કરેલા તપ વડે આત્માને ભાવિત કરતો વિચરું, તે શ્રેષ્ઠ થશે.

હે આયુષ્યમાન શ્રમણો ! આવી રીતે કોઈ સાધુ કે સાધ્વી નિયાણું કરે યાવત્ દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. યાવત્ દિવ્ય ભોગોને ભોગવતો વિચરે છે. યાવત્ તે દેવ તે દેવલોકનું આયુ ક્ષય થતાં યાવત્ પુરૂષરૂપે ઉત્પન્ન થાય છે. ઇત્યાદિ પૂર્વવત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન – આવા પ્રકારની ઋદ્ધિથી યુક્ત તે પુરૂષને તપ અને સંયમના મૂર્તરૂપ શ્રમણ-બ્રાહ્મણ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે ?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું તે ધર્મ સાંભળે છે ?

ઉત્તર – હા, સાંભળે છે.

પ્રશ્ન – શું તે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે ?

ઉત્તર – હા, તે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે.

પ્રશ્ન – શું તે શીલવ્રત યાવત્ પોષધોપવાસ કરે છે ?

ઉત્તર – હા તે શીલવ્રતાદિ સ્વીકાર કરે છે.

પ્રશ્ન – શું તે ગૃહવાસ છોડીને મુંડિત થાય છે. તથા અનગાર પ્રવજ્યાનો સ્વીકાર કરે છે ?

ઉત્તર – તે સંભવ નથી.

તે શ્રાવક થાય છે, જીવાજીવનો જ્ઞાતા થઈ યાવત્ સાધુને પ્રાસુક એષણીયા અનશનાદિ વહોરાવી અનેક વર્ષો સુધી વિચરે છે. તે ભક્ત પ્રત્યાખ્યાન કે અનશન પણ કરી શકે છે. તાક્ત પ્રત્યાખ્યાન કરીને અનેક ભક્તોનું અનશનથી છેદન કરે છે. છેદન કરીને આલોચના તથા પ્રતિક્રમણ દ્વારા સમાધિને પામે છે.

જીવનની અંતિમ ક્ષણોમાં દેહ છોડીને દેવલોકે દેવ થાય છે.

હે આયુષ્યમાન શ્રમણો !

તે નિદાન શલ્યનું આ પાપરૂપ પરિણામ છે કે – તે ગૃહવાસ છોડીને તથા સર્વથા મુંડિત થઈને અનગાર પ્રવજ્યા સ્વીકારી ન શકે.

[આ આઠમા નિયાણાનું સ્વરૂપ કહ્યું.]

**[૧૧૧]** હે આયુષ્યમાન શ્રમણો !

મેં ધર્મનું નિરૂપણ કરેલ છે યથાવત્ સંયમની સાધનામાં પ્રયત્ન કરતો સાધુ દિવ્ય માનુષિક કામભોગોથી વિરક્ત થઈ જાય અને તે એમ વિચારે કે

"માનુષિક કામભોગો અધ્રુવ યાવત્ ત્યાજ્ય છે."

દિવ્ય કામભોગો પણ અધ્રુવ યાવત્ ભવ પરંપરાને વધારનાર છે. તથા પહેલાં કે પછી અવશ્ય ત્યાજ્ય છે.

જો સમ્યક્ પ્રચારથી આચરિત મારા આ તપ નિયમ તથા બ્રહ્મચર્યનું પાલનનું કલ્યાણકારી વિશિષ્ટ ફળ હોય તેવું ભાવિમાં જે આ અંતફળ, પ્રતિફલ, તુચ્છ ફલ, દરિદ્ર ફળ, કૃપણ ફળ કે ભિક્ષુ ફળ છે, તેમાંના કોઈ એક કુળમાં પુરૂષ બનું જેનાથી હું પ્રવજિત થવાને માટે સુવિધાપૂર્વક ગૃહવાસ છોડી શકું તો તે શ્રેષ્ઠ થશે.

હે આયુષ્યમાન શ્રમણો !

આ પ્રમાણે સાધુ કે સાધ્વી કોઈ પણ નિદાન કરીને યાવત્ દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. યાવત્ દિવ્ય ભોગ ભોગવતો વિચરે છે. યાવત્ તે દેવ દે દેવલોકથી આયુ ક્ષય થવાથી યાવત પુરૂષરૂપે ઉત્પન્ન થાય છે. યાવત્ પૂછે છે કે આપના મુખને કેવા કેવા પદાર્થ સારા લાગે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન – શું આવા પ્રકારની ઋદ્ધિથી યુક્ત તે પુરૂષને તપ સંયમના મૂર્તરૂપ શ્રમણ-બ્રાહ્મણ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે ?

ઉત્તર – હા, કહે છે

પ્રશ્ન – શું તે ધર્મ શ્રવણ કરે છે ?

ઉત્તર – હા, ધર્મ શ્રવણ કરે છે.

પ્રશ્ન – શું તે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે ?

ઉત્તર – હા, તે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે.

પ્રશ્ન – શું તે ગૃહવાસ છોડી યથાવત્ પ્રવજ્યા સ્વીકારે છે ?

ઉત્તર – હા, તે અનગાર પ્રવજ્યા સ્વીકાર કરે છે.

પ્રશ્ન – શું તે તે જ ભવમાં સિદ્ધ થઈ. સર્વ દુઃખોનો અંત કરે ?

ઉત્તર – તે સંભવ નથી.

• સાધુ ભગવંત ઇર્યા સંમિતિ પાળનાર યાવત્ બ્રહ્મચર્ય પાલન કરનાર થાય છે.

આવા પ્રકારના આચરણથી તે અનેક વર્ષો સુધી સંયમ પર્યાયનું પાલન કરે છે. અનેક વર્ષો સુધી સંયમ પર્યાય પાળીને યાવત્

ભક્ત પ્રત્યાખ્યાન કરે છે, તેનાથી અનેક ભક્તોનું અનશન વડે છેદન કરે છે. છેદીને આલોચના તથા પ્રતિક્રમણ દ્વારા સમાધિ પ્રાપ્ત થાય છે. જીવનની અંતિમ ક્ષણોમાં દેહ ત્યાગીને કોઈ દેવલોક દેવરૂપે ઉત્પન્ન થાય છે.

હે આયુષ્યમાન શ્રમણો ! તે નિદાન શલ્યનું આ પાપ રૂપ પરિણામ છે કે તે એ ભવે સિદ્ધ થઈ સર્વે દુઃખનો અંત ન કરે.

**[એ નવમા નિયાણાનું સ્વરૂપ કહ્યું.]**

**[૧૧૨]** હે આયુષ્યમાન શ્રમણો !

મેં ધર્મનું પ્રતિપાદન કરેલ છે. આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે - યાવત્ - તપ, સંયમની ઉગ્ર સાધના કરતી વેળાએ તે નિર્ગ્રન્થ સર્વે કામ, રાગ, સંગ, સ્નેહથી વિરક્ત થઈ જાય.

સર્વ ચારિત્ર પરિવૃદ્ધ થાય ત્યારે–

અનુત્તર જ્ઞાન, અનુત્તર દર્શન, યાવંત પરિનિર્વાણ માર્ગમાં આત્માને ભાવિત કરીને તે શ્રમણ–

અનંત, અનુત્તર, આવરણ રહિત, સંપૂર્ણ, પ્રતિપૂર્ણ કેવળ જ્ઞાન, કેવળ દર્શનને પામનાર થાય છે.

તે સમયે અરહંત ભગવંત જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી થાય છે. દેવ-મનુષ્યની પર્ષદામાં ધર્મ દેશના દેતા - યાવત્ - અનેક વર્ષોનો કેવલિ પર્યાય પાળી, આયુષ્યની અંતિમ ક્ષણોમાં ભક્ત પ્રત્યાખ્યાન કરે છે. અનેક દિવસો સુધી આહાર ત્યાગ કરી અનશન કરે છે.

અંતિમ શ્વાસોચ્છ્વાસે સિદ્ધ, બુદ્ધ, યુક્ત થઈને યાવત્ તે સર્વે દુઃખોનો અંત કરે છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! તે નિદાન રહિત કલ્યાણકારી સાધનામય જીવનનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ફળ છે, કે તે એ જ ભાવે સિદ્ધ થઈ યાવત્ સર્વે દુ:ખોનો અંત કરે છે.

**[૧૧૩]** તે સમયે અનેક નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થવાસીઓએ શ્રમણ ભગવંત મહાવીર પાસે પૂર્વોક્ત નિદાનોનું વર્ણન સાંભળીને -

શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કર્યા.

પૂર્વકૃત નિદાન શલ્યોની આલોચના, પ્રતિક્રમણ કરીને

દશાશ્રુતસંધ છેદ સૂત્ર-અનુવાદ

— યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વરૂપ તપ સ્વીકાર્યું.

**[૧૧૪]** તે-કાળ અને તે સમયે—

શ્રમણ ભગવંત મહાવીરે રાજગૃહ નગરની બહાર—

ગુણશીલ ચૈત્યમાં એકઠા થયેલા—

દેવ, મનુષ્ય આદિ પર્ષદા મધ્યે અનેક શ્રમણ-શ્રમણીઓ, શ્રાવક, શ્રાવિકાઓને—

આ પ્રકારે આખ્યાન, ભાષણ પ્રજ્ઞાપના, પ્રરૂપણા કરી.

હે આર્ય ! આયતિ સ્થાન નામના અધ્યયનનો અર્થ-હેતુ-વ્યાકરણ યુક્ત તથા સૂત્ર-અર્થ અને સ્પષ્ટીકરણ યુક્ત સૂત્રાર્થનો વારંવાર ઉપદેશ કર્યો. તે પ્રમાણે હું તમને કહું છું.

*[અહીં આયતિસ્થાન માં આયતિ શબ્દનો અર્થ છે સંસાર કે કર્મબંધ. સંસાર ભ્રમણ કે કર્મબંધના પ્રમુખ સ્થાનને આયતિ સ્થાન કહે છે.]*

**દશાશ્રુતસ્કંધની દસા-૧૦ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો સૂત્રાનુવાદ પૂર્ણ**

## દશાશ્રુતસ્કંધ-છેદ-સૂત્ર-૪ આગમ-૩૭ નો
## મૂળ સૂત્રાનુવાદ - પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩૮ જીતકલ્પ-છેદસૂત્ર-૫

## ચૂર્ણિ આધારિત સૂત્રાનુવાદ

• છેદસૂત્રોની સંખ્યા - છ - વર્તમાન કાળે સ્વીકરાયેલી છે. આ છેદસૂત્રોમાં (૧) નિશીથ, (૨) બૃહત્કલ્પ, (૩) વ્યવહાર, (૪) દશાશ્રુંતસ્કંધ, (૫) જીતકલ્પ અને (૬) મહાનિશીથનો સમાવેશ થાય છે. પૂર્વે પંચકલ્પસૂત્રનો સમાવેશ આ છ છેદ સૂત્રોમાં થતો હતો. પંચકલ્પ વિચ્છેદ થતાં તેને સ્થાને આ જીતકલ્પ નામક સૂત્રની સ્થાપના કરવામાં આવેલી છે.

જોકે હાલ પણ (૧) પંચકલ્પ ભાષ્ય, (૨) પંચકલ્પ ચૂર્ણિતો ઉપલબ્ધ છે જ પણ મૂળ સૂત્રપાઠ નથી.

જીતકલ્પ-છેદ સૂત્ર ઉપર પણ ભાષ્ય અને ચૂર્ણિ બંને ઉપલબ્ધ છે જ. તેમાં જીતકલ્પનું ભાષ્ય અમે અમારા આગમસુત્તાણિ-સટીકંમાં પ્રકાશિત કરેલું જ છે.

જીતકલ્પની ચૂર્ણિનો આધાર આ અનુવાદમાં અમે લીધેલ છે. જીતકલ્પની તિલકાચાર્યની વૃત્તિ હોવાનું સાંભળેલ છે, પણ અમોએ વૃત્તિ જોયેલ નથી.

આ અનુવાદમાં અમે ચૂર્ણિને આધારે તથા ક્યાંક તો મૂળસૂત્રોને બદલે ચૂર્ણિનો સાર જ અનુવાદરૂપે રજૂ કરેલ છે. પ્રાયશ્ચિતના અધિકારને જણાવતાં આ આગમમાં કુલ ૧૦૩ ગાથાઓ મૂળસૂત્રરૂપે છે, તેનો અહીં અનુવાદ કરેલ છે.

– મુનિ દીપરત્નસાગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✱ જીતકલ્પ સૂત્રાનુવાદ ✱

[૧] પ્રવચન-શાસ્ત્રને પ્રણામ કરીને હું સંક્ષેપથી પ્રાયશ્ચિત્ત દાન કહીશ. [આગમ, સૂત્ર, આજ્ઞા, ધારણા અને જીત એ પ્રમાણે પાંચ વ્યવહારો કહેવાયેલા છે, તેમાં ] જીત અર્થાત્ પરંપરાથી કોઈ આચરણા ચાલતી હોય, મોટા પુરુષે - ગીતાર્થે 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈને નિર્ણીત કરેલ હોય તેવો વ્યવહારને જીત વ્યવહાર.'

તેમાં પ્રવેશેલાં [ઉપયોગ લક્ષણવાળા] જીતની પરમવિશુદ્ધિ થાય છે. જેમ મલિન વસ્ત્રની ક્ષાર આદિથી વિશુદ્ધિ થાય છે, તેમ કર્મમલ યુક્ત જીવને જીત વ્યવહાર મુજબના પ્રાયશ્ચિતના દાનથી વિશુદ્ધિ થાય છે.

[૨] તપનું મુખ્ય કારણ પ્રાયશ્ચિત્ત છે.

– વળી તપ એ સંવર અને નિર્જરાનું કારણ પણ છે.

– આ સંવર અને નિર્જરા મોક્ષના કારણભૂત છે. અર્થાત્ પ્રાયશ્ચિત્ત થકી વિશુદ્ધિ માટે બાર પ્રકારનો તપ કહેલ છે.

આ તપ થકી આવતા કર્મો અટકે છે અને સંચિત કર્મોનો ક્ષય થાય છે,જેના પરિણામે મોક્ષ માર્ગ પ્રાપ્ત થાય છે.

[૩] સામાયિકથી બિંદુસાર પર્યન્તના જ્ઞાનતી વિશુદ્ધિ વડે ચારિત્રની વિશુદ્ધિ થાય છે.

– ચારિત્રની વિશુદ્ધિ વડે નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

– પરંતુ ચારિત્રની વિશુદ્ધિ વડે નિર્વાણની અર્થીઓએ પ્રાયશ્ચીતને અવશ્ય જાણવું જોઈએ.

કેમ કે પ્રાયશ્ચિત્ત વડે જ ચારિત્રની વિશુદ્ધિ થાય છે.

[૪] તે પ્રાયશ્ચિત્ત દશ પ્રકારે છે.

(૧) આલોચના, (૨) પ્રતિક્રમણ, (૩) તદુભય, (૪) વિવેક, (૫) વ્યુત્સર્ગ, (૬) તપ, (૭) છેદ, (૮) મૂલ, (૯) અનવસ્થાપ્ય, (૧૦) પારંચિત.

[૫] અવશ્યકરણીય એવી સંયમક્રિયા રૂપ યોગ [કે જેનો હવે પછીની ગાથાઓમાં નિર્દેશ કરેલ છે.]

તેમાં પ્રવર્તેલા અદુષ્ટભાવવાળા છદ્મસ્થની વિશુદ્ધિ કે કર્મબંધ નિવૃત્તિ માટેનો અપ્રમત્તભાવ તે આલોચના.

---

**૦-૦ હવે ગાથા ૬ થી ૮ દ્વારા આલોચના પ્રાયશ્ચિત્ત કહે છે.**

આલોચના પ્રાયશ્ચિત્ત :–

[૬, ૭] આહાર આદિના ગ્રહણ માટે જે બહાર જવું

અથવા ઉચ્ચાર ભૂમિ [મળ, મૂત્ર ત્યાગ ભૂમિ] કે વિહાર ભૂમિ [સ્વાધ્યાય આદિ ભૂમિ] એ બહાર જવું.

ચૈત્ય અથવા ગુરુવંદનાર્થે જવું.

ઇત્યાદિ કાર્યોમાં યથાવિધિ પાલન કરવું.

– આ સર્વે કાર્યો કે અન્ય કાર્યો માટે સો ડગલા કરતા બહાર જવાનું બને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો આલોચના કહે.

– જો આલોચના ન કરે તો તે અશુદ્ધ કે અતિચાર યુક્ત ગણાય અને આલોચના કરતા શુદ્ધ કે નિરતિચાર બને છે.

[૮] સ્વગણ કે પરગણ અર્થાત્ સમાન સામાચારીવાળા સાથે કે અસમાન સામાચારીવાળા સાથે–

કારણે બહાર નિર્ગમન થાય તો આલોચનાથી શુદ્ધ થાય.

જો સમાન સામાચારીવાળા કે અન્ય સાથે ઉપસંપદા પૂર્વક વિહાર કરે ત્યારે નિરતિચાર હોય તો પણ

[ગીતાર્થે આચાર્ય મળે ત્યારે] આલોચના કરવાથી જ તેની શુદ્ધિ થાય છે, [તેમ જાણ]

---

**૦ હવે ગાથા ૯ થી ૧૨માં પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કહે છે**

૦-૦ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત :–

**[૯ થી ૧૨]** ચારે ગાથાનો સંયુક્ત અર્થ રજૂ કરીએ છીએ–

– ત્રણ પ્રકારની ગુપ્તિ કે પાંચ પ્રકારની સમિતિ વિશે પ્રમાદ કરવો.

– ગુરુની કોઈ રીતે આશાતના કરવી.

– વિનયનો ભંગ કરવો.

– ઇચ્છાકારાદિ દશ સામાચારીનું પાલન ન કરવું.

– અલ્પ પણ મૃષાવાદ, ચોરી કે મમત્વ હોવું.

– અવિધિએ અર્થાત્ મુહપત્તિ રાખ્યા વિના છીંક ખાવી, તેમજ વાયુનું ઉર્ધ્વગમન કરવું.

– સામાન્યથી છેદન, ભેદન, પીલણ આદિ અસંકિલષ્ટ કર્મોનું સેવન કરવું.

– હાસ્ય કે કુચેષ્ટા કરવી.

– વિકથા કરવી.

– ક્રોધાદિ ચાર કષાયો સેવવા

– શબ્દાદિ પાંચે વિષયોનું સેવન કરવું.

– દર્શન, જ્ઞાન, ચારિત્ર કે તપ આદિમાં સ્ખલના થવી.

– જયણાયુક્ત થઈને હિંસા ન કરતો હોવા છતાં સહસકાર કે અનુપ્રયોગ દશાથી અતિચાર સેવે તો મિચ્છાદુષ્કૃત રૂપ પ્રતિક્રમણથી શુદ્ધ થાય.

– જો તપયોગ કે સાવધાનીપૂર્વક પણ અલ્પ માત્ર સ્નેહ સંબંધ, ભય, શોક, શરીરાદિનું ધોવું વગેરે તથા કુચેષ્ટા, હાસ્ય, વિકથાદિને માટે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત જાણવું અર્થાત્ આ સર્વે દોષોના સેવનમાં સાધુને પ્રતિક્રમણ યોગ્ય પ્રાયશ્ચિત્ત આવે.

---

**[હવેની ગાથા ૧૩ થી ૧૫માં તદુભય પ્રાયશ્ચિત્ત કહે છે]**

૦-૦ તદુભય પ્રાયશ્ચિત્ત :–

**[૧૩ થી ૧૫]** ત્રણે ગાથાનો સંયુક્ત અર્થ જણાવે છે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– સંભ્રમ, ભય, દુઃખ, આપત્તિને લીધે–

– સહસા કે અસાવધાનીને લીધે–

– અથવા પરાધીનતાથી–

વ્રત સંબંધી જે કંઈ અતિચારનું સેવન કરે તો

– તદુભય અર્થાત્ આલોચના અને પ્રતિક્રમણ એ બંને પ્રાયશ્ચિત્ત સાધુને આવે.

– દુષ્ટ ચિંતવન, દુષ્ટ ભ્રમણ, દુષ્ટ ચેષ્ટિત

અર્થાત્ મનથી, વચનથી કે કાયાથી–

સંયમ વિરોધી પ્રવૃત્તિનું વારંવાર પ્રવર્તન. તે ઉપયોગ પરિણત સાધુ પણ બધાંને દૈવસિક આદિ અતિચાર રૂપે ન જાણે તો તેમ જ.... સર્વે પણ....

ઉત્સર્ગ અને અપવાદથી દર્શન, જ્ઞાન, ચારિત્રનો જે અતિ ચાર, તેનું કારણે અથવા સહસા સેવન થયું હોય તો તદુભય પ્રાયશ્ચિત્ત આવે.

---

**[ગાથા ૧૬, ૧૭ વિવેક યોગ્ય પ્રાયશ્ચિત્ત જણાવે છે]**

૦-૦ વિવેક પ્રાયશ્ચિત્ત :–

**[૧૬, ૧૭]** બંને ગાથાનો સંયુક્ત અર્થ કહે છે–

અશન આદિરૂપ પિંડ, ઉપધિ, શય્યા વગેરેને–

– ગીતાર્થ સૂત્રાનુસાર ઉપયોગથી ગ્રહણ કરે તેને જો આ અશુદ્ધ નથી એમ જાણે તો ઉપયોગમાં લે.

– જો અશુદ્ધ જાણે તો વિધિપૂર્વક પરઠવે.

– કાળથી – અસઠપણે પહેલી પોરિસિ એ લાવીને ચોથી પોરિસિ સુધી રાખે તો અશુદ્ધ.

– ક્ષેત્રથી – અડધા યોજન દૂરથી લાવેલું રાખે તે અશુદ્ધ.

– સૂર્ય ઉગ્યા પહેલાં કે આથમ્યા પછી ગ્રહણ કરે અર્થાત્ ગ્રહણ કર્યા પછી સૂર્ય નથી ઉગ્યો કે આથમ્યો છે તે જાણે.

– ગ્લાન, બાળ આદિના કારણે અશનાદિ ગ્રહણ કર્યા હોય.

– આવા આવા કારણોથી વિવેક યોગ્ય પ્રાયશ્ચિત્ત આવે, [તેમાં વિધિપૂર્વક પરઠવે.]

---

**[હવે ગાથા ૧૮થી ૨૨માં કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત્ત કહે છે]**

૦-૦ કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત્ત :–

**[૧૮]** ગમન, આગમન, વિહારને કારણે

– સૂત્રના ઉદ્દેશા, સમુદ્દેશ, અનુજ્ઞાદિ

– સાવદ્ય કે નિરવદ્ય સ્વપ્નાદિ

– નાવ વડે નદીઆદિ જળમાર્ગ પાર કરે.

એ બધામાં કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત્ત આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૯] ભોજનમાં, પાનમાં, શયનમાં, આસનમાં,

– ચૈત્યમાં કે શ્રમણવસતિમાં

– મળ-મૂત્રાદિ ગમન [પરઠવવામાં]

• પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ રૂપ [હાલ જેને એક લોગસ્સ અર્થાત્ ઇરિયાવણી કહે છે તે] કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત્ત આવે.

[૨૦] સો હાથ પ્રમાણે અથવા સો ડગલાં ભૂમિ વસતિની બહાર જો ગમનાગમન કરે તો–

પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ પ્રાયશ્ચિત્ત

– પ્રાણાતિપાત હિંસાનું સ્વપ્ન આવે તો સો શ્વાસોચ્છ્વાસ પ્રમાણ પ્રાયશ્ચિત્ત આવે.

– મૈથુન સ્વપ્નમાં ૧૦૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત્ત દોષ સેવનારને આવે.

[૨૧] અહીં દિવસથી સંવત્સર સુધીનું પ્રાયશ્ચિત્ત કહે છે–

– દિવસ સંબંધી પ્રતિક્રમણમાં પહેલાં ૫૦ અને પછી ૨૫-૨૫ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત.

– રાત્રિના પ્રતિક્રમણમાં ૨૫-૨૫ શ્વાસોચ્છવાસ પ્રમાણે કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

– પક્ખિ પ્રતિક્રમણમાં ૩૦૦ શ્વાસોચ્છવાસ પ્રમાણનું કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

– ચૌમાસી પ્રતિક્રમણમાં ૫૦૦ શ્વાસોચ્છવાસ પ્રમાણનું કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

– સંવત્સરી પ્રતિકર્મણમાં ૧૦૦૮ શ્વાસોચ્છવાસ પ્રમાણનું કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

અર્થાત્ દૈવસિકમાં લોગસ્સ બે-એક-એક. રાત્રિમાં લોગસ્સ એક-એક. પકિળમાં ૧૨-લોગસ્સ, ચૌમાસીમાં ૨૦-લોગસ્સ, સંવત્સરીમાં ૪૦ લોગસ્સ ઉપર ૧-નવકાર.

[૨૨] સૂત્રના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞામાં ૨૭ શ્વાસોચ્છવાસ પ્રમાણ કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત.

સૂત્ર પટ્ઠવણ [સજ્ઝાય પરઠવતા] આઠ શ્વાસોચ્છવાસ પ્રમાણ અર્થાત્ એક નવકાર કાર્યોત્સર્ગ પ્રાયશ્ચિત.

---

**[હવે ગાથા ૨૩થી ૭૩માં તપ પ્રાયશ્ચિત્ત કહે છે.]**

• - • તપ પ્રાયશ્ચિત્ત :–

**[૨૩ થી ૨૫]** ત્રણ ગાથાનો સંયુક્ત અર્થ કહે છે–

જ્ઞાનાચાર સંબંધી અતિચાર ઓઘથી અને વિભાગથી.

વિભાગથી ઉદ્દેશક, અધ્યયન, શ્રુતસ્કંધ, અંગ એ રીતે પરિપાટી ક્રમ છે તે સંબંધે–

કાળનું અતિક્રમણ આદિ આઠ અતિચાર છે.

કાળ, વિનય, બહુમાન, ઉપધાન, અનિણ્હવણ, વ્યંજન, અર્થ અને તદુભય એ આઠ આચારમાં જે અતિક્રમણ તે જ્ઞાના ચાર સંબંધી અતિચાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં અનાગાઢ કારણે ઉદ્દેશક અતિચાર માટે નિવિ, અધ્યયન અતિચારમાં પુરિમઢ્ઢ, શ્રુતસ્કંધ અતિચાર માટે એકાસણું, અંગ સંબંધી અતિચાર માટે આયંબિલ.

એ પ્રમાણે તપ પ્રાયશ્ચિત્ત આવે.

આગાઢ કારણ હોય તો—

આ જ દોષ માટે પુરિમઢ્ઢ થી અઠ્ઠમ સુધીનું પ્રાયશ્ચિત.

– એ વિભાગ પ્રાયશ્ચિત્ત કહ્યું.

– ઓઘથી કોઈપણ સૂત્ર માટે ઉપવાસ તપ પ્રાયશ્ચિત.

– અર્થથી અપ્રાપ્ત કે અયોગ્યને વાચના આદિ દેવામાં પણ ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત આવે.

**[૨૬]** કાળ-અનુયોગનું પ્રતિક્રમણ ન કરે,

– સૂત્ર, અર્થ કે ભોજન ભૂમિનું પ્રમાર્જન ન કરે,

– વિગઈનો ત્યાગ ન કરે

– સૂત્ર, અર્થ, નિષધા ન કરે.

તો ઉક્ત બધામાં એક ઉપવાસ તપ પ્રાયશ્ચિત.

**[૨૭]** જોગ બે પ્રકારે આગાઢ અને અણાગાઢ. એ બંનેના પણ બબ્બે ભેદ છે – સર્વથી અને દેશથી.

સર્વથી એટલે આયંબિલ અને દેશથી તે કાઉસ્સગ્ગ કરીને વિગઈ ગ્રહણ કરવી તે.

જો આગાઢ જોગમાં આયંબિલ ભાંગે તો બે ઉપવાસ અને દેશથી ભંગમાં એક ઉપવાસ તપ.

અણાગાઢ જોગમાં સર્વ ભંગે બે ઉપવાસ અને દેશથી ભાંગે તો આયંબિલ તપ પ્રાયશ્ચિત.

**[૨૮]** શંકા, કાંક્ષા, વિતિગિચ્છા, મૂઢ દૃષ્ટિ, અનુપબૃંહણા, અસ્થિરિકરણ, અવાત્સલ્ય, અપ્રભાવના. આ આઠ અતિચારોનું દેશથી સેવન કરનારને એક ઉપવાસ તપ પ્રાયશ્ચિત.

મિથ્યાત્વની વૃદ્ધિ માટે એક ઉપવાસ, ઓઘ પ્રાયશ્ચિત. શંકા આદિ આઠે વિભાગને દેશથી સેવનાર સાધુને પુરિમઢ્ઢ, રત્નાધિકને એકાસણું, ઉપાધ્યાયને આયંબલિ અને આચાર્યને ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત જાણવું.

**[૨૯, ૩૦]** એ પ્રમાણે ઉપબૃહંણા – પ્રત્યેક સાધુને સંયમની વૃદ્ધિ-પુષ્ટિ આદિ ન કરનારાને પુરિમડ્ઢ આદિ ઉપવાસ પર્યન્ત પ્રાયશ્ચિત્ત તપ આવે.

તેમજ પરિવારની સહાય નિમિત્તે

– પાસત્થા, કુશીલ આદિનું મમત્વ કરનારને

– શ્રાવકઆદિની પરિપાલના કરનાર કે સ્નેહ રાખનારને નિવિ, પુરિમડ્ઢ આદિ પ્રાયશ્ચિત્ત તપ આવે.

– અહીં આ સાધર્મિકને સંયમી કરવો કે કુલ-સંઘ-ગણ આદિની ચિંતા કે તૃપ્તિ કરે એવી બુદ્ધિએ સર્વ રીતે નિર્દોષપણે મમત્વ આદિ આલંબન હોવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૩૧]** એકેન્દ્રીય જીવોને સંઘટ્ટન કરતાં નીવિ તપ.

– આ જીવોને પરિતાપ ઉપજાવવો કે ગાઢતર સંચાલન થકી ઉપદ્રવ કરવો તે અણાગાઢ-આગાઢ બે ભેદે

– અણાગાઢ કારણે આમ કરે તો પુરિમડ્ઢ

– આગાઢ કારણે કરે તો એકાસણું તપ પ્રાયશ્ચિત

**[૩૨]** અનંતકાય વનસ્પતિ અને બે ઈંદ્રિય, તે ઈંદ્રિય, ચઉરિંદ્રિય જીવોને સંઘટ્ટન પરિતાપ કે ઉપદ્રવ કરે–

તો પુરિમઙ્ઢથી ઉપવાસ પર્યન્ત તપ પંચેન્દ્રિયનું સંઘટ્ટન કરતા એકાસણું, અણાગાઢ પરિતાપથી આયંબલિ, આગાઢ પરિતાપથી ઉપવાસ.

ઉપદ્રવ કરે તો એક કલ્યાણક તપ પ્રાયશ્ચિત્ત આવે.

**[૩૩]** મૃષાવાદ, અદત્ત અને પરિગ્રહ

– આ ત્રણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવથી સેવતા જઘન્યથી એકાસણું, મધ્યમથી આયંબિલ અને આગાઢ પરિતાપથી ઉપવાસ.

ઉપદ્રવ કરે તો એક કલ્યાણક તપ પ્રાયશ્ચિત્ત આવે.

**[૩૪]** વસ્ત્ર, પાત્ર, પાત્ર બંધાદિ ખરડેલા રહે.

– તેલ, ઘી, આદિના લેપવાળા રહે તો એક ઉપવાસ

– સુંઠ, હરડે, ઔષધાદિની સંનિધિથી એક ઉપવાસ.

– ગોળ, ઘી, તેલ આદિની સંનિધિએ છંદ્ર

– બાકીની સંનિધિએ ત્રણ ઉપવાસ તપ પ્રાયશ્ચિત.

**[૩૫ થી ૪૩]** આ નવ ગાથાનો અનુવાદ મૂળ સૂત્રને બદલે અમે જીતકલ્પ ચૂર્ણિને આધારે કરેલ છે–

– ઔદ્દેશિકના બે ભેદ-ઓઘથી અને વિભાગથી

– સામાન્યથી પરિમિત ભિક્ષાદાનરૂપ દોષમાં પુરિમડ્ઢ અને વિભાગથી ત્રણ ભેદ છે – ઉદ્દેશ, કૃત અને કર્મ.

ઉદ્દેશો માટે પુરિમડ્ઢ, કૃત દોષ માટે એકાસણું અને કર્મ દોષ માટે આયંબિલ તથા ઉપવાસ તપ પ્રાયશ્ચિત.

– પૂતિ દોષના બે ભેદ – સુક્ષ્મ અને બાદર

તેમાં સુક્ષ્મ દોષ-ધૂમ, અંગાર આદિ અને બાદર દોષ-ઉપકરણ તથા ભોજન, પાન આદિ.

જેમાં ઉપકરણ પૂર્તિ દોષ માટે પૂરિમડ્ઢ અને ભોજન પાન પૂતિ દોષ માટે એકાસણું તપ પ્રાયશ્ચિત્ત આવે.

– મિશ્ર જાત દોષ બે રીતે – જાવંતિય અને પાખંડ.

જાવેંતિય મિશ્રજાત માટે આયંબિલ અને પાખંડ મિશ્રદોષ માટે ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત આવે.

– સ્થાપના દોષ બે રીતે – અલ્પકાલીન, દીર્ઘકાલીન.

અલ્પકાલીન માટે નીવિ, દીર્ઘકાલીન માટે પુરિમડ્ઢ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

–પ્રાભૃતિક દોષ બે રીતે – સુક્ષ્મ અને બાદર. સુક્ષ્મ માટે નીવિ અને બાદર માટે ઉપવાસ તપ પ્રાયશ્ચિત.

– પ્રકૃષ્ટકરણ દોષ બે પ્રકારે – અપ્રકટ અને પ્રકટ. અપ્રકટ હોય તો પુરમિડ્ઢ અને પ્રગટ હોય તો આયંબિલ.

– ક્રીત દોષ માટે આયંબિલ.

– પ્રામીત્ય અને પરિવર્તીત દોષ બે પ્રકારે – લૌકિક અને લોકોત્તર. લૌકિકમાં આયંબિલ, લોકોત્તરમાં પુરિમડ્ઢ.

– આહૃત દોષ બે ભેદે – સ્વગામથી અને પરગામથી. જો સ્વગામથી હોય તો પુરિમડ્ઢ અને પરગામથી હોય તો આયંબિલ.

– ઉદ્‌ભિન્ન દોષ બે ભેદે – દાદરો, બંધ કમાડ. દાદરો હોય તો પુરિમડ્ઢ, બંધ કમાડ ઉઘાડે તો આયંબિલ.

– માલોપહૃત બે ભેદે – જઘન્યથી, ઉત્કૃષ્ટથી. જઘન્યથી પુરિમડ્ઢ અને ઉત્કૃષ્ટથી આયંબિલ.

– આચ્છેદ્ય અને અતિસૃષ્ટ દોષ માટે આયંબિલ.

– અધ્યવપૂરક દોષ ત્રણ પ્રકારે – જાવંતિય, પાખંડમિશ્ર અને સાધુમિશ્ર. જાવંતિયમાં પુરિમડ્ઢ, બાકી બેમાં એકાસણું.

– ધાત્રી, દૂતિ, નિમિત્ત, આજીવ, વણીમગ એ પાંચે દોષો માટે આયંબિલતપ પ્રાયશ્ચિત.

– તિગીચ્છા દોષ બે ભેદે – સુક્ષ્મ અને બાદર. સુક્ષ્મમાં પુરિમડ્ઢ અને બાદર હોય તો આયંબિલ તપ.

– ક્રોધ અને માન દોષમાં આયંબિલ, માયા દોષમાં એકાસણું, લોભ દોષ માટે ઉપવાસ.

– સંસ્તવ દોષ બે પ્રકારે – વચન સંસ્તવ, સંબંધી સંસ્તવ, વચન સંસ્તવમાં પુરિમડ્ઢ સંબંધી સંસ્તવમાં આયંબિલ.

– વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગ એ બધા દોષોમાં આયંબિલ તપ પ્રાયશ્ચિત્ત આવે.

– શંક્તિ દોષમાં જે દોષની શંકા હોય તે પ્રાયશ્ચિત.

– સચિત્ત સંસર્ગ દોષ ત્રણ પ્રકારે (૧) પૃથ્વીકાય સંસેર્ગનીવિ, મીશ્રકર્દમમાં પુરિમડ્ઢ, નિર્મિશ્ર કર્દમમાં આયંબિલ.

(૨) જળ મિશ્રિતમાં નીવિ.

(૩) વનસ્પતિ મિશ્રિતમાં પ્રત્યેક મિશ્રિત હોય તો પુરિમડ્ઢ, અનંતકાય મિશ્રિત હોય તો એકાસણું.

– પિહિત દોષમાં અનંતર વિહિત હોય તો આયંબિલ, પરંપર વિહિત હોય તો એકાસણું.

– સાહરિત દોષમાં નીવિથી ઉપવાસ પર્યન્ત.

– દાયાર, ચાયાક દોષમાં આયંબિલ, ઉપવાસ.

– સંસક્ત દોષમાં આયંબિલ, ઓચતંતિય આદિમાં આયંબલિ, કન્મિશ્રદોષમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવિથી ઉપવાસ પર્યન્ત તપ.

— અપરિણત દોષ બે પ્રકારે — પૃથ્વી આદિ પાંચ સ્થાવરમાં આયંબિલ. પણ જો અનંતકાય વનસ્પતિ હોય તો ઉપવાસ.

— છર્દિત દોષ લાગે તો આયંબિલ તપ પ્રાયશ્ચિત.

— સંયોજના દોષ લાગે તો આયંબિલ ઇંગાલ દોષમાં ઉપવાસ, ધૂમ, અકારણ ભોજન, પ્રમાણ અતિરિક્તમાં આયંબિલ.

**[૪૪]** સહસા અને અનાભોગથી જે જે કારણે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કહ્યું છે, તે - તે કારણોનું આભોગ અર્થાત્ જાણતા સેવન કરે તો અને તે પણ વારંવાર અને અતિપ્રમાણમાં કરે તો બધે જ નીવિ તપ પ્રાયશ્ચિત્ત જાણવું.

**[૪૫]** દોડવું, ઓળંગવું, શીઘ્રગતિએ જવું, કિડા કરવી. ઇંદ્રજાલ રચવી, છેતરવું, ઉંચે સ્વરે બોલવું, ગીતગાવું, જોરથી છીંક્વું, મોર-પોપટ જેવા અવાજો કરવા.

એ સર્વેમાં ઉપવાસ તપ પ્રાયશ્ચિત.

**[૪૬, ૪૭]** ઉપધિ ત્રણ પ્રકારે કહી છે — જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ [૧] તે પડી જાય અને પાછી મળે અને

[૨] પડિલેહણ કરવાનું રહી જાય તો — જઘન્ય ઉપધિ-મુહપ્તિ, પાત્ર કેસરિકા, ગુચ્છા, પાત્ર સ્થાપનક એ ચાર માટે નિવિ તપ.

મધ્યમ ઉપધિ — પલ્લા, પાત્રબંધ, ચોલપટ્ટક, માત્રક, રજોહરણ, અને રજસ્ત્રાણ એ છ માટે પુરિમઢ્ઢ તપ.

ઉત્કૃષ્ટ ઉપધિ — પાત્ર, ત્રણ વસ્ત્ર. એ ચારમાં એકાસણું તપ. પ્રાયશ્ચિત્ત વિસરાઈ જાય તો આયંબિલ તપ.

કોઈ હરી જાય, ખોવાઈ જાય કે ધોવે તો જઘન્ય ઉપધિ એકાસણું, મધ્યમ ઉપધિ — આયંબિલ ઉત્કૃષ્ટમાં ઉપવાસ.

આચાર્યાદિને નિવેદન કર્યા સિવાય લે, અણદીધેલું લે, ભોગવે કે બીજાને આપે તો જઘન્ય ઉપધિ માટે એકાસણું યાવત ઉત્કૃષ્ટ માટે ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત આવે.

**[૪૮]** મુહપ્તિ સડે તો નિવિ, રજોહરણ ફાડે તો ઉપવાસ, નાશ કે વિનાશ કરે તો — મુહપત્તિ માટે ઉપવાસ અને રજોહરણ માટે છઠ્ઠ તપ પ્રાયશ્ચિત્ત આવે.

**[૪૯]** ભોજનમાં કાળ અને ક્ષેત્રનું અતિક્રમણ કરે તો નિવિનું તપ પ્રાયશ્ચિત્ત.

— અતિક્રમિત ભોજન ભોગવે તો ઉપવાસ.

— અવિધિએ પરઠવે તો પુરિમડ્ઢ તપ પ્રાયશ્ચિત.

**[૫૦-૫૧]** ભોજન અને પાણી ન ઢાંકે તથા મળ-મૂત્રની કાળભૂમિનું પડિલેહણ ન કરે તો નિવિ.

નવકારશી, પોરિસિ આદિ પચ્ચકખાણ ન કરે કે લઈને ભાંગે તો પુરિમડઢ તપ પ્રાયશ્ચિત્ત આ સામાન્યથી કહ્યું.

પ્રતિમા, અભિગ્રહ લે નહીં કે લઈને ભાંગે તો પણ પુરિમડ્ઢ તપ પ્રાયશ્ચિત્ત આવે.

આયંબિલ કે ઉપવાસ તપ પક્ખિએ શક્તિ અનુસાર ન કરે તો નાના સાધુને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવિ, સ્થવરને પુરિમડ્ઢ, સાધુને એકાસણું, ઉપાધ્યાયને આયંબિલ, આચાર્યને ઉપવાસ.

ચોમાસી હોય તો નાના સાધુથી માંડીને આચાર્યને ક્રમશઃ પુરિમડ્ઢ થી છઠ્ઠ પ્રાયશ્ચિત.

સંવત્સરી એ ક્રમશઃ એકાસણાથી લઈને અઠ્ઠમ તપ સુધીને પ્રાયશ્ચિત્ત તેઓને આવે.

[૫૨] નિદ્રા અથવા પ્રમાદથી કાર્યોત્સર્ગ ન પારે

– અથવા ગુરુની પહેલાં કાર્યોત્સર્ગ પારી લે,

– કાર્યોત્સર્ગનો ભંગ કરે કે ઝડપથી કરે.

– એજ પ્રમાણે વંદનમાં કરે, તો અનુક્રમે નિવિ, પુરિમડ્ઢ અને એકાસણું તપ આવે.

– અને બધાં જ દોષ માટે આયંબિલ તપ પ્રાયશ્ચિત.

[૫૩] એકાદિ આવશ્યક ન કરે તો પુરિમડ્ઢ, એકાસણું આયંબિલ તપ પ્રાયશ્ચિત્ત આવે.

બધાં આવશ્યક ન કરે તો ઉપવાસ તપ.

પૂર્વે અપેક્ષિત ભૂમિમાં રાત્રે સ્થંડિલ વોસિ રાવે અર્થાત્ મળત્યાગ કરે કે દિવસે સુવે તો ઉપવાસ તપ પ્રાયશ્ચિત.

[૫૪] ઘણાં દિવસ ક્રોધ રાખે

કંકોલ નામે ફળ, લવિંગ, જાયફળ, લસુણ આદિના મોલ વગેરેનો સંગ્રહ કરે તો પુરિમડ્ઢ.

[૫૫] છિદ્ર રહિત કે કુણા સંથારાને કારણ વિના ભોગવે તો નિવિ તપનું પ્રાયશ્ચિત્ત આવે.

અન્ય ઘાસને ભોગવતા કે અપ્રતિલેખિત ઘાસ ઉપર શયન કરતા પુરિમડ્ઢ તપ પ્રાયશ્ચિત.

[૫૬] આચાર્યની આજ્ઞાવિના સ્થાપના કુળોમાં ભોજનને માટે પ્રવેશ કરે તો એકાસણું

પરાક્રમને ગોપવે તો એકાસણું

એ પ્રમાણે ઉક્ત બંનેને દોષોમાં જીત વ્યવહાર છે.

સૂત્રના વ્યવહાર મુજબ માથારહિત હોય તો એકાસણું

– અને માયા રહિત કરે તો ઉપવાસ પ્રાયશ્ચિત

[૫૭] દોડવા-કુદવામાં પંચેન્દ્રિયનો વધ સંભવે છે.

– અંગાદાન, શુક્ર નિષ્ક્રમણ આદિ સંક્લિષ્ટ કર્મમાં તો ઘણાં અતિચારે લાગે છે.

– આધાકર્માદિ સેવન કરે

– રસપૂર્વક ગ્લાનાદિથી લાંબો સહવાસ કરે

એ બધામાં પંચકલ્યાણક તપ પ્રાયશ્ચિત્ત આવે.

[૫૮] સર્વ ઉપધિ આદિને ધારણ કરતાં પ્રથમ પોરિસિના અંત ભાગે અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાદોનપોરિસિ સમયે–

અથવા પ્રથમ અને અંતિમ અવસરમાં પડિલેહણ ન કરે.

– ચોમાસી કે સંવત્સરીએ શોધન કરે તો પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત તપ આવે.

[૫૯] જે છેદ પ્રાયશ્ચિતની શ્રદ્ધા કરતો નથી.

– પોતાનો પર્યાય છેદાયો કે ન છેદાયો તે જાણતો નથી.

– અભિમાનથી પર્યાયનો ગર્વ કરે છે.

– તેને છેદ પ્રાયશ્ચિત્ત આવે. ગણાધિપતિ માટેનો જીત વ્યવહાર આ પ્રમાણે નો છે કે – ગણાધિપતિને છેદ પ્રાયશ્ચિત્ત આવતું હોય તો પણ તપ યોગ્ય પ્રાયશ્ચિત્ત આપવું.

[૬૦] આ જીત વ્યવહારમાં જે જે પ્રાયશ્ચિત્ત કહ્યા નથી, તે પ્રાયશ્ચિત્ત સ્થાનને વર્તમાનમાં સંક્ષેપથી હુંકહું છું, જે નિશીથ, વ્યવહાર અને બૃહત્કલ્પમાં જણાવેલા છે. તે તપથી છ માસ પર્યન્તના જાણવા.

[૬૧] ભિન્ન શબ્દથી પચીશ દિવસ ગ્રહણ કરવા. અહીં અવશિષ્ટ શબ્દથી સર્વ ભેદો ગ્રહણ કરવા.

– ભિન્ન અને અવશિષ્ટ એવા જે - જે અપરાધ સૂત્રો વ્યવહારમાં કહ્યા, તે સર્વે માટે જિત વ્યવહાર મુજબ નીવી તપ.

તેમાં વિશેષથી એટલે કે

– લઘુમાસે પુરિમડ્ઢ આવે.

– લઘુચોમાસે આયંબિલ.

– લઘુ છ માસે છઠ્ઠ.

– ગુરુમાસે એકાસણું આવે.

– ગુરુચોમાસે ઉપવાસ.

– ગુરુ છ માસે અઠ્ઠમ

એ પ્રમાણે તપ પ્રાયશ્ચિત્ત આપવું.

[૬૨] આ સર્વપ્રકારે સર્વ તપના સ્થાને યથાક્રમે સિદ્ધાંતમાં જે - જે તપ કહ્યા છે, ત્યાં ત્યાં–

જીત વ્યવહાર મુજબ નિવિથી અઠ્ઠમ સુધીનો તપ કહેવો.

[૬૩] આ પ્રમાણે જે પ્રાયશ્ચિત્ત તપ કહેવાયો. તે માટે હવે વિશેષથી કહે છે કે–

– સર્વે પ્રાયશ્ચિત્ત સામાન્ય અને વિશેષથી નિર્દેશેલ છે.

– તે દાન વિભાગથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પુરુષથી પડિસેવી વિશેષથી જાણવું – અર્થાત્

– દ્રવ્યાદિને જાણીને તે પ્રમાણે આપવું.

– ઓછું કે વધુ કે સાધારણ એમ શક્તિ વિશેષ જોઈને આપવું.

**[૬૪ થી ૬૭]** દ્રવ્યથી જેનો જે આહારાદિ હોય, જે દેશમાં તે વધુ હોય, સુલભ હોય તે જાણીને જીત વ્યવહાર મુજબનું પ્રાયશ્ચિત્ત દેવું.

જ્યાં આહાર આદિ ઓછા હોય અથવા આહારાદિ દુર્લભ હોય ત્યાં ઓછું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયશ્ચિત્ત આપવું.

ક્ષેત્ર-રૂક્ષ, સ્નિગ્ધ કે સાધારણ છે. તે જાણીને રૂક્ષમાં ઓછું, સાધારણમાં જે પ્રમાણે જીત વ્યવહારમાં કહ્યું તેમ અને સ્નિગ્ધમાં અધિક પ્રાયશ્ચિત્ત આપવું.

એ પ્રમાણે ત્રણે કાળમાં ત્રણ પ્રકારે પ્રાયશ્ચિત્ત આપવું.

ઉનાળો રૂક્ષકાળ છે, શિયાળો સાધારણ કાળ છે. ચોમાસું સ્નિગ્ધ કાળ છે. [તેથી-]

ઉનાળામાં ક્રમથી જઘન્ય એક ઉપવાસ, મધ્યમ છઠ્ઠ અને ઉત્કૃષ્ટ અઠ્ઠમ તપ પ્રાયશ્ચિત્ત આવે.

શિયાળામાં ક્રમથી જઘન્યથી છઠ્ઠ, મધ્યમથી અઠ્ઠમ અને ઉત્કૃષ્ટ ચાર ઉપવાસ પ્રાયશ્ચિત્ત આવે.

ચોમાસામાં ક્રમશઃ જઘન્યથી અઠ્ઠમ, મધ્યમથી ચાર ઉપવાસ અને ઉત્કૃષ્ટથી પાંચ ઉપવાસ પ્રાયશ્ચિત્ત આવે.

સૂત્ર વ્યવહારમાં ઉપદેશ અનુસાર આ પ્રમાણે નવ પ્રકારે વ્યવહાર કરવામાં આવે છે. [તે જાણ]

**[૬૮]** નિરોગી અને ગ્લાન એવા ભાવો જાણીને નિરોગીને કંઈક અધિક પ્રાયશ્ચિત્ત આપવું.

– ગ્લાનને કંઈક ઓછું પ્રાયશ્ચિત્ત આપવું.

– જેની જેટલી શક્તિ હોય, તેને તેટલું પ્રાયશ્ચિત્ત આપવું.

– દ્રવ્ય, ક્ષેત્ર, ભાવની જેમ કાળને પણ લક્ષમાં લેવો.

**[૬૯ થી ૭૨]** એ ચાર સૂત્રોથી સંયુક્ત અર્થ આ પ્રમાણે–

• પુરુષોમાં કોઈ ગીતાર્થ હોય, કોઈ અગીતાર્થ હોય.

– કોઈ સહનશીલ હોય, કોઈ અસહનશીલ પણ હોય.

– કોઈ ઋજુ હોય અને કોઈ માયાવી પણ હોય.

– કેટલાંક શ્રદ્ધા પરિણામી હોય, કેટલાંક અપરિણામી હોય તો કેટલાંક અપવાદને જ આચરનારા એવા અતિ પરિણામી હોય.

– કેટલાંક ધૃતિ-સંઘયણ અને ઉભયથી સંપન્ન હોય તો કેટલાંક તેનાથી હીન પણ હોય.

– કેટલાંક તપ શક્તિવાળા હોય, કેટલાંક વૈયાવચ્ચી હોય તો કેટલાંક બંને શક્તિવાળા હોય.

– કેટલાંક વળી એક પણ શક્તિ વગરના હોય તો કેટલાંક અન્ય પ્રકારનાં જ હોય.

– આચેલકાદિ કલ્પસ્થિત, પરિણત, કૃતજોગી, કુશળ અથવા અકલ્પસ્થિત, અકૃતજોગી, અપરિણત, અકુશળ, એ પ્રમાણે બંને પ્રકારના પુરુષો હોય છે.

– એ જ પ્રમાણે કલ્પસ્થિત પણ ગચ્છવાસી અથવા જિનકલ્પી બંનેમાંથી કોઈ હોઈ શકે.

આ સર્વે પુરુષોમાં જેની જેટલી શક્તિ અને ગુણ વધારે હોય તેને અધિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયશ્ચિત્ત દેવું.

અને હીન સત્ત્વવાળાને હીનતર પ્રાયશ્ચિત્ત દેવું.

સર્વથા હીનને પ્રાયશ્ચિત્ત ન દેવું તે જીત વ્યવહાર છે.

[૭૩] આ જીત વ્યવહારમાં ઘણાં પ્રકારના સાધુઓ છે.

જેમ કે, – અકૃત્ય કરનાર, અગીતાર્થ, અજ્ઞાત.

આ કારણથી જીત વ્યવહારમાં નિવિથી અઠ્ઠમ પર્યન્તનો પ્રાયશ્ચિત્ત તપ જણાવવામાં આવેલ છે.

---

**[હવે ગાથા ૭૪ થી ૭૯માં પડિસેવણા પ્રાયશ્ચિત્ત કહે છે.**

૦-૦ પડિસેવણા પ્રાયશ્ચિત્ત :

[૭૪] હિંસા, દોડવું, કુદવું આદિ ક્રિયા, પ્રમાદ કે કલ્પને સેવતા.

અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ અનુસાર પ્રતિસેવન કરનારા પુરુષો હોય છે. [એ પ્રમાણે પડિસેવણ – અર્થાત્ નિષિધ્ધ વસ્તુને સેવન કરનારા કહ્યા.]

[૭૫] જે પ્રમાણે મેં જીત વ્યવહાર મુજબ પ્રાયશ્ચિત્ત દાન કહ્યું તે શું પ્રમાદ સહિત સેવનારાને–

અર્થાત્ નિષિદ્ધને સેવનારને પણ આપવું ?

આ પ્રાયશ્ચિતમાં પ્રમાદ સ્થાન સેવીને એક સ્થાનની વૃદ્ધિ કરવી. એટલે કે – સામાન્યથી જે પ્રાયશ્ચિત્ત નિવિથી અઠ્ઠમ પર્યન્ત કહ્યું છે, તેને બદલે પ્રમાદથી સેવનારને પુરિમઙ્ઢથી ચાર ઉપવાસ પર્યન્ત [ક્રમશઃ એક – એક વધુ તપ] આપવો.

[૭૬] હિંસા કરનારને એકાસણાથી પાંચ ઉપવાસ આપવા અથવા છ સ્થાન કે મૂલ પ્રાયશ્ચિત્ત આપવું.

– કલ્પ પડિસેવી અર્થાત્ યતનાપૂર્વક સેવન કર્યું હોય તો – પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત આપવું અથવા તદુભય એટલે કે આલોચના અને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત આપવું.

[૭૭] આલોચના કાળે પણ જો ગોપવે કે કપટ કરે તો–

– તે સંક્લિષ્ટ પરિણામીને ફરી અધિક પ્રાયશ્ચિત્ત આપવું.

જો સંવેગ પરિણામથી નિંદા-ગર્હાદિ કરે તો–

– તેને વિશુદ્ધ ભાવ જાણી ઓછું પ્રાયશ્ચિત્ત આપવું.

– મધ્ય પરિણામીને તેટલું જ પ્રાયશ્ચિત્ત આપવું.

[૭૮] એ પ્રમાણે વધારે ગુણવાન દ્રવ્ય, ક્ષેત્ર, મળ, ભાવવાળા જણાય તો ગુરુ સેવાર્થે વધારે પ્રાયશ્ચિત્ત આપવું.

જો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવહીન જણાય તો ઓછુ પ્રાયશ્ચિત્ત આપવું અને અત્યંત અલ્પ જણાય તો પ્રાયશ્ચિત્ત ન આપવું.

[૭૯] જીત વ્યવહાર કરતાં અન્ય તપ સારી રીતે વહન કરનારને અન્ય પ્રાયશ્ચિત્ત આપી, જીત વ્યવહાર પ્રાયશ્ચિત્ત ન આપવું.

વૈયાવચ્ચકારી વૈયાવચ્ચ કરતો હોય ત્યારે તે સાધુને થોડું ઓછું પ્રાયશ્ચિત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપવું.

---

**[હવે ગાથા ૮૦ થી ૮૨માં છેદ પ્રાયશ્ચિત્ત કહે છે]**

[૮૦] તપ ગર્વિત હોય કે તપમાં અસમર્થ–

– તપની અશ્રદ્ધા કરતાં કે તપથી પણ નિગ્રહ ન કરી શકતા–

– અતિ પરિણામી અર્થાત્ અપવાદ સેવી, અલ્પસંગી

– ઉક્ત બધાંને છેદ પ્રાયશ્ચિત્ત આપવું.

[૮૧, ૮૨] વધારે પડતાં ઉત્તરગુણ ભંજક હોય.

– વારંવાર છેયાવત્તિ – છેદ આવૃત્તિ કરે.

– જે પાસત્થા, ઓસન્ત, કુશીલ આદિ હોય તો પણ

જેઓ વારંવાર સંવિગ્ન સાધુની વૈયાવચ્ચ કરે, ઉત્કૃષ્ટ તપભૂમિ અર્થાત્ વીરપ્રભુના શાસનમાં છ માસી તપ કરે,

જેઅવશેષ ચારિત્રવાળા હોય તેમને–

પાંચ-દશ-પંદર વર્ષથી છ માસ પર્યન્ત અથવા જેટલા પર્યાયને ધારણ કરે તે રીતે છેદ પ્રાયશ્ચિત્ત આપવું.

---

**[હવે ગાથા ૮૩ થી ૮૬માં મૂલ પ્રાયશ્ચિતને જણાવે છે]**

●-● મૂલ પ્રાયશ્ચિત્ત :–

[૮૩] પ્રાણાતિપાત : - પંચેન્દ્રિયનો ઘાત,

– અરુચિ અથવા ગર્વથી મૈથુન સેવન,

– ઉત્કૃષ્ટથી મૃષાવાદ, અદત્તાદાન કે પરિગ્રહ સેવન

– એક વાર કે વારંવાર કરનારને મૂલ પ્રાયશ્ચિત

[૮૪] તપગર્વિષ્ઠ હોય તપ સેવનમાં અસમર્થ હોય અથવા તપની અશ્રદ્ધા કરનારા એવા હોય–

– મૂળગુણ અને ઉત્તરગુણમાં દોષ લગાડનારા કે મૂળ ગુણ અને ઉત્તરગુણના ભંજક હોય–

– દર્શન અને ચારિત્રથી પતીત હોય કે

– દર્શન આદિ કર્તવ્યને છોડનારો એવો હોય

એવા શૈક્ષ આદિ સર્વેને મૂળ પ્રાયશ્ચિત્ત આવે.

[૮૫, ૮૬] બે ગાથાનો સંયુક્ત અર્થ બતાવેલ છે–

● અત્યંત અવસન્ન, ગૃહસ્થ કે અન્યતીર્થિકના વેશને

– હિંસા આદિ કારણથી સેવતો

– સ્ત્રી ગર્ભનું આદાન કે વિનાશ કરતો એવો સાધુ

તેને જે તપ કહેવાયેલું હોય તેવું કોઈ પણ પ્રાયશ્ચિત્ત જે તપ પ્રાયશ્ચિત્ત હોય, છેદ અથવા મૂલ પ્રાયશ્ચિત્ત હોય, અનવસ્થાપ્ય કે પારાંચિત પ્રાયશ્ચિત્ત હોય.

એમાંના કોઈ પણ પ્રાયશ્ચિતને અતિક્રમે તો–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનો પર્યાય છેદ, અનવસ્થાપ્ય કે પારાંચિત તપ પુરું થતાં તેને મૂળ પ્રાયશ્ચિત્ત સ્થાપવો.

મૂળની આપત્તિમાં વારંવાર મૂળ પ્રાયશ્ચિત્ત આવે.

---

**[હવે ગાથા ૮૭ થી ૯૩માં અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત]**

૦-૦ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત–

[૮૭] ઉત્કૃષ્ટથી વારંવાર દ્વેષવાળા ચિત્તે ચોરી કરનાર,

– સ્વપક્ષને કે પરપક્ષને ઘોર પરિણામથી અને નિરપેક્ષપણે નિષ્કારણ પ્રહાર કરે તો

– તે બંનેને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત

[૮૮] સર્વે અપરાધો માટે જયાં જયાં ઘણું કરીને પારંચિત નામક પ્રાયશ્ચિત્ત આવતું હોય ત્યાં ત્યાં–

– ઉપાધ્યાયને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આપવું.

• જયાં ઘણું કરીને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આવતું હોય–

ત્યાં પણ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આવતું હોય–

[૮૯] અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત ચાર ભેદે કહેલું છે [૧] લિંગથી, [૨] ક્ષેત્રથી, [૩] કાળથી અને [૪] તપથી.

જે વ્રત અથવા લિંગ અર્થાત્ વેશમાં સ્થાપી ન શકાય અને પ્રવ્રજયા માટે અયોગય્ લાગે તેને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિતદેવું.

લિંગના બે ભેદ છે – દ્રવ્યથી અને ભાવથી.

(૧) દ્રવ્યલિંગ એટલે રજોહરણ.

(૨) ભાવલિંગ એટલે મહાવ્રત.

[૯૦] સ્વપક્ષ અને પરપક્ષના ઘાતમાં ઉધત એવા

દ્રવ્યલિંગીને અથવા ભાવિલંગીને અને

– ઓસન્દ્ર આદિ ભાવસિંગ રહિતને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત.

જે - જે ક્ષેત્રથી દોષમાં પડે તેને તે - તે ક્ષેત્રમાં અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ.

[૯૧] જે જેટલા કાળ માટે દોષમાં રહે, તેને તેટલા કાળ માટે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આપવું.

–નવસ્થાપ્યના બે ભેદ – [૧] આશાતના, [૨] પાડિસેવણા અર્થાત્ નિષિદ્ધ કાર્યનું કરવું તે.

તેમાં આશાતના અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત જઘન્યથી છ માસ અને ઉત્કૃષ્ટથી એક વર્ષ હોય.

પડિસેવણા અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત જઘન્યથી એક વર્ષ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ હોય.

[૯૨] ઉત્સર્ગથી પડિસેવણા કારણે બાર વર્ષનું અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આવે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ–

[૧] અપવાદથી અલ્પ કે અલ્પતર પ્રાયશ્ચિત્ત આપવું.

[૨] અથવા પ્રાયશ્ચિતને સર્વથા છોડી દેવું.

**[૯૩]** તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત સેવી પોતે શૈક્ષને પણ વંદન કરે પરંતુ તેને કોઈ વંદન ન કરે.

તે પ્રાયશ્ચિત્ત સેવી પરિહાર તપને સારી રીતે સેવે.

તે પ્રાયશ્ચિત્ત સેવી સાથે સંવાસ થઈ શકે, પરંતુ તેની સાથે સંવાદ કે વંદનાદિ ક્રિયા થઈ શકે નહીં.

---

**૦-૦ પારંચિત પ્રાયશ્ચિત–**

**[૯૪]** તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર, મહર્ધિક એ સર્વની આશાતના ઘણાં જ અભિનિવેશ – કદાગ્રહથી કરે તેને પારાંચિત પ્રાયશ્ચિત્ત આવે.

**[૯૫]** જે સ્વલિંગ એટલે કે વેશમાં રહેલો હોય તેવા કષાયદુષ્ટ અથવા વિષયદુષ્ટ–

રાગને વશ થઈ વારંવાર પ્રગટપણે–

રાજાની અગ્ર મહિષીને સેવે તેને પારાંચિત પ્રાયશ્ચિત.

**[૯૬]** થિણદ્ધિનિદ્રાના ઉદયથી મહાદોષવાળો,

અન્યોન્ય મૈથુન આસક્ત અને

વારંવાર પારંચિત યોગ્ય પ્રાયશ્ચિતમાં પ્રવૃત્ત હોય એ ત્રણેને પારાંચિત પ્રાયશ્ચિત્ત આવે.

**[૯૭]** તે પારંચિત ચાર પ્રકારે છે – લિંગ, ક્ષેત્ર, કાળ અને તપથી તેમાં અન્યોન્ય પડિસેવી અને થિણદ્ધિ મહાદોષ વાળાને પારાંચિત પ્રાયશ્ચિત્ત આવે.

**[૯૮ - ૯૯]** અહીં બે ગાથાનો સંયુક્ત અર્થ કહેલ છે–

ક્ષેત્રથી – વસતિ, નિવેશ, પાળો, વૃક્ષ, રાજ્ય આદિના પ્રવેશ સ્થાન તથા નાગર, દેશ અને રાજ્યને આશ્રીને–

જે દોષ જેણે સેવેલ હોય–

તેને તે દોષ માટે પારંચિક કરવો.

**[૧૦૦]** જે જેટલા કાળ માટે જે દોષ સેવે–

– તેને તેટલાં કાળ માટે પારંચિત પ્રાયશ્ચિત

• તે પારંચિત પ્રાયશ્ચિત્ત બે પ્રકારે આવે છે [૧] આશાતના નિમિત્તે, [૨] પડિસેવણા નિમિત્તે

– તેમાં આશાતના નિમિત્તનું પારંચિત પ્રાયશ્ચિત્ત છ માસ થી લઈને એક વર્ષ પર્યન્ત હોય.

– તેમાં પડિસેવણા નિમિત્તનું પારંચિત પ્રાયશ્ચિત્ત એક વર્ષથી લઈને બાર વર્ષ પર્યન્ત હોય.

**[૧૦૧]** પારંચિત પ્રાયશ્ચિત્ત સેવી મહાસત્વીને–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧] એકલા જિનકલ્પીની માફક રાખવા.

[૨] જે - તે ક્ષેત્રથી અર્ધયોજન બહાર રાખવા.

[૩] તેમને તપને વિશે સ્થાપન કરવા.

આચાર્ય પ્રતિદિન તે પ્રાયશ્ચિત્ત સેવીનું અવલોકન કરે.

**[૧૦૨]** અનવસ્થાપ્ય તપ અને પારંચિત તપ

– ઉક્ત બંને પ્રાયશ્ચિત્ત છેલ્લા ચૌદપૂર્વધર આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીથી વિચ્છેદ થયેલા છે. - અથવા–

બાકીના બધા પ્રાયશ્ચિત્ત શાસન છે, ત્યાં સુધી વર્તશે.

**[૧૦૩]** આ પ્રમાણે આ જીતકલ્પ અર્થાત્

– જીત વ્યવહાર સંક્ષેપથી તેમજ

– સુવિહિત સાધુની અનુકંપા બુદ્ધિથી કહ્યો.

– સૂત્રમાં કહ્યા પ્રમાણે જ સારી રીતે ગુણોને જાણીને

આ જીત કલ્પાનુસાર પ્રાયશ્ચિત્ત દાન કરવું જોઈએ.

[નોંધ અહીં માત્ર મૂળ ગાથાનો અને કિંચિત્ ચૂર્ણિના આશ્રય સહિતનો અનુવાદ અમોએ કરેલ છે.

– પરંતુ જિજ્ઞાસુઓએ આ સૂત્રની ચૂર્ણિ તથા ભાષ્યને અવશ્ય જોઈને આ ગહન પ્રાયશ્ચિત્ત સૂત્ર સમજવું.

– ચૂર્ણિ અને ભાષ્ય બંને મુદ્રિત થયેલાં જ છે.

**જીતકલ્પ-છેદસૂત્ર-૫-આગમ-૩૮ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

– × – × – × –

## ભાગ - ૨૯મો પૂર્ણ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org